કુંદન અને કુસુમ.

ભાગ ૬

ગ્રન્થોદય ગ્રન્થમાળા મણકો ૬ ઠ્ઠો.

શ્રી નવલ

કુંદન અને કુસુમ.

ભાગ ૬ ઠ્ઠો.

આધુનિક આર્ય ઘરસંસારનું પ્રતિબિંબ
અથવા
સુધારાનો સાર કે ફેશનનો માર ?

દોહરો.

કહ્યાગરો છે દીકરો ગુણવંતી છે નાર,
જેના ઘરમાં તે વસે ધન્ય તેનો અવતાર.

લખનાર
ત્રિવેદી રણછોડલાલ મહાસુખરામ કવિ.
રાયપુર-અમદાવાદ.

પ્રકાશક
હરિભાઈ દલપતરામ પટેલ.
શાહાપુર-અમદાવાદ.

મુલ્ય એક રૂપિયો.

७४७७

(પ્રકાશકે સર્વ હક્ક પોતાને સ્વાધિન રાખ્યા છે.)

આવૃત્તિ ૨ જી. પ્રત ૫૦૦.

સંવત ૧૯૭૪. સને ૧૯૧૮.

અમદાવાદ શહાપુર વનમાળી વાંકાની પોળમાં હરિભાઈ
દલપતરામે પોતાના "ગ્રન્થોદય" પ્રેસમાં છાપી.

* * * * *

**यत्र नास्ति दधि मन्थन घोषो यत्रनोहि लघवः शिशवश्च ।
यत्र नास्ति गुरु गौरव पुजनानि किंबन गृहाणि वनानी ॥
न विप्र पादोदक पङ्किलानिन वेद शास्त्र ध्वनि गर्जितानि ।
स्वाहा स्वधाकार विवर्जितानि स्मशान तुल्यानि गृहाणितानि ॥**

प्रमाणसहस्री.

જ્યાં દધિ મંથન કરવાનો ઘોષ નથી, અર્થાત્ જ્યાં દુઝણું નથી, જ્યાં નાનાં બાળકો નથી અને જ્યાં વડીલોની મોટાઈનું માન નથી, તે ઘર નથી પણ વનજ છે. જે ઘરમાં બ્રાહ્મણોના ચરણોદકનો કાદવ થતો નથી, જ્યાં વેદ તથા શાસ્ત્રનો ધ્વનિ ગાજતો નથી, અને જ્યાં સ્વાહા અને સ્વધાકાર થતો નથી તે ઘર સ્મશાન તુલ્ય છે. પ્રમાણસહસ્રી.

શ્રી સરસ્વતિ પ્રેમશૌર્ય મંદિર.

સ્નેહરશ્મિ.

યુગલ કાવ્ય.

દોહરા.

નૌતમ નવ રસથી ભર્યું પ્રેમશૌર્ય મંદીર,
પંકડિવિત માણે મઝા શારદ અર્ભક વીર.
રાગે વાયુ વન્હી રહ્યા રાગે વિભૂ વશ થાય,
હૃદય રસિકડા રાગથી છટકીને ક્યાં જાય.
દોરંગી દુનિયાં દીસે અંતર સંગી ન થાય,
વગર વિચારી પ્રીતમાં હૃદય ખાખ થઈ જાય.
મન મોતી ને કાચ તો તુટ્યાં નહીં સંધાય,
કાચો પારો પ્રીતડી ખાતાં નહીં જીરવાય.
જે તનથી તનડાં તપે તે તન જાણે તાપ,
જે મનથી મનડાં મળે તે મન માપે માપ.

દોહરો.

કહેણી સમ રહેણી નહિ, રહેણી સમ નહિ કે'ણુ;
એ કવિ જનના કાવ્યથી, નહિ નીતિની લે'ણુ.

* * * * *

જાગીને જગવ્યો નથી, જરા જગતનો રાય;
એ સાહ્યકની સ્હાય વિણ, સદા કાવ્યમાં લ્હાય.

કહ્યાગરો દીકરો

" किं तेन जातु जातेन मातृ यौवन हारिणा ।
आरोहतिन यः स्वस्य वंशस्याग्रे ध्वजोयथा ॥ "

જે ધ્વજાની પેઠે પોતાના વંશની આગળ ચડતો નથી, તેવો માતાના યૌવનને હરનારો પુત્ર કદી થાય તો તેથી શું થવાનું છે." પ્રમાણુસહસ્રી.

" किं तया क्रियते धेन्वायान दृग्धिग गर्भिणा ।
कोऽर्थ पुत्रेण जातेन यान विद्वान धार्मिकः ॥ "

" જે ગાય દુઝની કે ગર્ભણી થતી નથી, તેવી ગાય શા કામની છે? તેમ જે પુત્ર વિદ્વાન કે ધાર્મિક નથી તેવા પુત્ર થવાથી શો અર્થ સરવાનો છે?" ઉપદેશસહસ્રી.

" यस्य पुत्रो न वै विद्वान्न शूरो न च धार्मिकः ।
अ प्रकाशं कुलं तस्य नष्ट चन्द्रेव शर्वरी ॥ "

" જેનો વિદ્વાન, શૂરવીર અને ધાર્મિક પુત્ર નથી તેનું કુળ ચંદ્ર વિનાની રાત્રી જેમ અપ્રકાશીત છે તે પ્રમાણે દુઃખમય અને ભીતિમય બને છે." પ્રસંગ રત્નાવળી.

" पुण्य तीर्थे कृतं येन तपः क्वाप्यति दुष्करम् ।
तस्य पुत्रो भव हश्यः समृद्धो धार्मिकः सुधीः ॥ "

" જેણે કોઈ પવિત્ર તિર્થમાં ઘણું દુષ્કર તપ કર્યું હોય તેવા પુરૂષને સમૃદ્ધિએ યુક્ત ધાર્મિક સદ્ બુદ્ધિવાળો અને પોતાને વંશ રહે તેવો પુત્ર થાય છે." સુભાષિત ભાન્ડાકાર.

ગઝલ.

તજી છે રાજ્ય રીદ્ધિને પિતાના વેણુને કાજે,
સીધાવ્યા વનમાં પ્રીતે અહા શ્રીરામજી ક્યાં છે ?
કઢા જે તેલની તાતી તળાયો પ્રેમથી પોતે;
પિતુ આજ્ઞા ધરી માથે સુધન્વા વીર તે ક્યાં છે ?
રહ્યા જે બાલ બ્રહ્મચારી પિતાના હિતને સારૂ;
વર્યાં નહિ જીંદગી નારી પ્રતાપી ભિષ્મ તે ક્યાં છે ?
કરે જે સેવ શુદ્ધ ચિત્તે પિતાની સ્નેહથી નિત્યે;
ચરણમાં જીંદગી અરપે દેવાંશી દીકરા ક્યાં છે ???

ગુણવંતી નાર

" पूजनीया महाभागाः पुण्याश्च गृह दीप्तयः ।
स्त्रियःश्रियो गृहस्योक्ता स्तस्मा द्दश्या विशेषतः॥ "

" સદાચરણવાળી પવિત્ર તથા ઘરમાં દીપકરૂપ એવી સત્કાર કરવા લાયક સ્ત્રીઓ ઘરની શોભા છે, તેથી સન્નારી વિશેષપણાએ કરીને રક્ષણ કરવા યોગ્ય છે. " ઉદ્યોગપર્વ.

" पितृभि र्भ्रातृभिश्चैताः पतिभि र्देव रैस्तथा ।
पूज्या भूषयितव्याश्च बहु कल्याण मीप्सुभिः ॥ "

" કલ્યાણને ઇચ્છનાર પિતા, ભાઇ અને દેવરાદિયે સ્ત્રીઓનો સત્કાર કરવો તથા તેમને ભૂષણાદિએ કરી શોભાવવામાં ઘરની ઉન્નતિ થાય છે. " પ્રમાણસહસ્રી.

" शोचंति जामयो यत्र विनश्य त्याशुतत्कु-
लमान शौचति तुय त्रैता वर्द्धते तद्धि सर्वदा ॥ "

" જે કુળમાં સ્ત્રીઓ દુઃખી થતી હોય તે કુળ તત્કાળ નાશ પામે છે, ને જે કુળમાં સ્ત્રીઓ દુઃખ પામતી નથી તે કુળ સદા વૃદ્ધિ પામે છે, માટે સ્ત્રીઓનું કુળ કલ્યાણને સારૂં સન્માન રાખવું. " મનુસ્મૃતિ.

" अनुकूलां विमलांगीं कुलजां कुलशां सुशील संपन्नाम् ।
पता द्दशीं सुभार्यां पुरुषो यत्नो दया लभते ॥ "

" અનુકુળ, નિર્મળ અંગવાળી, કુલીન, કુશળ તથા સારા સ્વભાવવાળી એવી અલબેલી સ્ત્રી પુરૂષને યત્નનો ઉદય થવાથી મળે છે. " પ્રસંગ રત્નાવળી.

ગઝલ.

નચાવે નયનથી નિત્યે હસાવે હાસ્યથી હેતે;
રીઝાવે રંગથી રીતે રસિલી મોહની ક્યાં છે ?
જીતે જોબન તણા જંગે સલુણા સ્યામને સંગે;
વદનના વેણુના વ્યંગે છબીલી મોહની ક્યાં છે ?
મીઠા કાંઈ પ્રેમના દાવે ભીતરના કંઇ ઉંડા ભાવે;
લડાવે જે લલિત લ્હાવે હૃદયની મોહની ક્યાં છે ?
હૃદય જ્યાં એક છે એનાં નથી અંતર વિષે અંતર;
રમે જે પ્રેમભક્તિમાં મધુરી મોહની ક્યાં છે ! ! !

પ્રસ્તાવના.

વ્યવહારિક વિષયોની વસ્તુથી ગુંથાએલી નવલકથા જન સમાજમાં જેટલે દરજ્જે રૂચીકર થાય છે, તેટલી અન્ય વિષયોથી વણાએલી વસ્તુ કથાઓ ઘણાજ અલ્પ અંશે લોકપ્રિય નીવડે છે, એમ સાંપ્રત સમયના લેખક મંડળના અનુભવના ઉદ્ગારથી જણાઈ આવે છે. ઉચ્ચ પ્રકારના પકવાનના પાચનને વાસ્તે તાંબુલ અને દીપન પાચન ચુરણાદિક પાન માત્રાઓ જેમ આદરથી મુખવાસ તરીકે વપરાય છે, તેમ દુ:ખ અને ક્લેશથી શ્રમીત અને ભ્રમીત થએલા મનના વ્યાધીમાં પણ કેટલેક અંશે સંગીત નવલકથાઓનું અલ્પ પ્રમાણનું વાંચન પણ પુષ્ટી કારક પદાર્થ તરીકે નિત્ય વંચાય છે.

કેળવણી અને સદ્વિદ્યાના વિસ્તાર પૂર્વક પ્રચારને લીધે જન સમાજમાંનાં ઘણાખરાં ગૃહસ્થ અને સાધારણ સ્થિતિનાં નરનારીઓને અનુકુળ આવતાં હરેક પ્રસંગે કંઇને કંઇ વાંચનરૂપી ખોરાકની જરૂરીઆત રહે છે, એમ હવે નિ:સંદેહ કબુલ કરવું પડે છે, અને આથી કરીનેજ ચાલુ દશકામાં નવલકથા આલેખવાનો પ્રચાર પુષ્કળ પ્રમાણમાં વધી પડયો છે. નિર્દોષ વસ્તુ વિષયની ગમે તેવી સાદી અને આછી ભાષામાં લખાએલી નવલકથાઓની પણ જનમંડળમાં વધતી ઓછી કીંમત હવે અંકાવા લાગી છે. કસાએલા લેખકો લખે એટલું બધું સારૂં અને સાધારણ પંકિતના ઉછરતા લેખકો લખે એટલું બધું નરસું

માનવાનું અને મનાવવાનું ધોરણ હવે અણગમાને પાત્ર થવા લાગ્યું છે; કારણ કે જનમંડળ હવે કુદરત કૃપાએ સંસ્કારી અને અધિકારી નીવડવા લાગ્યું છે, એમ કુંદન કુસુમ નામક નવલકથાના પાંચ ભાગો લખવાના સાત વર્ષના સમયમાં લેખકને દૃષ્ટિગોચર થયું છે.

પ્રસ્તુત નવલકથા સ્વાતિની ચાતક દૃષ્ટિએ વૃષ્ટીસમ નજર કરતી કદરદાન આલમ સમક્ષ આજરોજ ચાલુ નવલકથાનો છઠ્ઠો ભાગ નજરાણા તરીકે મુકાય છે. નવલકથાના રસજ્ઞ વાંચકોને પાંચ ભાગ કરતાં આ ભાગમાં કાંક વધારે જાણવાનું, જોવાનું અને વિચારવાનું મળી આવશે. પ્રસ્તુત વસ્તુ કથા સંકલનાની યુવાવસ્થા આ ભાગમાં ઘણાજ વધારે પ્રમાણમાં વિકાસીત થએલી માલુમ પડી આવશે. કથાનક પાત્રોની જુવાનીની મસ્તી અને સુધારાની ફેશનભરી કુસ્તી જમાનાના અખાડામાં અચ્છી રીતે આંખ આગળ અવલોકવાનો આનંદ ઉત્પન્ન થશે. વિબુધ વાંચકો જમાનાનું સારી રીતે નિરીક્ષણ કરી કથાના પાત્રોના પ્રસંગમાંથી જરૂરીઆત જેટલો સાર સાર ગ્રહણ કરી અસારને કોરે કરી આંબો જેમ ઉરવીમાંથી મીઠા રસને ચુસે છે તેમ અમૃત રસ સમાન ઉપદેશ સાર અને સનાતન ધર્મનું ઉચ્ચ્ માન મગજમાં રાખી એક આર્ય તરીકે આદર્શ રૂપ આર્ય નિવડી આર્ય ભૂમિને દીપાવશે એવી મારી નમ્ર પ્રાર્થના છે.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

મહામારી, મોંઘવારી, વિગ્રહ અને મુદ્રણકળાના સાહિત્યોની અછત એ ચારે વિકટ પ્રસંગોમાં પ્રસાર થઇ પ્રસ્તુત નવલકથાના છઠ્ઠા ભાગની બીજી આવૃત્તિ બહાર પાડવામાં આવે છે. કદરદાન આલમમાં પ્રસ્તુત નવલકથાની થયેલી સારી કદરથી સંતુષ્ટ થઈ છઠ્ઠો ભાગ જર અને જહેમતનો ભોગ આપી ઘણાજ સારા કાગળ અને મુદ્રણ દર્શનની ઉત્તમ કારીગરીમાં મુદ્રાંકીત કરી પ્રગટ કરવામાં આવે છે. ચિત્ર દર્શન આ આવૃત્તિમાં મહા વિગ્રહને લઈ બની શકયું નથી, તેમજ પ્લેગ જેવા ભયંકર ઉપદ્રવને વશ થઇ ચિત્ર વગર આ આવૃત્તિ કાઢવી પડે છે તેને વાસ્તે અંતરમાં ઉણપ આવે છે; પણ જમાનાના કાળબળને માન આપી બીજી આવૃત્તિ છાપવાને વાસ્તે લેખક પ્રકાશક હયાત રહ્યા છીયે એમાંજ ઇશ્વરનો આભાર માની આનંદ પામી વિરમીએ છીએ ! !

રાયપુર પખાલીની પોળ } લી.
ભગડાવાડ—અમદાવાદ. } ત્રિવેદી રણછોડલાલ મહાસુખરામ કવિ.

સુંદરી સ્વરૂપ.

ઘોળ.

પતિવ્રતા પુરી તે જાણે પતિ ગણે પરમેશ જોને,
જીવના જીવનહાર ગણીને જપતી જાપ હમેશ જોને:-૦
ધરતી મન નીતિ પર નિત્યે ઉચરતી ન અસત્ય જોને,
ડરતી રે' દીલ રાધાવરથી કરતી નવ કુકૃત્ય જોને:-૦
મળતી રે' સત સંગત માંહે ભરતી ગુણ ભંડાર જોને,
વરતી રે' વશ થઇ વરજીને પળતી નવ પરદ્વાર જોને:-૦
સ્વામીને સુખે સુખીઆરી વર દુઃખે દુઃખીઆર જોને,
જો રતીએ પામે દુઃખ વરજી સાલે અપરંપાર જોને:-૦
વશીકરણ વિદ્યા જે કા'વે તે સેવા સ્વામીન જોને,
એ વિણ ફાંફાં સૌ ફોગટનાં ભણે દીપોત્સવી દીન જોને:-૦
માટે મારી સુજ્ઞ બેનીઓ સાચવજો શિયળ વૃત જોને,
શુદ્ધ મને કરજો સ્વામિની સેવા આણી ઉલટ જોને:-૦
જેથી વર નિશ્ચે વશ થાશે ચ્હાશે અપરંપાર જોને,
તો પછી એથી ઈંદ્રભુવનમાં પેખું નવ સુખ સાર જોને:-૦

દીવાળી

નમું નમું તને મારી માતૃ ભૂમિ.

ગરબી.

નમું નમું તને મારી માતૃ ભૂમિ,
નમું નમું તને મારી ભર્ત ભૂમિ;
હિંદ ભૂમિ નમું દેવ ભૂમિ નમું,
આર્ય ભૂમિ નમું વીર ભૂમિ નમું;
વન્દુ તને વ્હાલી બ્રહ્મ ભૂમિઃ—૦

ભક્તશિરોમણી પ્રહ્લાદજીએ ભક્તિથી પ્રભુ રિઝાવ્યા,
ભક્તિનો તે ગુણ દે તુજ શિશુને ટાળી પ્રપંચ ને માયાઃ—૦
દાની બલિરાજ કર્ણ ભૂપતિએ દાનથી હસ્ત શોભાવ્યા,
તે દાનનો ગુણ દે તું દયાળી જેથી થાયે સુખી તુજ જાયાઃ—૦
બળવાન ભીમ અભિમન્યુ અર્જુન ભિષ્મ ભગીરથ વીર,
શિવાજી જેમલ સમર પૃથુ સરખા આર્યોને કર રણધીરઃ—૦
દેજે સ્વદેશ કે ભગવદ્ ભક્તિ ઉન્નતિ દેશની થાય,
પ્રહ્લાદ કરજે કે પ્રતાપ કરજે માગુ કરજોડી માયઃ—૦

અનુક્રમણિકા.

ભાગ ૬ ઠ્ઠો.

(આવૃત્તિ બીજી)

કુંદન અને કુસુમ.

સોલ એજન્ટ

હરગોવનદાસ હરજીવનદાસ

બુકસેલર.

૨૬૩૦, પાનકોર નાકા—અમદાવાદ.

મંગળ ગીત.

પદ.

મંગળ મૂરતિ શ્રી મૂકુંદ,
વંદન વિભૂ વૃજચંદઃ—૦
મંગળ માધવ મંગળ મહીમા,
મંગળ ગાવા મંગળ કૃતિ કર;
નટવર નંદઃ—વંદનઃ—૦
રંગી રાગે રસભરી રંગભૂમિ નવરંગ;
રંગી રસ રંગે રહિત રહ્યા રસિક શ્રીરંગઃ—૦

શ્રી પરમાત્મને નમઃ

શ્રી નવલ

કુંદન અને કુસુમ.

આધુનિક આર્ય ઘરસંસારનું પ્રતિબિંબ,

અથવા

સુધારાનો સાર કે ફેશનનો માર!

ભાગ ૬ ઠ્ઠો.

પ્રકરણ ૧ લું.

જંગલની જોગણ કે વ્હાલાની વિજોગણ.

દોહરો.

જેશું જેને પ્રીતડી તે તેને મન શુદ્ધ;
જળનો તરસ્યો નવ ચહે પીવા ઉજ્વળ દૂધ.

વિશ્વમાં વિશેષ બંધનો છે, પરન્તુ પ્રેમબંધન જેવું બીજું એકે બંધન નથી. કારણ કે વાંસને કોરી નાંખનાર મધુકર કમળ કોષમાં બંધાઈ રહે છે, પણ પ્રેમને લીધે કમળના

કોમળ દળને કોરીને બહાર નીકળી શકતો નથી. કાપવા છતાં ચંદન પોતાની સુગંધ છોડતું નથી, વૃદ્ધ થવા છતાં ગજરાજ પોતાની લટકદાર ચાલ તજતો નથી, પીલાવા છતાં શેરડી પોતાની મધુરતા મૂકતી નથી, તેમ પ્રેમી પર અનેક સંકટો પડતાં છતાં પોતાના પ્રેમને તજતો નથી.

વ્હાલા તણા વિજોગમાં સુખ રૂપ વસ્તુ શી મળે,
આત્મા તણી આહૂતી મૂર્તિ પ્રીતની દુઃખને દળે;
વૈભવ વૃથા વ્યવહારના કરતા વ્યથા પ્રતિ પળ પળે,
માતંગ કીચડમાં કળે પતંગ પ્રેમે પરજળે.

મયુરનું ધ્યાન જેમ ઘનઘોરમાં, નટડાનું ધ્યાન જેમ દોરમાં, પતંગનું ધ્યાન જેમ દીપકમાં, પનિહારીનું ધ્યાન જેમ બેડામાં, ચકોરનું ધ્યાન જેમ ચંદ્રમાં, મીનનું ધ્યાન જેમ જળમાં, અને ચક્રવાકનું ધ્યાન જેમ સૂર્યમાં લાગી રહ્યું છે. તેમ પ્રેમીનું ધ્યાન પણ ફક્ત પ્રેમમાંજ લાગી રહ્યું છે.

*　　*　　*

નયનાંકી નૌકે હેરી નિકસ જાત જસ નીર,
હેરે ઘાવ ન પાઇએ બેધા સકળ શરીર;
બેધા સકલ શરીર બૈદ કા કરે બૈદાઇ,
કરિ હો કોટિ ઉપાય ઘાવ નહિ દેત દિખાઇ.
કહે ગિરીધર કવિરાય બિરહીની હોત હૈ ચોકે
સમુઝિ બુઝિકે ચલો બુરી નયનાંકી નોકે ! !

ચંદ્રરાજ ઘડી ઘડી વાદળમાં સંતાકુકડી રમતો દૃષ્ટીગોચર થાય છે અને અજવાળું અને અંધારૂં અવની પર વારાફરતી પથરાતું જાય છે. ભાવનગરની સામીપ્ય આવેલ પહાડી પ્રદેશ અત્યારે ઘણોજ ભયંકર ભાસે છે. ડુંગરાની ડરામણી ઝાડી રાત્રીના અંધારામાં એક વિશાળ ગુફા સમાન જણાય છે. શીતળ સમીરના સુસવાટાથી વનનાં વૃક્ષો ડોલી રહ્યાં છે. ઝાડીમાં આવેલ ઝાડનાં પાંદડાંઓ, વેલાઓ અને ડાળીઓ રાત્રીમાં હૃદયકંપિત અવાજો કરી રહ્યાં છે. આસપાસ જંગલી જનાવરોની ચુમો સંભળાયા કરે છે. વખતો વખત વાઘના તાડુકા પણ સંભળાય છે. સિંહની મેઘ ગર્જના જીગરને જખમી કરી નાંખે છે. ઘડી ઘડી વાડોમાંથી શિયાળવાં કુદી કુદી નાસતાં ફરે છે. રીંછ, વરૂ અને દીપડાઓ પણ ઝાડીમાં આમ તેમ ભટકતાં જણાઇ આવે છે. ભલભલા શસ્ત્રધારીઓની છાતી ફાડી નાંખે એવી આ ડુંગરી ઝાડી અત્યારે ભયંકર સ્વરૂપ ધારણ કરી રહી છે. મોસાળ મૂકી નાસી છુટેલી પામર, નિરાધાર અને ગરીબડી કુંદન અત્યારે અવળી વાટે ચઢી આ ઝાડીમાં આવી ભરાણી છે. દિશા કે ગામનું કાંઇ પણ ઠામ ઠેકાણું નહીં જડવાથી જ્યાં માર્ગ મળે ત્યાં જવું, એવો નિશ્ચય કરી કુંદન મૃત્યુના સામી થતી ડગલાં ભરતી ભરતી ઝાડીની વચ્ચે ચાલી જાય છે. તેનાં વસ્ત્રો ડાળીઓમાં ભરાઈ ભરાઇ ફાટી ગયાં છે. અંગે ઉઝરડા પડયા છે. કાંટા અને ઠેસો વાગી વાગી પગ પણ સૂજી રાતાચોળ થઇ ગયા છે. કપાળે અને હાથે પણ લોહીનાં ઠેર ઠેર ચકામાં પડયાં છે. આંસુ અને લોહીના શેરડાથી ગાલ પણ ખરડાઇ શ્યામ થઈ ગયા છે. જ્યાં

સુધી ચાલવાની શક્તિ રહે છે, ત્યાં સુધી ચાલે છે, થાકી જાય છે ત્યારે માર્ગ વચ્ચોવચ બેસી થાક ઉતારે છે. ભય અને બીકને તેણે મામાની ભાગોળના ચોતરાપર મૂકી દીધાં છે. મરવું અથવા વ્હાલાને મળવું, એવો અંતિમ નિશ્ચય કરી જ્યાં નસીબ લઇ જાય ત્યાં જવું એમ બોલી જંગલમાં વગર બીકે ચાલી જાય છે. વખતે વાટમાં વાઘનો ભેટો પણ થઇ જાય છે. વાઘને જોઇ કુંદન ઉલટી સામી હસતી હસતી જાય છે; વાઘ વીરા–વાઘ વીરા કહી વાઘ પાસે જતાં વાઘ ઉલટો ભય પામી પૂંછડું હલાવતો હલાવતો નાસી જાય છે.

કુદરતનો કાયદો છે કે કોઈ પણ વસ્તુનો કેડો લેવો નહીં; કેડો લેવાથી વસ્તુ વિપરીતપણાને પ્રાપ્ત થાય છે. કુંદન અત્યારે જીવનનો કેડો લેવા તૈયાર થઈ છે; તો અત્યારે મરણ તેનાથી આઘુ ને આઘુજ જાય છે. હિંસક પશુઓ પોતાનો હિંસક સ્વભાવ તજી દઇ જીવ લઇને દૂર ભાગી જાય છે. વનદેવીની માફક કુંદન વનમાં અત્યારે ચોગરદમ નિર્ભય થઇને મ્હાલે છે. રસનાએ હીરાલાલનો જાપ જપતી જપતી જેમ આવે તેમ ઘુમે છે. ઘડીમાં ગાય છે, તો ઘડીમાં રૂવે છે, ઘડીમાં બેસી જાય છે, તો ઘડીમાં ઉભી થઇને મૂઠીઓ વાળી નાસે છે. પ્રેમના ઉતાપામાં દેહનું ભાન તે વિસરી ગઈ છે. સ્નેહના ઉન્માદમાં આવી તે ઉન્મત્ત બની આમ તેમ લવારી કરતી ભટકે છે. જીવનના અજંપામાં અધીરી બની અટવીમાં અટવાય છે. કાંઇ શોધતી હોય અગર કોઇને મળવા જતી હોય તેવી વિકળ દશામાં આકુળ વ્યાકુળ થતી વલવલતી ટળવળતી હરતી ફરતી માલમ

પડે છે. અત્યારે કાંઈ વિચાર આવતાં પ્રેમધુનની મસ્તી લલકારતી ચાલતી જણાય છે.

*   *   *   *

" હું પ્રેમની જોગણ બની પિયુ શોધવા ચાલી,
પિયુને શોધવા ચાલી જીવનને બોધવા ચાલી:—૦

*   *   *   *

પ્રેમની કફની ધરી ને પ્રેમની ઝોળી,
અંગે ભભૂતી પ્રેમની બસ પ્રેમથી ચોળી:—૦

*   *   *   *

કરૂં સાધના શ્રૃંગારની ધરૂં નાથનું દર્શન,
રટુ મંત્ર કર માળ લઇ બસ પ્રીયતમ પ્રીયતમ:—૦

"ઓ મારા વ્હાલા તમે નક્કી સમજજો કે જ્યારે હું તમને શોધી કાઢીશ ત્યારેજ જંપ વાળીશ. તમારે સારૂ મેં સર્વ મૂકયું, જ્યારે તમે મને નહીં જડો ત્યારે બસ મારૂં થઇ ચુકયું. મને તલસાવી તલસાવીને તમે શું લ્હાણુ કાઢશો ? મને દુઃખી જોઇને તમે હસશો તો ભલે હસો, પણ હું તમારો કેડો મૂકનાર નથી. તમને પકડી પાડયા સિવાય હું પાછી વળનાર નથી. તમે ક્યાં જશો ? જ્યાં હશો ત્યાં હું તમને આવી મળીશ. આવું કરતા હઈશું ? જાઓ બળ્યું આમ કલ્પાવે શું રાજી થતા હશો ? અલબેલા આટલા બધા આકરા શું કામ થતા હશો ? મારા ચિતડાના ચોર, મનડાના મોર, કાળજાની કોર ચતુર ચંદ્ર આ ચકોરીને નાહક જલ્પાવે શું હાથમાં આવતું હશે ? વ્હાલા જોતજોતામાં આમ કયાં ચાલ્યા ? ?"

"ચાલ્યા ચંદ્ર ચતુર ચિત્ત ચોરી,
ઝુરે ઘેલી બનીને ચકોરી;
કાપી અધવચ પ્રેમની દોરી,
કીધું કામણ કાળજ કોરી.
તાળી હાથમાં આપીને ચાલ્યા,
મારગ અવળા મોહને ઝાલ્યા;
વિર નણદીના ઘટે ન આવું,
વાતે વાતે વલ્લભ શું રીસાવું."

"અરે તમે રીસ પણ નાકના ટેરવે રાખતા જણાઓ છો. વાંધો પડતાં જરા પણ વાર લાગતી નથી; હસતાં હસતાં વાતવાતમાં વચકાઓ છો! બળ્યું, જાઓ જાઓ આમ શું કરતા હશો? તમને તો કાંઇ કહેવાયજ નહીં. સ્હેજ સ્હેજમાં રજનું ગજ કરોછો. આંખ મીંચતામાં આ સંતાણા! આવો હવે ઝાઝા ન તલસાવો!!"

"હાર હૈયાના કહે કયાં સંતાણા,
માને મોહન શીદ ભરાણા;
જોતજોતામાં જીવન કયાં જાવું,
નાથ નમેરા ઘટે શું થાવું.
આવો ઓરા બોલાવું અલબેલા,
જાવો આવું કરીએ રસઘેલા;
મોંના મીઠા ને મનના છો મેલા,
છેહ છમકલે કરતા છેલા."

"નેણુના સાંધા અને વેણુના વાંધા એનો પાર શી રીતે આવે? નગણા જોડે નેહ બાંધ્યે કદી સુખી થવાય! જેને આંખે

આંખ મેળાવતાં ઓછું આવે તેને શી રીતે પહોંચાય! મોંની મીઠાશ વાપરનારને શી રીતે રાજી રખાય? આવું આવું અને કાંઈ નહીં એનો પાર ક્યારે આવે? જેને વચનનો સંતોષ આપવાની ટેવ પડી તેને શી રીતે હાથ કરી શકાય?!"

"બોલે સાચા ન પડતા છોગાળા,
લાલા ઘડી ઘડી થાતા કાલા;
હું તો લટકે લોભાણી વ્હાલા,
કર્યું ચેટક ચટકે ઠાલા.
ઠાઠે ઠગી ઠાકર જાદુવાળા,
મારી મોઘમ મારે રઢીઆળા;
કુવે ઉતારી વરતજ વાઢયું,
કોડે કપટી કાસળ કાઢયું!!?"

"થયું બસ. હવે રાજી થયાને? અમદાવાદ મૂકાવ્યું, ઘરબાર તજાવ્યું; મોસાળમાં વસાવી અને છેવટે ત્યાં પણ છેહ દઇને છેતરી ગયા. તોરણે આવી ચાલ્યા ગયા, બાળાને ચાળા કરી લ્હાળા પ્રગટાવી કોરે ખસી ગયા, ચૉરીની ચિતા બનાવી મને જીવતી સળગાવી સંતાઇ ગયા! જ્યારે આવું ધાર્યું હતું ત્યારે મિથ્યા ધારણા શું કામ દીધી?"

"બહુ બોલી બનાવી આ બાળા,
કોને કહુ ચતુર તમ ચાળા;
રચી ફંદ ફસાવી જીવનજી,
ચિત ચોર્યું ચોરીથી મોહનજી.
મારા ભાગ્યની કેવી આ કહાણી,
અધવચમાં અબળા આ અકળાણી;

મરતાં જીવતાં ખબર લ્યોને મારી,
હાથ હેઠા પડ્યા હવે હારી. "

"ઓ હઠીલા! મને શું કામ તમારી સાથે ન લીધી? હવે ન રહી ઘરની, ન રહી બહારની, ન રહી કુંવારી, ન રહી પરણેલી, ન રહી માંડેલી, ન રહી છાંડેલી. હવે મારે શું કરવું? તમે તો મને અધવચ મૂકી! મારા ચતુર, હુંજ તમારાથી ચુકી કે તે વખતે મેં તમને જવા દીધા!! હા....જીવ....હવે મારી શી દશા? પ્રેમના પંથે ચાલતાં આ લ્હાણુ? ભાગ્ય ભુવનમાં પેસતાંજ આડો મોટો પ્હાણુ?"

" માથે વિત્યાં વિતકણાંની વાતો,
કોણ રૂઝવે અંતરના આઘાતો;
કોઈ નહિ બાપલડીનું બેલી,
કચરાતી કુંજર પગે વેલી.
થયાં વિશ્વમાં વ્હાલાં સૌ વેરી,
થઇ વૃથા જીવન જગ ફેરી;
દીધાં છોડી પિતા અને માતા,
મૂકી ભગની અને મૂક્યા ભ્રાતા. "

"હવે તો દયા લાવો, ઓ મારા ડાહ્યા ડમરા દિલહર, એક વાર તો આવો. અરે! મને તમારા કોમળ મુખનું છેલ્લીવાર તો દર્શન કરાવો. હું તમને ઝાઝા નહિ રોકું. બીલકુલ પજવીશ નહિ. જરા પણ હઠ નહિ કરૂં. જીવનહાર! મન મોટું રાખો, આ મૂર્ખ માનિનીના અપરાધની ક્ષમા આપો અને મને દયાથી માપો. મોહન, મારા તો તમે ત્રાતા છો, મારો ઉદ્ધાર તમારાથીજ છે. વ્હાલા, અમીદૃષ્ટિ કરો, કેમકે,"

" છોડયો સગાં વ્હાલાંનો સંબંધ,
તોડયો વિશ્વ વ્યવહારનો બંધ;
થયા પાલક મારક મારા,
કોણ આવી ઉગારે આ દારા.
મૂકયું ઘર ને મોસાળ આવી,
ત્યાંતો ઠરવા ઘડી એક નાવી;
બાજી બગડી બગડયું મુજ ભાવી,
વિવાહ અદ્ધર ઉડયો નવ ફાવી. "

" અલબેલા! અતિશય તાણે તુટી જાય. વધુ રીબાવવામાં વિપરીત પરિણામ આવે, વલખાં મરાબ્યે કાંઈ ન વળે, દશા ફરે ત્યારે વ્હાલાં પણ વૈરી થાય. મારા મનાતા અત્યારે ન્યારા થઈ ગયા. માથું પટકી પટકીને વિનવું છું, પણ વ્હાલાને દયા આવતીજ નથી. આટલા બધા અબોલા શા સારૂ થાઓ છો? મેં તમારૂં શું બગાડયું છે? મારા ઉપર આટલા બધા કેમ રૂઠયા છો? આવો, હવે હું કોઇ વાર કટુ વેણ તમને કહીશ નહીં. અરેરે,

" જ્યારે વેળા મારી બદલાણી,
થયા સ્નેહી શત્રુ રંક જાણી;
જીતી બાજી બધી પલટાણી,
વાત વિપરીત થઇ ગભરાણી.
બુડે નાવ કિનારે આવેલું,
જાય વાસીદ.માં સાંબેલું;
ફરી માતા ને ફરીઆ મામા,
સૌ થઇ ગયાં મારા સામાં!! "

" હવે હું ખોળા પાથરીને તમને કરગરૂં છું. મારો વાંક

દરગુજર કરો, હવે તમારો વિયોગ સહન કરવાની મારામાં શક્તિ રહી નથી. હઠીલા! હવે હાંસી જવાદો, હસવામાંથી ખસવું થશે, કસોટીમાં કુડુ થશે. હવે આ કુંદન વધારે વખત નહીં જીવે; બસ! હવે મનાઓ, ઝાઝા માનમાં ન ભરાઓ, હવે મારૂં તમારા સિવાય કોઇ બેલી નથી; મારૂં બધું બગડયું:–

“ એક ભવના બે ભવ તો ધાર્યા,
વાર્યા મામા ને ભાઇ તો હાર્યા;
કાળી રાતે ઘર મુકી હું નાઠી,
દશા મારી થઈ હવે માઠી.
બની જોગણુ જંગલમાં ભટકું,
થઈ વિજોગણુ વ્હાલાની અટકું;
જાઉં કયાં હવે જડે નવ રસ્તો,
મોંઘો જીવ થયો હવે સસ્તો ! ! ”

ઓ થોડાબોલા અને થાંભલા કોરા, હવે તમારો ટેક જવાદો. તમે જીત્યા અને હું હારી. મારા વ્હાલા! તમારી તો સદાય બલિહારી. તમને કોઇ ન કળી શકે, તમારા હોય તે પણ એક વાર ગોથાં ખાય, તમારી ખુબી ખલકમાં ન્યારીજ છે. જ્યારે હવે આ અબળાને મારવી ધારી છે તો મારો, સુખેથી મારો ! જીવ હર્યો. જીવનને હવે હું તમારા પાખી ટકાવા માગતી નથી; બસ હવે આ જંગલમાં ભટકી ભટકીને મારૂં અધુરૂં આયુષ્ય પૂરૂં કરીશ.

“ ચાલી ચાલી ચતુરા આ થાકી,
પગ મારા ગયા હાય પાકી;
વ્હાર મારી કરો વનમાળી,
ભિંત ભાગ્ય ભુવનમાં ન ભાળી.

દયા દાસી પર દીનબંધુ કરજો,
અઘ ઓઘ તણા હરિ હરજો;
સ્નેહી કહેવાનાં નવ મળજો,
સગાં સ્વારથીઆં સૌ ટળજો. ”

“ હરી–હરી–હરી!! હું પ્રેમના પંથે ચઢી પસ્તાણી. પ્રીતિ એક કારમું મરણ છે, તેને વાસ્તે અલ્પ પણ ઉધાર નભતું નથી. જોતજોતામાં પાવકમાં પડી પતંગ પ્રજળી ખાખ થઇ જાય છે. ખરેખર પ્રીતિ એ પાવક છે, અંગારા ખાવા હોય તોજ પ્રીતિ કરવી. કરવી પ્રીતિ સ્હેલ છે, પણ નભાવવી અતિ મુશ્કેલ છે. ખાવી પ્રીતિ સાકર છે, પણ પચાવવી પ્રીતિ ઝેર છે. ભાગ્ય વિના ભાવની ભભક મારી જાય છે. ભલભલા વિધીઅંક પંકમાં કળી જાય છે, કેમકે, ”

“ ભોગ ભાગ્ય વિના નવ ફળજો,
યોગ ભક્તિ વિનાનો બળજો;
સુખ ભાગ્ય વિના નહિ આવે,
દુઃખ ભાગ્ય વિના નહિ જાવે.
ધાર્યું ધરણીધરનું થાયે,
મિથ્યા માનવી મદમાં મુંઝાયે;
માને મનથી મારૂં ને તારૂં,
ઘડી એકમાં થઇ જાય ન્યારૂં. ”

“ ખરેખર ! હું છબીલાથી છેતરાઇ ગઈ, નવીન પંથે વિચરતાં નવીન થઈ ગઈ. હવે કયાં જવું તેની કાંઇ સૂઝ પડતી નથી. શામળીઆ સ્નેહજાળમાં પંખીણીને જકડી સંતાઇ ગયા. પાતળીઆ પરવશ બનાવી ભરપંથે પડતી મુકી રીસાઇ ગયા. હૃદય ઠલવી ઠલવી રોઈ રોઇને રસિકને મનાવ્યા પણ એકના બે

ન થયા, ચતુર ગયા તે બસ ગયાજ ગયા. હવે રહ્યું રોવું સદા મનમાં, રહ્યું વસવું સદા વનમાં, રહ્યું તપવું સદા તનમાં અને રહ્યું જપવું જીવન જનમાં!!"

"બચવાનું જડે નવ બારૂ,
મન મીણનું પીગળે બિચારૂં;
આંખ માંહી આંસુડાં ન આવે,
રોતાં દૈવ દયા નવ લાવે.
મારા શામસુંદર શામળીઆ,
પ્યારા પ્રિયતમ વર પાતળીઆ;
નાથ નગીના નાના નાવલીઆ,
પૂજું પ્રેમ ધરી પાવલીઆ.
ક્ષમા કરો અપરાધ દાસીના,
દુઃખ હરો પ્રીતિ પ્યારીના;
એકવાર મુખડું બતાવે,
મને મોહન શીદ સતાવો."

જીવનહાર! હવે કરૂણા કરો. કલ્પાંત કરી કોડે ટળવળતી દાસીની અરજી હૃદયમાં ધરો. બહુ થયું રસિક હવે બહુ થયું. જ્યાં હો ત્યાંથી આવીને એકવાર આ અલેતી બાળાને મળો. આપના વદન કમળનાં મને મરતાં જીવતાં બસ છેલ્લાં વ્હેલા દર્શન કરાવો. મોહન, હું હવે બીજું નથી માગતી. મારા હૃદયવલ્લભ, જીવનચંદ્ર, આ ચકોરીને છેલ્લીવારનું મુખ દેખાડી જવું હોય તો ચાલ્યા જાઓ, મારી ના નથી. પણ ઓ મારા રઢીઆળા સલુણા શામ! મને હવે છેવટની એકવાર ઝાંખી કરાવો. આવો, આવો, બસ નથીજ આવતા! નથીજ માનતા, લ્યો ત્યારે આ મરેલીને મારી ખુશી થાઓ."

કલ્પાંત કરતી કુંદન હાય મારી આ પ્રમાણે ધરણીપર બેબાકળી બની ઢળી પડી. અચેત અવસ્થામાં મૂર્છાવશ બે કલાક સુધી પડી રહી. રજની સમ સમ કરતી પસાર થવા લાગી. સમય ઉષા પ્રદીપ્તનો થવા આવ્યો. પ્રાચી આસ્તે આસ્તે પીળી થવા લાગી. ઉદયાચળ પર દિનકરદેવની ઉદયપ્રભા ઝાંખી ઝાંખી વરતાવા માંડી. પ્રભામય પ્રકાશતા તારલાઓ તેજવિહીન થવા લાગ્યા. મૂર્છા રહી રહીને કુંદનને વળવા લાગી. પ્રેમઘેલછા ફરી ફરીને પ્રકટવા લાગી. લવારી પર ચઢવા લાગી અને ઉઠી ઉઠીને નાસવા માંડી. ઘડીવાર ઝાડને હાથ જોડી વિનવવા લાગી, ઘડીવાર આકાશ ભણી જોઈ કરગરવા લાગી અને ઘડીવાર જાણે કોઇની સાથે લડતી હોય--તડતી હોય–તેમ વઢવા લાગી. સામે ઉભેલા હીરાલાલને મૂર્તિમાન નિહાળી તેની સાથે વાત કરવા લાગી, વિનવવા લાગી અને મ્હેણાંટુણાં દઇ ઉપાલમ્ભ પણ આપવા લાગી.

" વ્હાલા, તમે તો ખુબ રીસાણા હો ! ઘણાજ માનમાં ભરાણા ! વાત વાતમાં છેકજ હાડ ગયા. જ્યારે અમરગઢમાં હતા ત્યારે કેવી પ્રેમ પત્રિકા લખી કાલી ઘેલી કુંદનને પટાવતા હતા, અને હવે કર જોડી કરગર્યે પણ સામુ જોતા નથી. મીઠા મીઠા શબ્દોથી મોહની તો ખુબ લગાડતા હોંકે; વાહરે કામણગારા તમારી ખુબી ? શું કાગળમાં સાકર વાપરતા !!

* * * *

" સ્વસ્તીશ્રીરે સ્નેહપુરી સુખકારી સુખ શાંતિ સુધા જ્યાં સારી,
મનહરતીરે મુગ્ધા મધુરી મારી મૃગલોચની મોહની ઝારી;
જીવનદોરીરે બાલ કીશોરી સારી મમ કુંદન તું પ્રિયકારી:–•

દીઠી દીવ્ય છબી દેવી તારીરે,
નાંખી ભુરકી ભાવની ભારીરે,
મોહ મંત્રે મનને મારીરે,
લાગી લગનીરે લલના લલિતજ તારી ચિત શુદ્ધિ બુદ્ધિ વિસારી,
ધીરજ ધારીરે થાકયો હવે હું નારી મમ કુંદન તું પ્રિયકારી:—૦

કર્યું કામણ કાંઇ કારીરે,
હર્યું હીર હૈયાનું પ્યારીરે;
ભર્યું જાદુ જીવનમાં ભારીરે,
રસવેલડીરે કાંઇ કુમક કર ધારી છબી છેલડી રહે શીદ ન્યારી;
અલબેલડીરે એક તું એલી મારી મમ કુંદન તું પ્રિયકારી:—૦

લોભાગ્યો લલિતા લટકેરે,
ચોર્યું ચિત્ત ચતુરા ચટકેરે;
મીઠી મૂરતી અંતર ખટકેરે,
પ્રીતિ કટકેરે પટકી નાંખ્યો મારી ઘટ ઘટ ખટકત ઘાવજ કારી,
નથી કોઈ મારૂંરે એક હતી તું મારી મમ કુંદન તું પ્રિયકારી:—૦

મેઘ ગરજે માનો મયુરીરે,
ચંદ્ર તલસે ચિત્ત ચકોરીરે;
મન મેલી ન જાઓ નમેરીરે,
હરીવદનીરે ભિતર ભાવ વિચારી લ્યો ઉરમાં અરજ ઉતારી;
કર્મ કથાનીરે ગાથા હીરલે ઉચ્ચારી મમ કુંદન તું પ્રિયકારી:—૦

"વ્હાલા, આતે વ્હાલ કે બાળી ભોળી બાળાને બનાવવાનો ખ્યાલ? આતે ચિતડાનુ ચિત્ર કે પ્રેમની પ્રતિત? આને કહેવું શું? શું વાંચવું, શું વિચારવું, શું વર્તવું અને શું વિમાસવું? આતે ઉરના ઉમળકા કે મનડાની આંટી ઘુંટી? આતે સ્નેહ કે આતે છેહ? આતે શુકનું કે રસિકનું શસનું? આતે હૃદયભા-

જ્ઞાની પ્રણાલીકા કે નેતિ નેતિની પ્રવાહીકા? સકામતાની છાપ કે નિષ્કામતાની ધાપ? શું ટેક, શું વિવેક, શું નેક અને શું છેક? વારી જાઉંરે મારા વરણાગીઆ! તમે પણ વરણાગીની હદવાળી, આવો આવો ઓરા આવો!!"

"ઓરા આવો તો કહું વાતડી બિહારીલાલ,
તમ માટે ગાળી મેં જાતડી બિહારીલાલ;
રોઈ રોઇ વિતાડી મેં રાતડી બિહારીલાલ,
તોયે કઠણ શી છે છાતડી બિહારીલાલ.
તમ માટે મૂકયાં મેં માત તાત બિહારીલાલ,
તમ માટે જોયાં ન દિન રાત બિહારીલાલ;
તમ માટે મૂકયાં મેં ઘરબાર બિહારીલાલ,
છાંડી છે દુનિયાની દરકાર બિહારીલાલ.
ઉભા તલસાવો શું આવો બિહારીલાલ,
તમ સાથ દુનિયાનો દાવો બિહારીલાલ.

"આવો, આવો! બસ નહિજ આવો; લ્યો ત્યારે હુંજ તમારી પાસે આવું પછી કાંઈ?!"

આ પ્રમાણે હૃદયગાનમાં લવારો કરતી કુંદન ઉન્માદના ઉછાળે ચઢી પ્રેમચક્ષુએ દ્રશ્યમાન થતા હીરાલાલની કોટે બાઝવા સારૂ ઉછાળો મારી કુદી ભેટવા ગઇ; રસિલી બાળાને રસિયાને બદલે ઓરસીયો વાગ્યો! હીરાલાલને બદલે પત્થરની છાટ ઉપર કુંદન પડી. પડતાની સાથેજ કુંદનની ઘેલછા જતી રહી; અને એક કારમી ચીસ પડાઇ ગઈ. માથું પત્થર સાથે અફળાઇ ફૂટી ગયું અને કપાળમાંથી રકતની ધારા વ્હેવા માંડી; આસપાસ લોહીનું કુંડાળુ થઇ રહ્યું અને ભરજંગલમાં ભગવાનને આધારે

ભામિની ચતીપાટ મૂર્છાવશ થઇને પડી. સૂર્યનારાયણ પણ ધીમે ધીમે પ્રકાશમાન થવા લાગ્યા. સમય સવારના સાતનો થયો. આખી રાત કુંદને જંગલ પસાર કર્યાજ કર્યું; છેવટે એક છેડેથી બીજા છેડે આવતાંજ વિકળ બની બેબાકળી થઇ મૂર્છાવશ પડી. કિનારે આવેલું નાવ કીનારેજ બૂડયું. ભર દરીયાનો ભય બંદર માંજ પૂર્ણો ? શરીરમાંથી અતિશય રક્તસ્રાવ થવાથી કુંદન છેક નબળી હાલતમાં આવી ગઇ. તેની આસપાસ લોહીનું ખાબોચીયું ભરાઈ ગયું. કાંક કુદરતની કૃપાથી લોહી બંધ પણ થઇ ગયું. એકલડોકલનો રામ બેલી એ કહેવત અનુસાર કુંદનના બેલીને પણ કાંક કાંક કુંદનની ચિંતા થવા લાગી. આશામાં નિરાશા અને નિરાશામાં આશા એ ન્યાયાનુસાર નિરાશાના સાગરમાં આશાનું હોડકું ઘણે દૂરથી હલેસાં મારતું દૃષ્ટીગોચર થવા લાગ્યું. ઉત્તર દિશાના પ્રદેશમાંથી ઘણેજ દૂર એક ગાડા જેવું આવતું માલમ પડવા લાગ્યું. જેમ જેમ વખત વીતતો ગયો તેમ તેમ દૃષ્ટિ પ્રદેશ સમક્ષ ગાડાને બદલે એક રાજવંશી ઠાઠમાઠ જેવો મારો તરવા લાગ્યો. આમ આ બાજુ પ્રભાતનો શીતળ સમીર કુંદનના કમળવદનપર સુસવાટા મારવા લાગ્યો. શીતળ હવાથી જેવી તેવી શુદ્ધિ કુંદનના શરીરમાં ઘણીજ ધીમે ધીમે ચૈતન્ય વ્યવહારમાં વહેવા લાગી. રાજવંશી ઠાઠમાઠવાળા રથમાંથી એક નવયૌવના સુંદરીએ રથનો પડદો ઉંચો ચઢાવી ડોકીયું બહાર કાઢી સમયની નિરીક્ષા કરી. સુંદર પ્રભાત, કુદરતની લીલા અને વિશાળ વૃક્ષોના સમુદાયવાળા સુંદરવન પ્રદેશને નીરખી તેનાં લોચન આનંદ પામ્યાં.

" ગુલાબ બ્હેન, જુઓ પ્રભાત થયું. હવે રથને થોડીવાર ઉભો રખાવી આપણા માણસોને દાતણ પાણી કરાવી સર્વે સાથ ભેગો કરી પછી રસ્તે પળીએ; કહો તમને કાંઈ હરકત છે ? "

" જેવી ચંબેલી બ્હેનની મરજી ! તમને ગમ્યું તે મને પણ ગમ્યું. તમારી પસંદગી એજ મારી પ્રસન્નતા અને મરજી !"

" અરે ભાઈ વખતશંગ, હવે રથને અહીંજ ઉભો રાખી બળદને છોડી વિશ્રાન્તિ આપો. "

" જેવો બાનો હુકમ ! "

" લ્યો બ્હેન, હવે રથમાંથી હેઠાં ઉતરો. આવો જરા આમ તેમ હરીફરી પગને છુટા કરીએ. "

" વખતશંગ, રથમાંથી સાથરો બહાર કાઢી અહીં બિછાવો. તમે નિરાંતે બળદને બાંધી દાતણપાણી કરી કસુંબો લ્યો. અમે આટલામાં ફરીએ છીએ. આપણા માણસોને આવવા દ્યો. "

" બ્હેન, આ જંગલની વાટ છે; માટે આઘાં પાછાં બહુ થશો નહિ. જુઓ વળી આ પાસેજ સુંદર પાણીનો ઝરો છે; આમ આ ગાઢુ જંગલ આવી રહ્યું છે; અને વળી પ્રભાતનો પહોર છે એટલે જંગલી જાનવરોનો ભો વધારે લાગે. સવાર, અને સાંજ એ ટાણે વાઘ–દીપડા–સીંહ અને ચિત્તા જરૂર પાણી પીવા આવે માટે બહુ સાવચેતીથી ચાલવું. "

" ના ના એતો અમે જાણીએ છીએ; આતો જરા સ્હેજ હરફર કરીએ છીએ. "

" તો સુખેથી કરો. ઉભાં રહો મને જરા દેવતા પાડવા દ્યો. તાપણી સળગાવવા દ્યો. જંગલમાં દેવતાનું દૈવત દેવ કરતાં

પણ અધીક છે.”

“ઠીક ઠીક ઠાકોર, તમને ઠીક લાગે તેમ કરો, પણ અમે જરા આટલામાં ફરીએ છીએ.”

“બહેન, બે દાતણ લઈ લ્યો; આવો જરા ઝરા કાંઠે બેસી વનલીલા જોઇએ.”

“હા ચાલો.”

આ પ્રમાણે વાતચીત કરતી બે નવયુવાન યુવતીઓ રથમાંથી દાતણ અને કળશીઓ ઝાલી ઝરા કાંઠે આવી દાતણ કરવા લાગી. રથની પાછળ રહેલા રાવણીઆઓ પણ આવી પહોંચ્યા. તાપણી પાસે બેસી થોડીવાર તાપી હુક્કો ચલમ પી જંગલ જવા લાગ્યા. રથવાળા ઠાકોર પણ ઠુંગાપાણી કરી ખુંખારા પર ખુંખારા ખાવા લાગ્યા!! ઝરાથી થોડેક દુરજ કુંદન પડેલી છે.

આ બધો રાગો જોગો કીરતારે જોતજોતામાં કરી દીધો. એક ઘડી પહેલાં જ્યાં ચકલું સરખું પણ ફરકતું નહોતું ત્યાં માણસોની હાજરી નિમિષ માત્રમાં થઈ ગઇ. પળમાં તૃણનો મેરૂ અને મેરૂનો તૃણ કરનાર પરમાત્માની કળા અકળ છે. અગમ્ય છે અને અલૌકીક છે. તેની મીઠી નજર જે સ્થળે અને જેના પર પડે છે ત્યાં તમામ મીઠું થાય છે અને જ્યાં કડવી દૃષ્ટી થાય છે ત્યાં તમામ કડવું થાય છે. વ્યવહાર દર્શનમાં જેને એકલડા અને આધાર વગરના અવલોકી દયા ખવાય છે; તે જોતજોતામાં બેકલડા અને આધારવાળા થઈ આશ્રય આપવાને લાયક થાય છે. છતનો છલકાટ અને અછતનો ગભરાટ

ઝાંઝવાના નીર જેવો નિરર્થક અને દુઃખદ છે. જગત્માં સુખી અને દુઃખી એ કર્મ નાટકનાં પાત્રો છે. તેમનું કાર્ય જોઇને દરેક જણે પોતાના મન ઉપર કાર્ય કસોટીનો ધડો લેવાનો છે. હસતા જોઇને હરખાવું નહિ અને રોતા જોઇને ગભરાવું નહિ. પ્રાણી માત્રને યથાશક્તિ અને યથામતિ મદદગાર થવું, એજ જીવન વ્યવહારનું ઉત્તમ વર્તન છે. જગત્માં જેટલું થાય તેટલું સારૂંજ કરવું; સારૂં ન થાય તો એક કોરે છાનામાના ન્યારા બની બેસી રહેવું; પણ કોઇનું બુરૂ કરવા તત્પર ન થવું એજ મનુષ્ય દેહનું શ્રેષ્ઠ સાર્થક છે. પ્રાણીમાત્રની કરણીનો બદલો આપનાર કીરતાર છે, માટે ઇશ્વરી સત્તાની વિરૂદ્ધ પડી કોઇનું પણ ભુંડું કરવા તત્પર બનવું અર્થાત્ પરમાત્માથી વધારે ડાહ્યા નજ થવું. હુંપદના ગાભા બાંધી હરીને કોઈ કાળે પણ દુભવવો નહિ. દુભાવેલો હરી કરણીનો બદલો આપ્યા વગર રહેતોજ નથી. કર્મ સ્વરૂપમાં અંજાએલા નિર્દોષ જીવાત્માનો બેલી અંતે હરિજ છે. તેના પૂજકો આશ્રિતોના અંતે કલ્પાન્તે રણ છોડવી ન્યારા થએલાને મારાજ કરે છે. હરિના જેવો ઉત્તમ આધાર નથી; હરિના જેવો શ્રેષ્ઠ મિત્ર નથી. હરિના જેવો કોઇ ત્રાતા નથી અને હરિના જેવો કોઈ રિપુ નથી; માટે જીવનકથાના માર્ગમાં ડગલે ડગલે અને પગલે પગલે હરિની ભીતિ રાખી હરિપર પ્રીતિ કર્યાજ કરવી; હરિનું ભજન એજ મોક્ષ જીવન છે.

દાતણપાણી કરી ઝરાપરથી ઉઠી બે સુંદરીઓ જંગલના મોં ભણી શીતળ પવન ખાવા સારૂ જવા લાગી. ઝરાનો પ્રદેશ મૂકી જંગલના નેળીઆમાં વાતો કરતી કરતી તેઓ દાખલ થઈ.

જે શિલા આગળ કુંદન પડેલી હતી ત્યાં તેઓ હસતી રમતી કુદ્વા ખાતી ખાતી આવી ચડી; વધારે દૂર ન જવાથી ઠાકોરની શીખામણ છતાં પણ શીખ ભૂલી વાતચીતના તાનમાં જોઇએ તે કરતાં પણ આગળ વધી ગઈ.

"બ્હેન, નગરના નાગરીકોને નગર કરતાં વન વધારે વ્હાલું લાગે છે."

"હા; વનમાં વસતા વનવાસીઓને વન કરતાં નગર સારૂં લાગે છે."

"સખી! રાત દિવસ પાસે રહેતી વસ્તુની કીંમત વસ્તું પાસે હોય છે ત્યારે લાગતી નથી."

"હા, બ્હેન! મને તેનો અનુભવ છે. વસ્તુ વિના જ્યારે થવાય છે ત્યારેજ વસ્તુની વાસ્તવિક કીંમત અંકાય છે."

"સખી, કહે ના કહે પણ મને આ વન વધારે વ્હાલું લાગે છે."

"સખી, કુદરત કોને અળખામણી લાગે?"

"બ્હેન, એ પ્રશ્નનો પ્રત્યુત્તર પાઠવવો તે વધારે મહત્વનો છે."

"હા, દરેક મનુષ્યો જો કુદરતના કાનુનમાં રહીને કાર્ય કરે તો તેમને સદાકાળ કુદરત સાકર જેવી લાગે; પણ જો તલમાત્ર કુદરતની કક્ષાની બહાર જાય તો તરત કડવી ઝેર જેવી લાગે."

"કુદરતનો વિકાસ એજ વિશ્વપતિની પ્રભુતા છે, અને કુદરતનું પિછાન એજ સાચુ વ્યવહારિક જ્ઞાન છે. કુદરતનો અણગમો એજ અજ્ઞાન છે."

" બ્હેન જો જો પેલું કોણ સૂતું છે ? "

" હેં હેં કયાં છે ? "

" અરે ! જો પેલા વૃક્ષની પાછળ !! "

" હા....બરાબર કોઈ સ્ત્રી જેવું જણાય છે ખરૂં. "

" તો ચાલો આપણે જરાક પાસે જઇને જોઇએ. "

" હા, ઠીક ચાલો. તેની સાથે વાતચીત કરવાથી વનની સહેલગા સારી રીતે થશે. "

" ઓહો બ્હેન એતો કોઈ બેભાન થએલી સ્ત્રી છે. "

" અરરર ! સખી જોજો તેની આસપાસ લોહીનું ખાબોચીયું ભરાયું છે. "

" હા....બિચારી કોઇ મરણ પામેલી જણાય છે. અરે ભગવાન તેને શું રસ્તામાં પ્રસવ થયો હશે ? "

" ના ના પ્રસવ જેવું તો કાંઇ નથી, પણ કોઇ જંગલી જનાવરે મારી ખાધી જણાય છે. "

" અરે ના ના કોઇ વગડાના લુંટારાએ ઘરેણા સારૂ તેનું ખૂન કર્યું હોય તેમ જણાય છે. "

" બ્હેન, ગમે તેમ હો પણ મને તે બિચારી જીવતી લાગે છે. જો ધીમે ધીમે શ્વાસ લેતી જણાય છે. આવ આપણે તેની માવજત કરીએ ! "

" બ્હેન, જાજા તું જઇને આપણા વખતશંગ ઠાકોરને બોલાવ. એ અનુભવી અને ઘરડા ઠરેલ ગરાસીયો છે, તે તરત ઓળખી કાઢશે અને તેની સારવાર કરશે. "

"અરે વખતશંગ ઠાકોર એ ઠાકોર, અરે ઠાકોર અહીં જલ્દી આવો, દોડતા આવો."

"અરે અહીં ઉભી ઉભી બુમો ના પાડ. આપણે દૂર છીએ. બંધાણી માણસ એકદમ નહિ સાંભળે. જા જરા પાસે જઇ ટૌકો કર."

"હે ઠાકોર, અરે બનુજી, ધનેશંગ, મહારશંગ જે કોઈ હોય તે એકદમ દોડતા આવો."

આ પ્રમાણે બૂમો અને ધાંટો સાંભળતાંજ એકદમ ઠાકોર અને રાવણીઆ ચમકયા, અને જરૂર કાંઈ વાઘબાઘ હશે એમ ધારી ઉઘાડી તરવારે ધસમસ્યા દોડતા આવવા લાગ્યા; ઠાકોરે જામગીરી ચેતાવી બંદુક ફોડી ભયનો નાશ કર્યો; અને હાંફલા ફાંફલા દોડતા આવી પહોંચ્યા.

"ખમા ખમા બ્હેન, શું છે, કાંઇ વાઘબાઘ છે ?"

"અરે ગભરાશો નહિ, ધીરજ રાખો, ભય કાંઈ નથી, આ તો એક સ્ત્રી જંગલમાં ઘવાઈ પડી છે. તે બિચારીનો પ્રાણ બચાવવા સારૂ તમને ધાંટા પાડી બોલાવ્યા છે. અમને કાંઈપણ ઉની આંચ આવી નથી; તેમ વાળ પણ વાંકો થયો નથી."

"હાશ ! ભલા ભગવાન તેં અમારી લાજ રાખી."

"અરે ઠાકોર જુઓને આ બિચારી સ્ત્રીને શું થયું છે!"

"અરે બ્હેન એ તો કોઇ વખાની મારી જંગલમાં આવી ચઢી હોય તેમ લાગે છે."

"અરે બનાજી, કહો ના કહો પણ છે કોઈ ખાનદાનનું ફરજંદ !"

" હા, ભાઈ મારૂં સાળું મને પણ એમજ લાગેછે, રસ્તામાં કોઇએ લુંટી હોય અગર વાઘઆઘે ઝડપી હોય એમ જણાય છે."

" હા કાંઈ ગડબડ હોવી જોઇએ ખરી."

" અરે ઠાકોર, મને તો એમ લાગે છે કે કોઇ દુરીજને આંખ આડી કરી હોય એમ જણાય છે. આ ભલીબાઈ લાજની મારી આટલું દુઃખ પામી હોય એમ વરતાય છે."

" ભાઈ તમે કહોછો તે ખરૂં, પણ મારૂં મન માનતું નથી; હાથે કરી જંગલના દવમાં આવી ચઢેલી આ બાઈ છે. પગ ઉપર કુહાડો મારવાનો ઉદ્યોગ તેણે કર્યો જણાય છે. કપાળમાં પત્થરનો ઘા છે; માટે નક્કી દુઃખની મારી અકળાઇ અમુઝાઇ વગડામાં આવી વિલાપ કર્યો જણાય છે."

" હશે, ગમે તેમ હો પણ આપણે મદદ કરી તેને બચાવવી જોઇએ."

" જાઓ મારા ભાઈ એ શું બોલ્યા, પુન્ય કર્યું કયાં જતું રહેવાનું છે, સ્ત્રી જાતનો જીવ ઉગરશે એ તે કાંઇ નાનું સુનું કામ છે ?"

" ઠીક, ત્યારે એને જીવની પેઠે જાળવીને ધીમેથી ઉપાડો. લઇ લ્યો તેને રથમાં."

" હાસ્તો ભાઇ, નજરે પડી તે કાંઈ રસ્તામાં રખડતી મુકાય? હાં ઉપાડો મારો બાપો."

" એ જોજો ધીમેથી જાળવીને; શાંતિથી, તેને કાંઈ ધકકો ન લાગે !"

" અરે ઠાકોર ! રામ રામ કરો. ધક્કો તો લાગી ગયો. આ તો આપણને પરમેશ્વરે મોકલ્યા ! ! જેને રામ રાખે તેને કોણ ચાખે ? ! "

" હાં ચાલો મારા બાપલા ચાલો ! ! "

" વાહરે ભગવાનીઆ તારી લીલા ! ! "

" મારા બાપ, તું પણ આભલામાં બેઠો બેઠો વગડામાં ગજબ ગુજારે છે. "

" અનાથ ગરીબ કુંદનને આ પ્રમાણે ઠાકોર અને ગરાશીઆ ટાંગાટોળી કરી ઉપાડી ગયા. વનલીલા જોતી બે નવયુવક સુંદરીઓએ કુંદનની જીંદગી બચાવી, રથ જોડાવી કુંદનને સુવાડી ધીમે ધીમે તેની માવજત કરતી કરતી કુંદનને લઇ ચંબેલી અને ગુલાબ રસ્તે પડી ! ! જેને હરિ ઉગારે તેને કોણ મારે ! વ્હાલા વાંચક વૃંદ ! " આતે બિચારી જંગલની જોગણ કે વ્હાલાની વિજોગણ ? ! ! "

પ્રકરણ ૨ જું.

સુધારક બ્રધરહુડ કે વિદારક ભ્રમીત ભુંડ!

દોહરો.

ધર્મ ઉપર શ્રદ્ધા નહિ, કર્મ ઉપર નહિ પ્રીત;
શર્મ નીતિ નહિ નયનમાં, ભણી ગુમાવે વિત્ત.

માણુસ અનુકરણ કરનારૂંજ પ્રાણી છે અને તે કેવી રીતે થાય છે, તેની ખબર પડતી નથી. સાવધાની કામ આવતી નથી, તેથી સંગનો ખરાબ રંગ લાગે તેવાના પ્રસંગમાં ન આવવું એ શ્રેયકર છે. માણસની સોબત તેના સ્વભાવની ઓળખાણ આપે છે, ને તેટલા માટેજ જે માણસ જેવી સોબતમાં હોય તેવાજ તેના ગુણ હોવા જોઇએ. નીચવૃત્તિના માણસોમાં ભળવું એથી નીચ બુદ્ધિ જણાય છે અને એવી સંગતમાં વારંવાર રહેવાથી આપણી વૃત્તિ પણ નીચત્વને પામે છે.

આઇસ લવંડર સોડા બીસ્કુટ રીગારેટ સાઇરપ્સ મળે,
બુટ પાટલુન જાકીટ પાકીટ લાકીટ લટકે દામ રળે;
દાક્તર, માસ્તર ને બારીસ્ટર થાય હોય જો ચામ રૂડી,
લાડી ગાડી વાડીમાં કેળવણી પામે હાય ધુડી.

મનની ગતિ એવી છે કે તે નીચે માર્ગે વેગથી વળે છે, એટલે નીચાની સોબત થતાંની સાથે હૃદય સંકોચાવા લાગે છે અને ધર્મનીતિની વૃત્તિ નબળી પડી જઇ સ્વભાવ નિર્બળ, અનિશ્ચયવાળો અને સમયાનુસાર સ્વાર્થ સાધનાર થઇ જાય છે. આમ થવાથી ખરી મહત્તા અથવા ઉદાર-વૃત્તિથી માણસ કેવળ વિમુખ થઇ રહે છે. આપણા કરતાં વધારે બુદ્ધિમાન ચરિત્રવાળા અને વધારે અનુભવી માણસના સંગથી આપણું મનોબળ વધે છે.

* * * *

જુઓ સુધારાની રીત જન સહુ વિચારીને ચિત્ત,
કોટ બુટ પાટલુનો પહેરે કર પકડે છે સોટી;
ખાવા માગે છે ખુરશીએ લૂગડાં સોતાં રોટીઃ—૦
માટી ખાતાં દારૂ પીતાં દોષ ગણે નહિ જરીએ,
કરથી ખાવું બંધ કરીને ખાય છે કાંટા છરીએઃ—૦
ધુમાડાના ઢગલા કાઢે ચીરૂટ મોંમાં ઘાલી,
એક બળે ત્યાં બીજી કરમાં તુરત લેછે ઝાલીઃ—૦
નાતા મ્હોબતવાળા આવે કે સગા ને વ્હાલા,
જમવાનો કોઈ ભાવ ન પૂછે આપે ચ્હાના પ્યાલાઃ—૦
સોબતીઓને કહે સાહેબજી કાંઇ કામ ને સેવા,
મારે ધક્કો દઈ પાનને આતે કેવા કહેવાઃ ૦
કેળવણીમાં મુકે કાળી મેળવણીમાં ભારે,
દુઃખ કર્યું દુનિયામાં મોટું ચાલુ આ સુધારેઃ—૦

" અમારા વેગને અહીં કોણ છે અટકાવનારૂં,
અમારૂં નામ ન્યારૂં ધામ ન્યારૂં કામ ન્યારૂં:—૦
કહે કદી કોઇ અમને ગાફીલ દાના કે દીવાના,
નથી પરવા અમે જાણ્યું બધા જગને અકારૂં !—૦
રસમ આવી અમે આલમ તણી દીઠી નજરથી,
કહે કોઈ સારૂં તો તેને કહે કોઇ નઠારૂં:—૦
અમારી આંખ ન્યારી કાન ન્યારા ચાલ ન્યારી,
અમારો દેશ ન્યારો વેશ ન્યારો ભિન્ન ખારૂં:-૦
જવાનું છે અમારે અન્ય સ્થાને અન્ય માર્ગે,
અમારૂં રૂપ એકજ એક સાથે છે જનારૂં: ૦
અમે કહીશું નહિ લવરાગી કે વીતરાગ છઇએ,
અમે અહીં કોણ છઇએ જાણે એ અંતર અમારૂં:—૦
ભલું આ એક ભાવ્યું કે મળ્યો ફિરતાદ અમને,
હવે આ શ્રેયમાં નથી કોઈ આડે આવનારૂં:—૦ "

આજ રોજ આપણી નવલકથાના નાયક મી. મધુકર પોતાનાં માબાપ મરી જવાથી બારમા તેરમાના કારજ વરા પ્રસંગે સુધારાના એક ઉમદા ઘડા તરીકે પોતાના સુધારક મિત્રોને સુધારક બ્રધરહુડ તરીકે એક ડીનરપાર્ટી આપનાર છે. તેનાં સગાં-વ્હાલાંઓ અને જુના વિચારના સ્નેહીઓ અને મિત્રો તેના આ ઉદ્ધત અને નવીન પગલા સામે ખુબ કકળી ઉઠયા છે. તેના સુધારક મિત્રો આ સુધારણા સારૂ એકે પગે આનંદિત થઈ તેનાપર ધન્યવાદનો વરસાદ વરસાવી રહ્યા છે. એકાએક આવું ઉદ્ધત સુધારાનું પગલુ ભરવાને વાસ્તે મધુકરને એક ખાસ કારણુ મળ્યું હતું. મધુકરના બાપને બપોરના બાર

વાગતા સુધીમાં પણ કોઇ સગું વ્હાલું ડાઘુ તરીકે ઉપાડવા આવ્યું નહોતું. મધુકર સાહેબ કોઈના મરણ પ્રસંગે સ્મશાન જતા નહીં અને કુસુમને પણ રોવા કુટવા જવા દેતા નહીં, આથી તેનાં સગાં વ્હાલાંઓ દરેક જણ અતિશય તેના ઉપર ગુસ્સે થયાં હતાં; અને પ્રસંગ મળતાં આડાઅવળા થઇ તેને એક ચાનક સારૂ સજ્જડ દાખલો બેસાડયો હતો. આ દાખલો કુદરતી એવો તો સજ્જડ અને વિષમ હતો કે સાહેબ બહાદુરને ઘાંચીના બળદનો એકકો લાવવાની જરૂર પડી હતી. પિતાના શબને એક્કામાં ઘાલી સ્મશાન લઇ જતાં મધુકરને પારાવાર ફીટકાર અને ધિ:ક્કાર પાડાપાડોશી અને સગાંવ્હાલાંઓ તરફથી અપાઈ રહ્યો હતો. આ વેર વાળવા સારૂ મધુકરે દશમું બારમું કરવું ઉડાડી દઇ ડીનરપાર્ટી આપવાની યોજના ઘડી કાઢી હતી. નાહકનું ખર્ચ કરી સગાંવ્હાલાંને ખવરાવવું અને ખાનારાં સગાંવ્હાલાંઓ તેની પુંઠપાછળ નિંદા કરે એ તેને ઠીક નહિ લાગવાથી બ્રધરહુડની તૈયારી કરી હતી. આ સુધારાની ધમાલમાં તેણે પિતાની મરણોત્તર ક્રિયા પણ વિસારી દીધી હતી. પોતાના કુળગોર–આચાર્યની પણ અવગણના કરી ધમકાવી કાઢી મેલ્યો હતો. એકંદર દુનિયાની લાજ મૂકી પોતાનું ધાર્યું કરવા તે એકે પગે ખડો થયો હતો. પોતાના આ કાર્યને જગત્ કેવું કહેશે તથા ન્યાતજાતમાં તેની કુડી કહેણી રહી જશે, તેની પણ તલમાત્ર પરવા ધરી નહોતી. એક સુધારાનું જમણ તમારા સુધારક મિત્રોને બોલાવી એક ભાણે અને એક ટાણે આપવું, એજ ધૂન તેના મગજમાં રાત દિવસ સતત ચાલી રહી હતી. આજરોજ પોતાનું

ધાર્યું કરવા, સુધારાને જાતીભોગથી આદરવા, સગાંવ્હાલાંઓના વેરની વસુલાત લેવા અને પોતાના સુધારા સમાજમાં એક જબરો જશનો ડંકો વગડાવવા પગરણ માંડ્યું હતું. બ્રધરહુડના જમણને વાસ્તે રાયપુર દરવાજા બહાર આવેલો એક શેઠીઆનો બંગલો કાંકરીઆ પાસે ભાડે રાખેલો હતો. બંગલાને સારી રીતે અપટુડેટ છેલ્લામાં છેલ્લી ફેશનના ફર્નીચરથી શણગારવામાં આવ્યો હતો. મેમાનોને દરેક પ્રકારનો આનંદ મળે તેવી સંભાળ ભરી ઉત્તમ યોજના તૈયાર કરવામાં આવી હતી. બેન્ડ–ફોનોગ્રાફ અને સંગીતની આનંદદાયક ગોઠવણ રાખવામાં આવી હતી. જમણ પણ ઘણુંજ ઉત્તમ પ્રકારનું સુરતથી રસોઈઆ બોલાવી તૈયાર કરવામાં આવ્યું હતું. આજરોજ મધુકરની આખી ન્યાત આ તાલમેલ જોવા તૈયાર થઇ હતી. દશમું બારમું કાઢી નાંખવાથી આખી ન્યાતમાં હોહા થઈ રહી હતી. બરાબર ડીનરનો ટાઈમ થતાંજ મોટરો, વિક્ટોરીઆ અને ભાડાની ગાડીઓની ધમાલ થવા માંડી. આખો રાયપુરનો રસ્તો ધમધમી ઉઠયો. જોતજોતામાં બંગલો આમંત્રણ કરેલાં સુધારક સ્ત્રી પુરૂષોથી ખીચોખીચ ભરાઇ ગયો. ન્યાતીલાઓનાં પણ ટોળેટોળાં બંગલાની આસપાસ અને કાંકરીઆ તલાવ પર ફરવા નિમિત્તે આવવા લાગ્યાં. ઘણા ઘણા ચિકિત્સકો સુધારક બ્રધરહુડની ચિકિત્સા કરવા સારૂ આમતેમ અવનવા વેશમાં ફરવા લાગ્યા. મેમાનોના સત્કાર અને આનંદ સારૂ બેન્ડના મધુર સરોદ વાગવા લાગ્યા. ડીનરની પણ ધીમે ધીમે તૈયારી થવા લાગી. બંગલાની પાછળ આવેલા ચોગાનમાં ટેબલો ગોઠવાવા લાગ્યાં. પીરસનારાઓની પણ સારી

સંખ્યા ભપકાબંધ પોશાકમાં સજ્જ થઈ આમ તેમ ઘુમવા લાગી. છેવટે સુધારા સમાજના સેક્રેટરી સાથે વાતો કરતો મધુકર બંગલાનાં પગથીઆં ઉતરતો ઉતરતો છેક ચોગાનમાં આવી સર્વ પ્રકારની સરભરાની વ્યવસ્થા નિહાળવા લાગ્યો.

"જુઓ સેક્રેટરી સાહેબ, આ બ્રધરહુડનું નવીન પગલું મેં તમારા કહ્યા પ્રમાણે ભર્યું છે, હવે એ સૌ સારી રીતે પાર ઉતારવું તે તમારા હાથમાં છે."

"નેવર માઇન્ડ માઈ ડીઅર મધુકર! નેવર માઈન્ડ સૌ સારાં વાનાં થશે. ચ્યો ચાલો હવે આપણે કાર્યની શરૂઆત કરીએ."

"હા ચાલો. દરેકને મીલાવીને કામ પાર ઉતારો!"

"વેલ. મી. પારસ્કોલ અને મીસીસ પારસ્કોલ, આય સાઇડ પર આવો. ટેક ચેર સીટ હીઅર."

"ઓહ થેન્કયુ!!"

"અરે મી. આનંદરાવ, તમે તમારા ફ્રેન્ડો સહીત આ સાઇડ પર બિરાજો."

"ઘણીજ ખુશીથી સાહેબ!"

"આવો બાવા આદમજી તમે મારી પાસે બેસો!"

"અરે વાહરે સાહેબ! આય સુ બોલીયા!!"

"ઓહ મી. બુક કમઓન કમઓન હીઅર!"

"ઓહ હાઈલી ઓબ્લાઇજડ!!"

"વેલ મી. ચીચુ સીટ ધેર!"

"થેન્ક યુ."

આ પ્રમાણે દરેક કોમના ગૃહસ્થોને ઘટતો આવકાર આપી

ઘટતી ઘટતી જગાએ વેલકમ કરી બેસાર્યા ! ! દક્ષણી, વણિક, નાગર, પારસી, ઇસ્લામી, પાટીદાર અને બીજી વિવિધ કોમના આગેવાન ગૃહસ્થોને એકજ સ્થળે અને એકજ ભાણે નાત જાતનો તફાવત મૂકી ડીનર પીરસાવવાની તાલમેલ તાકીદે કરાવવા માંડી ! ! શરૂઆતમાં બેન્ડના મધુર સરોદ વાગવા શરૂ થયા. દરેક જણ આનંદ અને કુતુહલથી હળી મળી પોતપોતાના સ્થાન પર ગોઠવાઇ ગયાં.

શરૂઆતમાંજ સુપની રકાબીઓ આવવા માંડી ! સોડા, લેમન, જીંજર અને રોઝબરીની બાટલીઓ ખુલવા લાગી. દરેકની માગણી મુજબ મનગમતી ચીજો તાકીદથી પૂરી પડવા લાગી. છરી–કાંટા અને ચમચા વતી સુધારક મેમાનો નવીન સુધરેલું જમણ ઉડાવા લાગ્યા. ઉપરા ઉપરી વિવિધ જમણની વાનીઓની રકાબીઓ ચોગરદમ પીરસાવા લાગી. જુદી જુદી પ્રકારના મદ્યો પણ સારી રીતે સોડાના ગ્લાસોમાં રેડવા લાગ્યા. જેને જેવો જોઇએ તેવો મન ગમતો ખોરાક સારી રીતે પૂરો પડવા લાગ્યો. ન્યાત જાતનો તફાવત વિસારી એક ટેબલ પર મનગમતા ખાણા પીણાની મીઠી મોજો સુધારક મેમાનો મારવા લાગ્યા. લગભગ અડધું જમણ ખલાસ થયું કે તરતજ મી. મધુકરને વાસ્તે સલામતી લેવાની શરૂઆત થઇ ! !

" ગૃહસ્થો !

આજ રોજ આપણી સમાજના પ્રોમીનન્ટ સુધારક મેમ્બર મી. મધુકર ભાઇએ જે નવિન સાહસનું પગલું ભર્યું છે તેને વાસ્તે આપણે તેમના ઘણા ઉપકારી છીએ. તેમના માબાપના

મરણુ પ્રસંગે દશમુ અગીઆરમુ બારમુ અને તેરમુ નહિ કરતાં આપણી સમાજના મેમ્બરોને એક સગા વ્હાલાથી પણ અધિક માનીને સુધારક બ્રધરહુડનું ડીનર આપ્યું છે, તેને વાસ્તે તેમને ઘણો ધન્યવાદ ઘટે છે. હું આવા મંગલ પ્રસંગે તેમને ખાસ મુબારકબાદી આપું છું. આમીન. આમીન. આમીન."

"ભાઇઓ અને બાઇઓ !

મારો જીવ પણ મારા જીગરમાં તેમને ધન્યવાદ આપવા ઉછાળા મારી રહ્યો છે. તેમણે 'થાય તેવા થઇએ તો ગામ વચ્ચે રહીએ' એ સુત્રાનુસાર તેમનાં સગાં વ્હાલાંને એક જબરી થપ્પડ લગાવી સુધારાનો અચ્છો દાખલો બેસાર્યો છે. સુધારાના હડહડતા શત્રુઓ જેઓ રાત દિવસ ખાઈ પીને સુધારકોની આંખ મીંચી નિંદા કર્યા કરે છે તેમને આ વખતે મધુકરભાઇએ સારી રીતે ખંખેરી કાઢી વિસારી દીવા છે. મરણુ પ્રસંગે નાહકનું હદ ઉપરાંત ખર્ચ કરી વિઘ્ન સંતોષી સગા વ્હાલાઓને જમણ જમાડી સંતોષવા તે કેવળ દૂધ પાઇને સાપ ઉછેરવા સમાન છે. તે લોકો ખાઇને ખોદે છે, પુંઠ પાછળ નિંદા કરે છે અને રાત દિવસ ખવરાવનારની ઈર્ષા કરી તેનું બુરૂ વાંચે છે, માટે લાયકને લાયકના બદલાની જે કદર કરવામાં આવી છે તે ઘણીજ ઉત્કૃષ્ટ છે. હું પણ આ પવિત્ર પ્રસંગે મી. મધુકરને મુબારકબાદી આપુ છું. કલ્યાણ, કલ્યાણ કલ્યાણ !"

"જેન્ટલમેનો !

મારા સાંભળવામાં આવ્યું છે કે મી. મધુકરભાઇનાં સગાં વ્હાલાંઓ ઘણાંજ નીચ અને દુષ્ટ છે, તેમની નીચતાની હદ

રહી નથી. મને કહેતાં ઘણીજ દીલગીરી પેદા થાય છે કે તેમના પિતાના મરણ પ્રસંગે તે અધમ લોકો શબ ઉપાડવાને વાસ્તે પણ આવ્યા નહોતા. બિચારા સીધા રસ્તાના ભલા મી. મધુકરભાઇને ખૂબ કનડ્યા હતા. છેવટે પ્રેત–સંસ્કારને વાસ્તે એક ભાડાની ગાડી લાવવાની જરૂર પડી હતી. આ પ્રમાણે રંજાડી તે લોકો વિઘ્નસંતોષી બન્યા હતા. આપણા મધુકરભાઈ તેમનાથી બીલકુલ પણ ડર્યા નહોતા; તેઓ ઉલટા બહાદુર બની જાતે ભાડાની ગાડી કરવા ગયા હતા; અને બળદીઆને રેશમી કંતાનનું જોતરૂં બાંધી જાતે ગાડીમાં પિતાના શબને પધરાવી સપ્તઋષિના સ્મશાનમાં હંકારી ગયા હતા. સુધારાનો આ પણ એક નવીન દાખલો તેમણે જન સમાજ ઉપર પાડયો હતો. ઇર્ષાખોર સગા વ્હાલાઓની બીલકુલ પણ તેમણે દરકાર રાખી નહોતી. આત્મભોગનું ઉત્તમ દૃષ્ટાંત આપી તેમનાં મોઢાં સદાને વાસ્તે કાળાં બનાવ્યાં છે. સુધારાના આ નવિન સાહસને વાસ્તે હું પણ તેમને ખાસ મુબારકબાદી આપુછું. હુર્રે હુર્રે હુર્રે."

"મીસ્તરો!

કાળબળે જે કાંઇ થાય છે તે સારૂંજ થાય છે. જ્યારે એકાદ જણ મરણ પામે છે ત્યારે તેની પાછળ એક જબરૂં ધાંધલ થાય છે. તે ધાંધલમાં જમાનાના ફેરફાર સાથે જે સુધારા થાય છે તે તમામ આવકારને પાત્ર થાય છે. માણસ મરી ગયા કેડે તેને ત્રણ ચાર ગાઉ દૂર સુધીના સ્મશાનમાં ઉચકીને લઈ જવું તે એક આ જમાનામાં મુશ્કેલીનો સવાલ થઇ પડયો છે, જો તમામ સગાંવ્હાલાંઓ સંપ કરીને સાથે આવે છે તો કામ પાસ થાય છે;

નહિ તો કામ તરત નાપાસ થાય છે. મારા મહેરબાનો મારી મશ્કરી કરશો નહિ, મને પણ ચાર વરસ ઉપર મારી સ્ત્રીના મરણ પ્રસંગે આવોજ દાખલો અનુભવવો પડયો હતો. યારો તે વખતે એક જબરૂં તોફાન મચી રહે છે. ઘડીમ ઘડીમ કુટણું ચાલે છે; કાણ ઉપર કાણો આવે છે; અને છેવટે કેડ બાંધી કાછડા મારી એક શ્વાશે મુંબાઇની મેલ છુટે તેમ મડદાને કાંધ પર ચડાવી સ્મશાન સુધી લઇ જવું પડે છે. ઉચકનારા મરી જાય છે, પાછળ આવનારાઓ આઘાપાછા થઈ મોં સંતાડી નાસતા ફરે છે. આ પ્રમાણે કમબખ્તી થાય છે. આવીજ હેરાનગતી મરનારના બારમા તેરમાના પ્રસંગે પણ પડે છે. મહેરબાનો કોઈ માઇનો પૂત જાગે ત્યારે મધુકરભાઇના જેવો નવીન સુધારો દાખલ કરે! જ્યાં એકે સુધારો કર્યો કે તરતજ તેની પાછળ દેખાદેખી કરનારા ઘણા જણ નીકળી આવે. ગૃહસ્થો આપણામાં પહેલ કરનારની ખામી છે. તે ખામી જ્યારે આવા દેશ હીતચિંતકો મધુકરભાઈ જેવા બહાર પડશે ત્યારે તે પૂરી પડશે. મારા મહેરબાનો હાલમાં બારમા તેરમાના અનિષ્ઠ રિવાજોથી ઘણી હાની થાય છે; વડીલોનાં ભરેલાં જુનાં ટાંકાં ઠલવાય છે. નવાં ટાંકાં ભરવાને કોઈ શક્તિમાન થતું નથી, ઉલેચી ઉલેચીને નાતજાતને ખવરાવવામાં આવે છે અને સગાં સંબંધીઓને પોષવામાં આવે છે; તે સઘળું તે લોકો જોતજોતામાં ભૂલી જાય છે. મધુકરભાઈ ઉપર વિતેલા દૃષ્ટાંતથી આપણે ઘણું શિખવાનું છે. ડોશી મરવાનો ભય નથી પણ જમ પેંધવાનો ભય છે. આજ એમની વલે અને કાલ આપણી વલે. કાળબળે જેને કાંઇ વીતે તેમાંથી

ડાહ્યા પુરૂષે ઝીણી નજરથી તારણ શોધી કાઢવું જોઇએ. ઘેર ઘેર માટીના ચુલા છે. કાગડા બધે કાળા છે; તેમ સગાંવ્હાલાં દરેક જણને હોય છે અને દરેકને તેમની સાથે પ્રસંગ આવેજ છે; માટે આપણે હાલમાં કાંઈ નવો સિદ્ધાંત સુધારા સંબંધી બાંધી તારણ કાઢવું જોઇએ. બધરહુડનું જમણ જમી પછી છાનામાના તાલીઓ પાડી ઘેર ચાલ્યા જવું એ શરમ ભરેલું છે; માટે સઘળા મેમાનોએ કાંઈ વિચાર કરી સુધારાની બોલબાલા બોલાવવી જોઇએ. હું આજના યાદગાર પ્રસંગે મધુકરભાઇને ધન્યવાદ આપું છું !! વિજય, વિજય, વિજય, શ્રીરંગ !!!

" સુધારક મેમાનો !

હું આપના સમક્ષ એક નવીન સુધારો મૂકવા માગું છું. મારો સુધારો ઘણોજ ડહાપણભર્યો અને ઉમદા છે. તેને અનુસરવામાં માણસ જાતનું કલ્યાણ અને ઉદય રહેલાં છે. મધુકરભાઈના વિતકણાથી મને ઘણીજ દીલગીરી થાય છે અને દીલગીરી સાથે આનંદ પણ પેદા થાય છે. દીલગીરીનું કારણ એટલુંજ છે કે મધુકરભાઇ જેવા બાહોશ અને કુશળ સુધારકને તેમના પિતાના શબ સંસ્કારને વાસ્તે કોઇ સગું વ્હાલું ડાઘુ તરીકે ઉપાડવા ન આવ્યું; અને આનંદ એટલાજ સારૂં થાય છે કે મધુકરભાઇએ સગાંવ્હાલાંના આવા દુષ્ટ કૃત્યથી ડર નહિ પામતાં એક ભાડાની ગાડી કરી તેમાં શબને પધરાવી જાતે સ્મશાન પહોંચાડયું અને તેને બાળી વહેવરાવી દીધું. અરે ગૃહસ્થો સુધારો તે આનુંજ નામ !! સગાંવ્હાલાંને લાત લગાવી મધુકરભાઇએ સુધારાને ઘણોજ પગભર મજબૂત બનાવ્યો છે. બારમા તેરમાના ચાલને

પણ પિતાના શબની રાખ જોડે ગંગાજીમાં પધરાવી દીધો છે. ભાઇઓ મધુકરભાઇએ આજથી બારમાને બદલે બ્રધરહુડનું ડીનર ચાલુ કર્યું છે!! મહેરબાનો સુધારો આનું નામ! અરે સુધારકો સુધારો આને કહેવાય. લાંબાં ભાષણો હાથના લ્હેંકા કરી કરવાં એ સુધારો નહિ પણ માથે પડેલીને બહાદુરીથી વેઠી લઈ લાગ આવે કાંકરી મારી દાવ જીતી લઇ સુધારાની પહેલ કરવી એનુંજ નામ સાચો સુધારો અને એ કરનારજ સુધારક કહેવાય!! બાકી બીજા સુધારક નામના કહેવાય!! હવે આપ સાહેબો સમક્ષ હું મારો સુધારો પ્રગટ કરૂં છું. ભાઇઓ! જ્યારે આપણે ઘેર કોઇ કુટુંબી મરણ પામે ત્યારે તેને વાસ્તે ખાસ કરી લારી કે ગાડીની ગોઠવણ કરવી. ઘર આગળથી રોવા કુટવાનું તદ્દન બંધ કરાવવું. પોતાના અંગના કે ઘરના બે ચાર મુખ્ય માણસે શબને જાતે ગાડી હંકાવી સ્મશાન લઇ જવું અને તેને બાળી વહેવરાવી દેવું. મરણની ખબર આપણા સુધારા શંખનાદ પત્રમાં પ્રકટ કરાવવી. મરનારના બારમા તેરમાના પ્રસંગે કારજ વરો નહિ કરતાં ફક્ત આપણી સમાજના સુધારક મિત્રોને આમંત્રણ આપી ઘેર બોલાવવા અને આવું બ્રધરહુડનું ડીનર કરી સુધારાની વાહ વાહ બોલાવવી!! આથી એક પંથ ને દો કાજ થશે. એક કાંકરે બે પક્ષી મરાશે! પૈસાનો અને વખતનો બચાવ થશે! કલેશ કંકાસ અને દુઃખ શોકનો ત્રાસ જશે! મરનાર મરતું જાય છે તેની સાથે તેની પાછળ જીવનારને મારતું પણ જાય છે. આ જગતમાં મર્યું એટલે તર્યું! પણ પાછળ જે રહ્યું તેને કમોતે મરવાનું અરે સદાય શોકની ચિંતામાં બળવાનું થયું!! મરણ પ્રસંગની માઠી

અને મુખ્ય અસર પુરૂષ કરતાં સ્ત્રીઓ ઉપર વધારે થાય છે. પુરૂષ જ્ઞાનબળે મરણનો શોક વિસારી દેછે અને સ્ત્રીઓ અજ્ઞાન બળે મરણનો શોક દિન પર દિન વધારી દેછે; માટે મારા મહેર-બાનો આપણે વેળાસર ચેતવું જોઇએ. પાણી પહેલાં પાળ બાંધવી જોઇએ. હું આજના પ્રસંગને વાસ્તે મધુકરભાઇને મારા અંતઃ-કરણથી મુબારકબાદી આપું છું અને તેમની સદાને વાસ્તે દુવા ચાહું છું. આમીન! આમીન! આમીન!!"

"સાહેબો!

હું આજના પ્રસંગથી ઘણોજ ખુશી ખુશી થઈ ગયો છું. હું મારી મીલ્કતમાંથી એક લાખ રૂપીઆ આપણી સુધારા સમાજને હસ્તક સોંપું છું. તેના વ્યાજમાંથી સુધારા શંખનાદ માસિક પત્રને ડેઈલી પેપર રોજીંદુ પત્ર બનાવવું; અને તેની અંદર આપણા સુધારક મિત્રોને ઘેર થતાં જન્મ અને મરણની નોંધ રોજ પ્રગટ કરવી. આથી મારા સમજવા પ્રમાણે આપણો સુધારો ઘણોજ આગળ વધશે. દેશ દેશાવરમાં બનતા તાજા સુધારાના સમાચાર, સુચના અને સ્વરૂપો હમેશાં જાણવામાં આવશે. બીજું આજના માંગલિક પ્રસંગ જેવાં બ્રધરહુડનાં ડીનરો દરેક સુધારકને ઘેર થવાની ખાસ જરૂર છે. જેવું બ્રધર-હુડનું ડીનર મરણ પ્રસંગે થવાની જે સૂચના થઇ છે; તેવીજ બીજી સૂચના હું મારા તરફથી મુકું છું કે મરણ જોડે વિવાહ અને લગ્નાદિ ખુશાલીના પ્રસંગે પણ બ્રધરહુડનાં ડીનર ખાસ કરીને થવાંજ જોઇએ. આવા ડીનરથી આપણા સુધારકોમાં સવ રીતે પ્યારની લાગણી વધશે. સંપ થશે અને તેની સાથે

સુખ દુઃખના સમાચારો મળતા રહેશે; અન્યો અન્યમાં ભાઈચારો વધશે અને તેની સાથે સુધારો પણ તેના સાચા અને સુંદર સ્વરૂપમાં કાંઈ ઓરજ પ્રકાશી નીકળશે; હું આજની અણમોલી તકને વાસ્તે મધુકરભાઇને ઘણીજ શાબાશી આપું છું!! શાબાશ! શાબાશ! શાબાશ!! ”

“ બંધુઓ !

હું પણ મધુકરભાઈના માનની ખાતર અને તેમને માથે વિતેલા દુઃખના કાયમના નિવારણ સારૂં મારી મીલ્કતમાંથી પચાસ હજાર રૂપીયા સુધારા સમાજને હસ્તક સોંપું છું. તેના વ્યાજમાંથી મડદાં લઈ જવાની ખાસ કરીને નવીન ગાડીઓ તૈયાર કરવી; તેને લઇ જવાને વાસ્તે બ્રાહ્મણ નોકરો કાયમને વાસ્તે રાખવા. ગાડીઓનું મથક ખાસ કરીને શહેરની વચ્ચોવચ રાખવું. જેને ઘેર મરણ થાય તેના ઘરમાંથી ગમે તે એક જણ મથકમાં જઇને ખબર આપે કે તરતજ ગાડી તેના ઘર આગળ જાય અને મડદાને લઇને સ્મશાનમાં પહોંચતું કરે!! હાલમાં અજમાયશ દાખલ પાંચ ગાડીઓ તૈયાર કરવી. પાંચ ઘોડાઓ અને દશ બ્રાહ્મણ નોકરો રાખવા; સુધારક મિત્રો અને મેમ્બરો પાસેથી એક પાઇ પણ ચાર્જ લેવો નહિ; અને બીજા પાસેથી ફક્ત નોમીનલ ચાર્જ તરીકે એક રૂપીયો લેવો. જો આપણી આ સુધારાની સીસ્ટમ પ્રજામાં પ્રિય થાય તો પછી તેને વાસ્તે હું પણ કાંઈ લાંબો વિચાર કરી મારો હાથ લંબાવીશ. મહેરબાનો આ આપણી ગાડીઓનું નામ ‘ સુધારક મડદા ટેકીંગ કેરેજ ’ રાખવું આનાથી વખત અને પૈસાનો ઘણોજ બચાવ થશે. તેની

સાથે માંદલાં મડદાતેજી માણુસોનો મડદાં ઉપાડવાના ત્રાસમાંથી છુટકારો થશે. જેમ જેમ વખત જશે તેમ તેમ આ સુધારાની લોકોને કીંમત થશે અત્યારે જે કાંઈ થાય છે તે ઘણુંજ સારૂં થાય છે. આજના બ્રધરહુડના ડીનર પ્રસંગમાં પ્રભુની અતુલિત શકિતનું તાદૃશ્ય દર્શન થાય છે. હું મધુકરભાઇને ઘણુાજ માન સાથે મુબારકબાદી આપું છું. મુબારક! મુબારક! મુબારક!!"

"ગૃહસ્થો!

આજના મંગલ પ્રસંગે મને પણ જાદુઇ અસર થઇ છે. હું પણ મારો હાથ લંબાવીને આપ સાહેબોને જાહેર કરૂં છું કે આજરોજ સુધારા સમાજના હસ્તકમાં હું પાંચ લાખ રૂપીયા સોંપું છું. એ પાંચ લાખમાંથી એક સુધારક બ્રધરહુડના ડીનર સારૂ સુંદર બંગલો બનાવવો; બીજું સુધારક સમાજનો એક સુશોભિત ભવ્ય હૉલ બનાવવો અને ત્રીજુ રીમૅરેજ પુનર્લગ્ન સારૂ એક રમ્ય વિધવા વિવાહ મંદીર બાંધવું; બાકી જે કાંઈ રકમ રહે તેના વ્યાજમાં સુધારાના વધારા સારૂ પુસ્તકો લખાવવાં અને તેને પ્રજામાં મફત વહેંચાવવાં. આજના ડીનરની દરેક જણને ઘણીજ સારી અસર થઇ છે. મધુકરભાઇનો આપણે જેટલો ઉપકાર માનીએ તેટલો થોડો છે. તેમણે આજે કરી દેખાડયું છે. દુનિયામાં પગ ઉપર કુહાડો મારવાની ખાસ જરૂર છે. સાહસ સિવાય સુધારો થતો નથી. અત્યારના જમાનામાં લેકચરોનો વખત નથી, જે કાંઈ થાય તે કરી દેખાડવામાંજ શોભા છે. આજરોજ તેમણે બ્રધરહુડનું ડીનર કરી નામના કરી છે. તેમના પર વીતેલાં દુઃખો ડીનર પ્રસંગે કહી બતાવતાં દુઃખોનો સમુળગો

નાશ થયો છે. એકને લીધે અનેક જણ સુખી થાય છે. સુધારાનું વાસ્તવિક સ્વરૂપ હવે વખત જતાં પૂરબહારથી ખીલી નીકળશે. સુધારાના હડહડતા શત્રુઓને આજના ડીનરથી ઘણો સારો ધડો મળશે. હું માન્યવર મહાશય મધુકરભાઇને મુબારકબાદી આપું છું. ધન્ય છે! ધન્ય છે! ધન્ય છે!!"

"ભાઇઓ!

આ જમાનામાં સુધારક બ્રધરહુડના ડીનરની ખાસ જરૂર હતી. તે જરૂરીઆત આજરોજ મધુકરભાઇએ પૂરી પાડી છે. આપણે સર્વે એક પરમેશ્વરની પ્રજા છીએ. નાના મોટા ગરીબ તવંગર ઉંચ અને નીચ તેની દૃષ્ટિમાં દરેક જણા સરખા છે, તેના નિયમને માન આપવામાં મનુષ્યનું ડહાપણ સમાએલું છે. એક ટાણે એકઠા મળી એક ભાણે ખાવું અને એક પરમેશ્વરને એકતાથી ભજવો તેના જેવું બીજું એકે પુન્ય નથી; શુભ કર્મ નથી!! માટે મારા મહેરબાનો આજના પ્રસંગમાંથી આપણે એકતાનો પાઠ શિખવાનો છે. ભિન્નતાની ભ્રમણા મગજમાંથી દૂર કરવાની છે. દેશોદયનાં સાધનમાં ભિન્નતા ઘણીજ હરકત કરે છે. દુનિયામાં જે કાંઈ જશના ડંકા થયા છે તે તમામ એકતાના બળથીજ થયા છે. પાશ્ચિમાત્ય પ્રજા જે કાંઈ સુખ ભોગવે છે તે એકતાનુંજ પરિણામ છે અને પૂર્વની પ્રજા જે કાંઇ દુ:ખ ભોગવે છે તે ભિન્નતાનોજ પ્રતાપ છે. ભિન્નતાના નાશને વાસ્તે અને એકતાના પ્રકટીકરણને વાસ્તે આવા બ્રધરહુડનાં ડીનર થવાની ખાસ જરૂર છે. ન્યાત જાતનો તફાવત એકતાને તોડી નાંખે છે. આપણે બધા એક ઈશ્વરનાં સંતાન

છીએ; તેની દૃષ્ટિમાં દરેક જણા સમાન છીએ. આ સૂત્ર વારંવાર આપણે બોલ્યા કરીએ છીએ, પણ તે પ્રમાણે ચાલતા નથી, એ આપણી ભૂલ છે. આજ રોજ મધુકરભાઇએ તે ભૂલ સુધારવાનો અપૂર્વ પ્રસંગ રચ્યો છે, તેને વાસ્તે આપણે બધા તેમના અનહદ ઉપકારી છીએ. હું તેમને ખાસ કરીને મારા જીગરની લાગણીથી ધન્યવાદ આપું છું! ધન્ય છે! ધન્ય છે! ધન્ય છે!!"

"મહેરબાનો!

આજરોજ ઘણું કહેવાયું છે, મારે શું કહેવું તેની મને કાંઈ સૂજ પડતી નથી; છતાં પણ બે બોલ બોલી આનંદ પામું છું! આપણી સમાજમાં મધુકરભાઈ એક રત્નનર છે. તેમના સુધારાની કીંમત થવાની નથી. તે જે જે કાર્ય કરે છે તે કાંઈ અલૌકીકજ કરે છે. ઇશ્વરે તેમનામાં સાહસ બુદ્ધિ કાંઇ ઓર પ્રકારની મુકેલી છે. અત્યાર સુધી આપણે બધા અંધારામાં ઝોકાં ખાતા હતા; હાલમાં જે અજવાળામાં આપણે આનંદ કરીએ છીએ તે બધો પ્રતાપ તેમનોજ છે. સુધારો શું છે અને તેનો કેટલો પ્રભાવ છે; તે તેમણે પોતાના આત્મભોગના દૃષ્ટાંતથી પૂરવાર કરી આપ્યું છે. અત્યારે જે જે સૂચનાઓ થઈ છે તે ઘણીજ કીમતી થઈ છે. ભલે કોઇને કડવી લાગતી હશે; પણ પાછળથી અનુભવમાં આવ્યે મીઠીજ લાગશે. જમાનાનું જેટલું મધુકરભાઇને જ્ઞાન છે તેટલું બીજા કોઇને મારી માન્યતા પ્રમાણે ઘણુંજ ઓછું હશે!! તેમણે ટુંક વખતમાં ઘણું કરી દેખાડયું છે. આ જગતમાં આગળ પડી કામ કરનાર પર હમેશાં શરૂઆતમાં અપવાદજ આવે છે; એક મહાપુરૂષના વચન પ્રમાણે

હું આપને જણાવું છું કે જેની શરૂઆતમાં નિંદા થાય છે તેનાં પાછળથી ઘણાંજ વખાણ થાય છે! માટે જગતની દરકાર નહિ રાખતાં જે કાંઈ સારૂં જણાય તે બેધડક કરવું અને જે કાંઈ ખરાબ જણાય તે તરતજ મૂકી દેવું. કેવળ અંધ શ્રદ્ધા રાખી પૂર્વજોના જુના કુવામાં બુડી મરવું અથવા ગાડરીઆ પ્રવાહ પ્રમાણે દેખાદેખી કરવું તે માણસાઈ નથી. આપણે જે કાંઈ કાર્ય કરીશું તેની ભવિષ્યની પ્રજા પર કેવી છાપ પડશે તેનો પૂરતો વિચાર કરવો. જમાનામાં જેમ જેમ સુધારાની જરૂરીઆત જણાય તેમ તેમ તાબડતોબ અને નિડરપણાથી સુધારો ગ્રહણ કરવો. આજરોજ મધુકરભાઇએ જે કાંઇ કહેવા કરતાં કરી દેખાડ્યું છે તેને વાસ્તે હું તેમને થેન્કસ આપુંછું! શાબાશ! શાબાશ! શાબાશ!!"

આ પ્રમાણે ઉપરા ઉપરી મુબારકબાદીઓ મધુકરભાઇને અપાવા લાગી. ડીનર ટેબલ પર બેઠેલા દરેકે દરેક મેમાનોમાં અપૂર્વ આનંદ અને ઉત્સાહ વ્યાપી રહ્યો. જગતનું એક ધોરણ છે કે જેને પાટલે બેઠા તેનાં નીચા નમી સુંદર ગીત ગાવાં. મેમાનોના મનમાં બ્રધરહુડના ડીનર સંબંધી ગમે તેવી અસર થઇ હશે પણ ઉપર ઉપરથી ઘણા જણાએ ધન્યવાદના શબ્દો કહી મ્હોંની મોળ ઉતારી. 'ચડ જાઓ બેટા શૂળીએ લઇ ખુદાકા નામ' એ કહેવતાનુસાર કંઇ કંઇ ટીખળી અને બટકબોલા મેમાનોએ મધુકરભાઇની મીઠી મીઠી અને ઠંડી મશ્કરી પણ કરવામાં બાકી રાખી નહિ. કેટલાકે ઉપરથી સારૂં મનાવ્યું અને કેટલાકે મ્હોં મલકાવી મૌન રાખી સારૂં મનાવ્યું. ડીનરમાં

વિલાયતી અને ગામઠી બંને પ્રકારની સોઇ રાખવામાં આવેલી હોવાથી સુધારક મેમાનોને કાંઇ ઝાઝો વાંધો પડયો નહિ. કેટલાકે ચ્હાપાણીથી ચલાવ્યું; કેટલાકે લેમન, સોડા અને બીસ્કુટથી ચલાવ્યું; કેટલાકે ફ્લાહારથી ચલાવ્યું, કેટલાકે મીઠાઇ અને ભજીઆંથી ચલાવ્યું અને કેટલાકે નંબર ગ્લાસોથી પણ ચલાવી લીધું. કેટલાકે મટન, ચાયસુપ, ડબલરોટી, પાંઉ, કેક, પુલાવ અને સુધરેલી વાનગીઓની રકાબીથી ચલાવ્યું. જેને જે જોઇતું હતું તે દરેકને આ બ્રધરહુડના ડીનરમાંથી મળી આવ્યું. વાંધો ફક્ત સાથે બેસી જમવાનો હતો; તે જમાનાના બળે અને ફૅશન પોઝીશન અને સુધારાના પ્રભાવે કરી દૂર થઇ ગયો. ઑલરાઇટ અને ઑલઇકવલ એ ન્યાયાનુસારે ઑલ મેમાનો ઑલરાઇટ ડીનરમાં સામેલ થઈ ગયા અને મનગમતી ખાણાપીણાની મીઠી મોજ મારવા લાગ્યા. દરેક કોમના દરેક ગૃહસ્થો વાંધા વગર દરેક સાથે આનંદ અને છુટથી ભેળાઈ ખાવા પીવા લાગ્યા. જગત પાછળથી શું કહેશે તથા ધર્મશાસ્ત્ર અને વર્ણાશ્રમનાં કર્મકાંડાદિ પુસ્તકોનાં સિદ્ધાંતો પર કેવું પાણી ફરશે તેનો તલમાત્ર પણ વિચાર કર્યા વગર જગન્નાથજીનું તીર્થ અને જે ખાય તે પવિત્ર એ પ્રમાણે આંખ મીંચી ડીનરમાં ડુબવા લાગ્યા. લગભગ ડીનર ખલાસ થવા આવ્યું એટલે સમાજના આગેવાન અને પેટ્રન તરીકે ગણાતા ગૃહસ્થો મધુકરભાઇને મુબારકબાદી આપવા ઉભા થયા.

" મારા વ્હાલા ગૃહસ્થો !

આજરોજ જે શ્રમ મી. મધુકરભાઇએ આપણુને આનંદથી

સંતોષવા સારૂ ઉઠાવ્યો છે તેને વાસ્તે તે ઘણા ધન્યવાદને પાત્ર થયા છે. તેમને ઘણા લાયક ગૃહસ્થો તરફથી મુબારકબાદી અપાઈ છે તે યોગ્યજ થયું છે. બંધુઓ આજરોજ સુધારક બ્રધરહુડનું નવીન પ્રકારનું ડીનર આપણી સમાજને અપાયું છે તેને વાસ્તે સમાજ તેમની ઉપકારી છે. બ્રધરહુડના ડીનર સંબંધી જે જે સૂચનાઓ અને ચર્ચા થઈ છે તે વ્યાજબી થઈ છે બ્રધરહુડનું ડીનર સુધારકોમાં થાય તે ઘણુંજ સારૂં છે. લગ્નાદિ અને મરણાદિ પ્રસંગો વખતે આવાં ડીનર થવાની અત્યારે જે સૂચના થઇ છે તે સૂચના ઘણી આવકારદાયક છે. મારે તે સંબંધી કંઇક કહેવાનું છે તે હું આપ ગૃહસ્થો સમક્ષ કહેવાની રજા લઉં છું. ગૃહસ્થો આપણે જેને ઉદર જન્મ લીધો છે અને જેના પવિત્ર હાથના લાનપાલન અને પોષણથી ઉછરી મોટા થયા છીએ; તેવા પવિત્ર દેવ અને પ્રભુ સમાન ગણાતાં મા અને બાપ, તેમના મરણ પ્રસંગે તેમની ઉત્તરક્રિયા કરવી વિસારી દઈ અને તેમના છેવટના સંભારણા તરીકે ગણાતાં જ્ઞાતિ ભોજન કરવાં ભૂલી જઈ તે વખતે આવું સુધારક બ્રધરહુડનું ડીનર કરવું એ ઘણુંજ શરમ ભરેલું છે, ધિક્કારવા લાયક છે અને અનિષ્ઠ કાર્ય છે. દુનિયાની દરેક કોમ યથાશક્તિ અને યથામતિ માત પિતાની મરણોત્તર ક્રિયા કરી પિતૃઋણની ફરજમાંથી મુક્ત થવા પ્રયાસ કરેછે; તો આપણે ભણેલાગણેલા અને સુધરેલા સભ્ય ગૃહસ્થોએ માબાપ મરી જાય એટલે તેને ભાડાની ગાડીમાં જાનવર મરી જાય તે પ્રમાણે ઘસડાવી લઈ સ્મશાનમાં બાળી ફૂંકી મારવાં; અને તેમનું દશમું અગીયારમું અને બારમાની પ્રેતમુક્તિની

ઉત્તરક્રિયા ન કરવી; અને તેમનો દહાડો પાણી પણ ન કરવાં, તેના જેવું બીજું કયું પાપ છે? માબાપનો મુકેલો વારસો ભોગવવો; અને છેવટની તેમની ક્રિયા ન કરવી એવી નીચતા તમારા સુધારકો વગર બીજા કોણ કરે? માબાપને જીવતાં રંજાડવાં અને બાળવાં અને તેમને મુઆ પછી પણ મોક્ષના સાધનની ક્રિયા કરવા વિસારી દેવી તેના જેવો બીજો કીયો ભયંકર ગુન્હો છે. જે પ્રસંગે માબાપનાં અલૌકીક પ્રેમનાં સંભારણાનાં આંસુ દીકરાની આંખમાંથી ટપકવાં જોઇએ તે પ્રસંગે આવાં તાગડધિન્નાનાં ડીનરો કરી મુબારકબાદીના ટોપલા માથે લેવા તેના જેવું બીજું કીયું નીચતાનું પગલું છે. નાનેથી મોટા કર્યા, ભીનેથી કોરા કર્યા, દુઃખ વેઠી સુખમાં આગળ ધર્યા અને હુલાવીપુલાવી તેડી ઉચકીને દરેક ઠેકાણે ફર્યા, પરણાવી પસ્તાવી ઘર માંડતા કર્યા, ભણાવી ગણાવી વિદ્વાન બનાવ્યા અને સંસારમાં સારૂં નરસુ પારખતા કર્યા, તેવા દેવાંશી પવિત્ર માબાપના મરણ વખતે; તે માબાપને પ્રેમથી કાંધે ધરી છેવટના સ્મશાન સુધી વળાવવા જવું તો રહ્યું પણ તેમને પશુના શબની સમાન સુધારક મડદા ટેકીંગ કેરેજમાં ઉપડાવી સ્મશાનમાં પહોંચતાં કરાવવાં, હાય!! એ નીચ કૃત્ય જેવું બીજું કીયું નીચ કૃત્ય છે?! ગૃહસ્થો બ્રધરહુડના ડીનરની હું વિરૂદ્ધ નથી; પણ વ્યવહાર દર્શનનાં કાર્યને કરવાં વિસારી દઈ તેને બદલે ડીનર કરવાં તેની હું વિરૂદ્ધ છું. મારા કહેવામાંથી આપ મહેરબાનો ફક્ત સાર સાર ગ્રહણ કરશો તો હું આપનો ઉપકારી થઈશ. ગૃહસ્થો હું ચાલતી ફતેહ ચાહુ છું. આમીન! આમીન! આમીન!!"

"સદ્‌ગ્રહસ્થો !

હમણાં જે ટીકા થઇ તે ઘણીજ ડહાપણ ભરી થઈ છે, તેથી આપણા કોઇએ માઠું લગાડવાનું નથી. હીતસ્વી હોય તે ખરી હીતની વાત કહે ! કડવું ઓસડ વ્યાધીના નાશને વાસ્તે પાવામાં આવે છે, તેમ સખત પણ પરિણામે મીઠા ગુણવાળી ટીકા સમાજનું જે અંતરથી ભલુ ચહાતો હોય તેજ કરે ! બ્રધરહુડના ડીનર વિરૂદ્ધ હું પણ નથી. દુનિયાદારીમાં કરવા જોઇતાં તમામ કાર્ય કરી પરવારી આવાં આવાં આનંદી ડીનરો કરવામાં આવે તો તેથી ઘણોજ ફાયદો થાય. મરણ પ્રસંગે અથવા લગ્નાદી શુભ પ્રસંગે પ્રસંગની જરૂરીઆતની ફરજો અદા કરી આવાં ડીનરો કરવાની શુભ હીલચાલ થાય તો બેશક આપણો સુધારો ઘણોજ આગળ વધે અને સમાજની તેથી ઘણીજ ઉન્નત્તિ થાય. ધી સુધારક મડદા ટેકીંગ કેરેજ કરવાની જે સૂચના થઇ છે તે સૂચના ઘણી વ્યાજબી થઇ છે, તેમાં કોઈના બે મત છેજ નહિ. જ્યારે કોઇને ઘેર મરણ થાય ત્યારે મરનારનાં સગાંવ્હાલાં જો મડદાને લોક રીવાજ મુજબ સ્મશાન લઇ જવાને અશક્ત હોય તો તે વખતે આવી ગાડીઓનો આશ્રય લેવામાં આવે તો ઘણુંજ સારૂં થાય; પણ ફરજીઆત સુધારણાની ભલામણ કરવી તે ગેરવ્યાજબી છે. બીજું મરણની ઉત્તર ક્રિયાઓ સારી રીતે કરવી અને જો પોતાની શક્તિ હોય તો વ્યવહારિક ક્રિયાઓ પણ કરવી; અને ત્યાર બાદ જો ઘરના સુખી હોય તો બ્રધરહુડના ડીનરની ગોઠવણ કરવી તેના જેવો બીજો એકે સારો સુધારો નથી; પણ અમુક વ્યવહારિક કાર્ય કરવું ઉડાવી દઇ તેને બદલે

બ્રધરહુડનું ડીનર કરવું તેની હું વિરૂદ્ધ છું. બ્રધરહુડનું ડીનર સુધારકોમાં કમ્પલસરી ફરજીઆત ન થવું જોઇએ તેવી મારી ખાસ ભલામણ છે. જેને મળે તે સુખેથી કરે અને જેને ના મળે તે ખાઇ પી વિરૂદ્ધતા દર્શાવ્યા સિવાય બેસી રહે એવી ગોઠવણ થવી જોઇએ. મધુકરભાઇને મારા સમજવા પ્રમાણે સગાંવ્હાલાંનો ઘણોજ કડવો અનુભવ મળ્યો હશે અને કદાચ તેથી બેવકુફોને ઠેકાણે લાવવા સારૂં આ કાર્ય તેમણે કર્યું હશે તો તે વખતે વ્યાજબી કહેવાશે; પણ તેમની દેખાદેખી દરેક જણાએ તેમના જેવું કરવું એવી મારી ભલામણ નથી. દરેક જણનાં સગાંવ્હાલાં મૂર્ખ અને જંગલી હોતાં નથી, ભલે કદાચ કોઇને હોય તો તે સુખેથી આવું કરે; પણ ન હોય તે સ્વપ્ને પણ આવું ન કરે એવી મારી નમ્ર સૂચના છે. ગૃહસ્થો મારા કહેવામાં કોઈ ઓછું આણશો નહિ. હું તમારો શુભેચ્છક છું. મારા શબ્દોમાંથી જે કાંઇ શુભ લાગે તેજ ગ્રહણ કરજો! અશુભ મૂકીજ દેજો!! હું આપ સઘળાનો વિજય ચાહું છું. આમીન! આમીન! આમીન!!"

" મહેરબાન બાનુઓ અને ગૃહસ્થો!

આજના બ્રધરહુડના ડીનરથી હું ઘણોજ આનંદ પામ્યો છું. અત્યારે સુધારા સંબંધી જે જે સૂચનાઓ થઇ છે તે મારા સમજવા પ્રમાણે ઘણીજ વ્યાજબી અને કીમતી થઇ છે. બીજું હું એક સૂચના આ પ્રસંગે કરવી યોગ્ય ધારૂં છું. ખાવા પીવાના પ્રસંગ અને શોખ સારૂ નાત જાતનો તફાવત દૂર કરવો તે ગેર-વ્યાજબી છે. વર્ણાશ્રમના ધર્મ અનાદિ કાળથી ચાલતા આવેલા છે; તે ધર્મ દૂર કરવાની હીમાયત કરવી તે કાંઈ નાની સૂની

વાત નથી; અને તે વળી બધા એકજ પ્રસંગે અને એકજ વાળે ખાવા પીવાની ગમ્મત સારૂ દૂર કરવા તે ભયંકર અને હેવાની-યત ભરેલું કૃત્ય છે. જ્યારે તમે બધા એક મત થઇ વર્ણાશ્રમ દૂર કરવાની પહેલ કરોછો; ત્યારે તમારે બધી કોમ સાથે કન્યા વ્યવહાર કરવાની પણ પહેલ કરવી જોઇએ. જ્યારે ખાવા પીવાનો વાંધો નથી ત્યારે બેટાબેટી દેવાનો શા સારૂ વાંધો ઉઠાવવો જોઇએ. ખાવા પીવાના સુધારા સાથે કન્યા વ્યવહારનો સુધારો કાયમ કરવામાં આવે તો તેથી દેશને ઘણોજ ફાયદો થાય. સંપનો વધારો થાય અને પ્રજામાંથી ભિન્નત્વ નાશ પામે અને સર્વત્ર એકતાનો વધારો થઇ આબાદાની થાય. પુનર્લગ્ન, સુધારક બ્રધરહુડના ડીનર અને સુધારક કન્યા વ્યવહારના સુધારા જો આપણામાં દાખલ થાય તો આર્યાવર્તની ઉન્નતિ એકદમ થવા માંડે અને દેશમાંથી કુસંપ અને ઈર્ષાનો જલ્દીથી છેડો આવી જાય. જ્યારે સુધારા સમાજના પ્રતાપથી સુધારક બ્રધરહુડના ડીનરની શરૂઆત થઈ છે; અને તે સારૂ દરેક તરફથી આટલી બધી પસંદગી બતાવવામાં આવી છે તો હવે આપણે દરેક જણાએ હવેથી જાહેરમાં હીંદુ મુસલમાન અંગ્રેજ પારસી, વાણીઆ બ્રાહ્મણ અને શુદ્ર કોમ સાથે વગર હરકતે ભોજન વ્યવહારના પ્રસંગમાં આનંદથી જોડાવું જોઇએ. દરેક સાથે લાયક વર અને લાયક કન્યા મળતાં લગ્ન વ્યવહારની પણ રસમ બાંધવી જોઇએ. આ પ્રમાણે સુધારાની આત્મભોગ ભરી પહેલ કરવાથી દેશનો ઉદય તત્કાલ થશે અને કળીયામાં સુધારાનો દિગવિજય થશે. હું આજના પ્રસંગ સારૂ મધુકરભાઇને દીલોજાની

ભર્યો આવકાર આપુ છું. આનંદ! આનંદ! આનંદ!!"

"જેન્ટલમેનો!

સુધારાને કહી દેખાડયા કરતાં કરી દેખાડવામાં જાતિભોગની ખાસ જરૂર રહે છે. જે પ્રજા આત્મભોગની કીંમત સમજે છે તેજ પ્રજા આબાદાની સારી રીતે ભોગવી શકે છે. જે દેશમાં આત્મભોગનું વધારે અનુકરણ થાય છે તે દેશ સુધારામાં ઘણો આગળ વધી શકે છે. અત્યારે જે જે સૂચના ડીનર પ્રસંગે કરવામાં આવી છે, તે ઘણીજ કીમતી અને સોનેરી છે. કલેશ અને કંકાસના નાશને વાસ્તે સુધારાની ખાસ આવશ્યકતા છે. ન્યાતજાતનો તફાવત જો ભૂલી જવામાં આવે તો આપણો સુધારો નિમિષ માત્રમાં ઘણોજ આગળ વધે. જયાં ને ત્યાં નીચા અને ઉંચાનીજ મારામારી ચાલ્યા કરે છે. આ મેં કર્યું અને આ તેં કર્યું એના તફાવતમાં સર્વત્ર કલેશ જામ્યા કરે છે. હવે સુધારાના પ્રભાવે કરી જો પ્રજા એટલું સમજતી થાય કે આપણે સર્વે એક પરમેશ્વરની ઓલાદ છીએ, દરેક જણા એક ટાણે અને ભાણે સલાહ, સંપ અને આનંદથી ખાવા પીવાને બંધાયેલા છીએ; આપણે સર્વે સરખા છીએ, આપણામાં કોઇ નાનો મોટો અને નીચ ઉંચ નથી; દરેક જણાએ ભ્રાતૃભાવથી દરેક જણને પ્રેમથી ચ્હાવું જોઇએ અને દરેક જણાએ એકતાથી અને ઉમંગથી સુધારામાં આગળ વધી પોતાની દેશ પ્રત્યેની ફરજ અદા કરવી જોઇએ, તો જોતજોતામાં આખા હિંદુસ્થાનમાં સુધારાનો સૂર્ય ચોગરદમ પ્રકાશી નીકળે અને કુધારા અંધકારનો એકદમ નાશ થઇ પ્રજા સંપૂર્ણ રીતે સુખ અને આનંદ ભોગવતી થાય!

આપણે અનેક પ્રકારની મુશીબતો વેઠીએ છીએ; ઠોકરો ખાઇએ છીએ; દુ:ખ ભોગવીએ છીએ છતાં પણ આપણી આસપાસ અવલંબી રહેલા સુધારા પ્રત્યે અણગમો દેખાડીએ છીએ. ગૃહસ્થો ! આપણી આ એક મોટી ભૂલ છે. પાસેનાને પડતું મૂકી આઘેનાને ઓળખવું તે એક પડતીનું ચિન્હ છે. અત્યારે જે કાંઈ કહેવાયું છે તે ઘણુંજ ઉત્તમ કુદરતીજ કહેવાયું છે. હવે આપણે ધીમે ધીમે આળસ તજી ડીનરમાં થયેલી સૂચનાનો સ્નેહથી સ્વિકાર કરવો જોઇએ. આવાં બ્રધરહુડનાં ડીનરો પણ પ્રસંગોપાત પ્રસંગ મળતાં ઉજવવાં જોઇએ. આજના ડીનર પ્રસંગ સારૂ હું મધુકરભાઇને ઘણોજ ધન્યવાદ આપું છું. ધન્ય છે ! ધન્ય છે ! ધન્ય છે ! ”

“ ગૃહસ્થો !

અહાહાહા....યારો મને ઘણુંજ હસવું આવે છે ! બિરાદરો આજનો આનંદ કાંઈ ઓરજ છે ! વાહ વાહ ! વાહ વાહ ! શું ઉમંગ ! શું આનંદ ! શું પ્રેમ આપ સઘળા ભાઇઓના મોંઢા પર છવાઈ રહ્યો છે ! બસ કાંઈ વાત ન પૂછો યારો ! આજનું ડીનર ઑલરાઇટ છે ! એકસેલન્ટ છે ! વાહ વાહ ! શું તારીફ કરૂં તેની ! કયા મઝા છે એની ! સુપ ! વાહ વાહ ! શરબત ઓહો ! પુલાવ બસ ર્હા ! ડબલરોટી, પાંઉ, કેક, બીસ્કુટ ! વાહ ભાઈ વાહ ! અરે પુંડીંગ ઓહો ! ! યારો એકસો નંબર વન ટુ થ્રી ફોર ફાઇવ સીક્સ સેવન વાહ વાહ તેની તો વાત ન કરવી ! બસ જરા લીધું કે ગુલતાન, અમન, ચમન, આનંદ, રમ્મત, ગમ્મત, રંગ, રાગ, આહા ! વાહ વાહ ! અહાહા....મહેરબાનો

મને કોઈ ગાંડો ગણુશો નહિ. આજના ડીનરનો આનંદ અલૌકીક છે. આજના પ્રધરહુડના ડીનરની મારા પર ઘણીજ એકસેલન્ટ છાપ પડી છે. આજનાં તમારાં લેકચરોની પણુ મને ઘણી ડીપ લાગણી થઇ છે. સાહેબો! આજના સુધારાની એવી તો ઉંડી અને મીઠી અસર મને થઈ છે કે મારો આનંદ અને ઉમંગ મારા તાબામાં રહી શકતો નથી. અરે મારૂ જીગર મારા કોન્ટ્રોલમાંથી છટકી જાય છે; માટે આવું આનંદજનક મારાથી જૉય જૉયનું બોલી જવાય છે. તમે મને ભેજાનો ચસ્કેલો નહિ સમજશો. સાહેબો! હું ઘણો વિચારવંત અને ડાહ્યો છું. હું આજથી પ્રતિજ્ઞા કરૂ છું કે મારે પણુ બુઢ્ઢા બુઢ્ઢીના મરણુ પ્રસંગે આવી એક ડીનરની પાર્ટી કરવી! હું મી. મધુકરને આજના ડીનર સારૂ થેન્કસ આપું છું. હુરરે! હુરરે! હુરરે!!"

"મારા વ્હાલા મેમાનો!

મારા આજના સુધારાના સાહસને આપ સઘળાએ માન આપ્યું છે તેથી આપનો હું મોટો ઉપકાર માનું છું! સુધારક પ્રધરહુડના ડીનરનો આપ સાહેબોએ પધારી સ્વિકાર કર્યો છે; તેથી હું ઘણોજ આનંદ પામું છું. આજરોજ ડીનર પ્રસંગે જે જે સૂચનાઓ મારા ઉપર સુધારાને અનુસરતી થઈ છે તેથી હું મારૂં અહોભાગ્ય માનું છું. જમાનો જેમ જેમ આપણને શિખવે છે તેમ તેમ આપણે શિખવું જોઇએ. સુધારાના હડહડતા શત્રુઓ જેવી રીતે આપણને થપ્પડ મારે છે તેમ આપણે પણ પ્રસંગ મળતાં થપ્પડ મારવી જોઇએ. આ જમાનો ડાહ્યા બની બેસી રહેવાનો નથી. હાથ પગ જોડી બેસી રહેવામાં આપણુ

દેશની આવી સ્થિતિ થઈ છે; માટે હવે તો આપે તેને રામ! માઈટ ઇઝ રાઈટ. બળીઆના બે ભાગ! કમરકસી બહાર પડીશું તોજ આપણો ઉદય થશે અને ત્યારેજ જનસમાજ આપણી કીંમત કરતી થશે. કારજ વરાના કુડા કુચાલોથી આપણી પડતી થઈ છે. આપણા ઓરડાની લક્ષ્મી બહાર ચાલી ગઈ છે. ફરજી-યાત કર વેરા માફક આપણા વિવાહવાજન અને મરણ પ્રસંગના ખર્ચાળુ રિવાજોએ આપણને પાયમાલ બનાવી ભીખ માગતા કર્યા છે. આપણાં ધર્મનાં અનિષ્ઠ બંધનોએ આપણને ઢીલા અને બાયલા બનાવ્યા છે. ન્યાતજાતના તફાવતે આપણે ઉદય માર્ગમાં ઘણા પછાત રહ્યા છીએ. કન્યા વ્યવહારના એકમાર્ગી ધુંસરાથી આપણે અધવચ અચકીને બેઠા છીએ. પરદેશ ગમનના પ્રતિ-બંધે આપણે અંધારામાં પડ્યા છીએ; માટે મારા સ્વદેશ પ્રેમી સુધારકો હવે આળસ તજી બહાદુરીથી બહાર પડો અને સુધારાનો ઝુંડો હાથમાં પકડી દુનિયાના નવે ખંડમાં ફરી નામના કરો! જે કાંઈ સારૂ લાગે તે એકદમ કરો! હવે વિચાર કરવાનો વખત તજી દ્યો. વિચારમાં ને વિચારમાં આપણે સઘળા નીચોવાઇ ગયા છીએ. નાઉ ડીલે ઇઝ ડેન્જરસ ફોર યુ! હવે ઢીલ આપણે વાસ્તે એક ભયંકર ચીજ છે; માટે દરેક જણા એકત્રતાથી, એકતાથી, ઉમંગથી, આનંદથી અને પ્રેમથી હળી-મળી સુધારાના મેદાનમાં બહાર આવો અને કુધારાનો નાશ કરી સુધારાનો વિજય કરો. ગૃહસ્થો! મારી મુબારકબાદી વાસ્તે હું આપ સઘળાની સલામતી ચ્હાઉં છું!! આમીન! આમીન! આમીન!"

આ પ્રમાણે સલામતી અને મુબારકબાદી અન્યોઅન્યમાં અપાયા પછી ડીનરની છેવટની બાકી રહેલી શરૂઆત થવા લાગી; પુડીંગ અને આઇસક્રીમની રકાબીઓ ચોગરદમ આવવા લાગી; નંબરની બાટલીઓ પાછી ઉપરાઉપરી ખુલવા લાગી અને મેમાનોમાં છુટથી વપરાવા લાગી! આખા ડીનરમાં ચોગરદમ રંગ રંગ વરતાઈ રહ્યો. બંગલાની આસપાસ સંતાઈ રહેલા મધુકરના ન્યાતીલાઓ ડીનરનાં લેકચરો સાંભળી દીગમુઢ બની ગયા; અને દરેક જણા સુધારક બ્રધરહુડના ડીનર પ્રત્યે ધિઃક્કારની નજરે જોવા લાગ્યા. મધુકરને વાસ્તે ભવિષ્યમાં કેવાં પગલાં લેવાં તેનો ઉંડો વિચાર કરતા કરતા ઘર ભણી ચાલવા લાગ્યા. કેટલાક હડહડતા વિશુદ્ધ આર્ય આગેવાનો સુધારક બ્રધરહુડના ડીનરમાં ભેગા થએલા ગૃહસ્થો સારૂ એક ફ્રીટકાર અને ધિઃક્કાર ભરી ચર્ચા વર્તમાન પત્રમાં છપાવવા સારૂ તજવીજ કરવા લાગ્યા, અને કેટલાક દેશ પરદેશ સભાઓ ભરાવી દીલગીરીનો ઠરાવ કરાવવા સારૂ યોજના ઘડવાના વિચારમાં પડયા. આ અરસામાં એક કુતુહલનો બનાવ બન્યો. મધુકરને ઘેરથી કેટલાક ઇર્ષાખોર અને ટીખળી સગા વ્હાલાઓ મધુકરના બાપના બારમાના પ્રસંગે મધુકરના મામા અને કેટલાક દુરના સગા વ્હાલાઓ ખરખરો કરવા સારૂ કાણુ પ્રસંગે મધુકરને ઘેર આવ્યા હતા, તે સઘળાને લઈ આ ડીનરના બંગલે દોરી લાવ્યા. તમારો ભાણીઓ તમારા બનેવીની ઉત્તરક્રિયા કાશીના પંડીતો બોલાવી બંગલે કરે છે; માટે તમે જોવા ચાલો. આ પ્રમાણે ઉંધુ ચતુ સમજાવી આ ભોલા દોલા કાણીઆઓને બંગલે

લાવ્યા; બંગલે આસોપાલવનાં તોરણો બંધાએલાં જોઈ તથા વાજાં બેન્ડ અને નગારાં વાગતાં જોઈ દરેક જણા આભા બની ગયા અને વિચારમાં પડ્યા. મધુકરના મામાને બંગલા નીચે બેસારી ખરખરો કરવાનો કહ્યો અને એક જણ મધુકરને ખબર આપવા ડીનરના હૉલમાં ગયો. મામાએ તડૂકાવીને બનેવીના નામની પોક મૂકી અને બીજા કાણીઆઓએ પણ જોડે પોક મૂકી; બૈરાંઓએ ધડીમ ધડીમ કુટવા માંડ્યું; આ આનંદના પ્રસંગમાં એક કાણનો પણ કુતુહલનો પ્રસંગ થઇ પડયો!! આ ખરખરાના બૂમબરાડાથી મેમાનો રંગપાણીમાં ગરકાવ થઇ અચંબામાં ઝોકાં ખાતા ડીનર હૉલમાંથી બહાર આવ્યા; છેવટની સલામતી સારૂ બેન્ડ પણ જુસ્સાથી વાગવા લાગ્યું; એક બાજુ કુટણાની રો કકળ અને એક બાજુ બેન્ડના મધુર સરોદ વાગવા લાગ્યા. બંગલાની બહાર મધુકરના ન્યાતીલાઓ હવે શું બનાવ બને છે તે ચુપકીથી જોવા લાગ્યા!! મધુકર એકદમ જુસ્સાથી છાંટા પાણીમાં ચકચુર બની ધબડ ધબડ કરતો નીચે આવ્યો; અને કાણીઆઓનો ઘોઘરો પકડી લાત મારી બહાર કાઢવા લાગ્યો; બધા મેમાનો પણ કાણીઆ અને મધુકરની આસપાસ વીંટળાઇ વળ્યા.

"ગદ્ધા, ઓ કયા કરતે હો! ચલાવ નિકલો એકદમ બ્હાર!"

"અરે હાં હાં ભાણીઆ આ શું કરે છે?"

"ચુપ ખચ્ચરો એકદમ બ્હાર નીકળો!"

"અરે ભાણાભાઈ ભાણાભાઇ ધીરા થાઓ; તમે ના

કહેતા હશો તો અમે નહિ રોઈએ; પણ આમ માર માર શું કરો છો!!"

"સુવરો બહાર જાઓ!"

"પણ છે શું!"

"રાસ્કલ આ સુધારક બ્રધરહુડ છે!"

"પણ ભાણીઆ તેમાં શું થઇ ગયું! તું આમ ગાળો કેમ ભાંડે છે!!"

"અરે તમારો ભાણીઓ આજે રંગપાણીના છાંટામાં ગુલતાન છે!! ભાણાભાઇ કાણીઆને ઓળખતા નથી!!"

"પણ બાપજી આ બધું છે શું!!"

"અરે આતો સુધારક બ્રધરહુડનું જમણ છે! હિંદુ મુસલમાન પારસી, અંગ્રેજ વાણીયા બ્રાહ્મણને જોડે બેસી એક ટેબલપર ખાવાનું ડીનર છે!!"

"ઓય મારા દીયર! આતો ગજબની વાત! હળાહળ કલયુગ પાપનું કામ! વહી ગએલાની મોકાણ! વટલઈ જવાનું સ્થાન! ગજબ! પરમેશ્વર ગજબ!!"

એ ઢેમ બ્લડી ફુલ નીકળો બહાર! ચલાવો, નહિ તો બોચાં પકડી પકડીને ધકેલવા પડશે!!"

"આ તે મારા દીયર વકરાએલા હુવર, ભુંડ!"

"અરે ડોન્કી! આતો સુધારક બ્રધરહુડ!!"

"અરે મારા મૂરખા! આતો એઠુ જુઠુ ખાનારા અને વિષ્ઠા પાણી પીનારા ભુંડ!"

" ચલાવ સાલે એકદમ અભીને અભી બહાર નિકલો!"

આ પ્રમાણે રંગપાણી પીને છાકટા બનેલા ભાણાભાઇ મધુકરભાઈએ પોતાના મામા અને બીજા સગા વ્હાલા કાણી-આઓને લાત મારી મારી બંગલાની બહાર કાઢયા! વિચારશિલ વાંચકો આતે "સુધારક બ્રધરહુડ કે વિદારક ભ્રમીત ભુંડ!" આ પ્રમાણે રંગપાણીની ધીંગામસ્તી કરી સુધારકો લથડીઆં ઉપર લથડીઆં ખાતા ઘર ભણી વળ્યા!!

પ્રકરણ ૩ જું.

ફૅશનમાં વ્હાલીનો વિલાસ કે લેસનમાં લક્ષ્મી અને નીતિ ખલાસ!!?

દોહરો.

સાંકળ તુટી સ્નેહથી થયો છમકલે છેહ,
ઘરમાં પેસે ધાણ તે દહન કરે છે દેહ.

મનોહર રૂપવાળી ચતુર અને સારા ગુણથી ભરેલી, વળી શરીરે કોમળ તથા કુળવાન શોભા વધારીને જે શોભે છે, સિવાય પ્રેમથી ભરેલ નિર્મળ વ્હાલાં વચન બોલનારી અને મનમાં પ્રેમ લાવી પતિ સાથે હમેશાં અનુકુળ રહેનારી તથા પતિને આવતા જોઇને હર્ષથી સામે ચાલીને જરા હસીને જે પતિનું સન્માન કરે છે, એવી સ્ત્રી સાથે હમેશાં વિલાસ કરીને જે પુરૂષ આયુષ્ય વિતાવે છે, એથી બીજો કીયો ભાગ્યશાળી વધીને શોભે છે?!

પોશાક સુંદર પોલકાં છોગાં છબીલી ખુબ ધરે,
ફૅશન તણા કંઇ ફંદમાં કરમાં રૂમાલો ફરફરે;
વચનો વદે બહુ ચાવીને નયનો નચાવે પલકમાં,
શાણી બને સ્વામિ થકી સંતાપી કંથને ખલકમાં.

સમુદ્રને કાંઠે જેમ તરંગ દેખાતા નથી પણ વચમાં એટલે મધ્ય દરીયે સુંદર તરંગ ઉછાળીને શોભે છે. જેની બહારથી ચપળ દૃષ્ટિ નથી, પરન્તુ આંખોના ખુણામાંજ મનોહર રહીને શોભે છે, જેમ ફુલની કળીની સુગંધ કળીની અંદર રહીને શોભે છે, તેમ જેના મનની વૃત્તિ મનની અંદરજ સમાઇને શોભે છે, એવી મનોહર સતિ સ્ત્રી જેના ઘરમાં શોભે છે તે મહાન્ ભાગ્યશાળી હોઇને સરસ શોભે છે.

*　　*　　*

ભાઇઓ જેની ભારજા ભુંડીરે તેને પીડા અંતર ઉંડીરે;
લાજ તજીને લઢાઈ કરે નિત્ય ભાળવા લોક ભરાય,
સારા માણસના ઘરનું વગોણું જાણું જગતને થાયઃ—૦
જેમ બિલાડી ઉંદરને જુવે એમ નાથ સામાં કરી નેણ,
પગ થકી પ્રગટે માથા લગી એવાં કાઢે વાંકાં વેણઃ—૦
ચાર ઘડી પીયુ ચૌટે ટળે ત્યારે સુખ બંનેને થાય,
ઘડીએ આવીને ઘેર બેસે ત્યારે શેરે લોહી સુકાયઃ—૦
સ્નેહ કરી કદી સ્વામી સંગાથે બેશી ન બોલે વાત,
ધુમાડાની પેઠે ધુંધવાતી રહે રોશ ભરી દીન રાતઃ—૦
પંડીત શાસ્ત્ર ભણેલ પુરાણી મોટી સભામાં મનાય,
માન તજી મુરખીના મોંઢાના નિત્ય તુંકારા ખાયઃ—૦

બાઇઓ જેનો ભાયડો ભુંડોરે, ઘાવ તેને અંતરમાં ઉંડોરે;
ઘરે ઘડી એક પગ ટકે નહિ રખડયાં કરે બહાર,
ઘર નારીને પાટુએ મારે પરનો રાખી પ્યારઃ—૦

કરી કમાણી કાંઈ ન લાવે ખાય વેચી ઘરબાર,
છેવટે ખાવા વાસણો ટાળે રમવાને જુગાર:—૦
દારૂડીઆની સોબતે ચઢી પીયે દારૂના ડોઝ,
ફેલફીતુરો કરતો ચાલે મનમાં માની મોજ:—૦
ખાવા આવે શ્વાનની પેઠે શ્વાનની પેરે ખાય,
સૂવાને આવે અરધી રાતે ગામ બધુ ઉંઘી જાય:—૦
મીજાજ ખાટો આમલી જેવો નત્ર બોલાવ્યો થાય,
કહે ત્રિભુવન બાઇની આમાં જીંદગી શેણે જાય:—૦

"ઑહ માઇ ગૉડ! વોટ નોનસન્સ! કેવું હમ્બગ! આ શહેરનું બઝાર કેવું ઑડ અને બેડ છે! એક ઘડીનો પણ વિશ્વાસ નથી. બઝારમાં ચાલીએ ત્યારે સાહેબ પધારો, સાહેબ પધારો કહી દુકાનમાં પરાણે બોલાવે અને માલ લેવા મીઠાં મીઠાં વચન બોલી લલચાવે; આ માલ લીધો અને ખીસ્સામાં બીલ ઘાલી રસ્તે પડયા કે તરતજ બીજા દીવસથી ઉઘરાણીના ધક્કા ઘર આગળ શરૂ થયા. ગુમાસ્તાને વાયદા કરીએ પણ કાંઇ સમજેજ નહિ. એક નફટની માફક બે દીવસ થયા કે પાછા ઘર આગળ આવીને છાતી પર ઉભા રહ્યા. એટીકેટ પોઝીશન એતો સ્વપ્ને સમજેજ નહિ. બસ લાવોને લાવો, અરે બસ લાવોને લાવો! સાલ્લો લાવોનોજ હડકવા તેમને થાય! તે કેમે કરીને મટેજ નહિ. પૈસાનો મેનીઆ મટે પણ શી રીતે? જે આવે તે લાવો! આમ બૈરી પણ જીવ ખાય, ગુમાસ્તા પણ જીવ ખાય અને બજારવાળા પણ જીવ ખાય? હવે કરવું શું? આ બધાને ખાઉં ખાઉં! ઑહ માઇ લૉર્ડ, હવે આ પાપમાંથી મને મુક્ત કર!

'છૈયાં છોકર બૈરી બાવા સગા સહોદર પૈસામાં
દુનિયાના સૌ રગડા ઝઘડા હાય રહ્યા છે પૈસામાં'

આ મારો બેટો પૈસો શું જુલમ કરવા બેઠો છે! જે આવે તે પૈસો! જે આવે તે પૈસો! પણ પૈસો લાવવો કયાંથી!? એનાં તે સાળાં કાંઇ ઝાડ ઉગે છે, કે ટાંકાં ભોંયરાં ભરી રાખ્યાં છે, કે કાંઈ ખાણો બાણો ખોદી રાખી છે કે ઝટ જઇને લઈ આવીએ! આ બેવકુફ દુનિયા પૈસામાં શું પ્રતાપ જોતી હશે! સાલ્લુ કાંઇ સમજાતું નથી! આ પૈસા સારૂ વિલાયત જઇ બારીષ્ટર થઇ આવ્યા; આ પૈસા સારૂ આખો દિવસ કેસ હોય તોયે ઠીક અને ના હોય તોએ ઠીક પણ કોરટનાં પગથીઆંએ તોડી નાંખ્યાં, અને આ બુટની એડીઓ પણ બુઠ્ઠી થઈ ગઇ; આખો દિવસ તાપથી આ ભેજું પણ બહેર મારી ગયું; અરે બદનના પરસેવાથી આ ખમીસ અને કૉલર પણ ગંધાઇ ઉઠયાં; લેકચરના બરાડાથી કાન પણ બહેરા થઇ ગયા! પણ કયાંઇથી સાળો હાથ ભરાતો નથી. હાય અફસોસ! હવે કરવું શું! ઓહ મની, મની, મની તું કયાં છે? અરે હું તને કયાં શોધું! વાયરલેસ ટેલીગ્રાફી ચલાવું કે તને લેવા સારૂ એરોપ્લેનમાં બેસી અરે ભૂચ્યો ઉડીને આવું! અરે તું જવાબ આપ કે તારા વાસ્તે હું કયાં આવું? અફસોસ કોણ સાંભળે છે? પૈસા પૈસા તારો શું વિશ્વાસ! ચાલ જા તુંજ જુઠો છે! મનુષ્ય સાચા છે! તારે સારૂ વાયદા જુઠા થાય એમાં નવાઈ નહિ; છ છ મહીના થયા પણ નોટ કે ગીનીનાં દર્શન ન થયાં. પૈસા સારૂ પ્રેકટીસની પત્તર જખી નાખી પણ હાથ ન ભરાયો! વકીલના કેસ બારીષ્ટર થઇને

નજીવી રકમમાં ચલાવા માંડયા પણ ખીસ્સાં ન ભરાણું! હા.... વૉટ શુડ આઇ ડુ! આ ઑફીસના ગુમાસ્તાને પગાર શી રીતે આપવો; ચાકર નફરને શી રીતે નભાવવા? આ કપિલાને પણ શી રીતે શાંત રાખવી! સુધારાવાળી બૈરી પણ માથાની મળી! ચોરી કરો, ઘર ફાડો કે જાત ઘરાણે મૂકો પણ મારે જોઇએ તે મને આણી આપો! બજારનું દેવું પણ શી રીતે ચુકાવવું! હવે કાંઈ સૂઝ પડતી નથી. વાઇફ પણ સુધારામાં પડી છકી ગઇ, પોઝીશન ને એટીકેટના ધતીંગમાં ધણીને ધમકાવતી થઈ! હવે તો ખુલ્લી રીતે સામું બોલે છે, કોઇ ફ્રેન્ડ બેઠો હોય અગર કોઇ મેમાન કે પરોણો ઘેર આવ્યો હોય તોપણ જરા માન સાચવતી નથી. જ્યાં સુધી તેને મોં માગ્યા પૈસા મળ્યા ત્યાં સુધીજ તે મારી સાથે હસી હસી વાત કરતી; જ્યાં પૈસાની તાણ પડી કે તરતજ સામી થઇ મારૂ મગજ ફેરવી નાંખે છે; સાલ્લા ગુમાસ્તા પણ રાત દિવસ જીવ ખાઈ જાય છે; ઑફીસની આવક અને હીસાબમાં કોણ જાણે કેટલા બધા ગોટાળા ચાલે છે કે કાંઇ કહેવાની વાતજ નહિ. આ જરા કાંઈ બોલ્યા કે તરતજ પગાર લાવો પગાર લાવો કહી માથુ પકવી નાખવા માંડે છે. હાય જીવ પૈસા વિના આવા હાલ હવાલ થયા! ઑહ લૉર્ડ મર્સી અપ-ઑન મી! ઓ ઇશ્વર હવે તું મારા ઉપર દયા કર! દયા કર! આ પ્રમાણે પૈસાનો બળાપો કરતા કરતા બારીષ્ટર સાહેબ એક આરામચેર પર પડી વિચારમાં લીન થઇ ગયા; થોડીક વાર થઇ કે તરતજ ઑફીસના ગુમાસ્તા આવીને ખુરશી પાસે ઉભા રહ્યા. સાહેબને આંખ મીંચી ખુરશીમાં ગંભીર વિચારમાં પડેલા

જોઇને ધાલચંદ અને મેલચંદ એક બીજાના સામું જોતા મૌન પકડી ઉભા રહ્યા; એવામાં બારીષ્ટર સાહેબે તરતજ આંખ ઉઘાડી તેમના સામું જોયું.

"સાહેબ પેલો મનસુખ મીસ્તરી ઑફીસના બુક કેસ સારૂ પૈસા લેવા વાસ્તે આવ્યો છે!"

"તેને કહો કે આવતે મહીને પૈસા મળશે!"

"તે માનતો નથી ને દાવો કરવાનું કહે છે."

"તો તેને કહી દો કે દીવાની કોરટ દેવાદારના બાપની છે, દાવો કરશો એટલે દાવાનો નિકાલ થતાં ખાસા છ મહીનાં લાગશે માટે વિચાર કરજે!"

"સાહેબ તેને ઘણો સમજાવ્યો પણ માનતોજ નથી!"

"જાઓ બાવા જાઓ, મારો જીવ ન લ્યો! રવિવારને દિવસે તો પાંચ મીનીટ પૂરો જંપીને બેસવા દો! લેણદાર કરતાં તમારો જુલમ બહુ છે!"

"સાહેબ આજરોજ શેઠાણી સાહેબે બ્રેસલેટ લેવા સારૂ ઓરડર આપ્યો છે. જવેલરી માર્ટવાળો ભોગીલાલ કહે છે કે જુનો આંકડો ચુકાવી જાઓ અને પછી નવો ઓરડર આપી જાઓ!"

"સારૂ જાઓ હું હમણાં શેઠાણીને બોલાવી સમજાવીશ."

"સાહેબ પેલા પેમલા મોચીના હોલ બુટના તથા શેઠાણીની સ્લીપરના પંદર રૂપીઆ છે તે આપો! ગઈ કાલે તેણે બજાર વચ્ચે મિજાજ ખોઇને મને ધમકાવ્યો હતો!"

"સારૂ જાઓ આવતા અઠવાડીયામાં તેને વાસ્તે મેનેજ કરીશ!"

"સાહેબ મ્યુનીસીપાલીટીના ટેક્ષના પૈસા વગર હવે ચાલશે નહિ! તેનો કલાર્ક ગઈ કાલે ઘણું બોલી ગયો છે!"

"ઠીક છે; હું જાતે તેના ઉપરીને મળીને બંદોબસ્ત કરી લઈશ!"

"સાહેબ, એક પચીશ રૂપીઆની મારે જરૂર છે તો મહેરબાની કરી મને પગાર પેટે આપો!"

"અરે સાલા તમે લોક કેવા બૅાડ છો! તમેજ લોકો મારી ક્રેડીટ પર પાણી ફેરવો છો! ઘડી ભરનો પણ તમને વિશ્વાસ નથી. મારૂ લોહી પીઓ! ઓ બ્લડ થ્રસ્ટી મારો જીવ લ્યો! ગેટ આવે ક્રોમ હીઅર!"

"લ્યો સાહેબ આ ચાલ્યા! ગુસ્સે ન થાઓ! તપી ન જાઓ!"

"વેલ ડીઅર!"

"ઓહ કોણ વાઈફ! માઈ હાર્ટ! તું ક્યાં હતી?"

"હું જરા સૂઇ ગઈ હતી! મારૂં માથું દુખતું હતું તેથી જરા આડી થઈ હતી!"

"હવે કેમ છે? જરા કૅાલનવોટર લગાવું! લાવ ડીઅર હું જરા ચાંપું!"

"ના ના હવે તે મટી જશે! વેલ લવ, મારા વાસ્તે જરા બીલીયારનાં એરીંગ મંગાલો!"

"હા હું તેની તજવીજમાંજ છું! આ એકાદ કેસ હાથમાં આવે કે તરતજ મંગાવું!"

"તમે રોજ મંગાવું મંગાવું કરોછો પણ કાંઇ મંગાવતા નથી!"

"વ્હાલી હમણાં જરા પૈસાની તાણ છે તેથી ઢીલ થાય છે. એસ્કયુઝ માઈ ડીઅર ફોર ડીલે! ઢીલને વાસ્તે વ્હાલી મને માફ કર!"

"તમારે તો સદાને વાસ્તે પૈસાની તાણ રહેશે! મારે એરીંગ વગર એક કલાક પણ નહિ ચાલે!"

"ઠીક ત્યારે કાંઇ મેનેજ કરીશ પણ તને જલદી અપાવીશ.'

"નહિ મને કહો! મારે વાસ્તે શું ગોઠવણ કરશો?"

"બાવા મારો જાન ન લે! હું તો તમારાથી થાકયો!"

"સાહેબ નહોતી ખબર કે સુધારાવાળી સ્ત્રી સાથે પરણતાં તેને અપટુડેટ ફૅશનમાં રાખવી પડશે!"

"પ્લીઝ નાઉ ગો આવે! લેટ મી સ્લીપ ફૅાર આ વ્હાઇલ! જરા મહેરબાની કરી મને જંપવા દે!"

"સાહેબ પેલું આપણું જુનું મકાન છે, તેને વાસ્તે ઘરાક આવ્યું છે!"

"ઓહ યસ વેલ સેઇડ! જાઓ જાઓ તેને બજારભાવ જોઈ ફટકારી મારો!"

"નાઉ ડીઅર હવે મારે વાસ્તે મેનેજ કરશો!!"

"યસ, સ્યુઅરલી, સરટનલી! મારા હાથમાં પૈસો આવે તો તરતજ તારે વાસ્તે ગોઠવણ કરૂં! મારી વ્હાલી મારે તારાથી શું વધારે છે?!"

"અરે બારીષ્ટર સાહેબ છો કે?!"

"અરે કોણ ખુશાલરાય ખીસ્કોલી! આવો! પધારો!"

"કહો ભાભી સાહેબ, છો તો આનંદમાંને?!"

" હા. તમને જોઇને વધારે !? "

" કહો સાહેબ આજ શા વિચારમાં પડયા છો ! ? હમણાં જસ તમારી તબીયત દિવસે દિવસે લેવાતી જાય છે તેનું શું કારણ ? "

" આ તબીયતમાં ધંધાના કઢાપા ! આવકમાં સાઈફર ! લેણદારોનો ત્રાસ ! ! "

" એ તો સાહેબ સંસારમાં સદા થતું આવ્યું છે ! ઉંટને ધાંધડતાં પલાણવું જોઇએ. આની પાઘડી આને માથે અને આની પાઘડી આને માથે એ પ્રમાણે વ્યવહાર ચલાવવો જોઇએ. જમાનાના ઝપાટામાં બધાંને ઝપાટો લગાવવો જોઇએ ! ! એવી નકામી ચિન્તા ન કરવી ! માથે પડી ભોગવી લઇએ ! ! દેવું કોને માથે હોય ! સ્ત્રીઓને માથે ન હોય ! મરદનેજ માથે હોય ! "

" લ્યો સાંભળો ! આ તમારા મિત્ર શું કહે છે ? ખુશાલરાયભાઈ ! આ તો દેવાથી અકળાઈ જાય છે અને આખો દિવસ ઘરમાં બધાને કડખાઉ કરે છે ! હું તો તેમનાથી થાકી. હમણાં થોડાક દિવસ વાસ્તે તમે અહીં રહેવા આવો; નહિ તો સાહેબનું હવે મગજ બગડી જશે ! ! "

" ખુશાલરાયભાઇ ! હવે હું તો ઘણોજ કંટાળ્યો છું ! ! આ ઈન્ડીઆમાં પગ દઇને ફુલ બન્યો છું. જેટલા દિવસ લન્ડનમાં રહ્યા ત્યાં સુધી આનંદ આનંદ અને આનંદ ! અહીં આવી હું તો બમણી પીડામાં પડયો છું ! ! મારા વિલાયતના ફ્રેન્ડોએ મને વિલાયતમાં રહેવાની ખાસ સૂચના કરી હતી; અરે મારા મેરેજને વાસ્તે પણ ત્યાં એરેન્જમેન્ટ થઇ ચુકી હતી ! !

અરે સાહેબ ત્યાં જો મેરેજ થયાં હોત તો મેરેજ સાથે વારસો પણ મળત!! પણ કીસ્મતના યોગે પીરસેલી થાળી ઠેલી ઈન્ડીઆમાં આવ્યો; અને આ પદમણી સાહેબ સાથે પાનું પડયું!!"

"હ્યો સાંભળો ખુશાલરાયભાઈ! સાહેબને તો વિલાયતમાં રહેવું હતું; અને વિલાયતમાંજ પરણવું હતું; અરે પગથી કે માથા સુધી વિલાયતીજ બનવું હતું! કહો હવે મારા જેવી નેટીવ સ્ત્રી અને તમારા જેવા નેટીવ ફ્રેન્ડ એમને શી રીતે ગમે! હું તો હજુ પણ કહુ છું કે સાહેબ વિલાયત પધારો!"

"વેલ ડીયર હાલમાં જો મારી પાસે પૈસા હોય તો હું તરતજ વિલાયત જાઉં! રીઅલી આ ઈન્ડીઆથી હું કંટાળી ગયો! અરે તમારા જેવાથી તો પ્રભુ તોબા! આ લાવો ને આ લાવો! આ લાવો ને આ લાવો! સાલો બધો વ્યાપારજ આખો દિવસ લાવવાનો! માગણીનો તે કાંઈ છેડો છે!"

"સાહેબ દુનિયામાં સ્ત્રીઓની તૃષ્ણાનો તે કાંઇ અંત હોય? સ્ત્રી એ કોણ? માયા, દેવી, લક્ષ્મી, ચંચળ જાત વાતવાતમાં રીસાઇ જાય અને મરડાઇ જાય!"

"યુ આર કવાઈટ રાઇટ માય ફ્રેન્ડ! વાતે વાતે વ્હાલીને વાંધો પડે! ઘડી ઘડીમાં થરડાય ને મરડાય! મિનીટે મિનીટે ખોટું લાગતાં વાર ન થાય!"

"સાહેબ જ્યારે આટલો બધો લૉનો અભ્યાસ કર્યો ત્યારે થોડો લેડીને રીઝવવાનો અભ્યાસ કરવો જોઇતો હતો ને!"

"યસ રીઅલી રાઇટ! ઈટ ઈઝ માઈ ગ્રેટ મીસ્ટેક! હવે

મારે પેપરમાં એક આરટીકલ આપવો છે કે કૉલેજીયનો, વકીલો, બારીષ્ટરો અને દાક્તરોએ પોતાનો અભ્યાસ પુરો કરી ડીગ્રી મેળવતા સુધીમાં સ્ત્રીઓને પ્રસન્ન રાખવાની વ્યવહારિક વિદ્યાનો અભ્યાસ કરી લેવો; કારણ કે પરણ્યા પછી તેમના ઘરસંસારમાં રીસામણા મનામણાનો જ્યારે પ્રસંગ આવે ત્યારે તરતજ એક મિનીટમાં સ્ત્રીને રીઝાવી વશ કરી લેવાય! હાલમાં જો કોઇ ગટરકલાસ અરે ભુલ્યો ભુલ્યો હાઇકિલાસ લીટરેચરનો પ્રૉફેસર અરે ફીલૉસૉફર એકાદ કલાક સારૂ નાઈટ સ્કુલ કાઢે તો મારા જેવા અભ્યાસીઓને ઘણોજ ફાયદો થાય! આ સાળુ વાતે વાતે ઉંહું....ઉંહું....ઉંહું એની કડાકુટ મટી જાય; અરે તરતજ ઉંહુંનું ઓસડ શરૂ કરી વ્હાલીને મનાવી લેવાય! પણ લાચાર! આ હિંદુ સંસારમાં બાળલગ્નોએ લવને પગમાંથી લૂલો કરી નાંખ્યો છે."

"બારીષ્ટરસાહેબ વિલાયતમાં તો મારા સમજવા પ્રમાણે લવની ઘણીજ સ્કુલો હોવી જોઈએ!"

"અરે ત્યાંતો નેચરલી લવજ શિખાય છે! તમે ગમે તે વિદ્યાનો અભ્યાસ કરવા સારૂ વિલાયત જાઓ કે તરતજ શરૂઆતમાં લવનો સ્ટડી શિખવાની ફરજ પડે છે."

"ત્યારે તમે કેમ કહો છો કે મેં કાંઇ વિલાયતમાં લવ શિખવાનું સાધન ન જોયું!"

"અરે લવ શિખવાનું સાધન નહિ પણ લેડીને રીઝાવવાનું સાધન ન જોયું. વિલાયતમાં લવ શિખવાનાં સાધનો પાર વિનાનાં છે. આ દેશ કરતાં ત્યાં લવ અને લવરની ઘણીજ કીંમત છે! ત્યાં લેડી સાથેનો પ્રસંગ ઘણોજ આનંદી અને

પ્રેમથી ભરપુર હોય છે. ત્યાંની લેડીઓમાં વાતે વાતે ઉંહું ઉંહુંને ઘણોજ તિરસ્કાર હોય છે; અરે હિંદુસ્તાનમાં લવના મંદીરમાં પેઠા કે તરતજ ઉંહુંનો સત્કાર કરવો પડે છે. અહીં વાતે વાતે વ્હાલીને મનાવવી પડે છે અને ત્યાં વાતે વાતે લવરને મનાવવો પડે છે. વિલાયતમાં લેડીઓ કીડીઓની માફક ઉભરાઈ જાય છે અને આ દેશમાં લવરો કીડીઓની માફક ઉભરાઈ જાય છે. વિલાયતમાં લવરની કીંમત છે અને હિંદુસ્તાનમાં લેડીની કીંમત છે; અને એટલાજ સારૂ આ દેશમાં વિલાયત જઇ આવનાર સારૂ ઘણીજ સખત અને કડક ટીકાઓ થાય છે.”

“કેમ જોયું ખુશાલરાયભાઇ! સાહેબનો કેટલો બધો ડીપ અનુભવ છે? તે કેવી રીતે તમને તથા મને વાતે વાતે ઉડાવે છે! બારીષ્ટર થયા એટલે જ્યાં ત્યાં બ્રીફથી વાત કરવી. ઘરમાં વાતે વાતે દલીલ કરી સ્ત્રીને પજવવી એ તમનો સહજનો સ્વભાવ થઈ પડયો!”

“હશે ભાભી સાહેબ ઠંડાં પડો ઠંડાં! તમારા વાસ્તે સાહેબના મનમા ઘણીજ ઉત્તમ લાગણી છે!”

“શું પત્થરાની લાગણી છે? જો લાગણી હોય તો તરતજ મારી માગણી પૂરી ના કરે! હું કયારની એરીંગ એરીંગ કહી મરી જાઉંછું, પણ એમને જાણે કોણ સાંભળે છે!”

“ખુશાલરાય આ લેડી મારો જીવ ખાઈ ગઇ! તેને આટલું આટલું આપતાં પણ મારા વાસ્તે સારો વિચાર ધરાવતી નથી! એક બાજુ ઘરમાં કંકાસ! ઑફીસમાં ગુમાસ્તાનું પોગળ અને ધીંગાણું અને બહાર લેણદારોની પજવણી! હું તો આ

ત્રણુ બાબતથી ત્રાસી ગયો ! કંટાળી ગયો ! સાળુ લાવો લાવો ને લાવોજ લાવો ! લાવવા સિવાય બીજી કાંઇ વાતજ નહિ. આ જરા ઘરમાં આવીને બેઠા કે તરતજ મને પેલું લાવી આપો અને મને ઓલ્યું લાવી આપો ! લાવવા સિવાય બીજી કાંઇ વાતજ મળે નહિ ! પ્રભુ પ્રભુ આ સ્ત્રીથી જુલમ જુલમ, તોબા તોબા ! ”

“ જોયું ખુશાલરાયભાઇ કેટલું બધું મારૂં ઇનસલ્ટ કરે છે ! હુંજ જાતે ભલી છું કે આટલું બધું સહન કરી તેમના ઘરમાં પડી રહી છું; હું પણ ઇશ્વર પાસે માગું છું કે મારો હવે જલ્દીથી છુટકો કર ! વિલાયતના ભભકામા મોહી પડીને હું તો પસ્તાણી ! ”

“ વેલ માય ડીઅર કપિલા હવે મને ક્ષમા કર ! હું તારાથી હાર્યો ! ”

“ અરે હાંહાં ભાભી સાહેબ અને બારીષ્ટર સાહેબ ! આમ વાતે વાતે બને જણાં ચઢી ન જાઓ ! શાન્ત થાઓ ! ધીરાં પડો ! એક ગરમ થાય કે તરતજ બીજાએ નરમ થવું જોઇએ ! ”

“ ખુશાલરાય હું તો હવે એટલો બધો કંટાળી ગયો છું કે જો હવ આમને આમ લાંબો વખત ચાલશે તો મારી જીંદગીનો છેડો આવી જશે ! સાલી આટલી બધી બઈરીની તાબેદારી ઉઠાવું છું છતાં પણ સ્વપ્નેય આનંદ અને સુખ મળતું નથી ! ”

“ સાહેબ એ તો હોય ! સુધારો, પોઝીશન અને એટી-

કેટના અભિનયમાં બધું ચાલ્યું જાય! સુધારામાં સ્ત્રીની કીંમત અને તાબેદારી ન થાય તો પછી થાય શેમાં?!"

"અરે પણ દુનિયામાં દરેક બાબતની હદ હોવી જોઇએ!"

"આ જમાનામાં ફકત સુધારાને વાસ્તે હદ રહી શકતી નથી! જ્યાં સુધારાનું નામ આવ્યું કે તરતજ હદ દોઢ ગાઉ દૂર નાસી જાય છે!"

"જોયું ખુશાલરાયભાઇ! તમારા બારીષ્ટર સાહેબ કેવા પ્રવીણ અને અંતરના ઉંડા છે! આટલી બધી નકામી લમણા-ફોડ કરે છે; પણ એમ નથી કહેતા કે જાઓ એરીંગ હું આણી આપીશ!"

"ઓહ માઈ ડીઅર લેડી! એ તો હું કયારનો ભસી ચુકયો છું કે લાવી આપીશ!"

"નહિ મને પ્રોમીસ કરો કે હું એક વીકમાં લાવી આપીશ.

"ઑલરાઇટ માઈ સૅાલ! લે આ પ્રોમીસ! મારા હાથમાં જેવા મની આવશે કે તરતજ હું તને એક વીકમાં એરીંગ આણી આપીશ!"

"અરે મની તો કાલ પરમ દિવસે આવશે, હમણાંજ તમે ગુમાસ્તાને પેલું જુનું ઘર વેચી મારવાનો હુકમ કર્યો તે ભૂલી ગયા!"

"ઓહ સોરી સોરી માઈ સ્વીટ હાર્ટ! હું તદ્દન ભૂલી ગયો! મને માફ કર! ચાલ જેવા મની આવશે કે તરતજ હું તારી આશા ફુલફીલ કરીશ! પછી કાંઈ?"

"હા....એક વાત રહી ગઈ છે સાંભળો! જુઓ તમે મારૂં તમારા ફ્રેન્ડના દેખતાં સખત ઈન્સલ્ટ કર્યું છે તો તેને વાસ્તે તમે શું કરો છો?!"

"યસ કવાઇટ રાઈટ! હું તારી માફી માગુછું. મારી વ્હાલી હવેથી હું તારૂં કોઈ પણ દિવસ પ્રાઈવેટમાં કે પબ્લીકમાં જરા પણ ઈન્સલ્ટ નહિ કરૂં! કેમ હવે પ્રસન્ન થઇને?"

"યસ માઇ ડીઅર! નાઉ આઈ એમ ગ્લેડ! હા વ્હાલા હવે હું ખુશી થઈ!"

"શાહબાશ! શાહબાશ! શાહબાશ! ધણીધણીઆણી રાજી તો કયા કરે મિયાં કાજી! ચાલો ભાભીસાહેબ અને ભાઇસાહેબ બંને જણાં આનંદથી મનાયાં છે! રીસામણી મનામણીનો પાઠ સારી રીતે ભજવાઇને આજ ખતમ થયો છે! ભાભીસાહેબ કહો ના કહો પણ કાંઇ તમારામાં અજબ જાદુ છે! ભારે મોહીની છે! જે કોઈ તમને જુએ કે તરતજ તમારૂં થઈ જાય! મારા સાહેબ તો બિચારા તમને જોઇને ગાંડા ને ઘેલા થઇ જાય છે હાં!"

"જુઓને ખુશાલરાય સાહેબ! તે પણ તમારાં ભાભીસાહેબને કાંઈ મારા વાસ્તે માન છે!"

"નહિ સાહેબ! મારાં ભાભીસાહેબ! પણ તમને અંતરથી ખુબ ચ્હાય છે! એતો સ્હેજ જરા ઉપરથી ગમ્મત કરે છે!"

"ત્યારે હું તેમને કયાં થોડું ચહાઉં છું! તે પણ મારૂં જીગર છે, કલેજું છે! અરે આંખની કીકી છે! મારા શરીરનું લોહી છે! અરે મારૂં ચૈતન્ય છે!"

"યસ નાઉ ધેર લાઇક્ઝ ધી બ્યુટી! હવે બરાબર રંગ આવ્યો! સાહેબ હવે તમે કાંઈ પ્રેમના ગ્રંથ વાંચી રીસામણી મનામણીની વિદ્યા થોડી થોડી જાણો!"

"અરે મારા મિત્ર મી. ખુશાલરાય ખીસ્કોલી! હું તો હવે રાત દિવસ લવમાંજ ગુંથાએલો રહું છું!"

*　　*　　*　　*

"જોઇ ઢૂંઢને સઘળું જોયું, ખાના ખાઇને ખૂબ જોયું;
ધન ખરચીને ઘણું જોયું, પ્રીત બાંધીને ચિત જોયું.
પણ સ્ત્રી વશ કરવાનું સાધન એક ન જોયું:—
નમી નમીને માન મેં ખોયું, કથું કરી કરી જ્ઞાન મેં ખોયું.
જપી જાપ ભાન મેં ખોયું, રાખી કાયા કાન મેં ખોયું;
પણ સ્ત્રી વશ કરવાનું સાધન એક ન જોયું!!"

"અરે થેન્કસ થેન્કસ સાહેબ થેન્કસ છે તમને! તમે પણ એક અજબ પૂતળું છો!"

"અરે સાહેબ સાહેબ પેલો રૂસ્તમ ઇરાની ચાહના બીલ સારૂં ઘણીજ ધાંધલ કરે છે! મારો બેટો તમને અને મને છચોક ગાળો ભાંડે છે!"

"ઓહ માઇ ગૉડ પ્રભુ તોબા! આય અમદાવાદના બજારને વાસ્તે પ્રભુ તોબાહ! સાલ્લા દુકાનદારને કાંઇ ધીરજ ન મળે! કેટલી બધી અધીરાઇ! દુકાનવાળા સરાફ અને ઘરાક માત્ર દેવાળીઆ! શું શહેરનો ન્યાય છે! અરે દોસ્ત ખુશાલરાય કાંઇ આનો રસ્તો કાઢી આપો!"

"સાહેબ ગભરાઓ છો શા સારૂં? તેનો પણ ઉપાય છે!

આપણી પાસે ન્યુફાઉન્ડલાન્ડ ડૉગ ટોમી છે; તેને ઑફીસના બારણા આગળ નીચે બાંધો! જેવો કોઈ લેણદાર ઘાંટા પાડી ઘુરકતો આવશે કે તરતજ ટોમી સાહેબ લોતીયું લઈ તેને વેલકમ કરશે. ડૉગને એવો કેળવીને તૈયાર કરો કે જે કોઈ માગનાર આવે અને જરા કાંઈ ગડબડ સડબડ કરે કે તરતજ ઘુઘવાટો કરી તેને ચોંટી પડે! કુતરાના કરડવાની બીકને લીધે દુકાન-દારના ઉઘરાણીના ગુમાસ્તા દોઢ ગાઉ દૂર ભાગશે! અને તેમાંએ વાણીઆના દીકરા તો નવગજના નમસ્કાર કરી ચોપડા મૂકી મૂકી ભાગી જશે!"

"વાહવાહ દોસ્ત વાહવાહ તમે પણ ઠીક યુક્તિ બતાવી! અખતરો આબાદ શોધી કાઢયો! કહો વ્હાલી મિત્ર વિના આવું દુઃખ કોણ દૂર કરવાની સલાહ આપે!"

"હું તો તમને ઘણા વખતથી કહું છું કે ખુશાલરાયભાઇ જમાનાનું રમકડું છે! તમે બારીષ્ટર છો પણ એ તો બારીષ્ટરના પણ બારીષ્ટર છે! ખુશાલરાયભાઈ તમારે તો નવરાશના વખ-તમાં અહીંજ આવવું! મારા સમ છે તમારે તો જરૂર અહીં આવવું!"

"ઓહ યસ મી. બીસ્કોલી, તમારે જરૂર આવવું. તમારા વિના અમારા ધણી ધણીઆણીના ઝગડા બીજું કોણ મટાડી શકે એમ છે!"

"જાઓ મેલચંદ તે ઈરાનીને ઑફીસમાં બેસાડો."

"તેનું કેટલું બીલ છે સાહેબ?"

"અરે ફક્ત પચીસ રૂપીઆ!"

" લે આ નોટ પચાશનું છે; જા તેને વટાવીને ઇરાનીનું બીલ ચુકવી પહોંચ લઇ લે ! બાકીના રૂપીઆ પાછા લેતો આવ ! "

" અરે હાં હાં ખીસ્કોલી ! તમે મારા સારૂ આજે ભારે તકલીફ ઉઠાવી છે ! દોસ્ત આ જમાનામાં તારી કીંમત થાય તેમ નથી ! "

" અરે એમાં શું છે ! મેં મારી ફરજ બજાવી છે ! પૈસા હાથમાં આવે ત્યારે આપજો કયાં નાસી જવાના છે ? "

" અરે વાહ વાહ એ શું બોલ્યા ? દૂધે ધોઈ તમારા પૈસા મારે આપવા જોઇએ ! "

" ત્યો સાહેબ હવે કાંઇ ફરવા ચાલશો ? જરા હવા ખાઇ દીલને બહેલાવશો ? "

" હા હા ચાલો આજ તો કાંઇ હવા ખાઇ ખૂબ આનંદ કરીએ ! "

" વેલ ડીઅર ત્યારે આજ જરા ગરમ ગરમ ભજીઆં એક બે ડીસ ભરીને બનાવી દે, એટલે જરા ટેસ આવે ! "

" જુઓ પાછો ઓરડર કર્યો ! તમે ના કહ્યું હોત તો પણ હું બનાવવાના વિચારમાં હતી ! અરે તમે મને છેક બેવકુફ ગમાર ગણોછો ? હું કાંઈ છેક સુધારો સમજતી નથી ! "

" અરે ભૂલ્યો ભૂલ્યો મારી વ્હાલી ! હવે હું તારા ઉપર ઓરડર નહિજ કરૂં ? "

" અરે તમે સદાને વાસ્તે શેઈમલેસ ક્રીચરજ રહ્યા ! ઓરડરલી કામ લેવામાંજ શું સુધારાનું લક્ષ્યબિંદુ સમાએલું છે ?! જાઓ આજ હું ભજીયાં કરવાની નથી ? "

"ઑલરાઇટ મારી વ્હાલી! લાવ હુંજ આજે મારી થએલી ભૂલના દંડ તરીકે પ્રાઇમસનો સ્ટવ સળગાવી તૈયાર કરૂં!"

"કહો ભાભીસાહેબ! બારીષ્ટર સાહેબ કેટલા બધા નિખાલસ દીલના પ્રેમી છે! તમારા ઉપર કેવો અનડોન્ટેડ લવ છે! હોય એ તો ચાલ્યું જાય! ફરગેટ અને ફરગીવ એ સૂત્ર સુધારામાં ખાસ કરીને રાખવું જોઇએ!"

"હું ક્યાં ના કહું છું સાહેબ! એમનો સ્વભાવ એવો તો ભૂલકણો છે કે ઘડી ઘડીમાં તે ભૂલી જાય છે."

"વ્હાલી હવે હું નહિ ભૂલી જાઉં!! ચાલ તું કપડાં પહેરીને તૈયાર થા; એટલામાં હું જલ્દીથી ભજીઆં બનાવી લઉં!"

"લાવો રહેવા દો! હું બનાવી આપું છું! ઠીક છે કે ખુશાલરાયભાઇ તો ઘરના માણસ છે; અરે એ તો આપણું અભ્યંતર છે; પણ કોઈ અજાણ્યું હોય તો તમારી ને મારી કીંમત કરે! લ્યો હવે તમે ડ્રેસ પહેરી તૈયાર થાઓ; એટલામાં હું પણ પરવારી તૈયાર થઇ જાઉં!"

"ઓહ થેન્ક યુ માઇ ડીઅર!"

કપિલાગૌરી ભજીઆં બનાવવામાં ગુંથાણી! ખુશાલરાય ખીસ્કોલી ઑફીસની રૂમમાં બાકીના રૂપીઆ લેવા ગયા; અને બારીષ્ટર સાહેબ પોતે હાથે શેવીંગ હજામત કરી ન્હાઇ ધોઇ તૈયાર થવા લાગ્યા. કપિલા ભજીઆં તૈયાર કરી પોતાનો મનમોહક અને ફેન્સી ડ્રેસ સજવા લાગી. આજ રોજ તે કાંઇ હમેશના કરતાં

નવાજ રંગમાં હતી. તેની આંખમાં આજના પ્રસંગનો રંગ કાંઇ ઓર તરેહનોજ જામી ગયો હતો. ખુશાલરાયને વાસ્તે તેના હૃદયમાં આજે કાંઈ અવનવો ઉમળકો પેદા થયો હતો. પ્રસંગો-પાત ખુશાલરાય, બારીષ્ટરસાહેબ પાસે આવતો જતો હતો અને કપિલા સાથે પણ ઘણી છુટથી વાતચીત કરી આનંદ મેળવતો હતો. કપિલા જો કે અવળચંડી સુધારામાં છકેલી અને ફૅશનમાં તણાએલી હતી; પણ એકદમ સાહસિક મનોવેગવાળી નહોતી. તે એકદમ કોઇને દીલ આપે તેવી નહોતી; તેમ સામા માણસ સાથે એકદમ છુટથી વરતતાં અચકાય તેમ હતી. તેના મનનો મેલ એકદમ ટળી શકે તેમ નહિ હોવાથી ઘણી ઘણીવાર બારીષ્ટર સાહેબ અને ખુશાલરાય બંને જણા પુષ્કળ પ્રયત્ન કરી કરી મથતા હતા, પણ તે એકની બે થતી નહોતી. જ્યારે તેનું મન માનતું હતું ત્યારેજ તે આનંદથી બોલતી ચાલતી હતી; નહિ તો ગંભીર મુખમુદ્રા રાખી ઘણીક વાર અણગમો બતાવી ચલાવતી હતી. આજ રોજ તે ખુશાલરાય ઉપર ઘણીજ મોહ પામી હતી. તેને હૃદય રાગથી વ્હાતી હતી. એકાએક અણચિંતવ્યું તેનું મન ખુશાલરાયના દીલમાં પરોવાયું હતું; દિવસે દિવસે જમાનાના બળે લુખા થતા બારીષ્ટર સાહેબ ઉપરથી તેની પ્રીતિ ઓછી થતી હતી. બારીષ્ટર સાહેબ પણ કપિલાની અવળચંડી ટેવથી ઘણીવાર કંટાળી જતા હતા; પણ મને કમને કરીને તે મનાતી હતી ત્યાં સુધી મનાવાનો પ્રયત્ન કરી પોતાનો ઘરસંસાર ચલાવી લેતા હતા. તેમના દીલનો કલેશ એકદમ બહાર પડી શકતો નહોતો. ખુશાલરાય સિવાય બીજું કોઈ બંને

જણાના હૃદયનું અભ્યાસી નહોતું. આજે બારીષ્ટર સાહેબના હાલ હવાલથી અને ખુશાલરાયના ઉદાર હાથની સહાયતાથી કપિલાના મન ઉપર ઘણીજ અસર થઈ હતી. ખુશાલરાય જેવા સ્નેહી અને સહાયક ગૃહસ્થ સાથે જો કાંઈ દીલની ગુંથણી ગુંથી હોય તો વખત આવે અંતરની ભાવના પાર પડી શકે; અને કોક દિવસે બગડતી બાજી સુધરી શકે, એવા હેતુથી તે ખુશાલરાય પ્રત્યે સ્નેહ ભરી દ્રષ્ટિથી જોતી હતી. અત્યારે પૂરા આનંદના વેગથી અને પ્રેમના સતત્ તરંગથી ખુશાલરાય સાથે ફરવા જવા તૈયાર થઈ હતી. એકદમ તે ઉમંગમાં આવી ઝટપટ ડ્રેસ પહેરી તૈયાર થઇ ગઈ, અને ટેબલ પર ભજીઆંની ડીસો ગોઠવી ખુશાલરાયભાઇને બોલાવવા લાગી; ખુશાલરાય પણ બાકીના રૂપીઆ લઈ એક ગુમાસ્તાને ચીઠ્ઠી લખી આપી પોતાના સ્નેહીની બ્રુમગાડી મંગાવી ઝટ દીવાનખાનામાં આવ્યા. બારીષ્ટર સાહેબ પણ પૂરતા લેબાશમાં બાણીઠણી ટેબલ આગળ આવીને બેઠા; ત્રણે જણાં હળીમળી આનંદથી નાસ્તો કરી પાન સોપારી ખાઈ બ્રુમગાડીની રાહ જોવા લાગ્યાં; બારીષ્ટર સાહેબ ચીરૂટ સળગાવી ધુમાડા ઉપર ધુમાડા કાઢતા વિચાર તરંગમાં ડુબવા લાગ્યા; કપિલા પંખાથી પવન ઉરાડતી ખુશાલરાયને રીઝવવા લાગી; ખુશાલરાય પણ કપિલાના આજના અલૌકીક પ્રેમતરંગમાં પડી ઝુલવા લાગ્યો. તેના મનમાં પણ કપિલાને વાસ્તે કાંક પ્રેમ ભરી લાગણી થઈ આવી; એકંદર રીતે બંને જણાનાં ચક્ષુમાં વિકારી પ્રેમ ભાવનાની કામના તરવા લાગી! બારીષ્ટર સાહેબ આ બંનેના નવિન રાગ તથા હૃદયદાવની ભાવનામાં ભૂલા પડી

ભટકવા લાગ્યા; કપિલા થનક થનક પ્રેમમાં મસ્ત બની નાચવા લાગી; અને દરેક રીતે ખુશાલરાયને મોહથી મનાવવા લાગી; આ પ્રમાણે ભીતર ભાવનાની મસ્તીમાં તલ્લીન બનેલાં સ્નેહી હૃદયોને બ્રુમના સૂચનથી મુનિએ પ્રેમ કિનારેથી ઉઠાડયાં; અર્થાત્ દરેક જણ તૈયાર થઈ બ્રુમમાં બેસી એલીસબ્રીજ તરફ ફરવા ગયાં. ગાડી ઝડપબંધ બજારમાં જવા લાગી; અને જોતજોતામાં રસ્તો કાપી ભદ્ર નજીકના બાગ આગળ આવી; એટલામાં બારીષ્ટર સાહેબના એક મુંબાઇના સ્નેહી વકીલ મી. આથવલેએ બુમ પાડી ગાડી ઉભી રખાવી!

"ઓહોહો મી. આથવલે તમે અહીં કયાંથી?"

"હું ગઇ કાલનો અહીં છું, આવતી કાલ સાંજે બોમ્બે જનાર છું. તમારા ભણી આવવા નીકળ્યો હતો; એટલામાં રસ્તામાંજ તમારો મેળાપ થયો! લ્યો ચાલો હવે ગાડીમાંથી નીચે ઉતરો!"

"અરે ત્યારે આપજ અમારી સાથે પધારો, ચાલો ફરવા જઇ જલ્દીથી ઘેર જઈશું!"

"અરે તમેજ જરા તસ્દી લઇને ભદ્રમાં મારા સ્નેહી મિત્ર ખાપરડેને ત્યાં ચાલો! એક અગત્યનો મુકરદમો છે; તેમાં તમારી સલાહની ખાસ જરૂર છે. મારાથી હાલમાં અહીં રોકાઇ શકાય તેમ નથી. તમે એ કેસ હાથમાં લઈ અહીં ચલાવો મારે તમને અને ખાપરડેને ભેગા કરવાની ખાસ જરૂર છે; માટે ચાલો!"

"વેલ મી. ખુશાલરાય કેમ કરીશું?"

"ઠીક ત્યારે ચાલો તમે બંને જણા બેસી જાઓ, ભદ્રમાં

તમને ઉતારી દઇએ. તમે વકીલ સાહેબ સાથે મળી મુકરદમો સમજી જાઓ અને અમે પુલ ઉપર આંટો મારી ઘર ભણી વિદાય થઇશું ! ”

“ ઑલરાઇટ ત્યારે ચાલો ! ”

એકદમ ગાડી ભદ્રમાં મારી મૂકી; બારીષ્ટર સાહેબ અને વકીલ સાહેબને ખાપરડેને ત્યાં ઉતારી દીધા; અને ત્યાંથી બ્રુમ-ગાડી પરભારી એલીસબ્રીજ તરફ હંકાવી ! કપિલા અત્યારનો કુદરતી રસમય પ્રસંગ મળ્યો જોઇ અંતરમાં હરખાવા લાગી; ખુશાલરાય પણ અનુસરતો પ્રસંગ મળવાથી મનમાં મલકાવા લાગ્યો !

“ કહો ભાભીસાહેબ તબીયત તો મઝામાં છેને ! ”

“ તમારી આટલી બધી પ્રેમ ભરી લાગણીને વાસ્તે હું આપનો જેટલો ઉપકાર માનું તેટલો થોડો છે ! ”

“ બોલો હવે એલીસબ્રીજ પરથી કયાં ફરવા જઇશું ? ”

“ તમારી ધ્યાનમાં આવે ત્યાં; હું અત્યારે આપને આધીન છું ! ”

“ ઑલરાઈટ ત્યારે કાંકરીયા ભણી ગાડી ચલાવરાવું ! ”

“ હા. મારી ના નથી. ”

“ અરે રામા ! ”

“ જી ! ”

“ ગાડી ચંડોળા તળાવને રસ્તે થઇ કાંકરીયા ભણી ચલાવ ! ”

“ બહુ સારૂ સાહેબ ! ”

ગાડી ફુલસ્પીડમાં આસ્તોડીઆ દરવાજા ભણીની સડક

પર ચાલવા લાગી ! ખુશાલરાય મુંછમાં ઝીણું ઝીણું હસતો હસતો કપિલાના પ્રેમભાવ આડકતરી રીતે જોવા લાગ્યો. કપિલા પણ કાંક પ્રેમની મારી શરમાતી શરમાતી અને લજવાતી લજવાતી જરા જરા ગભરાવા લાગી; આ વખતે શું બોલવું, કેમ ચાલવું, શું કરવું તેની કાંઈ સૂજ પડી નહિ. એકદમ ઉંડા વિચારમાં ઉતરી ગંભીર બની અંગુઠાથી બ્રુમગાડીની જમીન ખોતરતી ખોતરતી મૌન ધારણ કરી બેસી રહી; વખત પણ સંધ્યાનો નજીક આવવા લાગ્યો; ધીમે ધીમે ચોગરદમ અંધારૂ થવા લાગ્યું; ગાડી દરવાજો મૂકી ચંડોળાના એકાન્ત રસ્તાની સડક પર થઇ ચાલવા લાગી; ખુશાલરાયે હવે તકનો લાભ લેવો શરૂ કર્યો; કપિલાને સારી રીતે પ્રેમમાં તન્મય બનેલી જોઈ તેણે કપિલાના ગળામાં હાથ નાંખી પ્રેમથી સારી રીતે પોતાની છાતી સરસી દાબી; અને તેનું મુખ પોતાના હાથથી પરાણે ઉચું કરી તેના ગુલાબી ગાલ પર પ્રેમનું ચુંબન કર્યું ! ચુંબન કરતાંની સાથે કપિલાના હૃદયમાં પ્રેમનો ચમકાર થયો; અને આખુ અંગ પુલકાયમાન થઇ ગયું. કપિલા પણ ખુશાલરાયના કંઠે આલિંગન કરી વેલડી સમાન બાઝી રહી. થોડીકવાર સુધી ખુશાલરાયે તેને ઘણાજ હેતથી દાબી દાબી ચુંબન ઉપર ચુંબન કરી અકળાવી દીધી; છેવટે પોતે બ્રુમમાં છે એમ ભાન આવવવાથી વિનયની મર્યાદામાં આવી પ્રેમથી તેને વાણીવિનોદના પ્રવાહથી રીઝવવા લાગ્યો.

" ભાભીસાહેબ ! મારામાં આટલી બધી મીઠાશ છે, તેની મને આજેજ ખબર પડી. બારીષ્ટર સાહેબ તમારા સારૂ

ગાંડા ઘેલા થાય તેમાં નવાઇ નથી. તમને ઘડી ઘડી મનાવે તેમાં કાંઈ તેમનો દોષ નથી. તમારૂં આખું અંગ મોહનીથી ભરેલું છે."

"આજ તમે પણ ખૂબ બન્યા છો હોં! હંમેશના કરતાં આજની તમારી લટક તો કાંઇ નિરાળીજ છે."

"ભાભી કહો ના કહો પણ તમારામાં કાંક અજબ જાદુ છે. તમારી આંખડી કમળની પાંખડીને કોરે કરે છે; અને મુખ ચંદ્રની કળા ઝાંખી કરે છે."

"સાહેબ તમે પણ મને ખૂબ ઉડાવો છો!"

"નહિરે મારી મધુરી મેનાં હું તો તમને પ્રેમથી પટાવું છું." કહી એક પ્રેમ ચુંબન કરી ગાલે ટપલી મારી હાથ ઝાલી ખૂબ દાબી!

"સાહેબ મારા જેવી બાળી ભોળીને બનાવશો નહિ! હું તો પ્રેમમાં કાંઇ સમજતીજ નથી. આજે તમે મને નવાજ રંગમાં રંગવા માંડી છે!"

"રસિલી આજે મને તમે ઘેલો બનાવ્યો છે. તમારા સિવાય જગતમાં હું બીજું કાંઈ સુંદર દેખતોજ નથી."

"વ્હાલા મને જોજો મેળવી લઇ છેતરી દેતા? મારી કરી ન્યારી ન બનાવતા! હું તો હજી અજાણ છું; મારા ચતુરસુજાણ રસિયા જોજો મને પ્રેમના પંથમાં અધવચ રાખી અકળાવતા?"

આ પ્રમાણે રસિક વાતો કરતાં કરતાં નગીનાવાડી આવી એટલે તરતજ બ્રુમ ઉભી રહી. ખુશાલરાય અને કપિલા બ્રુમમાંથી ઉતરી નગીનાવાડીમાં ચાલવા લાગ્યાં. રામો કોચમેન બ્રુમપરથી ઉતરી બીડી સળગાવી પીવા લાગ્યો. ધીમે ધીમે

વાડીના એક કુંજભુવનના વિભાગમાં કપિલા અને ખુશાલરાય દાખલ થઇ એક બાસ્ટીલ પર બેઠાં !

"કહો ભાભીસાહેબ કીયું ફૂલ લેશો ?"

"આપને જે ગમે તે ! તમારી નજરમાં આવે તે આપો!"

"ઠીક ત્યારે લ્યો આ મોગરાની કુસુમકળી !"

"હજુ તે વિકસી નથી. બીડાએલી છે !"

"ના ના, હવે તે ઝટ ખીલવાની તૈયારીમાં છે."

"ત્યારે આપ પણ આ ગુલાબ લ્યો !!"

"ના ના, ભાભીસાહેબ એને આપની પાસેજ રાખો. આપના મુખનો અને ફુલનો એક સરખો રંગ છે એટલે રંગમાં રંગ ઠીક શોભે !!"

"અરે એ ગુલાબ તો આપના જેવા નવાબનાજ હાથમાં શોભે! એના ઝીણા કાંટા મારા કરમાં વાગે તો મને બહુજ પીડા થાય !!"

"સુંદરી એ કુસુમના કંટકની પીડા ઘણીજ મીઠી હોય !!"

"ત્યારે આપ ઘણાજ મીઠા છો; એટલે મીઠામાં મીઠું સારી રીતે મિશ્ર થઇ જશે !"

"વાહરે મારી મધુરી મીઠી તારા મુખની મીઠાશે મને ઘેલો બનાવી દીધો. મનહરણી આજે મને તમે સાન અને ભાન વિનાનો કરી દીધો."

"મારા મનહર મોહન, મારૂં પણ મન તમે આજે ચોરી લીધું !"

"કહો રસિકા હવે આપણે અહીં બેસીશું કે ઘેર ચાલીશું? જુઓ રજની પણ પુર બહારમાં વ્યાપી રહી છે."

"હા. હવે આપણે ઘેર જવુંજ જોઇએ. વખત પણ ઘણોજ વિત્યો છે!"

"વ્હાલી વ્હાલનાં વિતકણાં એવાંજ હોય! આજ તો અલબેલી તમે મને ખૂબ બાંધી લીધો; સાંધી લીધો અને રૂંધી લીધો!"

"રસિક અન્યો અન્યની ગતિ સરખીજ છે. પ્રેમ ઉભય-પક્ષે સરખીજ અસર કરે છે!"

"તો ચાલો ચિત્તહર ચતુરા હવે ચાલીએ!"

"ત્યારે ચતુર ચાલો!" કપિલા અને ખુશાલરાય મંદ મંદ પગલાં ભરતાં નગીનાવાડી વટાવતાં વટાવતાં બ્રુમગાડીમાં બેઠાં; રામાએ પણ વખત વિચારી બ્રુમને મારી મૂકી! શ્રીમંત ગૃહસ્થોના કોચમેનો પણ જમાનાના સારી રીતે ખાધેલા હોય છે. તેઓ હૃદયના ખરેખરા પરીક્ષક હોય છે. કાને સાંભળેલી વાત પેટમાં રાખી શકે છે; અને આંખે દીઠેલા રંગ હૃદયમાં છુપાવી શકે છે. તેઓની ધારણા ફક્ત પેટ ભરવાનીજ હોય છે. હરકોઈ રસ્તે પૈસો કમાવો એજ તેમનો હેતુ હોય છે. શ્રીમંતોના ઉછરતા યુવકો અને યુવતીઓની તેઓ સારી રીતે મરજી સાચવી જાણે છે. એકજ કુટુંબમાં નોકરી કરી અનેક જણાની પ્રસન્નતા મેળવી શકે છે. મા, બાપ, ભાઈ, બ્હેન, શેઠ અને શેઠાણી દરેકના નોખા નોખા રસ્તા પ્રમાણે નોખી નોખી રીતે નોખ રાખી જાણે છે. દરેકની વાત દીલમાં દબાવી રાખે છે. તેઓ કેવા દીલના છે

તેની સામાને ખબર પડવા દેતા નથી. દારૂડીઆ જોડે દારૂડીઆ થાય છે; ઘરડા જોડે ઘરડા થાય છે, નાના જોડે નાના થાય છે, અને ઉદ્ધત જોડે ઉદ્ધત થાય છે; પણ દરેકની મસ્તી મગજમાં સમાવી શકે છે. જ્યારે પાપ આપોઆપ પ્રગટ થાય છે ત્યારેજ દરેક પ્રકારની મસ્તીના ઘોટાળા બહાર પડે છે; નહિ તો વરસોનાં વરસો સુધી શ્રીમંત કુટુંબોમાં અનીતિના અખાડા ચાલ્યાજ કરે છે; તેમ આપણો કોચમેન રામો પણ અત્યારે વખતને વિચારી બ્રુમ સપાટાબંધ હંકારી બારીષ્ટર સાહેબના ઘર આગળ આવ્યો અને બંને જણાંને ઉતારી તરતજ બ્રુમને ડેલામાં દાખલ કરી ઘોડા છોડીને ચાકરી કરવા મંડી પડયો. રામાને જતી વખતે ખુશાલરાયે એક દશ રૂપીઆની નોટ હાથમાં મૂકી દીધી. નમન કરી રામાએ નોટ ખીસ્સામાં ઘાલી; આંખ મારી હસીખુશીથી વિદાયગીરી લઈ રસ્તે પડી ગયો. ખુશાલરાય અને કપિલા બંને જણાં વિકારમાં છલકાતાં છલકાતાં દીવાનખાનામાં આવ્યાં; એક આરામચેર પર ખુશાલરાય પડયો, અને કપિલા તરતજ તેની પ્રાઈવેટ રૂમમાં ડ્રેસ બદલી સાદા આછા અને ઘણાજ મોહક પોશાકમાં સજ થઇ પંખો હલાવતી હલાવતી ખુશાલરાય પાસે આવી; અન્યોઅન્ય મંદ મંદ હાસ્યે નચાવતાં નયને અને ઉછળતા હૃદયે સ્નેહ રાગમાં પુલકાયમાન થવા લાગ્યાં. હૃદય સાહસ કરવાને ઉશ્કેરાઈ ગયાં પણ નયન આમન્યા અને શરમના શેરડામાં પડી ગયાં; અર્થાત્ એક બીજાએ શું કરવું તેના વિચારમાં પડી ગયાં; ખુશાલરાય વખતનો વિચાર કરી સાહસ ન કરવું એવું હૃદયમાં ધારી ધીમે ધીમે વિકારને દબાવવા લાગ્યો. કપિલા

સ્નેહરાગમાં ઘણીજ આગળ વધી ખુશાલરાયને પ્રેમમાં તન્મય કરી તેના હૃદયની અધિકારી થવા સારૂ પ્રયત્ન કરવા લાગી. અવિચારી અબળા એકદમ પ્રબળા થવા લાગી; ભિરૂતાનો એકાએક ત્યાગ કરી સાહસમાં દોડવા લાગી!

"લ્યો ભાભીસાહેબ હવે હું રજા લઇશ!"

"અરે સાહેબ બે ઘડી તો બેસો! આપે આજે ઘણીજ તસ્દી લીધી છે!"

"તેમ તમે પણ મારા હૃદયના પ્રેમની કદર કરી મને કૃતાર્થ કર્યો છે! મનમોહની તમારા હૃદયની ઉદારતાને વાસ્તે હું તમારો ઘણોજ ઓશીંગણ છું!"

"સાહેબ હું ભોળી છું! બાળા છું! મને બધું સારૂં સારૂં અને સુંદર લાગે છે! તમારી સારાશમાં અને સુંદરતામાં હું મુગ્ધ થઇ ગઇ છું!"

"ભાભી હવે બહુ થયું! મને રજા આપો!"

"અરે બળ્યું બેસોને! જવાય છે! આમ ઉતાવળ શું કરો છો! તમારા મિત્ર આવે એટલે ખુશીથી જજો!"

"આજે તેમનું કાંઇ મનાય નહિ, મુકરદમાનું કામ એટલે કાંઇ અનુમાન ન થઇ શકે! બે પૈસા પેદા કરવાનો અત્યારે સમય છે; એટલે બારીષ્ટર સાહેબ વધુ રોકાય તો ના પાડી શકાય નહિ!"

"સાહેબ આજનો પ્રસંગજ કાંઇ ઓર છે!"

"હા, તેમાંયે તમારા હૃદયનો રંગ પણ કાંઇ વધુ ઓર છે."

"મારા વ્હાલા આજે તમારી અને મારી કીંમત થઇ. હૃદયભાવનાની અલૌકીક કસોટી થઇ!"

"ભાભીસાહેબ, આજે મેં તમને સારી રીતે ઓળખ્યાં!"

"ત્યારે સાહેબ! મેં પણ આપને અધિક રીતે ઓળખ્યા!"

"અલબેલી તને તો આજે મેં અંતરમાં સજ્જડ રીતે જડી લીધી!"

"અલબેલા મેં પણ તમને હૃદયમાં મઢી લીધા!"

"તો વ્હાલી હવે ભવિષ્યમાં ઘણોજ આનંદ થશે!"

"હા....મારૂં મન પણ સાક્ષી પૂરે છે કે હવે અમારૂં અંતર દુઃખ દૂર થઈ જશે!"

"ચાલો આનંદની વાત પણ મને હવે જવા દો!"

"અરે આમ જઉં જઉં શું કરો છો?"

"ના હવે મારે જવુંજ જોઇએ!"

"બસ ત્યારે જશોજ!"

"હા."

"અરે આમ તલસાવીનેજ જશો!"

"લાચાર! જવુંજ પડશે!"

"અરે પણ વ્હાલા જવાય છે!" આ પ્રમાણે કહી કપિલા પ્રેમમાં ઉન્મત્ત બની ખુશાલરાયની કોટે બાઝી પડી; ખુશાલરાયે પણ તેના પ્રેમનો સત્કાર કરી તેને ચુંબન પર ચુંબન કરી વધાવી લીધી. પ્રેમથી ગદગદીત થઇ સ્નેહથી ખૂબ દબાવી સમજાવવા માંડી!

"વ્હાલી હજુ પ્રેમની શરૂઆત છે! અધિક સાહસ

અનુગમો ઉત્પન્ન કરાવે છે."

"મને હવે તમારા વિના ઘડી પણ નહિ ગમે!"

"મનને શાંત કરો. વિહ્વળ ન બનો!"

"હા પણ તે મારા અધિકારમાં નથી. જેની સત્તા તમારા પર અને મારા પર અત્યારે ચાલી રહી છે તેણે મને પરવશ બનાવી દીધી છે! જવાય છે ચાલો કૉચ પર તો બેસો! હું પાન કરી આપું! ખાઇને પછી જાઓ!"

"પ્રિયે હવે પાનથી શું અધિક છે!"

"તો પણ ખાતા જાઓ, ચાલો આવો મારા સમ તમને!" કહી બળ કરી પરાણે કપિલા ખુશાલરાયનો હાથ ઝાલી તાણી ગઇ; અને દીવાનખાનાનો જ્યાં પલંગ હતો ત્યાં સુધી સરજોરી કરી ઘસડી ગઈ અને કૉચ પર ખુશાલરાયને બેસાડી પોતે ટેબલ પર પેટી મુકી પાન કરવા બેઠી!

"ભાભીસાહેબ તમારો પ્રેમ મારા ઉપર તો કાંઈ અલૌકીકજ છે. જેમ જેમ વખત જાય છે તેમ તેમ તેની ખૂબીનું કાંઇ નવું ને નવુંજ દર્શન થાય છે!"

"સાહેબને ક્યાં પરવા છે? આટલું આટલું ખોળા પાથરી પાથરીને વિનવું છું છતાં પણ બે ઘડી બેસતા નથી, એ દુ:ખ કોને કહેવું!"

"લ્યો હવે પાન લાવો! રૂશણામાં રાત ઘણી ગઇ! હૃદય પ્રીતિથી રંગાઇ ગયું! હવે તો જવા દ્યો!"

"ચાલો આજ તો પાન હું મારા હાથ થકી તમારા મોંમાં મૂકીશ! કહી કપિલાએ ખુશાલરાયના મોંમાં પાનની બીડી

મૂકી દીધી; અને પોતે કંઠે બાઝી ખૂબ બળ કરી ખુશાલરાયને પ્રેમના માર્ગમાં ઉશ્કેરવા લાગી; ખુશાલરાય પણ જમાનાનો ખાધેલો હતો; તેથી એકદમ છુટનો લાભ લેવાનું મોકુફ રાખી કપિલાને પ્રેમ તરંગમાં ચઢાવી ફોસલાવવા ખાતર તેના મુખમાં પોતાનું ચાવેલું અરધું પાન અધર સાથે અધર અડાડી મૂકી દીધું અને તેને જતાં જતાં એક ચુંબન કરી પરાણે હાથ ઝાલી પ્રેમથી પટાવતો પટાવતો દીવાનખાનાની બહાર આવ્યો; અને પોતે નીસરણીનાં પગથીઆં ઉપર પગ રાખી તેનો હાથ હાથમાં ઝાલી તેને કહેવા લાગ્યો–"

"ભાભીસાહેબ માફ કરજો! હાલમાં હું જાઉં છું!"

"વાહ....વાહ....સાહેબ મને છળ કરી છેતરીને જાઓ છો!!"

"લ્યો વ્હાલી હવે રજા લઇશ!" કહી હાથ પર જતાં જતાં ચુંબન કરી નિસરણી ઉતરવા લાગ્યો; એટલામાં અચાનક અને એકદમ સુંદરલાલ બારીષ્ટર સાહેબ પાછલા હૉલનું બારણું ધકેલી દીવાનખાનામાં આવ્યા! કપિલાએ તરતજ બારીષ્ટર સાહેબને જોઇ વાતનો રંગ એકદમ ફેરવી નાંખ્યો!

"લ્યો ખુશાલભાઈ આ તો તમારા સાહેબ એકદમ પાછલા હૉલમાંથી આવ્યા હવે આમ કયાં નાસીને જશો!"

"ઓહ માઈ લવ હજુ સુધી તું જાગે છે! અરે મિત્ર ખુશાલરાય હજી સુધી તમે ઘેર નથી ગયા?!"

"સાહેબ ભાભીસાહેબ અહીંથી જવા દે ત્યારેને હું જાઉં! એ તો જક લઇને મારી પાછળ મંડયાં છે કે તમારા સાહેબ

આવે ત્યાં સુધી બેસો ને પછીથી સાથે જમીને ઘેર જાઓ! એકલા જવાય નહિ; તમારા સાહેબ હમણાંજ તમને મળવા અધીરા બની આવશે!"

"યસ માઇ ડીઅર કવાઇટ રાઈટ યુ આર! તું મારા હૃદયની વાત ખરેખરી રીતે જાણી ગઈ છું. મિત્ર ખુશાલરાય સાલ્લો પ્રસંગ એવો ઓચીંતો બન્યો કે મારે એકાએક તમને છોડીને જવું પડયું. માફ કરજો મિત્ર મારાથી એટીકેટનો ભંગ થયો છે. હું તમને ઘણો ધન્યવાદ આપું છું કે તમે અત્યાર સુધી મારા ઘરમાં રહી તમારા પવિત્ર પ્રેમની મને ખાતરી આપી છે. માઇ ડીઅર કપિલા તારો પણ હું ઉપકાર માનું છું કે તેં પણ સુધારાની પોઝીશન સારી રીતે જાળવી રાખી છે. મારા મિત્રને પરાણે પરાણે મારા આવતાંસુધી રોકી રાખ્યા છે. ખરેખર ફ્રેન્ડ મી. ખીસ્કોલી આજ તો આપણે બધાંએ સાથે જમીને આનંદ કરવો જોઇએ. તમે આજે મારા ઉપર ઘણો ઉપકાર કીધો છે. રૂસ્તમ ઇરાનીના જાલિમ દુ:ખમાંથી મને મુકત કર્યો છે! એ બધો ધન્યવાદ તમને અને આ માઈ ડીઅર કપિલાને ઘટે છે!"

"બારીષ્ટર સાહેબ! ખરો ધન્યવાદ તો આ મારી વ્હાલી ભાભીસાહેબને ઘટે છે! તમારી ગેરહાજરીમાં એમણે મને ઘણુંજ માન આપ્યું છે અને તમારા પ્રેમની જરા પણ ન્યુનતા આવવા દીધી નથી. સુધારો, પોઝીશન અને એટીકેટ તે ઘણીજ સારી રીતે સમજે છે!"

"ઓહ્ યસ તે હું પણ ખુશીથી કબુલ કરૂં છું!"

"હ્યો ફ્રેન્ડ ચાલો હવે આપણે જમી લઇએ!"

"એમ! જમ્યા વગર નહિજ ચાલે!"

"ના સાહેબ નહિજ ચાલે!"

"ઠીક ત્યારે ભાભીસાહેબનું કાંઈ અપમાન થાય?"

"હ્યો ચાલો ટેબલપર બેસીએ, રાત ઘણીજ ગઇ છે!"

"ચાલો તમને ના પડાય!"

"માઇ ડીઅર ખુશાલરાય, એ ફ્રેન્ડ ઇન નીડ ઈઝ ફ્રેન્ડ ઈનડીડ! જે હૃદય પારખી હૃદયને સાચવી રાખે તેજ હૃદયનો જાણુ સન્મિત્ર. કહેવાય! આજે મારો આનંદ માતો નથી. મારા દોસ્ત ખુશાલરાય તમે આજે મને નવું જીવન અને નવો ઉત્સાહ આપ્યો છે!"

"મેં મારી ફરજ બજાવી છે. સારા માણસો હંમેશાં બીજાને સારા જુએ છે!"

"ડીઅર કપિલા તેં પણ આજે મારૂં ઘણુંજ માન રાખ્યું છે!"

"સાહેબ, ભાભીસાહેબ એતો તમારા ઘરનું એક રત્ન છે, શ્રૃંગાર છે! સુધારાનો સાર છે!"

"યસ કવાઇટ રાઇટ હમેશાં ફૅશનમાંજ મારી વ્હાલીનો વિલાસ છે!"

આ પ્રમાણે વાતચિત કરતાં કપિલા, ખુશાલરાય અને બારીષ્ટર સાહેબ ટેબલ પર ખાવા પીવાની મોજ મારવા લાગ્યાં. વ્હાલા વાંચકો આતે "ફૅશનમાં વ્હાલીનો વિલાસ કે લેશનમાં લક્ષ્મી અને નીતિ ખલાસ!"

પ્રકરણ ૪ થું.

સુધારાની સલા' કે ફેશનની બલા ?

દોહરો.

આલમથી અતડી રહી, ભલકે ફરે ભણેલ;
પગ પૃથ્વી પર ના ધરે, ઉરે ગુમાન ભરેલ.

જગતમાં જ્યાં સુધી સ્વાર્થ હોય છે, ત્યાં સુધીજ વળગ્યા રહેવાનો ક્ષુદ્રજનોનો સ્વભાવ છે. કાગડાને શ્રાદ્ધપક્ષમાં ખીર ને રોટલી મળે છે, ત્યારે ચોગરદમથી એકઠા થઈ વીંટાઈ વળે છે, પણ શ્રાદ્ધપક્ષ જતાં તેઓ દૃષ્ટિએ પડતા નથી; એવી રીતે અસ્ત સમય થતાં અને પડતીના પ્રસંગે સ્વાર્થીજનો એકદમ અચાનક અલોપ અને અદૃશ્ય થઈ જાય છે.

સટ્ટા વધ્યા દટ્ટા વધ્યા હટ્ટા થયા જન વાયદે,
બંધન તુટ્યાં, ફંધન તુટ્યાં નરનારી છુટાં કાયદે;
કાળે રૂઢી બદલાઇને કાળે નવલ ધારા રચ્યા,
કાળે વરે વિધવા પુનર કરતા મદદ મોટા મચ્યા.

સુવર્ણ જોઇને ચોરીનો ભય ન રાખે, યુવાન સ્ત્રી જોઇને લજ્જાનો ભય ન રાખે, મિષ્ટાન્ન જોઇને અજીર્ણનો ભય ન રાખે, અને સંસારના મોહક વિષયો જોઇને

મરણુનો ભય ન રાખે, તો અંતે હાનીજ થાય છે. નદીનો પ્રવાહ હમેશાં ઢળતી જગો તરફજ વહે છે, અને જેમ ઢોળાવ વધારે તેમ તેનો વેગ વૃદ્ધિ પામે છે, તેની પેઠે મનોવૃત્તિ રૂપી સરિતા પણ નીચાં કાર્યોમાં ઉતાવળથી ગતિ કરે છે.

*　　*　　*　　*

સહુ ઘરનાનાં મન ચોરાયે, ગમે ન કોઈનું બોલ્યું કાન;
સુધાસમ શિખામણુ દેતાં લાગે કડવી ઝેર સમાન.
સંપ તણો સંહાર કરીને કરવાં સૂઝે છે તોફાન,
અનુભવી અક્કલથી જાણો પડતીનાં છે એજ નિશાનઃ—૦
ઉંઘ આળસના વધે પોટલા, બે દરકારી ઝાઝી થાય,
નિંદા કરવી ગમે જગતની ગાણાં બિભત્સ મુખથી ગાય;
અપશબ્દોના ઓઘજ વાળે વચનો રૂપી દે જે ડામ,
આંખ ઉઘાડી જ્ઞાની જાણો પડતીનાં છે એજ નિશાનઃ—૦
ધંધો કરવો કંઈ નહિ સૂઝે, દે ડાંપણુ વિસારી જ્ઞાન,
ખાવા પીવા ઉડાવવાને દોરાયે દુર્ગુણમાં ધ્યાન;
છીનાળાં કરવાં સૂઝે છે આખર બનવાને હેરાન,
સહુ સજ્જનને કહું છું સાચું પડતીનાં છે એજ નિશાનઃ—૦
સદ્ વિચારો મનમાં ના'વે જન હિતકારી કરવા કામ,
થઇ નવરા ને ગણ્યા કરે છે જ્યાં ત્યાં જઇને જે તે ધામ;
મગરૂરી મનમાં બહુ લાવે ગણે ન મનથી કો ગુણવાન,
ચતુર ચેતો ચિત્તમાં નિત્યે પડતીનાં છે એજ નિશાનઃ—૦
ઘર નારી ઘરમાં હોય રૂડી તદપિ રાખે લુચ્ચી રાંડ,
નર્ક દ્વારમાં લઈ જનારી લુંટારી ધુતી જગ દાંડ;
મનથી જાણે તદપિ રાખે બોળીને નિજ કુળનું નામ,
અવલોકન કરશો કોવિદ મન પડતીનાં છે એજ નિશાનઃ-૦

*　　　*　　　*　　　*

" જમાનો વહી ગયો જૂનો અરે ફેશન વિના સૂનો;
અમારો શૉખ પ્યારો છે અમારો એ સુધારો છે.
ભલે ઘરમાં નથી ખાવા ભલે બાપા બને બાવા;
નવિન પોશાક પ્યારો છે અમારો એ સુધારો છે.
ગમે ના ઘર માંહી ખાવું સદા હૉટલ વિષે જાવું;
નહાંનો સ્વાદ સારો છે અમારો એ સુધારો છે.
અહાહા બ્રાન્ડી ને બીડી અમારી સ્વર્ગની સીડી;
પીએ ના તે ગમારો છે અમારો એ સુધારો છે.
અમે તો પ્યારમાં ઘેલા ચતુરાના બન્યા ચેલા;
ગુરૂજી એ અમારો છે અમારો એ સુધારો છે.
ગમે તે જ્ઞાતિનું ખાવું અરે એઠું જૂઠું કેવું;
ખરે ખોટા વિચારો છે અમારો એ સુધારો છે. "

" મણિકાન્ત. "

દેશકાળ જેમ જેમ બદલાય છે તેમ તેમ વ્યવહાર રૂઢી પણ બદલાય છે. જેમ જેમ મનુષ્યોના આચારવિચાર બદલાય છે તેમ તેમ અહાર વિહાર પણ બદલાય છે; અને ધીમે ધીમે જમાનાના પ્રવાહ સાથે સંસ્કાર ભાવના પણ નષ્ટ થઇ નઠોરતા અને કઠોરતા સર્વત્ર વિલોકાય છે. પ્રસ્તુત ધોરણ પ્રમાણે કાન્તા અને કાલુભા ઠાકોર સાહેબના સ્નેહલગ્ને આખા તોરણગઢના સ્ટેટમાં સુધારો પુનઃલગ્ન અને ફૅશનનું વાતાવરણ વિસ્તૃત કરી દીધું. સમગ્ર પ્રજાવર્ગમાં એક છેડેથી તે છેક બીજા છેડા સુધી ફૅશન અને કેળવણીની ચર્ચા ચોગરદમ ચાલી રહી. રાજ્યના તમામ મૂલ્કી ખાતાઓમાં સ્ત્રી અધિકારીઓથી જગ્યાઓ પૂરાવા

લાગી. ઠાકોર સાહેબના ભાયાત વર્ગમાં સર્વત્ર હાહાકાર વરતાઈ રહ્યો. રાજરાણી રૂપાળીબા પણ સ્નેહલગ્નની સમિક્ષાના સંતાપથી પ્રાણ પરહરી પંચત્વને પામી ગયાં. દરબાર સાહેબને હવે મનગમતું કરવાનું પર્વ આવ્યું. વચ્ચેથી પ્રીતિ અંકુશનો કંટક નષ્ટ થવાથી મનમાનતી સ્વતંત્રતા પ્રાપ્ત થઇ. રઘલો ખવાસ પણ દિનમાન ફરવાથી દીવાનથી જાદે દમામ રાખી દમમાં મહાલવા લાગ્યો સ્ટેટથી દશેક માઇલ દૂર સ્નેહલગ્નના હનીમુન ચંદ્રરજની સારૂ એક ભવ્ય અને દીવ્ય બગીચાના બંગલામાં દરબાર સાહેબનો મુકામ રખાવરાવ્યો. રાત દિવસ દરબાર, રઘલો અને કાન્તા એ ત્રણે જણાં ઋતુ ઋતુના વિવિધ વિહાર કરવા લાગ્યાં. રાજકાજનો ઘણો ખરો કારોબાર કાન્તાએ પોતાની સાહેલી સ્ત્રી અધીકારીઓના હાથમાં સોંપ્યો. કાન્તાએ પોતાનો પક્ષ જેટલા પ્રમાણમાં વધારી શકાય તેટલા પ્રમાણમાં વધારી મજબુત બનાવ્યો. દરબારને એક પાળેલા પોપટ સમાન ધારી કાન્તા અને રઘલો ખૂબ રંગ ઉડાવવા લાગ્યાં. રઘલા સાથે રંગરાગ માણવાના નિમિષે દરબારને ખૂબ મીઠા શબ્દોના કૃત્રીમ હાવભાવથી હુલાવીફુલાવી તરેહતરેહનાં ફરનીચર, ખાનપાન, વસ્ત્રાભૂષણ, દરદાગીના અને રંગનાં સાધનો દેશ દેશાવરથી ખરીદ કરાવરાવી બગીચાના બંગલામાં એકઠાં કર્યાં. દરબારી મોટરોમાં રઘલાએ પણ ખૂબ તરેહથી બેસી ફરવા માંડયું. પોતાના સાથીઓને પણ સારી રીતે હાથ ભરાવી ન્યાલ કરવા માંડયા; કાન્તાએ પણ પોતાની સુધરેલી સહીપણીઓને બંગલામાં એકઠી કરી કરી દરબાર સાહેબ પાસેથી પોશાક પારિતોષિકથી

તૃપ્ત કરાવી પોતાની બોલબાલા બોલાવરાવવા માંડી. કેટલીક કાન્તાની હાજી હા કરનારી અને રાતદિવસ કાન્તા અને રઘલાની તહેનાતમાં રહેનારી સુધરેલી સુંદરીઓના સ્વામીઓને પણ દરબારમાં કેટલાક સારા સારા હોદ્દાઓ દરબાર પાસેથી અપાવરાવ્યા. લાયક અને નાલાયકનો પ્રશ્ન ફૅશન અને સુધારાના આડંબર આગળ દબાઈ જવા લાગ્યો. આ પ્રમાણે સ્નેહલગ્નનું પોલંપોલ વરસ દિવસ સુધી ઠીક ઠીક ચાલવા લાગ્યું. દરબારી તીજોરીનું તળીયું પણ જરાતરા દેખાવા લાગ્યું. કાલુભાના બનેવી સમરસિંહ પરમાર પર કેટલીક નનામી અરજીઓ રાજકન્યાના હીતની જાળવણી સારૂ રૈયત તરફથી લખાઈ લખાઇ જવા લાગી. આખા રાજ્યમાં અંધાધુનીનો કારભાર ચાલવા લાગ્યો. ખૂન, બળાત્કાર, ચોરી અને લુંટફાટ દિવસે દિવસે વધવા લાગી. રૈયત વર્ગમાંથી કેટલાક વિબુધજનો પણ ધીમે ધીમે બીજા સ્ટેટોમાં જઇ વસવા લાગ્યા. અંધાધુનીનો જરા પણ અવાજ કાન્તા અને રઘલાએ દરબારના કાન સુધી આવવા દીધો નહિ. દરબારને રાત ને દિવસ રંગમાં ગુલતાન બનાવી રંગમાંજ લોટાવવા માંડયા.

એક દિવસે દરબારના કેટલાક કારકુનો અને રૈયત વર્ગમાંના કેટલાક આગેવાન ગૃહસ્થો આંધળીઆં કરી બગીચાના બંગલામાં જબરજસ્તીથી આવ્યા. રઘલા અને કાન્તાએ બને તેટલા પ્રયાસો કરી આગેવાનોની વાત ઉડાવવા માંડી અને બીલકુલ દરબાર સાહેબ સાથે મુલાકાત થવા ન દીધી. આખરે આગેવાનમાંના એક જણે રઘલા અને કાન્તાને ઘણીજ

સખત ધમકી દીધી, અને છેવટે તેમના સમક્ષ કટાર ખાઈ મરવાનું સાહસ સુણાવી દરબાર સાહેબની મુલાકાત માગવા માંડી. રઘલો બાજી છેક હાથથી બગડતી જોઇને દરબાર પાસે આગેવાનમાંના થોડાક જણને લઈ ગયો. કાન્તા પણ બણીઠણી દરબાર પાસે બેસી દરબારને ઉશ્કેરવા લાગી. દરબાર પણ છાંટા પાણીના છંટકાવમાં જેમ આવે તેમ તેઓને ધમકાવવા લાગ્યા.

" કહો તમારે શું કહેવું છે? માળા અત્યારે પણ મારા રંગમાં ભંગ પડાવવા કેમ આવ્યા છો ? "

" સાહેબ એક અગત્યનો મુકરદમો આપને સંભળાવવાનો છે ! "

" અત્યારે અમે તમારા મુકરદમા સાંભળવાને નવરા નથી સમજ્યા ? જે કાંઈ હોય તે આ મારી કાન્તા રાણીને કહો ! "

" અરે પણ સાહેબ આતો તમારે ખાસ સાંભળવા જેવો છે ! "

" અરે જે કાંઈ હોય તે લખીત જણાવો ! મોંની વાત કાંઈ કામમાં ન આવે. તમે તમારે અરજીઓના થોકડા મૂકી ચાલતા થાઓ ! કાગળમાં લખાણું તેજ વંચાણું સમજ્યા ! "

" અરે પણ બાપુ આમાં નિર્દોષ માર્યો જાય છે ! "

" ત્યારે મરવા દો ! રાજ્યમાં ક્યાં નવા જન્મની ખોટ થવાની છે ? "

" અરે ભગવાન ! "

" જાઓ અહીંથી રસ્તો પકડો ! ભગવાન આભલામાં બિરાજે છે ! "

"કહો ત્રીકમલાલ તમારે શું છે?"

"સાહેબ એક ખૂનનો કેસ છે!"

"ખૂન! ખૂન તે વળી મારા રાજ્યમાં! થવા દ્યો! તેમાં પ્રભુનો હાથ હશે. મરનારનો જો કાળ આવ્યો હશે અને ઈશ્વરને તેની જરૂર હશે માટેજ ખૂન થયું હશે! એનું મોત નિરમાણુ થયું ત્યાં આપણે શું કરીએ? કેમ રઘા ખરૂં છેને?!"

"જી હા, જી હા; બાપુ પ્રભુની મરજી સિવાય એક પાંદડું પણ હાલતું નથી!"

"કહો તમારે શું છે?"

"સાહેબ એક વ્યભિચારનો કેસ છે અને તેના ઉપર ખુદ આપ સાહેબને અપીલ કરવાની છે!"

"અરે વ્યભિચાર! શું મારા રાજ્યમાં વ્યભિચાર! છટ્ એવું કદી બનેજ નહિ. બાઈનો ધણી બાઈ ઉપર ખૂબ જુલમ ગુજારતો હોવો જોઈએ. તેથી બિચારી બાઈ કાંઈ આઘીપાછી થતાં તરકટી લોકોએ અને સુધારાના શત્રુઓએ વ્યભિચારનું તહોમત મૂકી દેવડીમાં દોરી હોવી જોઈએ! પ્રેમના બજારમાં વ્યભિચાર હોયજ નહિ! કેમ કાન્તા રાણી હું ખોટું કહુંછું?"

નહિજી! અક્ષરે અક્ષર સત્ય કહો છો! ગરીબ બિચારી સ્ત્રીઓ ઉપર સુધારાના વિરોધીઓને સત્તા બજાવવી છે, અરે તેમને ગુલામડી ગણી રાત દિવસ કામ લેવું છે; તે શી રીતે લેવાઈ શકાય? આ તો દુઃખે છે પેટ અને કુટે છે છાતી! જ્યાં ત્યાં સ્ત્રીઓને સંસારમાંથી કલંકિત કરી ઉતારી મૂકવાની બાજીજ રચી બેઠા છે!"

"બરાબર બરાબર તમારૂં કહેવું વાસ્તવિક છે! માળો એ બાઇનો ધણીજ બેવકુફ હોવો જોઇએ! તેનામાં એવા શા રામ કે તેને મૂકી બાઇને બહાર જવાની વખત આવે! ચલાવો તે કેસ અપીલમાંથી કાઢી નાંખો! માળા આવા આવા અક્કલના અરી માથું ફોડાવવા શીદ આવતા હશે!"

"સાહેબ આ એક રેવન્યુખાતામાં રૂશવતનો ઘણોજ જરૂરી કેસ છે."

"શું રૂશવત! અને તે વળી મારા સ્ટેટમાં! અરે જાઓ ભાઇ જાઓ એવું કદી બનેજ નહિ; અને તેમ છતાં ધારો કે બન્યું તો આપનારના નસિબમાંથી જવાનું હશે અને લેનારના નસિબમાં એટલું ધન પ્રાપ્ત થવાનું હશે તેમાં નાહકના દરબાર ચડી શું કામ લોકો પૈસો બગાડતા હશે? માળા મુર્ખો એટલું પણ સમજતા નથી કે 'જે જાય દરબાર તેનાં જાય ઘર-બાર' કેમ રઘલા ખરૂં છે ને?"

"જી, જી, જી, જી હા, હા. બાપુનું કહેવું કદી ખોટું હોય?"

"કહો કેશવલાલ તમારે શું છે?"

"સાહેબ પેલાવાળો કેસ!"

"કીયો, પેલામાં હું કાંઇ સમજતી નથી!"

"આપની બેનપણીના મામાજીનો! પેલા વિવાહ ભંગનો!"

"ઠીક ઠીક જાઓ તમે એ કેસના દરકારીઓની જુબા-નીઓ પુરાવા વગેરે લઈ કેસ કરી સહી માટે રજુ કરજો!"

"અરે પણ બાસાહેબ હું એકલા હાથે કેટલું કામ બજાવું!"

"અરે તમે તો કેવળ ગધાડા જેવા છો! નકામું માથું ફોડાવો છો; આમ ઉમ્મરમાં વધ્યા જણાઓ છો; પણ અક્કલમાં ભમરડા જેવા છો!"

"અરે પણ બાપુ મારૂં પોતાનું કામ પણ એટલું બધું છે કે તે પણ હું માંડમાંડ પૂરૂં કરૂંછું. મારી મદદમાં કોઇ કારકુન પણ હાલ નથી; તમારી બ્હેનપણીનો વર પેલો પ્રાણુલાલ તેને પણ તમે આઘો કાઢયો!"

"કામ કરનાર કોઇ ન હોય તો જાઓ ધરામાં પડો! રાજીનામું લખી આપો કાં તો રજાનો રીપોર્ટ દઇ ઘર ભેળા થઈ જાઓ!"

"થઈ રહ્યું! બાપુ પતી ચૂકયું! નેવનાં પાણી મોભે ચઢયાં! તન તોડી તોડાવીને જાનને જોખમે હરિની નજરે કામ કરતાં આ વાળ ધોળા થઇ ગયા, અરે ડાચાં બેસી ગયાં, અને છેવટે અમારૂં સર્વસ્વ તમારી તહેનાતમાં સોંપ્યું તેના બદલામાં ગધેડાનો ચાંદ મળ્યો! વાહ નસિબ વાહ!"

"અરે જાઓને મારા ભાઈ 'જે કરતા હો તે કરો અને છાશની દોણી ભરો' નોકરીઆત માણસને વળી જીભ હલાવવાની વેળા આવતી હશે! માળુ આ સુધારાના જમાનામાં શરીર બળને બદલે ડાચાબળ બહુ વધી ગયું!"

"અરે બાપુ તમારા શુકન હું માથે ચઢાવું છું; પણ સાહેબ આપ આમ ભગવાનને આધીન રહી આંખ આડા કાન કરો એ ઠીક નહિ!"

"અરે માળા મૂરખ! આમ ભગવાનને આધીન ના રહીએ તો ક્યાં જઇએ! હરિ અને ભગવાન કાંઇ જુદા છે? એ તો જ્યાં આંખ આડા કાન કરવા પડતા હોય ત્યાં કરવા પણ પડે! હરિના અખાડામાં રણશીંગડુ ક્યાં ફુંકાય છે તેની કોને ખબર પડે!"

"અરે પણ બાપુ મને એક મદદગાર આપો એટલે ઝટ કામ પુરૂં થશે! પણ બાપુ કીરપા કરી કોઈ મરદ કારકુન સોંપાવજો! ભણેલી મહેતીઓ કચેરીમાં ન ઘાલશો! બાપા ભણેલીથી પરભુ તોબા!"

"એ તે સાળુ શી રીતે બને? તમારૂં કામ કરી શકે એવો બીજો કીયો કારકુન છે? જોઇએ તો આપણા લાંબા ઉમરખાનને લઈ જાઓ! એ કેસ ઠીક ચલાવશે!"

"બાપુ એ વાત પણ બનવી અશક્ય છે. મીઠું મીઠું હશે તે આપ ખાશો અને કડવું કડવું હશે તે ઉમરખાનભાઇને મોકલશો એ કેમ બનશે? માટે એમને મોકલશો તો કામ પાછાં ધકેલાશે અને નાહક આબરૂના કાંકરા થશે! એ લાંબામાં કામ કરવાની આવડત નથી અને નાહક મિજાશ ભારે છે; માળો મોંનો બહુજ મીઠો છે; જેને તેને કુવામાં ઉતારી હાથ મુકાવશે, પણ વખત આવે દરબારી મોટરનું પૈડું ફરે તેમ ફરી જશે!"

"અરે જહાન્નમમાં જાય સાળુ આ તમારૂં ખાતું! અરે ઉંધ્યાં તેનાં કામો! મારા તો જવાબ દઇને દઇને લમણા દુખવા આવ્યા. રઘલા ચડ હાસ્ય મેડીમાં! લાવ જરા રંગનો જામ! રઘલા જરા થવા દે!"

"ખમા બાપુને ખમા! થવા દો! રંગ વગર રંગ આવેજ નહિ."

"તો ચાલો હવે મહેલાતમાં! માળુ હાળુ બે ઘડી નવરા બેઠા કે આ આવી જીત ખાધો! શું દરબાર થયા તે કાંઈ ગુનેહગારી કીધી!"

"અરે નારે બાપુ! જેને હાથ દુનિયાની સરદારી તેજ દરબાર! જેને માથે આખા અમારા જેવા રાંકાની જવાબદારી તેજ દરબાર! અને જેના હાથમાં આવાં ભણેલાં ગણેલાં સુધરેલાં મનગમતાં કાન્તા રાણી સાહેબની મુખત્યારી તેજ દરબાર!"

"અરે દરબાર એટલે શું? તો આખા જગતના એક બીજા કીરતાર! તેને કોની દરકાર! તે તો દરેકના સરકાર! ફાવે તેમ કરવાના એજ એકલા મુખત્યાર! દરબારના તે વાદ હોય! તે જે કરે તે સારૂજ કરે! માળા આ સ્ટેટના લોકોજ બેવકુફ છે કે જે દરબારના કામ પર ટીકા કરે છે! એવા ટીકા કરનારાઓને તો અવળી ઘાણીમાં પીલી નંખાવવા જોઇએ!"

"ત્યારે રઘા હવેથી આવા મુકરદમા તો તારેજ ચુકવી નાખવા! અપીલ બપીલ જે કાંઈ થાય તે તમામનો ફેંસલો કાન્તા રાણીએ કરી નાખવો! મહેતી આવાં કામ તમે કાં નથી કરતાં?"

"બહુ સારૂ સાહેબ! હવેથી તમારા સુધી કાંઇ પણ કામ નહિ આવવા દઇએ!"

" ભાઈ જાઓ હવે ! નાહક જમીન ભારે ન કરો ! આજ તો આવ્યા તો આવ્યા પણ હવે પછી આવ્યા તો જાનથી જશો, માટે જાઓ ઝટ ઘર ભેળા થઈ જાઓ ! "

આગેવાનો અને કારકુનો ફીકાફચ પડી મોં વીલાં કરી પસ્તાતા પસ્તાતા રસ્તે પડયા; કપાળે હાથ ઘસી,

" પૂરી એક અંધેરી ને ગંડુ રાજા,
ટકે શેર ભાજી ટકે શેર ખાજા;
બધી ચીજ વેચાય જ્યાં ભાવ એકે,
નહિ હોય શિક્ષા ગુના'ની વિવેકે. "

એ કાવ્ય યાદ કરી બોલતા બોલતા નગર ભણી વળ્યા. દરબાર અને રઘલો ઝરૂખે ગયા; રંગ પાણી ઉડવા લાગ્યાં, અને હાજીહામાં બાપુ ખમા ખમા થઈ તરવા લાગ્યા. કાન્તાએ રઘલા ખવાસને કુંજભુવનમાં વિલાસ સાહિત્ય તૈયાર કરવાની આજ્ઞા કરી !

" દરબાર સાહેબ, આજ રોજ આપની પ્રસન્નતાને વાસ્તે એક નવીન પ્રકારની સંગીન યોજના તૈયાર કરી છે ! "

" વાહ વાહ કાન્તારાણી વાહવાહ ! તમે જે નહિ કરો તે ઓછું ! માળાં ભણેલાં સુધરેલાં અને વળી ફૅશનમાં ફૂલેલાં પછી શું બાકી રહે ? "

" સાહેબ આજ રોજ મારી પચીસ બ્હેનપણીઓ મને મળવાને અહીં આવવાની છે ! તેઓ ગાવા બજાવવામાં ઘણીજ પ્રવીણ છે; વળી સુધરેલી અને ફૅશનેબલ સુંદર છે. "

" વાહ વાહ ત્યારે તો સંગીતની સારી ગમ્મત થશે !

નવા નવા ફુલોની નવી નવી સુગંધી લેવાશે !"

"જે કાંઈ થશે તે તમામ તમારા આનંદ સારૂંજ થશે ! મારે તો હરકોઇ રસ્તે તમને પ્રસન્ન કરવા તે કરવાજ !"

"ત્યારે થવા દો રાણીજી થવા દો !" દરબાર રંગની લ્હેરમાં ચકચુર થઈ એક કૉચ પર પડયા ! કાન્તાએ કુંજભુવનમાં જઈ રઘલા સાથે સર્વ તૈયારી કરાવવા માંડી. કુંજભુવનમાં એક નાનો સરખો હોજ હતો, તે હોજમાં રઘલાએ ગુલાબજળ ભરાવ્યું, અને આસપાસ નાના નાના સુંદર બીલોરી કાચનાં પાત્રમાં સારી રીતે સુગંધીદાર અત્તરો ભરાવ્યાં. વચ્ચોવચ ટેબલ, કૉચ, ખુરશીઓ વગેરે ગોઠવી દીધાં. વિવિધ પ્રકારનાં હાઇકિલાસ ઉંચાં મદ્યો પણ મૂકી દીધાં. કુસુમના ગજરા અને હાર પણ છાબ ભરી ભરી ગોઠવી દીધા. ઇનામ પોશાકના ગાંસડા પણ મનમાનતી ગોઠવણ કરી તૈયાર કરાવી દીધા. આ અરસામાં કાન્તાની મુખ્ય બ્હેનપણીનો વર એકદમ ઓચિન્તો એરંડીઆનો જુલાબ લીધા જેવું મ્હોં કરી આવ્યો !

"કેમ ભાઇલાલ આજ આવું મોંઢું કેમ કર્યું છે ? શું તબીયત સારી નથી કે ગજરાબ્હેનના સંબંધમાં કાંઇ ક્લેશ થયો છે ?"

"ના ના એમાંનું કંઈજ નથી. મને તમે હજુરનો આસીસ્ટંટ નીમ્યો તેની બહુ પંચાત થઈ પડી છે. પેલા સાળા કારકુનો કંઈ કામ કરતાજ નથી. હુકમ માનતા નથી. હું તો એ ખાતામાંના શબ્દોજ સાળા સમજતો નથી. ત્યાં કામ કેવી રીતે કરવું ? અહીંનું કરવું, ત્યાંનું કરવું અને તેમાંયે વળી

તમારી બ્હેનપણીની અને તમારી તબીયત ઉઠાવવી એ તે મારૂં બેટું શી રીતે બને ? વળી રઘલાભાઇના ગામમાં દર શુકરવારે રઘલાભાઇની ટપાલ લઇને જવું ! અરે મૂઇ આ નોકરી અને બળ્યું આ જીવતર ! મારા ક્યાં ભોગ લાગ્યા કે મેં રાંડને ભણાવી ગણાવી નોકરી કરતી કરી ?"

"ભાઈલાલ તું તો જન્મનોજ ગમાર રહ્યો ! જેમ આવે તેમ બકે જાય છે ! બસ ખાવું તેટલું બોલવું ! મેં તને સો વાર કહ્યું કે તું આકળો ન થા. ધીરે ધીરે સૌ સારૂં થશે. હુમણાં તો જેમ તેમ નભાવો ! કારકુનોને સમજાવી પટાવી અને ચઢાવી ચઢાવીને કામ લ્યો ! મારી જીભના કુચા થઇ ગયા. માખણીઆ કારકુનોને કબજામાં રાખવા એ તે શી વિશાત છે ! હું સ્ત્રી જાત છું અને આખા દરબાર સાહેબ અને સ્ટેટને કબજામાં રાખી શકું છું સમજ્યો !"

"બાઇ ' જેણે મૂકી લાજ તેને ઘેર નાનું સરખુ રાજ !' આ જમાનામાં તમે ભણેલી ભામનીઓ જેટલા વેશ કાઢો તેટલા થોડા ! તમારી આંખે ત્રિભુવન ડોલે તો પછી દરબારને ડોલાવવા એ શી વિસાત છે ? અમે તો ભાયડા રહ્યા ! અમારાથી કાંઇ ન વળે ! આજકાલ તમારા જેવાં સુધરેલાં ભણેલાં અને ફૅશનવંતાંને જોઇને સૌ કોઇ અંજાઇ જાય અને મારા જેવાને લઠ્ઠ લઇ સામા થાય; સમજ્યાં ! મારી તમારી સરખામણી શી ?"

"અરે પણ તને તો પહેલેથીજ રાખવાની દરબાર સાહેબે ના કહી હતી, છતાં પણ મેં જેમ તેમ અટ્ટમસટ્ટમ સમજાવી આજે રખાવ્યો છે. ઘણાં ખરાં કામ તો તારી સહીથી ચલા-

વવા પાવર અપાવરાવ્યો છે; હવે જ્યારે તારામાં રામ ન હોય તો પછી હું શું કરૂં ?"

"અરે પણ બાઈ કચેરીમાં રામને શું કરવા? રામ તો રણમાં કામ આવે કે મરણમાં કામ આવે! મારા વ્હાલા પેલા કાઠીયાવાડી કારકુનો મારો હુકમજ ક્યાં માને છે? તે તો કહે છે કે તમને અમારા પર હુકમ કરવાનો શો અખત્યાર છે? જાઓ જઈ નિશાળની છોકરીઓ સમજાવો! મહેતાપણું અહીં ન ચાલે! મારા એકલા હાથે આખા ખાતાનું કામ શી રીતે થઈ શકે? ખરૂં પુછાવો તો હું હવે કામ કરવાને ખુશી પણ નથી. જોઇએ તો તમારી બ્હેનપણીને ત્યાં રાખો પણ મને મુક્ત કરો!"

"બેવકુફ ગધેડા આના કરતાં તો તું નારી થયો હોત તો હજાર દરજ્જે સારૂં થાત!"

"હું પણ કહું છું કે લાયડા કરતાં બાયડી થયો હોત તો આખા સ્ટેટમાં તમારી માફક ઘુમત! આજકાલ જમાનામાં હવે બાઈડીઓનાંજ માન રહ્યાં છે. રાજવળામાં બૈરાંની મારફત જેટલાં કામ થાય છે તેટલાં કામ આદમીની મારફત થતાં નથી. જેના ઘરમાં સારી અને સુધરેલી નારી તેજ આ સ્ટેટમાં જબરો અધિકારી સમજવો!"

"ઠીક હવે તારી લાયરી જવાદે; જા જલ્દી જઇને ગજરા બ્હેનને મોકલ."

"બહુ સારૂં આ ચાલ્યો! આ બધો ઘોટાળોજ ગજરીએ કર્યો જણાય છે."

ભાઈલાલ બડબડતો બડબડતો રસ્તે પડયો. કાન્તા અને રઘલો રાસ રંગની વ્યવસ્થામાં રોકાયાં. ધીમે ધીમે કાન્તાની

બ્હેનપણીઓ એક પછી એક આવવા લાગી. આમ રઘલો ખવાસ પણ અવનવાં કપડાં પહેરી દરબારથી જાદે દમામમાં મુંછે તાર દેતો હરવા ફરવા લાગ્યો. કાન્તા પણ મનગમતો મોહક ડ્રેસ સજ્જ કરવા લાગી. દરબાર પણ ખુંખારાપર ખુંખારા કરી થોભીઆ સમારતા કમરકસી જુવાનીના રંગમાં રંગાવા લાગ્યા. સાહેલી મંડળ તમામ આવી ગયું. રઘલો પણ કુંજ-ભુવનમાં દાખલ થઈ ગયો; ફક્ત દરબાર અને કાન્તાજ આવ-વાનાં બાકી રહ્યાં. રઘલાએ વિવિધ પ્રકારનાં સાજસંગીત દરેકની પ્રવીણુતા જોઈ લાયકાત પ્રમાણે વગાડવા આપ્યાં. બરાબર નિર્માણુ કરેલા ટાઇમનો ટકોરો થતાંજ દરબાર અને કાન્તા સ્નેહલગ્નના રાજવી ઠાઠમાઠમાં ઝળકતા ઝળકતા અને ફૅશનમાં ચમકતા ચમકતા લટકે મટકેથી લલિત ચાલમાં ચરણુ ભરતા ભરતા કુંજભુવનમાં દાખલ થયા. રઘલાએ બે મોટા કુસુમના હારગજરા સ્મિતહાસ્યે ખમ્મા ઉચ્ચારી બંનેને પહેરાવ્યા. સુધ-રેલા સાહેલી મંડળે કુસુમની વૃષ્ટિ કરી દરબાર સાહેબને વધાવ્યા!

" પધારો સ્નેહના રાજા, પધારો સ્નેહની રાણી;
વધાવે વ્હાલથી દાસી ઉરે આનંદને આણી. "

" બલિહારી મારી પ્રેમની પટરાણી કાન્તા, લ્યો આ ફૂલની માળા, પહેરાવો દરબારને, અને બોલાવો સુધારાની બોલબાલા!"

" વધાવે વ્હાલથી વસંત, વધાવે કોકીલા કાળી:
વધાવે પુષ્પ કુંજોનાં, વધાવે ભાવથી વ્હાલી ! "

" ખમ્મા મારી શાણી સજની ખમ્મા તમને! લ્યો આ ગુલાબની છડી અને રીઝાવો રાજવીને ઘડી ઘડી!"

" ઓહો મંગલ ઘડી આજે, સુગંધી હેમમાં રાજે;
મૃદંગો કામની વાજે, શશિ રૂપ નીરખી લાજે. "

"પધારો રતિ રસરાજના અવતાર પધારો! બ્હેન લ્યો આ કુસુમ, ને રાજવીને અમારી વતી સ્નેહથી વધાવો!"

" ઉગ્યો છે પ્રેમનો ભાનુ, કમળ આનંદથી ખીલ્યાં;
મધુ રસ રાગને કાજે, મધુકર પ્રેમથી આવો. "

"પધારો રસિલા કમળ ભમર પધારો! રસિલી કાન્તા લે આ ચંબેલી અને વધાવ તારા ચંપકને!"

" જીવનના સુખનો લ્હાવો, રસિલી રંગમાં લેજો;
ભિતરના ભાવથી ભેટી, રસિલા રંગમાં રહેજો. '

"કાન્તા અહો ભાગ્યે પ્રાપ્ત થએલા રસિલા રાજવીને જુગ્તીથી રીઝાવી લેજે! જોજે જરા પણ પ્રેમમાં કચાસ રાખતી!"

" વરસાવો પ્રેમની ધારા, ઉમંગે પ્રેમ કયારામાં;
હૃદયને રાગથી સાંધી, નયનને લઇ ઇજારામાં. "

"સુખી રહો, સુખી રહો, પ્રેમી જોડુ સદા અવિચળ સુખી રહો!"

કાન્તા અને દરબાર સાહેબ આનંદદાયક આવકારથી ઘણુંજ ખુશી થઇ ગયાં. રઘલાએ પણ ખુશામતની ખુબ તાલમેલ કરવા માંડી. કાન્તાએ પોતાની સાહેલીઓની દરબાર સાહેબને ધીમે ધીમે વારાફરતી ઓળખાણ આપવા માંડી. દરબાર સાહેબને પ્રસન્ન કરવા સારૂ એક રાસ મધુરા સંગીતના આલાપ સાથે દાંડીઆ સહિત લેવરાવી ગુંથણુ વિદ્યાનો નૌતમ નમુનો દેખાડવો શરૂ કર્યો. દરબાર સાહેબ વચ્ચોવચ્ચ એક આરામચેરમાં

બિરાજ્યા. રઘલો દરબારને ચમ્મર કરવા લાગ્યો. કાન્તા રાસ રંગનો મધુરો મધુરો વિલાસ દરબારને કરાવવા લાગી. સંગીતના આલાપમાં દરબાર તન્મય થઈ ડોલવા લાગ્યા. રઘલાએ પણ તક વિચારી રંગના જામ ઉપર જામ ભરાવી દરબારને પીવરાવવા માંડ્યા. કાન્તા દરબારને લઈ રાસની વચ્ચે ફરવા લાગી. દરબાર પણ નાજુક નાજુક સુંદરીઓના સુંદર કમળ વદનને નાજુક હાથોથી નાજુક નાજુક સ્પર્શ કરી નાજુકાઈમાં નાચવા લાગ્યા. રઘલો પણ રંગમાં ભાન ભૂલી નાજુકાઈનો લ્હાવો લેવા મંડયો; બાંધી દડીના ગેંડા જેવા દરબાર બાપુ પણ ઘુમવા લાગ્યા. કાન્તા પીયાનો વગાડવા લાગી. કુંજભુવનમાં રાસ સંગીતની ખૂબ ધુન મચી રહી. ખમા ખમા, ઘણું જીવો, બલિહારી, વારી વારીના મીઠા શબ્દોના પોકાર થઇ રહ્યા.

અવિનાશીની કળા અકળ છે. મન ધારેછે કાંઈ અને થાય છે કાંઈ. હું કરૂં કહેતાં હરિ દુભાય છે; અને તું ત્યાં કરતાં મનની ધારણા જોતજોતામાં ધારી ધૂળ મળી જાય છે. એક બાજુ અનાચારીઓ અનાચારમાં પ્રવર્ત થયા, ત્યારે બીજી બાજુથી કાંઈક પ્રભુ ચમત્કારના પરચા રૂપે સમરસિંહ પરમાર એકાએક તોરણગઢમાં આવી પહોંચ્યા. પ્રજાના આગેવાનોની અસંખ્ય અરજીઓથી, કુદરતની પ્રેરણાથી, અગર વિધીના નિર્માણથી, અગર પ્રજાના સદ્‌ભાગ્યે કે કુંવરીના ભાગ્યબળે એકાએક આ બનાવ બન્યો. કચેરીના તમામ જુના કારકુનો અધિકારીઓ અને અન્ય પરિજન વર્ગ જે કાન્તાના કારભારમાં બરતરફ થએલ હતો; તે તમામ વર્ગે એકત્ર થઇ સમરસિંહ પરમારને કાન્તા અને રઘલા ખવાસના

અત્યાચારથી વાકેફ કર્યા; અને જે નવીન સ્ત્રી અધિકારી વર્ગ હતો; તથા માખણીઓ કારકુન વર્ગ હતો તે તમામ એકીશ્વાસે જીવ લઇ મુઠીઓ વાળી દરબાર સાહેબના સ્ટેટ બહારના બંગલા ભણી દોડયો. સમરસિંહ પરમાર અંધાધુનીનો કારભાર અવલોકી ઘણા દીલગીર થયા અને પોતાની બેન મરતાં બનેવીની અવદશા થએલી જોઇ ક્રોધાતુર પણ પાર વિનાના થયા. આગેવાનોમાંના મુખ્ય માણસોને તથા કારકુનોને લઇ બારોબાર દરબારના બંગલા ભણી ઉપડયા. બગીચાના કુંજભુવનમાં જ્યાં રાસ રમાઇ રહ્યો હતો ત્યાં નવીન અધિકારી વર્ગ આવી પહોંચ્યો અને દરબારને સમરસિંહ પરમારના આવાગમનની ખબર આપી. દરેક જણ રંગમાં ચકચુર હોવાથી પરમારના આવાગમનની દરકાર પણ કરી નહિ; અને તેમને ભાગ્યા તુટયા જવાબ આપી ભુવન બહાર રાસ ખલાસ થાય ત્યાં સુધી બેસવાને કહ્યું. સમરસિંહ પરમાર જુના અધિકારી વર્ગ તથા પોલીસ વર્ગને લઇ બગીચામાં દાખલ થયા. દરવાને પરમારને રજા સારૂ રોકતાંજ દરવાનનું ડોકું પરમારની તલવારથી ધડથી જુદુ થયું. જ્યાં આગળ રાસ સંગીતના ડાંડીઆનો અવાજ આવતો હતો; ત્યાં તરતજ પરમાર જઈ પહોંચ્યા. ગોપીઓમાં કા'ન મ્હાલે તેમ યુવતીઓના ટોળામાં દરબારને મ્હાલતા જોઈ પરમારના ડોળા નીકળી પડયા. રઘલાને રંગમાં ગુલતાન જોઈ તથા કાન્તાને પણ બેભાન અવસ્થામાં જોઇ પરમાર દીગ્મુઢ બની ગયા. દરબારને ભાનમાં આણવા સારૂ ઉપરા ઉપરી બંદુકના અવાજ કરાવ્યા. બંદુક ફુટતાની સાથેજ રઘલાનો નિશો ઉતરી ગયો અને કાન્તા બુમ પાડી ચમકી

ઉઠી; માંખણીઆ કારકુન વર્ગ બૂમ ઉપર બૂમ પાડી મદદ માગવા સારૂ પોકાર કરી રહ્યા. સ્ટેટની પોલીસે તમામને બેડી પહેરાવી કેદ કર્યા; પરમારે દરબારને પકડી લીધા; અને રઘલાને પકડવા જતાં રઘલો પરમારને કટાર મારી સટકી ગયો; કાન્તા પણ તરતજ વાઘણ સમાન તલપ મારી રઘલાની પાછળ દોડી; પરમારે તંમચો તાકી ફોડયો, પણ કમનસિબે ગોળી નિષ્ફળ ગઈ; રઘલો દરબારી મોટરમાં બેસી કાન્તાને લઇ બગીચાના બીજા ઝાંપેથી જંગલમાં નાઠો; દરબારે રંગના નિશામાં જેમ આવે તેમ બકવા માંડયું ! માંખણીઆ અધિકારી વર્ગે પરમાર સમરસિંહની ક્ષમા માગવા માંડી; અને મહેતીજીઓએ રોકો રોઈ ધમરાણ મચાવી દીધું. સમરસિંહે દરબારને પકડી ખૂબ ધમકાવ્યા, ઢંઢોળ્યા અને હલાવ્યા પણ નિશો ઉતર્યો નહિ. તે તો રંગમાં ગુલતાન બની જેમ આવે તેમ હસવા લાગ્યા; અને વખતે ગાળો ભાંડવા લાગ્યા ! માંખણીઆ અધિકારી વર્ગે બે હાથે ટાબોટા પાડી બહુચરાજીની સ્તુતિ કરવા માંડી, અને તેમાં દરબાર સાહેબ પણ બે હાથે તાળીઓ પાડી હસવા લાગ્યા ! સમરસિંહ પરમાર આ અધિકારીઓની સત્તા અને રાજનો બગડેલો મામલો જોઈ અચંબામાં પડી ગયો ! માંખણીઆ કારકુનોએ દરબારની કુળદેવીને યાદ કરવા માંડી !

"હે આશાપુરી અંબામા સાહ્ય થા ! અમારા કયાં ભોગ લાગ્યા કે અમે સરકારી નોકરીઓ મૂકી બેવડા લાભ સારૂં તોરણગઢમાં આવી ભરાણા ! હે મારી મા હેમખેમ રાજનગર ભેગા કરીદે !"

"હે બહુચરમા અમારાં ક્યાં પાપ પ્રગટ થયાં કે અમે આ ત્રિયારાજમાં આવી ફસાણા ! હે માવડી સાહ્ય થા !"

"હે જગતજનુની આતો સ્ટેટને લુંટતાં અમે લુંટાઇ ગયા. ઘર ભરતાં ગાત્ર ભરાઈ ગયાં. હાલહવાલ થયા. માવડી ખાધેલું ઓકવાનો સમય આવ્યોરે બાપલીઆ !"

હે દયાની દેવી સાહ્ય થા, એકવાર રાજનગર ભેગા કર, પછી રજવાડાનું મરતાંએ નામ નહિ દઇએ એ મારી મા !"

"હે માવડી સ્ટેટને લુંટી લુંટી અમદાવાદમાં હવેલીઓ ઉંચી કરી ભોગવવા ના રહ્યા મારી મા ! હવે મરતાં જીવતાં બૈરી છોકરાંનાં મોં જોવા સારૂં ઘર ભેગા કર મારી મા !"

* * * *

" હે તુજ શરણે આવ્યા માત બાળી બહુચરાજી મા,
હે તું સાહ્ય થજે દિન રાત બાળી બહુચરાજી મા;
તારા સેવક વ્યંઢળ સર્વ બાળી બહુચરાજી મા,
તુજને ભજીએ તજીને ગર્વ બાળી બહુચરાજી મા.
માથે ચુંદડી ધરી લાલ બાળી બહુચરાજી મા,
હાથે ચુડી અમ રખવાળ બાળી બહુચરાજી મા;
અમારો હીંજડીઓ છે પંથ બાળી બહુચરાજી મા,
અમારા કાંચળીઆ છે કંથ બાળી બહુચરાજી મા.
લાખો રૂપીઆ લુંટયા માત બાળી બહુચરાજી મા,
અમે જઈ વસીએ ગુજરાત બાળી બહુચરાજી મા;
એવું દેજો દેવી આપ બાળી બહુચરાજી મા,
તેથી વધશે તુજ પ્રતાપ બાળી બહુચરાજી મા.
દેજો સુખ મંગળ સૌ કાળ બાળી બહુચરાજી મા,
છીએ સર્વ તમારા બાળ બાળી બહુચરાજી મા. "

"જય જય જગતજનુની સ્હાય થા! હે મા, તારે પારે આવેલાને ઉગાર!"

"હર હર હર શંભો! આ શો જુલમ? લાખોને ધ્રુજાવે તેવો બહાદુર વીર કાલુભા તેની આ દશા! તેની આસપાસ આવો કાંચળીઓ વર્ગ! અરે શું જોઇ રહ્યા છો? પકડો દરેકને! એકદમ જંજીર પહેરાવી તેમને નજર કેદ કરો. પેલા હરામ-ખોર રઘલાની પુંઠ પકડો અને પેલી કાન્તાને પણ પકડી અહીં હાજર કરો."

"પરમારના મ્હોમાંથી શબ્દ નીકળતા પહેલાંજ કેટલાક ઘોડેસ્વારો રઘલાની પાછળ પડ્યા હતા; અને આ વખતના વધારાના હુકમથી પણ કેટલાક રજપૂત ઘોડેસ્વારો રઘલાની પાછળ દોડ્યા. રઘલો કાન્તાને લઈ મોટર દોડાવી ક્યારનો રસ્તે પડી ગયો હતો; ઘોડેસ્વાર અને મોટર તેની વચ્ચે હાલમાં ઘણુંજ અંતર પડી ગયું. મોટર ધમધમાટ જેટલી પાવરથી જલ્દી ચલાવાય તેટલી જલ્દી રઘલાએ ચલાવવા માંડી અને પાછળ રજપૂત સરદારોએ જેટલા ઘોડાને મારી મુકાય તેટલી પુર ઝડપે ઘોડાને મારી મૂક્યા; છેવટે ઘોડા ઠોકર ખાઈ ખાઈ રસ્તામાં અધવચ ઢળી પડ્યા; કેટલાક સરદારો લોહી લુહાણુ ભોંયભેગા થઈ ગયા, અને કેટલાક થાકી કંટાળી કેડો મૂકી રસ્તામાં અધ-વચ કાયર બની વિચારમાં ઉભા રહ્યા; છેવટે ચાર પાંચ સરદારો મરણીઆ થઇ મોટરની પાછળ દોડવા મંડ્યા; દોડતાં દોડતાં ઘણા વિલંબે મોટરની પૂંઠ તેમણે પકડી પાડી; આમ મોટર પેટ્રોલ ખુટવાથી ધીમી ચાલવા લાગી; રઘલાએ ઘણીજ તન

તોડ મહેનત કરી પણ મોટર બહુજ ધીમી પડી ગઈ; વળી અધુરામાં પુરૂં તેના કમનસિબે મોટરના આગલા વ્હીલમાં પંકચર પડી ગયું; વધારાનું વ્હીલ ચઢાવી મોટર રઘલાએ ઘણી મુશીબતથી ચલાવવા માંડી પણ મોટર તેના કમનસિબે અચકી પડી; પાછળ પૂર વેગથી ઘોડેસવારોને આવતા જોઇ રઘલાએ મોટર અધવચ રસ્તામાં પડતી મૂકી કાન્તાને લઇ પગ પાળે જીવ લઈ નાસવા માંડયું. ઘોડેસવારો લગભગ રઘલાની નજીકમાં આવી પહોંચ્યા; રઘલાએ જીવ ઉપર આવી તમંચાથી ઘોડેસવારો સામે લઢવા માંડયું. ઘોડેસવારોમાંના ચાર જણા રઘલાની ગોળીના ભોગ થઇ પડયા; એક બહાદુર સરદારે રઘલાને છાતીમાં ભાલો મારી જમીન પર ગબડાવી પાડયો. રઘલાએ પડતાં પડતાં પણ સવારની છાતી ગોળીથી વીંધી નાંખી; સવારે મરણીઆ થઈ રઘલાને કટારથી ચીરી નાંખ્યો; અને કાન્તાને જીવતી પકડી દોરડાથી બાંધવા માંડી! કાન્તા પણ બળ કરી સવારની સામે થઇ; છેવટે બાથંબાથાના યુદ્ધમાં સવાર જમીનપર ઢળી પડયો; પડતાં પડતાં પણ કાન્તાનું નાક કટારથી કાપી લઇને પડયો; કાન્તાએ પણ જમીનપર પડેલો ભાલો લઈ સવારની છાતી વીંધી નાંખી અને તેને પ્રાણરહીત કરી દીધો. રઘલો ઘણાં તરફડીઆં મારી પ્રાણ મુકવા લાગ્યો; કાન્તા રઘલાની અવદશા જોઇ ધીરજને પરહરી રડી પડી. રઘલો બે હાથ ઘસી ઘસી આકાશ ભણી ઉંચુ જોઇ બહુજ તરફડીઆં મારવા લાગ્યો; છેવટે છેલ્લીવારને વાસ્તે કાન્તા પાસે પાણી માગ્યું; કાન્તાને ભર જંગલની વાટ હોવાથી તથા તદ્દન રસ્તાની અજાણ હોવાથી પાણી

ક્યાંથી આપવું તેની સૂજ ન પડી; છેવટે હારી રઘલાના મુખ સામું જોઇ રડવા લાગી. રઘલો પણ કરેલાં કાર્યનો પસ્તાવો કરતો કરતો ક્રોધથી દાંત પીસતો પીસતો અને લાચારીથી હાથ ઘસતો ઘસતો હાય વૉય કરી કાન્તા સમક્ષ અત્યંત કષ્ટ પામી મરણ પામ્યો !

ભર જંગલમાં કાન્તા નોંધારી પડવાથી ઘણીજ ગભરાઇ ગઇ. આસપાસ ઘોડેસવારોના તથા રઘલાના શબને જોઇ ચમકવા લાગી; તેની આંખમાંથી ખૂનનો નિશો ઉતરતાંજ તે ઝંખવાણી પડી ગઈ; હવે શું કરવું તેની મૂંઝવણમાં મૂંઝાઇ ગઇ. ચોગરદમ લોહીનાં ભરેલાં ખાબોચીઆં જોઇ તે કંપવા લાગી. હવે તેનું શું થશે તેની ફીકર તેને થવા લાગી. થોડીકવાર સુધી તેણે ચોગરદમ નજર નાંખવા માંડી; છેવટનાં દરેક શબનાં મ્હોં જોઈ લીધાં; અને બે હાથે કપાળ કુટી નાક પર લૂગડાનો પાટો બાંધી, હાય મારી—ચીસ પાડી જીવ લઈ જેમ નસાય તેમ નાસવા માંડયું. આમ જ્યાં આગળ દરેકનાં શબ પડયાં હતાં ત્યાં પાછળ રહેલા ઘોડેસવારમાંના કેટલાક જણા આવી ચઢયા. રઘલાને મુએલો જોઇ દરેક જણ ત્યાં ખમચાઇ ઉભા રહ્યા; અને કાન્તા ક્યાં છે તેની જંગલમાં શોધ કરવા લાગ્યા; શોધતાં શોધતાં કાન્તાનો પત્તો નહિ લાગવાથી છેવટે કંટાળી આગળ શોધ કરવી માંડી વાળી રઘલાના શબને લઇ જવાના નિશ્ચય પર આવ્યા. બે જણા મોટરને રઘલાના શબ આગળ હાથથી ઘસડી લાવ્યા. રઘલા તથા ઘોડેસવારની લાશો ઉંચકી ઉંચકી મોટરમાં નાંખી અને માથાના છેડા મોટર જોડે બાંધી

ઘોડા ઉપર બેસી મોટરને ઘસડી લઈ જવા લાગ્યા; આ પ્રમાણે અનાચારીઓનો અંત આવ્યો; વ્હાલા વાંચકો કાન્તાનાં પાપ વધારે હોવાથી પરમાત્માએ તેને વધારે રીબાવવા સારૂ જીવતી રાખી; તો ભલે તેને જીવતીને જીવતી જીવ લઇ જંગલમાં નાસવા દો. પાપનો ઘડો જ્યારે પૂરો ભરાય છે ત્યારેજ આપો-આપ ફુટે છે; તે પ્રમાણે રઘલાનો અંત આવી ગયો. વાંચકો આ પાપણી કાન્તાને આપણે સુધારાની સલા' કહેવી કે ફેશનની બલા કહેવી ? શું કહેવું ? બોલો ત્યારે વિચાર કરી કહી દો કે તે 'સુધારાની શલ્યા હતી અને ફેશનની બલા હતી; અફસોસ! આ તે "સુધારાની સલા' કે ફેશનની બલા!"

પ્રકરણ ૫ મું.

પ્રીતિનો ભોગ કે નસિબનો યોગ?

દોહરો.

પ્રેમ કુંટ પાવક ભર્યો, મન માને અનુમાન;
પર પર કહે પ્રેમીઓ, પટ પટ કહે છે પ્રાણ.

મેઘની ધારા જોડે જેમ ચપળાની કળા વધે છે, નીર–જળ વધવાની જોડે જેમ કુમુદ પોયણીની ડાંડી વધે છે. સર્પના ખોરાક ખાવાની જોડે જેમ તેના મુખમાંનું વિષ બળ વધે છે, પવનની પ્રચંડ ગતિ જોડે જેમ તેની પરિમળ સુગંધ શકિત વધે છે, હુતાશનના અગ્નિના વધારા જોડે જેમ ધુમાડાનો વિસ્તાર વધે છે, તેમ સ્નેહ પ્રીતિના વધારા જોડે વિરહનો પણ વિસ્તાર વધે છે.

સ્વામિ શશિ નહિ મળે કુમુદી સૂકાયે, ભાનુ વિના કમળને બહુ દુઃખ થાયે;
જીવે નહિ મિન કદી નહીં હોય વારી, ચાહે ચકોર શશિને દ્રગ એક ધારી.
પ્રેમી પતંગ નિજ અંગ દીવે દઝાવે, પ્રેમાન્ધ સારસ તણો કદી દેહ જાવે;
ખેંચાય લોહ ચમકે ત્યમ પ્રેમી પ્યારી, છે પ્રેમની ગતિ અતિ સર્વેથી ન્યારી.

ચિંતારૂપી પત્થર, સંકોચરૂપી અરણ્ય, મોહરૂપી સિંહણુ પ્રેમરૂપી દાવાનળનું બળવું, અર્થાત્ ક્ષુધા પ્યાસ સાંખીને ચાલવું, દુઃખ રૂપી ખોહ, ચાલવાનો માર્ગ તેડો અર્થાત્

વાંકા ચુંકા, મિત્રના ધ્યાન રૂપી પક્ષીઓનું બોલવું, વિરહરૂપી મછવાઓના ઝોલા ઝુલી રહ્યા છે, લજ્જારૂપી ગંગા પાર ઉતરવી, ભયનું ખંડન, અર્થાત્ નિર્ભય થઇને ચાલવું; ઇત્યાદિ ઉપાધીઓ જેમ કેદાર પંથમાં દૃષ્ટિગોચર થાય છે; તેથી અધીક બલકે લાખો ઉપાધીઓ પ્રેમના પંથમાં ડગલે ડગલે વિલોકાય છે.

*　　*　　*　　*

" અરે ઓ પ્રેમ તારા નેમ નવાઇ તો પમાડે છે,
મહા રાજેન્દ્રને પણ તું રમકડા સમ રમાડે છે;
રખડતા કંઇક થયા રાને દીવાના કારણે તારે,
પડયા યાહોમ કરી રણમાં ખપ્યા ખાંડા તણી ધારે.
કરીને પ્રાણ પરવશ તું મીઠી નિંદ્રા બધી ટાળે,
ચિતા ચિંતાની સળગાવી અહો રાત્રી બદન બાળે;
કરીને કેફમાં ગુલતાન બહુ બુરૂં બકાવે છે,
ભલે ભુંડે સ્થળે પાડી ખરે તું ધુળ ફકાવે છે.
કરાવે તું પરાયું કામ રડાવીને હસાવે તું,
ક્ષુધાને તાપથી તાવે નીચા સંગે ફસાવે તું;
મરે મારૂં કરી મૂરખા છતાં નેત્રે બની અંધા,
ભૂલીને ભાન માન વિના ઉંધા સૌ આદરે ધંધા. "

*　　*　　*　　*

' કીધી જેણે ગુણી જનની કદર તેણે બધું કીધું,
લીધી જેણે ગરીબોની ખબર તેણે બધું કીધું;
બજારોમાં નથી મળતી રહમ કીંવા કદરદાની,
જીગરનું નૂર છે એ તો નથી વસ્તુ તમાસાની.
નથી શું મોતી ને હીરા ખલક કેરા ખજાનામાં,
પરન્તુ આબ જેનામાં જરૂર તેની જમાનામાં;

તવારીખો ઘણી વાંચી અમીરો બાદશાહોની,
રહી ગઇ લીટીઓ જેની ખરા ખોટા ખીયાલોની.
સુવાસિત પુષ્પની ખુશબો નથી છાનીજ રહેવાની,
વિવિધ સ્થાને પવન દ્વારા હરી એતો પસરવાની;
હ્રદયનો હાથ લઈ છાનો નમાવે પાત્ર જે પુન્યનું,
વિવેચન શું પછી કરવું હરિ એના મહદ્ ગુણનું. "

"હીરાલાલ, મનુષ્ય માત્રની ફરજ છે કે એક બીજાને વ્યવહારમાં ઉપયોગી થવું. અન્યોઅન્યના સુખ દુઃખોમાં સ્હાય કરવી અને નજરે પડતા દુઃખી જનોને દુઃખમાં મદદ કરવી. આપ જેવા ગુણવાન વિદ્વાન અને ધર્મપરાયણ મનુષ્યને મારાથી યથાશક્તિ જે કાંઇ મદદ થઇ શકી તેથી હું મારૂં અહોભાગ્ય ગણું છું. ઈશ્વરનો ઘણો ઘણો ઉપકાર માનું છું. દુનિયામાં જન્મ લઇને જો પારકાનું કલ્યાણ કરી શકાય તોજ માનવ જીવનની સાર્થકતા છે; અરે જન્મ ધર્યાનું જનની જઠર પ્રમાણ છે."

"જયરામ શેઠ હું આપનો જીવન પર્યંત ઋણી છું. આપે તથા આપની પુત્રી ભગવતિ ભાગીરથી અને મારી માતાજી જમનાંએ જે સેવા ચાકરી અને બરદાશ કરી છે તે આ જન્મારામાં ભૂલાય તેવી નથી. અરે મારી ચામડીના જોડા બનાવી આપને પહેરાવું તો પણ તે અલ્પ છે. આપના કુટુંબ તથા સ્નેહીનો મારા ઉપર અદ્વૈત પ્રેમ છે. હું આજથી નવી દુનિયામાં આવ્યો છું. 'બહુ રત્નાની વસુન્ધરા' એ સૂત્રાનુંસાર આર્યભૂમિમાં આપના જેવા પરોપકારી પુરૂષ નિહાળી હું ઘણોજ આનંદ પામ્યો છું. ધન્ય છે તમારા પ્રેમને! ધન્ય છે તમારા જીવ-

તરને! ધન્ય છે તમારી લક્ષ્મીને અને ધન્ય છે તમારા કુટુંબને! આર્યભૂમિમાં આપ કોઈ અવતારી મહાત્મા છો!"

"હીરાલાલ જગતમાં સારા જનો બીજાને સારાજ જુએ છે. દરેક ઠેકાણે મનનું પ્રતિબિંબ પડે છે. આ વિશ્વમાં દરેક વસ્તુનો દરેક વસ્તુને આધાર છે. આધાર વિના કાંઇ નથી. જન્મધારી જીવોને જન્મારામાં અન્યોઅન્યનો આધાર લઇનેજ જીવવું પડે છે. જડ અને ચૈતન્યને પણ એક બીજાનો આધાર લેવો પડે છે. આધારે આ અવની અદ્ધર રહેલી છે. આધાર વિના એકલું આ જગતમાં અવિનાશી સિવાય બીજું કાંઇ નથી. મનુષ્ય મનુષ્યને મદદનો ટેકો ન કરે તો પછી જગત ચાલે કેમ? દુનિયા દંભને વાસ્તે નથી પણ દયાને વાસ્તે છે. દયા ધર્મને વાસ્તે છે અને ધર્મ જીવનને વાસ્તે છે."

"વિશ્વમાં સ્વફરજને સમજનારા વિરલાજ હોય છે. દાંભિક જનો દયાનો ઉપયોગ માનને વાસ્તે કરે છે. ધર્મનું રહસ્ય વદનની વાચામાં ધર્મ શબ્દને બોલીનેજ સાચવી જાણે છે. રહેણી કરી બતાવનારા કરતાં કહેણી કહી બતાવનારા ઘણા હોય છે. નમ્રતા અને વિનયમાં વીંટાળી દયા બતાવનારા દયાળુ કોકજ દૃષ્ટિગોચર થાય છે. ધર્મ અને દયા એનાં સ્વરૂપો અંતરમાં સત્યતાથી સમજી વ્યવહાર માર્ગમાં વાસ્તવિક રીતે વાપરનારા કોઇ ભાગ્યેજ નિરખવામાં આવે છે. આપ જેવા ધનવાનને નમ્રતાના નિચાણમાં પડેલા જોઇ હું ઘણોજ આનંદ પામું છું."

"હીરાલાલ તમારા જેવા વિદ્વાન વિપ્રવર્યની સેવા તો કપુરનું વૈતરૂ છે. બ્રાહ્મણોનું સન્માન એજ ધનવાનનું ખરૂં માન

છે. નિરાધારને આધાર આપવો એજ અવનિમાં ઉપકાર છે. આજ રોજ આપને શાંતિ અને સુખમાં નિહાળી હું ઘણોજ ખુશી થયો છું. આપના શરીરે દિનપરદિન અધિક આરામ થતો જોઈ હું ઇશ્વરનો આભાર માનુ છું. આપ હવે જરા આરામ લ્યો! વધારે બોલશો તો વળી પ્રકૃતિ કાંક બગડી આવશે. વૈદ મૌનમાંજ શાંતિ જણાવે છે તો આપ થોડીકવાર સુખાળા થાઓ!"

"મારા ધર્મના પિતા સાચા માલીક આ તમારા ઉપકારનો બદલો હું ક્યારે વાળીશ? રહેવા દો વડીલ રહેવા દો! અઘટિત થાય છે. મારૂં બિછાનું સાફ છે. આપ ખંખેરશો નહિ. આપના જેવા ધનાઢ્યને આવું કરવું ન છાજે!"

"હાં હાં હીરાલાલ આ શું કરો છો? મને ખંખેરવા દો. જોજો એકદમ બિછાનામાંથી ઉભા થઈ જતા!"

"ત્યારે રહેવા દો! લ્યો હું આ સૂઈ જાઉં! આપ તસ્દી ન લેશો! આપને કામ કરતા જોઇ મારૂં મન કચવાય છે?!"

"લ્યો ઠીક ત્યારે આપ સૂઈ જાઓ. હું જરા બ્હાર બજારમાં આંટો મારી આવું છું."

"હા પધારો! દુકાનમાં હવે જરા વધારે ધ્યાન રાખો. આપ જેવા ધર્મીષ્ઠ ધનવાનના પવિત્ર અન્નપાનથી મને નવું જીવન પ્રાપ્ત થયું છે; મુરબ્બી હવે મારી ચિન્તા મૂકી દો!"

મંદારગઢનો લક્ષાધીપતિ ધનવાન જયરામ શેઠ હીરાલાલની ખબર અંતર પૂછી બજારના કામ સારૂં બહાર ગયો. હીરાલાલ પણ વાતચીતથી થએલા વધારે શ્રમથી શ્રમીત થઈ આંખ મીંચી નિંદ્રાધીન થઇ ગયો. શેઠની વિધવા દીકરી લાલી-

રથી હીરાલાલની સેવા ચાકરી ઘણાજ ઉમંગથી અને પ્રેમથી કરતી હતી. શેઠાણી જમના પણ હીરાલાલની સારવાર કરવામાં કાંઇ મણા રાખતાં નહોતાં. હીરાલાલના ઘરમાં આવવા પછી જયરામ શેઠને જોતજોતામાં અઢળક ધન પ્રાપ્ત થયું હતું. શેઠને સંતાનમાં ફક્ત લાડકી પુત્રી ભાગીરથીજ સંતાન રત્ન હતું. શેઠાણી જમના પણ સાધ્વી પતિ પરાયણ સ્ત્રી હતી; ભાગીરથીને વૈધવ્ય પ્રાપ્ત થયા કેડે શેઠ શેઠાણીની મમતા ઘણી ખરી સંસાર ઉપરથી ઉતરી ગઇ હતી. શેઠ પણ ઉદાર હાથે પુન્ય માર્ગમાં પૈસો વાપરતા. શેઠાણી પણ સદાવ્રત પાછળ સારી રીતે ગરીબ ગરબાંને અન્ન દાનથી સંતોષ આપી ગૃહસ્થાશ્રમની પવિત્ર ફરજ અદા કરતાં હતાં. હીરાલાલની ધર્મપરાયણ વૃત્તિથી શેઠ તથા શેઠાણી ઘણોજ આનંદ પામતાં હતાં. જ્યારે જ્યારે ઉભયને વ્યવહારિક વિટંબણાથી કલેશ થતો હતો ત્યારે હીરાલાલ તેમને જ્ઞાનામૃતનું પાન કરાવી પરમ શાન્તિ પમાડતો હતો. વખતે વખતે શેઠને દુહિતાના વૈધવ્યથી અનહદ સંતાપ થઈ આવતો હતો; પણ હીરાલાલના સમાગમથી ચિત્ત પરમ સુખને પામતું હતું. ભાગીરથીને પણ હીરાલાલ અપરોક્ષ રીતે ઘણોજ ઉપદેશ આપતો હતો; તેના મનમાં જ્ઞાન માર્ગના ઉંચ સંસ્કાર સ્થાપતો હતો. આખા ઘરમાં તથા શેઠના તમામ સ્નેહી મંડળમાં હીરાલાલ એક પરમહંસ તરીકે મનાતો હતો. તેની પાસે દરેક વ્યક્તિને ગમે તે વખતે જવાની છૂટ હતી. મંદારગઢના પ્રતિષ્ઠીત પુરૂષો હીરાલાલના વચનામૃતથી પરમ સંતોષ પામી ચકીત થઈ જતા હતા. આખા ગઢમાં જયરામ શેઠના ભાગ્યની

બલિહારી બોલાતી હતી. એક વખતે પુત્રીના રંડાપાથી શેઠની ઘણીજ અવદશા થઇ ગઈ હતી; અને આજ કાલ હીરાલાલના ઘરમાં આવવાથી શેઠના નસિબની બારીઓ તમામ ખુલી ગઇ હતી. વ્યાપાર, રોજગાર, વ્યવહાર અને સાંસારિક હરેક પ્રકારના કાર્ય ક્રમમાં શેઠની સોગઠી હીરાલાલના ચરણ પ્રભાવ પ્રતાપે આબાદ વાગતી હતી; અર્થાત્ જયરામ શેઠની સંપુર્ણ રીતે હીરાલાલના આવવાથી જોતજોતામાં ચઢતી થઈ ગઇ હતી. શેઠ સ્વસ્થિતિના ઉદયકાળથી ઘણાજ નમ્ર વિવેકી અને પુન્યશાળી બની રહ્યા હતા. હીરાલાલની મન વચન અને કર્મે કરીને સેવા ચાકરી કરતા હતા. શેઠ જ્ઞાતે વણીક કોમના હતા; અને હીરાલાલ પવિત્ર બ્રાહ્મણ કોમનો હતો; એટલે શેઠને સોનામાં સુગંધી ભળી અને શેઠાણીને ગરીબને ઘેર ગંગા વળી અને ભાગીરથીને દૂધમાં સાકર મળી એ પ્રમાણે થઈ રહ્યું હતું.

અત્યારે હીરાલાલ નિંદ્રાધીન છે. શેઠ બહાર બજારમાં ગએલ છે. શેઠાણી પણ કોઇ કાર્ય પ્રસંગે બહાર સીધાવ્યાં છે. આખા ઘરમાં હીરાલાલ અને શેઠની વિધવા દીકરી ભાગીરથી બંને જણાંજ છે. એક નિંદ્રાવસ્થામાં છે; ત્યારે બીજું જાગ્રનાવસ્થામાં છે; ભાગીરથી શેઠની લાડકી દીકરી, શ્રીમંતાઈના તેજથી જળહળીત, બાલ વિધવા, ભર યુવાનીમાં ઝબકતી મસ્ત મનોવેગી ચપળા, અરે એકવાર અવિચારી સાહસિક અબળા અરે તરંગોમાં તણાતી પ્રબળા ભાગીરથી અત્યારે મહા વિચારસાગરમાં ઝોલે ચઢતી બેઠી છે. હીરાલાલ તરફથી થએલ તમામ જ્ઞાનોપદેશ અત્યારે ભુલી જવાની તૈયારીમાં છે. પોતે કેવી સ્થિતિમાં છે અને

કોની પુત્રી છે તે પણ ક્ષણવાર વિસારી અનર્થ આદરવા તૈયાર થએલ છે. અત્યારે ભાગીરથીને કોણ જાણે કેવાએ વિચિત્ર પ્રકારના વિચારો આવવાથી તે તદ્દન બદલાઇ જઈ અવિચારી નારીરૂપ ધારણ કરી અર્થાત્ આજ રોજ નિત્યના કરતાં નિરાળાજ વધારે નવીન પ્રકારના ઠાઠમાઠમાં આવી બણી ઠણી રૂમઝુમ લટક મટક કરતી ફક્ત નિમિષ રૂપે વૈધવ્ય અવસ્થાના નામ ધારી નુન્ય ચિન્હ તરીકે હાથે ફક્ત કુંદનની બંગડીઓ રાખી હાવભાવમાં હીલોળાતી હીલોળાતી હીરાલાલના ખંડમાં દાખલ થઇ. હીરાલાલને નિંદ્રાધીન નિહાળી પળવાર સુધી વિચારમાં ખચકાઇ જડવત્ કમાડ ઝાલી ઉભીને ઉભીજ રહી. છેવટે મન સાથે કાંઇક નિરાંતે વિચાર કરી નયનને નવીન આશામાં પલકાવતી અધરને દંતથી દાબતી અને દમામથી ચરણને એડી પ્રહારથી ધરણી પર ચાંપતી હીરાલાલના ઓશીકા આગળ બેડી. થોડીકવાર સુધી ઘણાજ પ્રેમના ઉમળકાથી હીરાલાલનું વદનકમળ નિહાળી રહી. તેના અંતરમાં હેતના ઉમળકા ઉપર ઉમળકા આવવા લાગ્યા. આખું શરીર અનંગના ચમકારથી પુલકાયમાન થઇ રહ્યું. મનડું મદનના મનોવેગમાં થનક થનક થનકારા મારી રહ્યું. તેણે ઘણાજ પ્રેમથી નીચી વળી હીરાલાલના કપોલ પ્રદેશ પર પ્રેમનું ચુંબન કરવાનું સાહસ આદરવા માંડયું. જેવી ચુંબન કરવા જાય છે તેવુંજ હીરાલાલને ઉધરસનું ઠુંસકુ આવ્યું. ભાગીરથી તરતજ ઉધરસના ઠુંસકાથી પાછી પડી; પાછી પડતાની સાથેજ હું શું કરૂં છું તેનું સહજ સહજ ભાન આવ્યું; ભાનની સાથેજ પાછી વિચારમાળામાં પડી ટગર ટગર હીરાલાલના મુખને

જોવા લાગી. હીરાલાલ અત્યારે સ્વપ્નાવસ્થા ભોગવતો હતો. તેની અંતરદૃષ્ટિ સમક્ષ કુંદન રમી રહી હતી. ઘડી ઘડી પ્રેમથી કુંદનને વિનવતો હતો અને ઘડી ઘડી ક્રોધ ભરી દૃષ્ટિથી ઉપાલમ્ભ આપતો હતો; વળી વળી પ્રેમતત્વનો બારિક વિચાર કરી તત્વજ્ઞાનમાં પણ તલ્લીન થતો હતો; અર્થાત્ સાંસારિક ભાવનાના જે જે અવતરણ તેના વાતાવરણમાં રમતા હતા, તે તે પ્રકારની અજબ દશા અનુભવતો હતો.

"કુંદન, રસીલી કુંદન તું ક્યાં! તારા વિના હું પણ સૂનો! શૂન્યકારમાં એક તારી આશાનોજ રણકાર મારા કરણ પટ પર આવે છે."

*　　*　　*　　*

દીલ તખ્તે જગો તારી કોઇએ પૂરી નહીં,
હરદમ તથા પથારી દીલમાં સૂની નહીં;
દુનિયા પ્રીતિ ભરી ભલે, ઝીલે સુભાગી જન,
હો ભલે એ સો ગણી, આ દીલને પૂરી નહી.
ભાવે રમાડું તુજને બેસાડું સાને પાસ,
ભેટવા હું જાઉં ત્યાં મૂર્તિ દીઠી નહીં;
મૂર્તિને હું ન માનું કામ શું તે સાથ,
એજ નયનોની મઝા મુજને અધુરી નહીં.
તું મળી હતી મુજને રહી એક બે પળવાર,
ધા કરી દીલકારી ગઇ રંગમાં પુરી નહીં;
એ ખૂનને ટીપે ટીપે ગાઉં હું તારૂં નામ,
તું વિના ફીરતારની ખુબી મને પૂરી નહીં;
આવ કે ના આવતું તું તુજ આડે જામ,
હૂં તું એ ખુવારીમાં મને સબુરી નહિ "મણી"

આહા પ્રેમ ઉચ્છવાસ નથી, એ શક્તિ વિક્રમ છે. સર્વ સત્વનો, બધા ચારિત્રની બળવતી અભિવ્યક્તિ છે. એજ જીવની શક્તિ છે. વિદ્વાન લેખક બ્રાઉનીંગ જણાવે છે કે, Love is the energy of life નાના મોટા જ્ઞાની, મૂર્ખ, રાજા, પ્રજા, પશુ, પક્ષી, દેવ માનવ બધાજ સમાજમાં પ્રવેશ અને આદર મેળવવાનો પ્રેમજ જાણે અનુમતિ પત્ર પરવાનો હોય તેમ લાગે છે. જર્મન કવિ ગેટે કવે છે કે,

Love whose perfect type is woman,
The divine and human blending;

Love for ever and for ever,
Wins us on ward still ascending.

નારીજ પ્રેમનો શ્રેષ્ઠ આદર્શ છે. તેમાં સ્વર્ગીય અને માનવીય ભાવનાનો સુંદર મેળાપ થાય છે. આ પ્રેમજ નિત્યકાલ આપણને ક્રમોર્દ્ધ્ગામી કરીને ઉચ્ચથી ઉચ્ચતર ત્રિદિવમાં લઇ જાય છે. સંસાર ક્રીડાભૂમિ નથી, પણ એક વિદ્યાલય છે. અહીં પ્રેમશિક્ષા પ્રેમાનુશીલન કરવું પડે છે. માનવના આ છાત્ર જીવનમાં અવકાશ કાલ નથી. એક અનંતપાઠ અનંતકાલ સુધી અભ્યાસ કરવો પડે છે, એક શમસ્યાનો ઉદ્ભેદ કરવો પડે છે, તે આ છે. "શી રીતે પ્રેમ લાભ કરાય ? શી રીતે પ્રેમીક થવાય !" હૃદયના અનુશીલ નથી, અનુશીલ દ્વારા શિલ્પ, સંગીત, સ્થપતિ વિદ્યા વગેરેમાં ચઢતી કરાય છે. શિલ્પ વિજ્ઞાનનાદિના પ્રમાણે એનો પણ નિત્યશિક્ષા અને અભ્યાસ કરવો જોઇએ. કંઠનું અનુશિલન નહિ, આંગળીનું અનુશિલન નહિ, હાથની કસરત નહિ પણ એ આત્માનું અનુ-

શિલન અધ્યાત્મ કસરત છે. આપણે સમાજમાંજ જીવનસંગ્રામમાં રહેવું જોઇએ; કારણ કે, Telent develops itself in solitude; character in the stream of life એકાંતમાં લોકાલયથી દૂર માનસિક શક્તિયો વિકસીત થાય છે; પણ સંસાર સાગરમાં ડૂબતાં ડૂબતાં ચારિત્રનો વિકાસ થાય છે. અરે અત્રેજ પ્રેમશિક્ષણ મળે છે. પ્રેમજ ધર્મ છે. ધર્મ તનદુરસ્ત આત્માનું સ્વભાવિક કાર્ય છે. એ પ્રાણીના શ્વાસોશ્વાસની જોડે ફેફસાના સંકોચાવવા તથા વિસ્તૃત થવાના વિના બીજું કાંઇજ નથી. આન્તરીક પ્રકૃતિનો સ્વભાવિક સ્ફોટનજ ધર્મ છે. પ્રેમ પ્રિય વસ્તુને આનંદ આપવા ચાહે છે, એટલા માટે જે કામ કર્યાથી તે ઉદ્દેશ સિદ્ધ થાય તે પણ કરવા ચાહે છે. પ્રેમના વેગ અનુસારે તે કાર્ય કરવાની પ્રવૃત્તિ પણ બળવતી થાય છે. પ્રીતિ પ્રિય કાર્ય કરવામાં તત્પર હોય છે. જીવની સેવામાંજ સત્યજ્ઞાન તથા પવિત્રતાની ઉપાસનામાં ભગવાન પ્રસન્ન છે; તે કારણથી પરમાત્મામાં જેની પ્રીતિ છે તે સત્યાનુરાગી છે, સત્યવાદી જ્ઞાનાનુરાગી, સંયતેન્દ્રિય તથા વિશુદ્ધ સ્વભાવ છે. જેમાં ભગવાન ખુશી થાય તે વિષયમાંજ પ્રેમિક ઉપાસક નિરંતર તેમાંજ આંખ ફેંકે છે. પ્રેમિકના જે જે નેત્ર પર પડે છે, તે પ્રેમ રૂપથી જુએ છે. વૃક્ષની ઓળખાણ ફળથી થાય છે, ધર્મની ઓળખાણ પ્રેમથી થાય છે. પ્રેમજ જીવનની સફળતા છે. જીવાત્માથી પરમાત્માની પાસે પહોંચાવાય છે. જીવાત્માની ઉપર પ્રેમજ આપણને પરમાત્માની પાસે લઈ જાય છે. તેના ઉપર અથવા તેના પ્રિયજીવને ચાહવું એ એક સરખું છે. મહાત્મા બિપિનચંદ્ર પાલના શબ્દોમાં કહીએ તો ' He that loveth another hath fulfilled

the law ' જે માણસ એક જણને ચાહે છે તે પ્રિય પરિજનની પેઠે, પતિવ્રતા સતીની પેઠે, ઇચ્છાપ્રકાશ કરવાની પહેલાંજ પ્રભુની મતલબ જાણીને ભગવાનનાં પ્રિય કાર્ય કરે છે, ભગવત્ વિધી પાલન કરે છે, પ્રેમ અનુજ્ઞાનો ગુલામ છે. ગુલામ શેઠની ઇશારતથીજ મતલબ સમજી શકે છે, તે ત્વરાથી તેને લગતાં કામ કરવાને તત્પર થાય છે, તે શા ઇરાદાથી કામ કરે છે? ભય તથા શરમથી નહિ, પ્રેમથી તેને માટે ભવાં ચઢાવવાં માર મારવો, અથવા સજાનો ધારો બનાવવો પડતો નથી. એક જણના ઉપર ચડ્ડા રાખવો અને ઇશ્વરનો નિયમ પાળવો એ એકજ છે. પ્રેમ પંડિત જોન કહે છે કે, This is love that we walk after his commandments આપણે તેની આજ્ઞા પાળીએ છીએ એજ પ્રેમ છે; અને એટલા વાસ્તેજ કહેવાય છે કે, Love is the fulfilling of the law વિધી પાલનજ પ્રેમ છે. આ બધા મહા વાક્યના રહસ્યમાં અગણિત રત્નો સમાએલાં છે. સફેદ રંગનું પૃથક્કરણ કરો તો તેમાં બધા રંગ રહેલા છે. સૂર્યના કીરણને ત્રણ ધાર વાળા ઝુમ્મરના લોલકમાંથી છીદ્ર અથવા વરસાદના ટીંપામાંથી જોશો તો એ અમિશ્ર નથી. મિશ્ર પદાર્થ છે. રંગ વિના તો નથી; વર્ણ પરિવારનો એકત્ર સમાવેશ છે. રક્તનું બિન્દુ જોવામાં એક છે ખરૂં, પરન્તુ તેની અંદર લાખો જીવનું રહેઠાણ છે; તેમ પ્રેમ જોવામાં એકજ વસ્તુ છે, એક માત્ર કિરણ-રેખા છે ખરી, પરંતુ તેમાં સર્વ વિધિ પાલનજ રહેલી છે. જેમ સરિતાઓ વિવિધ શહેર પ્રદેશમાં ફરીને આખરે સમુદ્રના પટમાં પ્રાણમન રેડીને શ્રમીત થએલા શરીરને આરામ આપે છે, તેમ નિયમો

ધર્મ વિધિઓ વિભિન્ન માર્ગ પર ચાલીને પ્રેમમાં પરિ સમાપ્ત થાય છે. આત્મ વિસર્જન કરે છે. એક માત્ર પ્રેમજ સર્વ કર્તવ્યનું સંધી સ્થળ છે. આ સંગમ સ્થળમાંજ સ્વર્ગનો અને પાર્થિવનો માર્ગ જોડયો છે. જેમ સમુદ્રની ભરતીથીજ નદનદીઓનો આકાર વધે, તેમ પ્રેમથીજ બધી નીતિ તથા ધર્મની પુષ્ટી મેળવે છે. The intense love is intense in all things. બધા સારા કામમાં તે તત્પર અને નિરંતર ઘણો ઉત્સાહશીલ છે. નિર્મળ પ્રેમ નીરના વિના કોઈ રીતે ખરાબ નીતિનો દુર્ગંધ તથા સ્વાર્થની મલિનતા ધોવાતી નથી. ન્હાયા વગર શરીરની મલિનતા શું દૂર થાય છે? પ્રેમ આત્માનું નિર્મળ રૂપ છે. જે વિચારમાં જે કામમાં એક બિન્દુ પ્રેમ છે, તે કોઈક રીતે વિશુદ્ધ થશે ને થશે. દયા ભિક્ષદાનની કીંમત કયાં છે? પ્રેમ નહિ હોય તો ધર્માનુષ્ઠાનનું ગૌરવ કયાં છે? આત્માનેજ નિર્મળ કરવો, આ વિધિ પ્રેમના વિના લાખો જપ નકામા છે, ધર્મ કર્મ બધા ખોટા છે. Love worketh no ill પ્રેમ અમંગળ કામના કરતોજ નથી. ધર્મ નિયમ પાળવા હોય તો આત્માની જે શક્તિની જરૂર છે તે પ્રેમ છે. ત્યાં બધી વિધિ પાળવામાં આવે છે. જ્યાં તેની ખોટ ત્યાંજ બધી આજ્ઞા ઉથાપવામાં આવે છે. જ્યાં અપ્રેમ છે ત્યાં ઘણી વિધિ રહેવાનો સંભવ છે.

પ્રીતિજ પરમ ધર્મ છે, પ્રીતિજ પરમ સાધન છે, પ્રીતિ અને પ્રિય કાર્ય સાધનજ ઈશ્વરની ઉપાસના છે. **तस्मिन्न प्रीति स्तस्य प्रियकार्यसाधनंच तदुपासनमेव ॥** તે જગન્નિધાન છે, તે પરિપૂર્ણ આનન્દમ છે. તેની કંઈ ખોટ નથી, તે પોતે કોઈની પણ સેવાની દરકાર રાખતો નથી, કોઈની પણ સેવા તે ચહાતો

નથી. Verily God needeth not the service of creature તેને શેની જરૂર છે? તેની સેવા કોણ કરી શકે છે? તે આપણા હૃદયને જીવનને નૈવેદ્ય ચાહે છે, આપણે કેવળ તેને પ્રીતિ અર્પણ કરીને મૂંગા રહીએ છીએ. તે તે ચહાતો નથી. તે આપણને એકમેકના ઉપર પ્રીતિ કરવાને ચાહે છે. પરસ્પરની સેવા કરે છે અને મંગળ વધારે છે. ઈશ્વર મંગળકારિયોને ચાહે છે. For God loveth those who do good તેનો જીવ તેનાથી જુદો હોતો નથી. જીવાત્મા પરમાત્માનું મંદિર છે. તેને પોતાના જીવમાં આવવું પડે છે. જેવી તેમાં રૂચિની જરૂર હોય છે, તેમ તેના જીવમાં પણ પ્રેમ જરૂરનો થાય છે. નામ ઉપર રૂચિ તથા જીવ પર દયાની જરૂર છે. ઈશ્વર પોતાના સેવક ઉપર પ્રસન્ન હોય છે. God is gracious into His servants તેનીજ પ્રાર્થના આરાધના ઈશ્વરની પાસે ઉપાદેય થાય છે. જે સર્વ ભૂત પર સમદૃષ્ટિ અને બધા જીવ પર પ્રીતિ રાખે છે, તેજ ઇશ્વરનો અધિક પ્રિય પાત્ર થાય છે; કેમકે મહાત્મા મારનીયર કહે છે કે–

He prayeth best, who loveth best
All things both great and small,

જે નાની મોટી બધી વસ્તુઓને સર્વ કરતાં વધારે ચાહે છે, તેજ બધા કરતાં વધારે સારી પ્રાર્થના કરી શકે છે. તેજ ભગવાનને પસંદ પડતો માણસ છે. A man after His own heart તેના વિના ધર્મ કોણ જાણવા પામે, આચરણ વળી કોણ કરે! કેવળ તેજ પ્રચારકોના ઉચ્ચ પદમાં પ્રતિષ્ઠિત થવાને લાયક છે. તેનો ધર્મ તેની આધ્યાત્મિકતા વાક્ય પુરા થતા નથી. Though

I speak with tongues of men and of angel, and have not charity, I am become as sounding brass or a tinkling cymbal હું ગમે તેટલું ઉત્તમ વાણીની સાથે ભાષણ કરૂં, જો ખરેખરી જીવ ઉપર દયા, ઉદાર પ્રેમ નહિ હોય તો મારા શબ્દાયમાન પિતળની વસ્તુના જેવા છે, અથવા મોંની કરતાલના વિના બીજું કંઈજ નથી. No good mind is holy without God It is only the truly virtuous man who can love પ્રેમ કપટતાનો નાશ કરે છે, સરલતા આણે છે. પ્રેમિક કપટી અથવા કુટીલ થઇ શકતો નથી. જે હૃદયના પોપડાની અંદર પોપડો છે તે હૃદયમાં ખરો પ્રેમ રહી શકતો નથી. મહાત્મા વ્યાસ નારાયણ કવે છે કે, **"योऽन्यथा सन्तमात्मान मन्यथा प्रतिपद्यते। किन्तेननकृतम् पापं चोरणात्मा पहारिणा ।."** જે માણસ પોતે એક જાતનો હોઇને બીજાની પાસે જુદી રીતે દેખાડવા ચાહે છે, તે આત્મા-પહારી ચોરથી કીયું પાપ અનુષ્ઠિત થઈ શકતું નથી. પ્રેમ અહંકારને દૂર કરીને વિનય લાવે છે. એ માણસને **" अमानी-मानदः ॥ "** કહે છે. ઉન્નત માણસો પ્રેમના બોજાથી ફળથી લાધેલી ડાળીના જેવી નમ્રતા ધારણ કરે છે. પ્રેમીક આત્મશ્લાઘાને દૂર કરીને પ્રિયજનનો ગૌરવ કરે છે. પ્રિયજનના ગુણમાં તે ગુણવાન છે. તેણે પોતાનો ગૌરવ ત્યાગીને પ્રિયજનનો ગૌરવ વધાર્યો છે, અને બધાં કાર્ય તેના ગૌરવને માટે છે; Unto His glory, કહે છે. પોતાનો ગૌરવ ઓછો થયાથી જો પ્રિય-જનનો ગૌરવ વધે તો તેમાં પણ પ્રેમિક સુખી થાય છે. ભગવદ્ ભક્તો નિરહંકારી થઇને તેમાંજ ગૌરવ કરે છે. પ્રેમ હૃદયને

માર્જિત અને વિશુદ્ધ કરે છે, તથા સ્વભાવને કોમળ કરે છે. બૌદ્ધ ગ્રંથ ધર્મ પદમાં કહ્યું છે કે, પ્રેમના દ્વારાજ દ્વેષભાવની નિવૃત્તિ થાય છે; અને પ્રેમબળથી ક્રોધ તથા મંગળથી અમંગળને, પરાજય કરવાનો યત્ન કરો. સ્વાર્થ શૂન્યતા દ્વારા સ્વાર્થ, અને સત્ય દ્વારા ખોટાને જય કરો. મહાત્મા ઈસુ કહે છે કે જો કોઇ તમારા જમણા ગાલ ઉપર તમાચો મારે તો ડાબો ગાલ ફેરવજો એટલે તરતજ સામાનો ક્રોધ તમારા પ્રેમમાં પ્રેમરૂપે ફેરવાઈ જશે.

પ્રેમજ એક માત્ર નિરાપદની જગ્યા છે. નિડર થવાનો એજ એક માત્ર ઉપાય છે. ઋષિઓ પરમાત્માને ક્ષિત્યપ તેજો મરૂત વ્યોમમાં નકામી ખોળ કરીને થાકીને બોલ્યો. '**न तत्र सूर्योभाति न चन्द्र तारकं ।**' કેવળ જ્ઞાન લોચનાદિ દ્વારા બ્રહ્મને લાભ નહિ કરી શકયાથી તેઓએ કહ્યું છે કે વેદો તથા નિરૂક્ત છંદ જ્યોતિષ વગેરે બધી અપરા વિદ્યા છે જેના યોગે તેને જાણવામાં આવે તે કેવળ શ્રેષ્ઠ જ્ઞાન છે. '**अथ परायया तदक्षरमधिगम्यते**' જે "**गूढमनुप्रविष्ठम् गुहाहितम गह्वरेष्ठम्**" જે "**प्राणस्य प्राणंउत चक्षुश्चक्षुरुत श्रोतमन्नस्यान्नं मनसो मनः**" જેને આંખ મનના દ્વારા મેળવી શકતો નથી. "**नैव वाचा नमनसा प्राप्तुं शक्यो न चक्षुसा.**" તેને શું ઋષિઓએ મેળવ્યા નથી ? શું માણસોએ તેને મેળવ્યો નથી ? ઋષિઓએ પ્રત્યુત્તરમાં પાઠવ્યું કે, **नायमात्मां प्रवचनेन लभ्यो न मेधयान बहुत श्रुतेना यमे वैष वृणुते तेन लभ्यस्त स्यैष आत्मा वृणुते तनूं स्याम् ।** બુદ્ધિ બહુ શ્રવણ અથવા બીજા કોઈ ઉપાયથી તેને મેળવી શકાતો નથી, કેવળ તેના

તરફ હૃદયની પિપાસા પ્રેમ હોય તો તેની પાસે આવે છે, અને આત્મગોપન ત્યાગીને " तिमिर तिमिर हरा. " થઇને પોતાને પ્રકાશ કરે છે. આ પ્રાણનો ખેંચાવ આકર્ષણ છે. જો પ્રાણમાં મુગ્ધ થઇને પકડવાની પ્રવૃત્તિ નહિ હોય તો તે ધ્રુવજ્યોતિ આપણા નયન તારકને સ્પર્શ કરી શકત નહિ. જે ' अणो रेणीयान् महतो महियान् ' થઇને જીવના અંતરમાં છે, કોણ તેને જાણવા પામે છે. જે પરાત્પર પુરૂષને પુત્ર તથા પૈસાના કરતાં પણ પ્રિયતમ સમજે છે, તેજ તેને મેળવશે, કારણ કે તેજ તેને ખરી રીતે જાણે છે. प्रेम तो ब्रह्मपदं गोष्पदं तुल्यं हिभवेत् ! ' કિયો પ્રેમિક એનાથી વંચિત થયો છે? અજ્ઞાન બાળક ધ્રુવે શી રીતે તેને સહેલાઇથી મેળવ્યો હતો? ધ્રુવનું હૃદય નિરંતર તેને માટે આતુર, ભૂખ્યું અને તરસ્યું થયું હતું; તે અજાણી રૂપ તૃષ્ણામાં તેની આંખ અંજાઇ રહી હતી. વિરહી હૃદય કરતાં પણ પ્રેમી હૃદય વધારે ઉચ્ચતાને પ્રાપ્ત કરી શકે છે. મહાત્મા દાઉદનું હૃદયભેદી વિરહ સંગીત સાંભળવા છતાં પણ તે વિરહીના ઉપર પ્રસન્ન થયો નહિ! હે ઇશ્વર! ઝરા માટે તરસ્યા મૃગની માફક તમારે માટે મારો આત્મા નિત્ય પિપાસિત છે. મારાં આંસુજ રાત દહાડાનું મારૂં અન્ન જળ થયું છે. જો આવી અકૃત્રિમ તૃષ્ણા ઉદ્ભ્રાન્ત પ્રેમ નકામો જાય તો પૃથ્વી ખચીત રેતીના ઉપર સ્થપાએલી થવી જોઇએ. આકાશમંડળ માથા ઉપર ભાંગી શકે, સાધુ મહાજનોનું જીવન અને ઉક્તિની અંદરથી માનવ જે બધા પ્રતિશ્રુતિ ભગવત વચન તરીકે માને છે, અને માન્ય કરીને આશાના દોર ઉપર નાચે છે તે બધાં નકામાં તરીકે જણાશે.

જ્ઞાનયોગ કહો કે કર્મયોગ કહો, પણ પ્રેમયોગના જેવો કોઇ યોગ સરલ સહજ મધુર અને શાંતિવાળો નથી. પ્રેમ યોગીજ જાણે છે કે પરમાત્મા રસસ્વરૂપ તૃપ્તીનો હેતુ આનંદ રૂપ અમૃતરૂપ છે. તે જે પ્રદેશમાં વિરામે છે, તે પ્રદેશમાં જરા મૃત્યુ દુઃખ તાપ વિપદાપદ નથી. ત્યાં વાસનાનો નિર્વાણ થાય છે. સંસારનું નિર્વાણ થાય છે અને જીવ સંબુદ્ધ થાય છે. તે ઇશ્વરને છોડીને બીજી વસ્તુના શરણે થતા નથી. ઇશ્વરજ તેનો પ્રાણવાયુ છે, હૃદયનું રક્ત છે. આત્મરથનો રથી અને દેહમંત્રનો મંત્રી છે. પરમેશ્વર બીજાના પ્રાણમાં રહે છે પરંતુ તે પ્રેમિકનો પ્રાણ છે. આત્મા પરમાત્મા એકએકને એકએકમાં જોઇને અપૂર્વ અતુલ આનંદરસમાં મગ્ન થાય છે, ઇશ્વિરજ તેનું જ્ઞાન તેનો પ્રાણ છે, તેજ તેને જ્ઞાન આપે છે. વ્યાસે કહ્યું છે કે **दयामि बुद्धि योगंतं** ભગવાનની સાથેજ સતત યુક્ત છે, તેને જે પ્રીતિ પૂર્વક ભજે છે, **भजन प्रीतिपूर्वकम्**, તે સ્વયં ભગવાનની પાસેથી પ્રાણની અંદર જ્ઞાન મેળવે છે. પરમેશ્વર તેને "ગુરૂ અંતર્યામી હૈ શિખાય આપને" ગુરૂ નાનકના શબ્દમાં સંબોધે છે, જ્ઞાનની ખાણથી એકાએક જે તાજું જ્ઞાન મળે છે તેજ સૂર્યનું અજવાળું છે. ભગવાન કૃપા કરીને જે જ્ઞાન આપે છે તેજ મોક્ષ લાભનો માર્ગ દેખાડી શકે છે. તે જેને પોતે શિક્ષણ આપે છે તે કેવળ ભાગ્યવાન ખરૂં વિજ્ઞાન મેળવે છે કેમકે 'જિસને તુ જાનાયા ઓહિ જન જાને!'

પ્રેમિક મહમદે કહ્યું છે કે 'ઇશ્વર તેને શાસ્ત્ર જ્ઞાન અને વિધિ શીખવશે' પહેલાં આમાંનું કંઇ નહોતું, અંધારૂં હતું.

ત્યાર પછી અનાદિ પુરૂષની અનંત સૃષ્ટિનો આરંભ થયો. સૃષ્ટિએ આ શોભા શોભાયમાન ઉચ્છવાસિત જગતની સૃષ્ટિ કરી, પહેલાં અનંત અંધારામાંથી જ્યોતિ ખીલી, એકના પછી એક તારાઓ સુપ્તોત્થિતની પેઠે ઉઠીને જોવા લાગ્યા. બ્રહ્મની એક ફુંકના મારવાથી ધૂળની મુઠીમાં જીવાત્માનો સંચાર થયો. અનંત અખિલ આનંદ કોલાહલ અને ગૌરવગીતિથી પરિપૂર્ણ થયું. તેનો અંત ક્યાં છે? નેતિ નેતિ ક્યાં છે? આ અવાજ ગગનતળ ભેદીને ઉઠયો. પ્રથમ પરમાત્મા પોતાના મહીમાથી વિરાજીત હતો. હવે તેના મહીમાએ જ્વલંત જ્યોતિ રૂપે જગતને જળહળીત કર્યું. પહેલા 'અનાહુત શબ્દ બજંત ભેરીમાં' વિશ્વ પિતાની આજ્ઞા ઘોષીત થઇ કે "પોતાની રક્ષા કરો." પહેલાં તેનું સત્યજ્ઞાન અને અનંત સ્વરૂપ જાણે ખીલી નીકળ્યું હોયને, અને અનંત આકાશને શોભાન્વિત કર્યું હોયને! જીવે પહેલાં તેને વિશ્વપ્રસવિતા જગત પિતા તરીકે જાણ્યો. આખરે અનાદિ ગગન ભેદીને વાણી થઇ "આત્મ વિસર્જન કરો" જ્યારે સૃષ્ટિ પૂર્ણતાને પામી ત્યારે આખરે પૂર્ણ અને સર્વાંગ સુંદર વિધી પ્રચારિત થઇ એજ સૃષ્ટિની છેલ્લી વિધિ છે. તરત બધા જીવનો સુખાકારી પ્રેમ અમૃત વારિનો સ્રોત અનંતથી શાંતની તરફ અને શાંતથી અનંતની તરફ અવિરામગતિથી દોડવા લાગ્યો; તે વેળાએ પણ પરમાત્મા સર્વ કરતાં મધુર અમૃત સ્વરૂપજ તે પ્રેમરસ સ્વરૂપ અપ્રકાશિત હતો. હવે જીવે જોયું કે તે પ્રેમની ખાણ અને મંગળનો મૂળાધાર છે. ઈશ્વર એકલો હતો, પુરૂષ પ્રકૃતિની ખોટ અનુભવી. પરબ્રહ્મ સૃષ્ટિ

સૌંદર્ય અને તેનો અપાર મહિમા ઉપભોગ કરવા માટે સોબતી ઉત્પન્ન કરવાની ઇચ્છા કરી, તેને માટે પોતાના અનુરૂપ છાયા સ્વરૂપ જીવાત્માની ઉત્પત્તિ કરી. જીવ સૃષ્ટ થતાંજ સ્તબ્ધ અને મૂગ્ધ થઇને નાદ સાંભળ્યો. ભૂમાનંદ મહુ બીજા જીવો ઇશ્વરની તે ભૂમાનંદનો કણુમાત્ર આનંદ ઉપભોગ કરવા લાગ્યા. તેણે આટલું આપ્યા છતાં પણ ક્ષાન્ત થયો નહિ. પોતાનું પણ જીવન આપ્યું. એજ તેના પ્રેમની શ્રેષ્ઠ ઓળખાણ છે. છેલ્લું અને પૂર્ણાંગ વિધાન છે. કેવળ આનંદમયના ભૂમાનંદથી જીવ સૃષ્ટ થયા છે એમ નથી તે પ્રેમરૂપ આનંદ સ્વરૂપથી જીવો જીવીત રહે છે અને પ્રલયકાળે તેનેજ પ્રાપ્ત થાય છે અને તેમાંજ પ્રવેશ કરે છે. સૃષ્ટા બધાને આનંદ આપવા લાગ્યો, અને તેની અનંત શક્તિ સમુદ્રના પરપોટા સ્વરૂપ જીવને આજ્ઞા આપી કે તમે પણ એક બીજાની જોડે પ્રીતિબંધન સ્થાપો અને અન્યોઅન્યમાં આનંદ વધારો ! મહાત્મા જૉન છઠ્ઠો પણ કહે છે કે "God is love: and he that dwelleth in love, dwelleth in God, and God in him" ઇશ્વર પ્રેમ સ્વરૂપ છે. જે પ્રેમમાં રહે છે, તે પરમાત્મામાં રહે છે અને પરમાત્મા તે પ્રેમિકના અંતરમાં રહે છે. મુક્તિ પ્રીતિની દાસી છે. મુક્તિમાં પ્રેમિકનો અધિકાર છે. પ્રેમિક મુક્ત આત્મા છે, કારણુ કે તે પ્રવૃત્તિ શૂન્ય છે. પ્રેમજ તે પુષ્પક છે કે જેનાથી જીવ શરીરે સ્વર્ગ ઉપર ચઢે છે, દુનિયામાં જે ચડાતો નથી તે પરમાત્માને પિછાનતો નથી, અર્થાત પરમાત્માજ પ્રેમ સ્વરૂપ છે, માટે,

* * * *

" પ્રીતિ પ્રેમ વદુ જય જય જય વાણી ભર્યાં પ્રેમ થકી પવન આભ પાણી,
શીતલ પ્રાણુ રહાય આપતો સમીર સૂરજ ચંદ્ર તણો પ્રેમ શો ગંભીર;
પિતા પુત્ર માત પત્નીને સંસાર દીસે પ્રેમ વડે દીપતો ઝગાર,
તૂટયો પ્રેમ ફીટી જાય છે સંસાર પરબ્રહ્મ તણી યોજના અપાર.
પુરો પ્રેમી અંશ પ્રેમનુંજ અંગ સદા ઝીલતો પ્રીતિ તણા તરંગ,
મળે સાથ કદી લાખમાંથી એક ગહન પ્રેમ અકલ યોજના અભેદ;
મનુષ્ય જીવ મનુષ્ય જીવ શું તણાય પ્રકટ પ્રેમ તારી કલ્પના જણાય,
પ્રિયા પ્રિતમ તણે કંઠ લીન થાય પિતા કંઠ વિષે બાલકો ભરાય.
ભિન્ન ઠામ ભિન્ન ભિન્ન રૂપ ભાસે બધે પ્રેમ તુજ એકલો પ્રકાસે,
નથી દુઃખ ભેદ્ય પ્રેમ શક્તિ તારી તિમિર દુઃખ પ્રેમ તેજ દે વધારી;
બધે બ્રહ્મરૂપ બ્રહ્મ પ્રેમ જાણું કૃતિ રીતી ગતિ ભિન્ન ના પ્રમાણું."

મણિઃ–પ્રેમજીવન.

મારી પ્રીતિની પ્રતિમા! સ્નેહની દેવી! અરે પ્રેમની પૂતળી! કુંદન તું ક્યાં! અલબેલી તારી આશામાં તો હું ખુબ તણાયો! જેમ જેમ તારી પાછળ તણાઉં છું તેમ તેમ તું વધારેને વધારે દૂર ભાગતી જાય છે. મધુરી હવે એકવાર તો મને દર્શન આપ! તારા દર્શન વિના હું ઘેલો થઇ ગયો છું. રસીલી હવે મુખની માગી એકવાર છેલ્લી છેલ્લી ઝાંખી કરાવ!"

હીરાલાલના સ્વપ્નાવસ્થાના પ્રેમોદ્‌ગારથી ભાગીરથી ઘણીજ મુગ્ધ બની ગઈ, અને જે આવેશમાં હતી, એના કરતાં તમણા આવેશમાં તણાવા લાગી. એના અષ્ટાંગે પ્રેમનો તન્મનાટ થઈ રહ્યો; હૃદય ભાવનાઓથી નાચી રહ્યું. યુવાન બાળા મસ્તીએ ચઢી પુનઃ સાહસ કરવા લાગી; હીરાલાલ તરફથી પ્રાપ્ત થએલું તમામ જ્ઞાન વિસારી દીધું, અને એકદમ પ્રેમમાં ઉત્સુક બની

નીચી નમી હીરાલાલને ચુંબન કરવા ગઇ; એટલામાં હીરાલાલના મુખમાંથી ઉદ્દગાર નીકળ્યા,

" એ પ્રીતિના અધિકારી;
એક ગોપી ગિરધારીઃ—૦
પાવક પ્રીતિ પરમાણે,
રીતી જેને તે જાણે;
ચાતક તો સ્વાદજ માણે,
લઈ લ્હાણુ લ્હાણુ લ્હાણુઃ—૦
જ્યાં હૃદય હૃદય ત્યાં જાયે,
લોચન લોચનમાં સમાયે;
જુદા થાતા દુઃખ થાયે,
જાયે પ્રાણુ પ્રાણુ પ્રાણુઃ-૦ "

કુંદનને સંબોધતાં ભાગીરથી સ્નેહ સંબંધમાં સંબોધાઇ ગઈ; અને તરતજ સાહસિક શ્યામાએ સાહસ કરી ચુંબન કરી દીધું. ચુંબનના શીતકારથી હીરાલાલ લાગલોજ જાગૃત થઈ ગયો. ચપળાના ચમત્કારથી ચતુર ચમકી રહ્યો; ભાગીરથી ઝંખવાણી પડી લજવાઇ ગઈ; હીરાલાલ તીરસ્કાર યુક્ત દ્રષ્ટિપાત ભાગીરથી પ્રતિ ફેંકી મનોભાવને વચન પ્રહારમાં ગુંથી મુખભાવને સ્મિતહાસ્યમાં પલટાવી બોલ્યો " ઓહો ભાગીરથી બ્હેન! આજ આટલો બધો આ દીનબંધુ ઉપર પ્રેમનો ભાર! હોય બ્હેન હોય! ભાઇ ઉપર બ્હેન સિવાય આટલું બધું હેત કોણુ દર્શાવી શકે! એક જનુની કે બીજી ભગિની! તમને બ્હેન કહું તોયે થોડું છે અને મા કહું તોયે થોડું છે! આ માંદા અને મરતા હીરાલાલની સારવાર તમે બ્હેન કરતાં પણુ અધિક કરી છે; અને

મા કરતાં પણ અધિક કરી છે. તમને જોતાં હુ બધું ભૂલી જાઉં છું! મારી બ્હેન કહો આ ભાઇને શી આજ્ઞા છે? બ્હેન વિનાના ભાઇને કાલી ઘેલી બ્હેનના પ્રેમચુંબનથી કેવી શાન્તિ થાય છે; તેની મને આજે ખબર પડી. બ્હેન તમારા ચુંબનના મીઠડાથી મારાં બધાં દુઃખડાં દૂર થઇ ગયાં!" આ વખતે એક દૈવિક ચમત્કાર થયો; શેઠાણી જમનાં અને શેઠ જયરામ હીરાલાલની વિશુદ્ધિ પારખવા સારૂ તેના હૃદયની પવિત્રતાની કસોટી જોવા સારૂ ઈશ્વિરી પ્રેરણાથી અકસ્માતીક અચાનક આવીને હીરાલાલના ખંડ પાસેના જાળીઆ આગળ ઉભાં રહ્યાં. શેઠ અને શેઠાણી બંને એકમત થઈ શાંતિ પકડી હીરાલાલ તથા ભાગીરથી શું કરે છે તે ચુપકીથી નિહાળવા લાગ્યાં. શેઠાણી વખતે વખતે ગભરાવા લાગી કે એકાન્તમાં અનર્થ થશે અને અનર્થથી બન્ને જીવની અધોગતિ થશે; પણ જયરામ જમનાંને ઇશારતથી શાન્ત કરી શું થાય છે તે જોવા વિનવણી કરી ચુપકીથી જોવા લાગ્યો!

"મને માફ કરો! હું આપની અપરાધી છું!"

"એમાં અપરાધ પણ નથી અને માફ માગવાની આવશ્યકતા પણ નથી."

"હું ભૂલી ગઇ, મેં ન કરવાનું કાર્ય કર્યું; મને ક્ષમા કરો! મન માંકડાએ મને જેમ નચાવી તેમ હું નાચી!"

"यस्तूदार चमत्कारः सदाचार विहारवान् ।
सनिर्याति जगन्मोहान्मृगेन्द्रः पञ्जरादिव ॥

योगवासिष्ठम्.

જે પુરૂષાર્થ રૂપ ઉદાર ચમત્કારવાળો છે, સદાચાર વિહાર-

વાળો છે, તે પંજરમાંથી મૃગેન્દ્ર છુટી જાય તેમ જગન્મોહથી છુટે છે."

"હું મોહમાં આંધળી બની કામવશ થઇ બધું ભૂલી ગઇ; અરે મારા જ્ઞાનમાં પાણી ફરી વળ્યું !"

" तरवोऽपि हि जीवन्ति जीवन्ति मृगपक्षिण: ।
सजीवति मनोयस्य मननेन न जीवति ॥
भारोऽविवेकिन: शास्त्रं भारो ज्ञानं च रागिण: ।
अशान्तस्य मनोभारो भारोऽनात्म त्रिदोवपु: ॥ "

योगवासिष्ठम्.

"વૃક્ષો પણ જીવે છે, મૃગ પક્ષી આદિ પણ જીવે છે; પણ તેજ જીવે છે કે જેનું મન મનનથી જીવતું નથી. અવિવેકીને શાસ્ત્રભાર છે, રાગવાળાને જ્ઞાન ભાર છે, અશાન્તને મન ભાર છે, અનાત્મજ્ઞને શરીર ભાર છે."

"આપે મને જ્ઞાનોપદેશ આપવામાં કાંઇ પણ કચાશ રાખી નથી; વિધવાના ધર્મો સારી રીતે સમજાવ્યા છે; છતાં પણ બધું પત્થર ઉપર પાણી થઈ ગયું."

" मनसो निग्रहायत्तमभयं सर्व योगिनाम् ।
दु:ख क्षय: प्रबोधश्चाप्य क्षया शान्तिरेव च ॥ "

श्रीगौडपादाचार्य

યોગી માત્રને અભય પ્રાપ્તિ થવી તે મનના નિગ્રહ ઉપર આધાર રાખે છે, તેમજ દુ:ખ ક્ષય, પ્રબોધ, અક્ષય શાન્તિ તે પણ મનોનિગ્રહ ઉપરજ આધાર રાખે છે; કેમકે,

" यस्तत्सदसतोर्मध्यं यन्मध्यं चित्त्वजाड्ययोः ।
तन्मनः प्रोच्यते राम द्वयोर्दोलायिताकृति ॥

योगवासिष्ठम्.

સત અને અસત્‌નું મધ્ય, ચૈતન અને જડનું મધ્ય, તેજ હે રામ, મન કહેવાય છે, જે ઉભયની વચ્ચે હિંદોળા ખાધા કરે છે, કેમકે,

" अन्यत्रमना अभूवन्नादर्शमन्यत्रमना अभूवं नाश्रौषमिति मनसा ह्येव पश्यति मनसा शृणोति कामः सङ्कल्पो विचिकित्सा श्रद्धाश्रद्धा धृतिरधृति र्हीर्धीर्भीरित्येतत्सर्वं मन एव ॥ "

बृहदाराण्य कोपनिषत्.

મારૂં મન અન્યત્ર હતું તેથી મેં દીઠું નહિ, મારૂં મન અન્યત્ર હતું તેથી મેં સાંભળ્યું નહિ; અર્થાત્ મનથીજ દેખે છે, મનથીજ સાંભળે છે, કામ, સંકલ્પ, શંકા, શ્રદ્ધા, અશ્રદ્ધા, ધૃતિ, અધૃતિ, લજ્જા, બુદ્ધિ, ભય એ સર્વ મનજ છે; એટલા માટેજ,

" मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।
बन्धाय विषयासक्तं मुक्त्यै निर्विषयंस्मृतम् ॥ "

पंचदशी.

મનુષ્યોને મન એજ બંધ અને મોક્ષનું કારણ છે; વિષયાશક્ત મન તે બંધ અને નિર્વિષય મન તે મોક્ષ છે.

" ધર્મવીર જેમ જેમ વખત જાય છે તેમ તેમ મને મારા કૃત્યની ભયંકરતા વધારે ક્રૂર લાસે છે. "

" दूरदेशं गतेपुत्रे जीवत्येवात्र तासिता ।
विप्र लम्भ कवाक्येन मृतं मत्वा प्रारोदिति ॥

मृतेऽपितास्मिन्वार्तायां नश्रुतायां न रोदिति ।
अतः सर्वस्य जीवस्य बन्धकृन्मान संजगत् ॥ ”

पंचदशी.

પુત્ર દૂર દેશમાં ગયો હોય અને જીવતો હોય, છતાં અત્ર તેનો પિતા કોઈ ધુર્તના વચનથી તેને મુઓ જાણી રૂવે છે, અને મરી ગયો હોય છતાં વાત ન જાણી હોય ત્યાં સુધી રોતો નથી, અર્થાત્ જીવ માત્રને બંધ ઉપજાવનારી જે સૃષ્ટિ તે તેના પોતાના મનની કલ્પેલી સૃષ્ટિ છે તેજ છે; માટે,

“ अब्याब्धि पानान्महतः सुमेरुन्मूलनादपि ।
अपि वह्न्यशनात्साधो विषमश्चित्त निग्रहः ॥ ”

સમુદ્રનું પાન કરવાથી, મેરૂને ઉખેડી નાખવાથી કે વન્હીનું પ્રાશન કરવાથી, પણ હે સાધો, ચિત્તનો નિગ્રહ ઘણો વિષમ છે; કેમકે,

“ उपविश्योपविश्यैव चित्तज्ञेनमुहुर्मुहुः ।
नशक्यते मनोजेतुं विनायुक्ति मनिन्दिताम् ॥
अङ्कुशेन विनामत्तो यथादुष्ट मतङ्गजः ।
अध्यात्म विद्याधिगमः साधुसङ्गम एव च ॥
वासना सम्परित्यागः प्राणस्पन्द निरोधम् ।
एतास्तायुक्तयः पुष्टाःसन्ति चित्तजयेकिल ॥
सतीष्वेतासुयुक्तिषु हठान्नियमयन्तिये ।
चेतस्ते दीपमुत्सृज्य विनिघ्नन्ति तमोऽञ्जनैः ॥ ”

योगवासिष्ठम्.

વારંવાર એ ઉપર લક્ષ કરી પ્રયત્ન કરતાં પણ ચિતજ્ઞ, કોઇ શુદ્ધ યુક્તિ વિના મનનો જય કરી શકતો નથી; દુષ્ટ હાથીને

અંકુશ વિના વશ કરાતો નથી; અધ્યાત્મ વિદ્યાનું જ્ઞાન, સાધુ સંગમ, વાસનાનો અત્યંત ત્યાગ, પ્રાણ ગતિનો રોધ, એવી અતિ પુષ્ટિ કરી યુક્તિયો ચિત જયને માટે પ્રસિદ્ધ છે, છતાં પણ જે લોકો હઠથી કરીને ચિતને નિયમવા મથે છે તે દીપને પડયો મૂકી અંધકારને અંજન ચોપડી દૂર કરવા ઇચ્છે છે. તેટલા માટે,

"अहंममेति त्वमनर्थ मीहसे परार्थ मिच्छन्ति तवान्य ईहितम्।
न तेऽर्थबोधेन हिमेऽस्ति चार्थितातत‌श्चयुक्तः शम एवते मनः॥"

उपदेशसहस्री.

હે મન, અહું અને મમ એવા અનર્થને તું ઇચ્છે છે, પણ મહાત્માઓ તારી પ્રવૃત્તિ પરમાર્થમાં વળે એમ ઇચ્છે છે; તને (એકલાને) અર્થ બોધ થવાનો નથી, મને (એકલાને) અર્થ-સ્થિતિજ જણાવાની નથી; માટે (આપણે સાથે છીએ તો) તારે શમ પામવો એજ યુક્ત છે. કેમકે,

"परेषां चेतांसि प्रति दिवसमाराध्य बहुधा।
प्रसादं किंनेतुं विशसि हृदय क्लेशकलिलम्॥
प्रसन्नेत्वय्यन्तः स्वयमुदित चिन्तामणि गुणे।
विमुक्तः संकल्पः किमभिलषितं पुष्यतिनते॥"

भर्तृहरि.

દિવસે દિવસે પારકાના ચિતનું આરાધન કરવામાં કલેશના કાદવમાં અરે હૃદય તું શા માટે ઉતરે છે? શો પ્રસાદ તારે પ્રાપ્ત કરવો છે? તું પોતેજ અંતઃપ્રસન્ન થશે અને તારામાં ચિંતામણિના જેવો ગુણ સ્વતઃ ઉદય થશે તો તારો કીયો સંકલ્પ ઉઠતાની સાથે કંઈ વાંછા પૃષ્ઠ થયા વિના રહેશે! માટે,

अभ्यास वैराग्याभ्यांतन्निरोधः॥ पातञ्जल सूत्रम्।

" अर्थेह्य विद्यमानेऽपि संसृतिर्न निवर्तते ।
ध्यायतो विषयानस्य स्वप्नेऽनर्थागमोयथा ॥
अत एव शनैश्चितं प्रसक्तमसतां पथि ।
भक्तियोगेन तीव्रेण विरक्तया च नयेद्वशम् ॥ "

भागवतम्.

અભ્યાસ અને વૈરાગ્યથી ચિત્તનો નિરોધ થાય છે. વિષયોનું ધ્યાન કરનારને, પદાર્થ અવિદ્યમાન સતે પણ સ્વપ્નમાં જેમ અનર્થ એવો વિસ્તાર નીપજે છે, તેમ સંસૃતિ મટતી નથી, માટેજ અસન્માર્ગને વિષે આસક્ત થએલા ચિત્તને તીવ્ર ભક્તિ યોગથી અને વિરાગ્યથી વશ કરવું. કેમકે,

" तत्त्व ज्ञानं मनोनाशो वासना क्षय एव च ।
मिथःकारणतांगत्वा दुःसाध्यानि स्थितान्यतः ॥ "

योगवासिष्ठम्.

તત્વજ્ઞાન, મનોનાશ, વાસનાક્ષય એ ત્રણ પરસ્પરના કારણ કાર્ય છે, તેથીજ અતિ દુઃસાધ્ય છે; કેમકે,

" पूर्णे मनसि सम्पूर्णं जगत्सर्वं सुधाद्रवैः ।
उपान द्द पादस्यननु चर्मास्तृतैवभू ॥ "

योगवासिष्ठम्.

મન પૂર્ણ થયું એટલે જગત માત્ર અમૃતરસથી પૂર્ણ થયું; પગે જોડા પહેરનારને આખી પૃથ્વી ચર્માસ્તૃત થઈ, માટે,

" शनैःशनैरुपरमेद्बुद्ध्या धृतिगृहीतया ।
आत्मसंस्थं मनः कृत्वा न किंचिदपि चिन्तयेत् ॥

यतो यतो निश्चरति मनश्चंचलमस्थिरम् ।
ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥ ”

भगवद्गीता.

ધીરજથી બુદ્ધિને આધાર આપી ધીમે ધીમે ઉપરમ પામવો, મનને આત્મસંસ્થ કરી કશાનું પણ ચિંતન કરવું નહિ. ચંચળ અને અસ્થિર એવું મન જ્યાંથી જ્યાંથી બહાર નીકળી જાય ત્યાંથી ત્યાંથી પાછું નિયમમાં લાવી તેને આત્માને વશ કરવું! દુનિયામાં જેણે મન સાધ્યું તેણે સર્વ સાધ્યું. જેણે મન જીત્યું તેણે સર્વ જીત્યું, મનુષ્યે મનને કાબુમાં રાખવું, તેને હદ ઉપરાંત બહેકાવવું નહિ, મનનો વેગ અને મનની ગતિ મનુષ્યે ઉત્પન્ન થતાંજ તરતજ નિયમમાં રાખીને ગતિમાન કરવું. મન હાથી છે, અને મનુષ્ય માવત છે. જ્યાં સુધી મન હાથી ઉપર મનુષ્ય માવતનો અંકુશ સર્વકાળ એક સરખો કાયમ રહે છે ત્યાં સુધી મન હાથી સીધો ને સીધો વગર હરકતે ચાલ્યો જાય છે; માટે મનુષ્યે મનને મારતાં અર્થાત જીતતાં શિખવું જોઇએ.

“ હું પાપણી સર્વ ભૂલી ગઈ. માન અને જ્ઞાનમાં આંધળી બની પ્રેમ અને મનના વેગમાં તણાઇ ડુબી ગઇ. જ્ઞાનનો અવળો અર્થ કરી પ્રેમના પ્રવાહમાં છલકાઇ ગઈ! ”

“ મનુષ્ય મનોવેગને આધીન થઈ નાહક પ્રીતિના નામને વગોવે છે. પ્રીતિનું સ્વરૂપ તો બહુજ જુદુ છે, તેને તો કોઈ પરમ પ્રેમીજ પિછાની શકે છે કેમકે સત્ય પ્રેમ વિના આત્મ નિમજ્જન થઇ શકતું નથી, જુઓ,

" तिलेषु तैलं दधनी वसर्पिरापः स्रोतः स्वरणीषु चाग्निः ।
एव मात्मात्मनि गृह्यतेऽसोसत्येनैनं तपसायोऽनु पश्यति ॥ "

श्वेताश्वरोपनिषत्.

તિલને વિષે તૈલ, દધીને વિષે ઘી, સ્રોતને વિષે જલ, અરણીને વિષે અગ્નિ તેમ જે સત્ય તથા તપથી એને જુએ છે તેને આત્માને વિષે આત્મા ગૃહાય છે, કેમકે,

" सर्वे क्षयान्ता निचयाः प्रतनान्ताः समुछ्रयाः ।
सयोंधा विप्रयोगान्ताः सर्वे संसार वर्तमनि ॥ "

योगवासिष्ठम्.

હે યાજ્ઞવલ્કય ! જે ક્ષુધા તૃષાથી મુક્ત, શોક મોહ જરા મૃત્યુની પાર, સર્વાન્તર છે તે કીયો ? તે આ આત્મા, જેને જાણી બ્રાહ્મણો પુત્રૈષણા વિત્તૈષણા, લોકૈષણાનો ત્યાગ કરી ભિક્ષાચરે છે; માટે,

" यावन्तः कुरुतेजन्तुः सम्बन्धान् मनसः प्रियान् ।
तावन्तोऽस्य निस्वन्यन्ते हृदये शोक शङ्कवः ॥ "

महाभारतम्.

જંતુ જેટલા જેટલા સંબંધ પોતાના મનને પ્રિય માને છે, તેટલા તેટલા શોકના ખીલા તેના હ્રદયમાં ઠોકાતા જાય છે; કેમકે

" ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ॥
क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद्बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥ "

भगवद्गीता.

વિષયોનું ધ્યાન કરવામાંથી મનુષ્યને તેમનો સંગ ઉપજે

છે, સંગથી કામ થાય છે, કામથી ક્રોધ થાય છે, ક્રોધથી સંપૂર્ણ મોહનો ઉદય થાય છે, ને મોહથી સ્મૃતિનો વિભ્રમ થઈ જાય છે. સ્મૃતિ ભ્રંશ થતાં બુદ્ધિ નાશ થાય છે ને બુદ્ધિ નાશથી વિનાશ થાય છે. માટે,

" आशा नाम नदी मनोरथ जला तृष्णा तरङ्गाकुला ।
राग ग्राहवती वितर्क विहगा धैर्य द्रुम ध्वंसिनी ॥
मोहावर्त सुदुस्तरातिं गहरा प्रोत्तुङ्गचिन्तातटी ।
तस्याः पारगता विशुद्ध मनसो नन्दन्तु योगीश्वराः ॥ "

भर्तृहरि.

મનોરથના જળવાળી તૃષ્ણાતરંગથી આકુળ, રાગરૂપી ગ્રહવાળી, વિતર્ક વિહંગો સહિત્ ધૈર્યદ્રુમનો ધ્વંશ કરનારી, મોહના આવર્તથી અતિશય દુસ્તર, અતિ ઉંચા એવા ચિંતાતટ વચ્ચે દોડતી, આશા નામે નદી અતિ ગહુન છે; તેની પાર ગએલા વિશુદ્ધ મનવાળા યોગીશ્વરો આનંદ અનુભવે છે. કેમકે,

" सहोवाचनवाअरे पत्युः कामाय पतिः प्रियो भवत्यात्म नस्तु कामाय पतिः प्रियो भवति । नवाअरे जायायै कामाय जाया प्रिया भवत्यात्मनस्तु कामाय जाया प्रिया भवति । नवाअरे सर्वस्य कामाय सर्वं प्रियं भवत्यात्मनस्तु कामाय सर्वं प्रियं भवत्यात्मा वारेद्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यो मैत्रेय्यात्मनो वाअरे दर्शनेन श्रवणेन मत्या विज्ञानेनेदं सर्वं विदितम् ॥ "

बृहदारण्यकोपनिषत्.

યાજ્ઞવલ્ક્યે કહ્યું:—અરે પતિને અર્થે પતિ પ્રિય લાગતો નથી, સ્વને અર્થે પ્રિય લાગે છે, પત્નીને અર્થે પત્ની પ્રિય લાગતી નથી, સ્વને અર્થે પ્રિય લાગે છે; સર્વે સર્વને અર્થે પ્રિય લાગતું

નથી; સ્વને અર્થે પ્રિય લાગે છે; અરે એ સ્વ જે આત્મા તેનુંજ દર્શન, શ્રવણુ મનન, નિદિધ્યાસન કરવું; અરે મૈત્રેયિ! આત્માના દર્શન શ્રવણુ મનન વિજ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય છે. માટે,

" योऽन्त: सुखोऽन्तरारामस्तथांतज्योतिरेव य: ।
स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ॥
लभंते ब्रह्मनिर्वाणमृषय: क्षीणकल्मषा ।
छिन्नद्वैधा यतात्मान: सर्वभूतहिते रता ॥ "

भगवद्गीता.

જે અંતઃ સુખ, અંતરરામ અંતર્જ્યોતિ છે, તે બ્રહ્મભૂત યોગી, બ્રહ્મ નિર્વાણુને પ્રાપ્ત થાય છે. કલ્મષ માત્ર જેમનાં ક્ષણુ થયાં છે એવા દ્વૈત માત્રથી મુક્ત, યતાત્મ અને સર્વભૂત હિતરત ઋષિયો બ્રહ્મ નિર્વાણુ પામે છે, કેમકે,

" रागादय:सन्तु कामं न तद्भावोऽपराध्यति ।
उत्खातदंष्ट्रो रगवद्दविद्याकिं करिष्यति ॥ "

जीवन्मुक्ति विवेक.

રાગાદિક હોય તો ભલે રહ્યા, તેમના હોવા માત્રથી કાંઈ અપરાધ નથી, દાંત પાડી નાખેલા નાગ જેવી અવિદ્યા શું કરનારી છે? માટે,

" तच्चिन्तनं तत्कथन मन्योन्यं तत्प्रबोधनम् ।
एतदेकपरत्वं हि ब्रह्मा भ्यासं विदुर्बुधा: ॥ "

पंचदशी.

તેનુંજ ચિન્તન, તેનુંજ કથન, અન્યોન્યને તેનોજ બોધ, એવું જે એક પરત્વ તેને બુધજનો બ્રહ્માભ્યાસ જાણે છે. તેથી,

विपदः सन्तुनः शश्वद्यत्र तत्र जगद्गुरो ।
भवतां दर्शनं यतयाद् पुनर्भव दर्शनम् ॥ "

भागवतम्.

હે જગત્‌ગુરૂ! અત્ર તત્ર સર્વત્ર અમને વિપત્તિ હો કે આપનું દર્શન થાય અને પુનર્ભવ દર્શન મટે;

" या प्रीतिर विवकानां विषयेष्वन पायिनी ।
त्वामनुस्मरतः सामे हृदयान्माप सर्पतु ॥ "

पंचदशी.

અવિવેકીને વિષયોને વિષે કદાપિ ટળે નહિ એવી જે પ્રીતિ છે તેવીજ પ્રીતિ તમારૂં સ્મરણ કરતાં મારા હૃદયમાંથી જશો નહિ; કેમકે,

" सानन्दन निरानन्दं चल ना चल स्थिरम् ।
न सन्नासन्न चैतषा मध्यं ज्ञानी मनोविदः ॥ "

योगवासिष्ठम्.

સાનંદ કે નિરાનદ, ચલ અચલ કે સ્થિર, સત કે અસત કે એવા કોઇ પણ દ્વંદ કે સિકનું મધ્ય એવું જ્ઞાની મન નથી; માટે

" आत्मा ामापि मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे ।
कुर्वन्त्य हैतुकीं भक्ति मित्थं भूतगुणो हरिः ॥ "

भागवतम्.

આત્મારામ સતે, ગ્રંથી તુટયા સતે પણ મુનિયો મહા વિક્રમવાળા વિભુની નિર્હેતુક ભક્તિ રાખે છે; માટે હરિ એજ પ્રેમભક્તિ છે અને પ્રેમભક્તિ એજ હરિ છે.

"અરે મહાવીર હું તો બધું ભૂલી ગઈ. પાપમાં ડુબી ગઇ! સાત સમુદ્રના જળથી પણ મારા મનની વિશુદ્ધિ હવે

થશે નહિ. હું શું કરૂં ? કયાં જાઉં ? મારા પાપનું પ્રાયશ્ચિત શી રીતે કરી પાવન થાઉં ! હવે મને કાંઈ સૂઝતું નથી. જેમ જેમ ઘડી ઉપર ઘડી વ્યતિત થાય છે તેમ તેમ મને મારા સાહસ કર્મની ભયંકરતા વધારે ને વધારે ભયંકર જણાય છે. હું કોણ ? મેં શું કર્યું ? આપના જેવા પરમ ભગવતી વીર સગાથે મેં મારા હૃદયની શ્યામતા ઘસી ! હરિ હરિ હરિ હવે મારી શી ગતિ થશે ? ”

“ બ્હેન હવે પરિતાપ કરશો નહિ. પશ્ચાત્તાપ છે તે એક પુનરજીવન છે, પાપનું પ્રાયશ્ચિત છે. પ્રેમનો પંથ વિષમ છે, કંઈ કંઈ જ્ઞ નીઓ તેમાં ગોથાં ખાય છે. મનને હમેશાં અંકુશમાં રાખવું જોઇએ, નિરંકુશ મન સદાને વાસ્તે માર ખત્રરાવ છે. પ્રેમ મન અને કામ એ ત્રણ વસ્તુ નિરાળી છે. અજ્ઞાની અને સાહસિક એ ત્રણ વસ્તુને એક વસ્તુ માની કેટલીકવાર પ્રીતિના નામને કલંકીન કરે છે. મનને બહેકાવી નાંખી ન કરવાનાં કાર્ય કરે છે, અને છેવટે વિમાસણના સાગરમાં પડી સાહસિક મન સાથે બુડી મરે છે. વ્હાવું અનુભવવું અને સ્હેવું એ કોઇ વિરલાથીજ બની શકે છે. મનને નિરંકુશ કરી કામના વાતાવરણમાં વાયરે ચઢેલા કંઈક વેવલાઓ પ્રેમ પ્રેમ કહી પોતે અનાચાર આદરી અનીતિમાં બુડી મરે છે અને બીજાને ડુબાવી મારે છે. પ્રીતિ આ દુનિયાની વસ્તુ નથી, પણ સ્વર્ગની અમૂલ્ય વસ્તુ છે, પ્રભુની પ્રભુતાની પ્રતિમા છે. હૃદયની વિશુદ્ધતાનું પ્રતિબિંબ છે, અમૃતનું બિન્દુ છે, સત્ય સુખનો મહા સિંધુ છે. જુવાની એ એક વિકાર ઉત્પન્ન થવાની દીવાની અવસ્થા છે. એ દીવાની

અવસ્થાને ધર્મ અને જ્ઞાનના સંસ્કાર, વિચાર અને આચારે ફરી સુખમય શાંતિની અવસ્થા બનાવી શકાય છે. સ્વતંત્ર અને નિરંકુશ મનના વાતાવરણના સારાનરસા વિચારોનાં ફળ આ અવસ્થામાં સ્હેલાઇથી અનહદ પ્રમાણમાં મળી શકે છે; માટે વિબુધજનોએ હમેશાં મન ઉપર ધર્મ અને જ્ઞાનનો અંકુશ રાખવો જોઇએ. જીવનને જેમ બને તેમ ધાર્મિક બનાવવું જોઇએ. બુદ્ધિમાને એકાંત મળતાં મનને જ્ઞાનના વાતાવરણમાં ચઢાવવું જોઇએ. મનની ઉન્નતી નીતિ અને ધાર્મિક વૃત્તિઓથી થઈ શકે છે. બ્હેન હવે ચિંતા નહિ કરતાં મન ફરીથી વિકળ ન થાય તે સારૂ ખાસ લક્ષ આપશો."

"ભાઇ, આપે આ બ્હેનના કલ્યાણ સારૂં જેટલું કહેવાય તેટલું કર્યું છે. મારા જીવનમાંજ આવા સાહસ કલંકની કાળાશ લાગવાનું લખ્યું હશે તે પ્રમાણે બન્યું! હજુ પણ કાંક પાપ કરતાં પાછું વાળી જોયું હશે; તેથી આપનો જ્ઞાનોપદેશ મારા ઉપર નિરંતર અમૃત ઘનની માફક વરસ્યાજ કરે છે. હું વિકારી થઈ પણ આપ વિકારી નથી થયા એટલું મારૂં પુન્ય છે. મારાં માતાપિતાના પુન્યનો પણ ઉદય છે કે આપ જેવા મહાત્મા નર વીરનાં મારા ઘરમાં પગલાં થયાં છે. તમારી જેટલી સેવા ચાકરી કરીએ તેટલી થોડી છે; અરે તમારા ચરણ પખાળીને પાન કરૂં તો પણ થોડું છે. ગુણનીધિ આજે આપે મને તારી છે; અરે મારા પિતાની ઈકોતેર પેઢીને પાપમાં ડુબતાં બચાવી છે. આપના જેવા સંયમવાળા અને મનોનિગ્રહવાળા કોક વિરલાજ હશે. સ્રીના ચુંબનથી જો ચળાયમાન ન થયા હો તો તે આપ એકલાજ

છો. કળીકાળમાં ભામિનીની ભૂજલતામાંથી મુક્ત થાય તેવા આપ એકજ મહાત્મા છો. આપનાં હું કીયે મુખે વખાણુ કરૂં તે સૂઝતું નથી. હરિ, હરિ, હરિ, મેં પણ આજે મહાભારત અનર્થ આદર્યો છે. મારૂં શું થશે તે હું કળી શકતી નથી ! આ પાપનું પ્રાયશ્ચિત્ત કેવી રીતે કરવું તે પણ મન કલ્પના કરી શકતું નથી. જય જય જગતપિતા પ્રભુ મને માફ કરો હું ઘણીજ અપરાધી છું.”

“બ્હેન ઈશ્વર તમને માફ કરશેજ! કેશવ કરૂણાનીધિ છે. તે હમેશાં પાપીઓને પાપમાંથી તારે છે, તે દરેક જીવધારી ઉપર નિરંતર દયાજ કરે છે. હવે તમે પાપને સંભાળી સંભાળી પશ્ચાત્તાપ ન કરશો. ભવિષ્યમાં પાપ કરતાં અટકી જવાય તેવાં જ્ઞાનનાં પગલાં ભરજો ! હવે તમારામાં વિકાર રહ્યો નથી. તમે શુદ્ધજ છો, મગજમાંથી મલીન વાસના દૂર કરી દ્યો ! દિનબન્ધુ હમેશાં દીન ઉપર અમીદૃષ્ટિજ કરશે. દયાસિંધુ દયા વરસાવશેજ !”

“આપ જેવા ધર્મવીરના સમાગમમાં છતાં પણ હું પાપ કરવાને તૈયાર થઈ! અહા એ શું ઓછો ગજબ છે? આપના કમળવદન પર ચુંબન કરવાને આ પાપી મુખ લલચાયું તો તેને તો શિક્ષા અવશ્ય કરીને કરવી જોઇએ. પાપી મોંઢાને તમાચા મારવાજ જોઇએ! મન માંકડા લે લેતા જા પાપની સજા!”

“અરે હાં હાં બ્હેન આમ તમાચા મારે પાપ દૂર ન થાય! કઢાપો કરે મન ઉલટું બગડી બેસે, વિલાપ અને પશ્ચાત્તાપથી તો એક પાપની નીચ પ્રકારની ઘેલછા ઉત્પન્ન થાય; માટે શાંત થાઓ, મોંઢા ઉપર તમાચા મારે મનને શું થાય.

તેને તો જ્ઞાન નીતિ અને ધર્મના અંકુશથી વશ રાખવું જોઇએ!"

"અભાગી જીવ છેવટે તું વિષ્ટા ઉપરજ બેઠો! પાપી મન છેવટે પાપ કરવાજ તત્પર થયું! દુષ્ટ મન લે તારા કર્મનાં ફળ!" કહી આવેશમાં આવી માથું હીરાલાલના પલંગના પૈયા ઉપર જોરથી અફાળ્યું; હીરાલાલ ગભરાઇ ગયો; જોતજોતામાં ચોગરદમ લોહી લોહી થઇ ગયું. ભાગીરથીનાં માબાપ એકદમ આંધળીયાં કરી ધસી આવ્યાં; ચોગરદમ ગભરાટ અને ગજબ વરતાઇ રહ્યો!"

"દીકરી તેં ન કરવાનું કર્યું પણ અંતે સમજણના ઘરમાં આવી એટલું મારૂં અહો ભાગ્ય છે! હવે પશ્ચાત્તાપ કરીશ નહિ! આ તો ધર્મના અવતાર હીરાલાલ હતા તો સૌ સારૂં થયું; પણ વખતે કોક બીજો હોય તો અમારે કમોત કરી મરવું પડે અને તને પહેલા વિષ આપી મારવી પડે! બેટા હવે જ્ઞાનને ગ્રહણ કર. ધર્મ અને નીતિનાં દૃષ્ટાંતથી સિદ્ધાંત બાંધતી જા અને તારી કાયાને પાવન કર!"

"બેટા હવે બહુ થયું! ચિંતા ન કરીશ, આત્મઘાતના વિચાર જવા દે! તારા હૃદયમા જે વિકાર અને દુષ્ટ ભાવના હતી તેની આજે તેં સારી ઘાત કરી છે. હવે આટલેથી સંતોષ માની નીતિને સંભાળો અને પ્રભુને ભજશો તો ભગવાન તમારૂં ભલું કરશે!"

"મારાં માત પિતા! આજે તમને ઘણું કષ્ટ થયું છે તો મને માફ કરશો. બ્હેનને પણ મેં જેટલી શિખામણ દેવાય તેટલી દીધી છે. હોય બચ્યું છે, અલેતું છે, દુનિયા તેણે જોઇ

નથી. તે નિષ્પાપ છે, તેને પ્રભુ ક્ષમા કરશે ! ભોળાના ભગવાન હમેશાં ભોળાનું ભલુંજ કરશે ! બહેન કંચન છે તે કંચનજ રહેશે. કુંદન પર જે પાપની રજ ચોટી હતી તે આજે પશ્ચાત્તાપના અગ્નિથી વિશુદ્ધ થઈ છે ! પ્રભુ તમારા સર્વનું કલ્યાણ કરો !"

"હીરાલાલ હવે મારૂં મન સંસાર પરથી ઉડી ગયું છે. વિશ્વનો વૈભવ મને અત્યારે અંગારા સમ દુખદ લાગે છે. મને હવે કાંઈ ગમતું નથી. આજથી મારી દુકાન અને પેઢીનો તમામ વહીવટ હું તમને સોંપું છું. હું તમને મારા પેટના પુત્ર કરતાં પણ અધિક સમજું છું; મને હવે સખત વૈરાગ્ય ઉત્પન્ન થયો છે તો મને વૈરાગ્યમાં હવે રમવા દ્યો. આ તમારી ધર્મની માતા અને ધર્મની બ્હેનની તમે સંભાળ રાખો ! એ બંને નિરદોષ હું તમને સોંપું છું. જે કાંઇ મારી સ્થાવર જંગમ મિલકત હોય તે તમામનો પુન્ય માર્ગમાં ઉપયોગ કરજો ! આજથી તમે તેના કુલ મુખત્યાર છો ! તમારૂં જે કોઇ સગું વ્હાલું હોય તેને અહીં બોલાવી તમે રાખો ! મને હવે મારા કલ્યાણનો માર્ગ પકડવા દ્યો !"

"પિતાજી આપ આમ આકળા ન થાઓ ! આવેશમાં ન આવો ! આવેશ હમેશાં નુકસાનકારક છે. સાહસ અનર્થને ઉત્પન્ન કરવાવાળું છે. આપની વૃત્તિ જો હવે પ્રભુ ભજનમાં વળી હોય તો સુખેથી આપ પ્રભુ ભજન કરો ! આમ એકાએક વૈભવનો ત્યાગ કરી બાવા બની જવામાં દુનિયા તરી શકાતી નથી. ધીમે ધીમે મનને સંસ્કારી કરી વૈરાગ્યમાં રમવાથી

ભક્તિની ખરી મઝા માણી શકાય છે. એકદમ રાખ ચોળી બાવા બનનાર કંઇક જણા વિભળ મન થવાથી સંસારી બન્યા છે; અરે પાપના કીડા બની પાપમાં સડયાજ કરે છે, માટે મન ઉપર જેટલો ભાર મન ખમી શકે તેટલો મૂકો, અને ધીમે ધીમે સંસારની માયા ઓછી કરી કાયાના કલ્યાણમાં મચતા જાઓ!"

"અરે પણ આજ મને પારાવાર મુંઝવણ થાય છે. મારા મગજમાં કાંઈ ઓરજ પ્રકારના ચિન્તા જામી રહી છે. મારા આખા શરીરમાં ગભરાટ વ્યાપી રહ્યો છે, મને હવે કાંઇ રૂચતું નથી, અરે મનને કાંઇ પણ ગમતું નથી; હવે આ ભૂમિજ મને ભારે લાગે છે!"

"તો ચાલો હવે થોડાક વખત સારૂ આપણે બધાં જાત્રાએ જઇએ! કાશીની કલ્યાણ ભૂમિકામાં થોડાક વખત નિવાસ કરો! ત્યાં તમારા મનને સારી રીતે વિશ્રાંતિ તથા શાન્તિ મળશે! કેટલીક વખત ધાર્મિક સ્થળોની યાત્રા પણ મનની મોંઘી ઔષધી માત્રા કરતાં પણ વધારે સુખ અને શાંતિ આપે છે."

"તો તમે પોતે યાત્રા સારૂ બંદોબસ્ત કરો. હું પેઢીના વહીવટની ગોઠવણ કરૂં છું. જેમ બને તેમ તાકીદથી કામથી પરવારી જાઓ!"

"બહુ સારૂં મુરબ્બી આપ હવે થોડીકવાર શીતળ જળથી સ્નાન કરી આરામ લ્યો! બા અને બહેન તમે પણ શીતળ જળથી સ્નાન કરી માળા કરો! જાઓ પ્રભુ સૌ સારાં વાનાં કરશે!"

"હીરાલાલના ઉપદેશથી શેઠ શેઠાણી અને ભાગીરથી દરેકને શાન્તિ વળી. શેઠ લાગલાજ દુકાને જઇ વહીવટની વ્યવ-

સ્થામાં ગુંથાયા; અને શેઠાણી તથા ભાગીરથી સ્નાન કર્મમાં ગુંથાયાં; હીરાલાલ એકલો પલંગમાં પડી પરમાત્માની માયાનો વિચાર કરવા લાગ્યો. ”

*   *   *   *

“ ઉર અકળાય મુંઝાય મહા મતિ (૨)
રતિ પણ પામી શકાય ન તુજ કૃતિ;
વાહ વાહ વિશ્વપતિ ! !
શી અદ્ભુત તુજ ગતિ અતિરે,
વાહ વાહ વિશ્વપતિઃ—૦
મન ધારે હું આ કરૂં, શું કરતો કિરતાર;
મારૂં મારૂં કહી મરે, તારૂં નથી તલભારઃ—૦
સારૂં કરૂં તારૂં હું તો, બોલે કંઈક ગમાર;
હુંપદમાં સારૂં ગયું, થાય ન સારાસારઃ—૦
હરિ માયા છે કારમી, ઘડી ઘડી બદલાય;
માયાને માની લઈ, ભૂલા પડી પસ્તાયઃ—૦ ”

વિબુધ વાંચકો ચાલો હવે હીરાલાલને થોડીક વાર વિચારવા દો અને ભાગીરથીને પણ જ્ઞાન ગંગામાં ન્હાવા દો! આગળ ઉપર સૌ જોવાશે! કહો આતે “ પ્રીતિનો ભોગ કે નસિબનો યોગ! ”

પ્રકરણ ૬ ઠું.

જુવાનીની લ્હેર કે ફૅશનનો કેર.

દોહરો.

ખોટે સુજશ ખુશામતી, હરી ફરી ચરી ખાય;
જે દિન ને રાત્રી ભણે, તે તેને વશ થાય.

તુંજ ખોટું સમજે છે, તે કરવાને કોઇ મોજથી ફસાતો નહિ, નફાથી લલચાતો નહિ, લોભથી બગડતો નહિ, દાખલાથી દોરવાતો નહિ, અને શિખામણ સાંભળતો નહિ, એટલે તું હંમેશ આનંદમાં દહાડા કાઢી શકીશ, કારણ કે ચોખ્ખું અંતઃકરણ એ હંમેશનો આનંદ અને હરિનો વાસ છે.

ખેતી ખુશામતની ખરી ખેતર ખુશામતનું વધે.
ખાંપણ ખુશામતમાં નહિ ડહાપણ ખુશામતનું બધે;
હુંશિયાર હુન્નરી હરિફને હકદાર ખર ખુશામતી,
પુરા ત્રિલોચન વિક્રમી વદનાર હાજી હા અતિ.

વૈભવની શોભા સજ્જનતાથી, સંપત્તિની શોભા સત્પાત્રના દાનથી, વિદ્યાની શોભા વિનયથી, જ્ઞાનની શોભા શમથી, શૌર્યની શોભા સંયમથી, તપની શોભા ક્ષમાથી

ને ધર્મની શોભા નિખાલસતાથી છે; પણ એ બધા કરતાં માનવ જીવનની શોભા શીલથી અધિક છે.

*　　*　　*　　*

મધુરી વાણી છે તારી પ્રેમ વણુ પણુ છે અધુરી;
વદે છે વાત સાચી પેટમાં પણ જોઉં છુરી.
તને તો ચર્મની છે આંખ પણુ દીલની મને છે;
સફાઈ છોડી અહીંથી જા હવે જાણી મધુરી.
મહોબત તારી જોડે મારી લવ ઘટતી ન્હોતી:
અચાનક કોણુ જાણે વૃત્તિ તુજ પર કેમ સ્ફુરી.
હતું જે પૂર્વ ભવનું લ્હેણું તેં લીધું બધું તે:
નથી લવ વાસના મારી થઇ ગઇ સાવ તે પૂરી.

*　　*　　*　　*

જગતમાં આંખ જોતાં જૂઠાનો દેખું છું જય;
સાચાની તો ખરેખરી ઘણીક ખુવારી છે.
વિદ્વાનોને ગરજથી મુરખના ગામ તણી;
નજરથી ન્યાળી કહું ઘણે સ્થળે યારી છે.
ગધેડા પૂજાય ગાય મરાય છે કસાઇથી;
ભાવ ન પૂછાય તેનો કેવી વાત ખારી છે.
કવિની કીમત ગઈ ચતુરાની હીમત ગઇ;
લાયકની ગણુનામાં વાઘ કારભારી છે.
વાયડા વિદ્વાનો થયા મૂરખ તે ડાહ્યા થયા;
વક્તાની વાત આ જમાને તો લવારી છે.
લુચ્ચાને લફંગા રેઢીઆળ ઢોર હરાયાની;
શાખ સ્થિતિ લાજ વડે સેવા લાભકારી છે.

કહેણી તણા રૂડા લાલ કરણીના કુડા વ્યાલ;
હાલ આ જમાના માંહી સારી શાહુકારી છે.
હાથ ઘસી હાય હાય કરે નહિ દહાડો વળે;
હરી તણા સમયની એતો બલિહારી છે. "

"ચલ જલ્દ અગર કરદે સફર રખતા હય !
તું કુચ્છ ભી મઆલકી ખબર રખતા હય !
રાહત દુનિયામેં કીસને પાઇ હય અનીસ !
જો સર રખતા હય દરદે સર રખતા હય ! "

જો તું જવા માગે છે તો જલ્દી ચાલ, તને કાંઈ પણ તારા અંતની ખબર છે ! હે અનીસ આ વિશ્વમાં કોને વિશ્રાન્તિ મળી છે ? જેને માથું છે તેને માથાનું દરદ પણ છે.

દુનિયામેં ઝહીર આકે કયા કયા દેખા,
શાદીઓ મલાલો ઝીસ્તો ઝેબા દેખા;
લાઝીમ હય ન શેબ હરબલંદીકે લીયે,
ઉંચા જો હુવા ઉસીને નીચા દેખા.

હે ઝહીર, આ દુનિયામાં આવીને તેં શું જોયું ? ખુશી ગમગીની, બુરાઇ અને ભલાઈ જોઈ ! દરેક ચડતીને માટે પડતી લાજમ છે, જે ઉંચો થયો તેને નીચું જોવું પડયું !

અલ્લા આપકુ આબાદ રખ્ખે ! બ્હુન જો કુચ્છ હોવે સો ગરીબ સાંઇકુ દીલાવ ! "

"સાંઈ, ટકટક છોડકે ચલા જા, મેરી પાસ કુચ્છભી નહિ !"

"માઇ ગુસ્સા મત કરો, અલ્લાકા ડર દીલમેં ધરો ! "

"ચલ યાંસે ભાગ જા. શીર મત ફોડાવ!"

"અલ્લાએ આપકુ પયસા દીયા હય સો ગરીબોકુ સમાલ-નેકે લીયે! ન કુચ્છ ડોળા કાઢકે દીનકું સતાનેકે લીયે!"

"ગેટ આવે ફ્રોમ હીઅર! બકબકાટ મુકી ચાલ્યો જા!"

"ઇતના ગુમાન મગજમેં કયોં રખતે હો? ખુદાએ તુમને દીયા હય સો અમ માંગનેકું આતે હય!" અવાજ સાંભળી ડોળા કાઢતા ઘુઘવતા રાયજી ઘરમાંથી કેસરનું ઉપરાણું લેતા બહાર આવ્યા, અને દમામમાં હુંકા કરી ફકીરને ધમકાવવા લાગ્યા!

"અરે છાનોમાનો ભસ ભસ કરતો જતો હોય તો જા, નહિ તો ધોલ દેવી પડશે!"

"અય બુઢ્ઢા અલ્લાએ આપકુ અમીર બનાયા સો ફકીરકુ મારનેકે લીયે?"

"ત્યારે સાંઇકુ રૂપા દેનકે લીયે! મારા બેટાને માગી ખાવું અને મિજાશ રાખવો! ચલા જા હ્યાંસે!"

"મેં તો ચલ જાઉંગા મગર તુંહી એક અમર રહેંગા કયોં? ઇતના બુઢ્ઢા હય, ઘોરમાં જાનેકી તૈયારી કરતા હય, મગર પતરાજી નહિ છોડતા! દીનકુ એક કોડી બી નહિ દેતા?"

"હવે છાનોમાનો જતો હોય તો જા, નહિ તો ઘોઘરો પકડી ધક્કા મારવા પડશે!"

"તુંહી પાગલ અમકુ ક્યા મારેગા? હમ તો મરેલે હય! ખુદાએ અમકુ મારા હય, ફીર તુંહી કયા મારેગા? મેરેકુ મારનેકે તૈયાર હોતા હય, જબ તેરા ગુસ્સાકુ માર; કે જીસને લીયે એ બુઢ્ઢાપન લાજીમ હોતા હય!"

"યુ મેન ગો આવે એટવન્સ, અધર વાઈઝ આઈ વીલ કીક યુ ડાઉન! ચાલ્યો જા એકદમ નહિ તો લાત ખાઇશ!" ઘણાજ ક્રોધમાં આવી કેસરે ફકીરને એક સપાટ છુટી લગાવી દીધી; ફકીર પણ હદ બહાર ગુસ્સામાં આવી ગયો; અને સપાટ હાથમાં લઇને ડોળા કાઢી સારી પેઠે રાયજી તથા કેસરને ધમકાવવા લાગ્યો!

"અબે ઓ રંડી કયા તુંહી જુવાનીકે જોરમેં દુનિયાકું તૃનવત સમજતી હય! સમજ સમજ તેરે પર બી ખુદા હય! એક દફે તેરેકું બી મરના હય! તું બી એક દફે બુઢ્ઢી હોનેવાલી હય! અબે ઓ બુઢ્ઢા તેરેકું તો કભી મોત નહિ આનેવાલા હય! ક્યોં મેરે જયસે કંગાલકું તુંમ જુતી લગાતે હય તો ખુદા તુમકુ મુંડેમેં ડંડા લગાયગા! ઇધર મસ્તી કરલો મગર ઉધર જવાબ દેનેકા હય!"

"હવે જતો હોય તો જાને છાનોમાનો! તું તે કાંઈ ઈનસાન છે કે હેવાન છે!"

"મેં તો હેવાન હું મગર તુંહી એક ઈનસાન હોકર ઈમાનકુ ભૂલ જાતા હય!"

"ચલા જા ગદ્ધા, ઇમાનની દરકાર મને કાંઈ નથી."

"ગદ્ધા તો તુંહી ખુદબેખુદ હય કે જીસને ઇમાનકી દરકાર નહિ! પાગલ ઇમાન ગયા જગ ઈનસાનમેં ક્યા રહા! જીસમેં ઇમાન નહિ વોહી ઇનસાન ઔર હેવાન દોનું સમાન હય!"

"હવે જાય છે અહીંથી!"

"અબ જાવે કીધર! ઇધર ઠેરેંગે! શીર ફોડેંગે ઓર મેરા ખુન તેરે પર કટોરા ભરકર છાંટેંગે! મેરેકુ હેવાન કહા જબ તુંહી હેવાનીયતકી ખાસીયત દેખ લે!"

ફકીર રાયજીના મકાન આગળ અડીંગા નાંખીને બેઠો. રાયજી પણ બોલતાંશું બોલી ગયા, પણ ફકીરના ઘુરકતા ડોળા જોઈ તેમના હાંજા ગગડી ગયા; લોક પણ આસપાસથી આવી ભરાઇ ગયાં. સાંઇ અને રાયજીનો ઝઘડો કેવો થાય છે તે જોવા એક પગે આતુર થઇ ગયા! ફકીરે એક ચપ્પુ કમ્મરમાંથી બહાર કાઢ્યું; અને એક અલ્લાના નામનો હાકોટો કરી છાતીમાં લગાવાની તૈયારી કરી; રાયજીનો એક પાડોશી મિત્ર આ મામલો જોઇ ગભરાઇ ગયો, અને સાંઇને વિનવવા લાગ્યો.

"અરે હાં હાં સાંઈબાવા, જુલમ મત કરો; લ્યો હું તમને એક પૈસાના ચાર પૈસા આપું. એ ડોસાની તો 'સાઠી બુદ્ધિ નાઠી છે.' એમના બોલવા પર ગુસ્સો મત કરો!"

"નહિ બાવા માફ કરો. તુંમ તુમારે રસ્તે ચલે જાઓ! મેરેકુ એ હેવાન બોલા; મેં હેવાન બનકર ઉનકું હેવાનીયત દીખલાઉંગા!"

"અરે માફ કરો સાંઇ! જાને દો! અમીરી છોડકર જબ ફકીરી લીયા તો એ ઝગડા કરનેકા ક્યા સબબ! જાને દો. સારી આલમ પડી હય! ઉન્ને તુમકું હેવાન કહા મગર ખુદા તુમકું નહિ કહેતે! જાઓ બાવા હેવાન તો એ પોતેજ છે!"

"અચ્છા બાવા મેં આપકી ખાતર ચલા જાતા; મગર એ બુઢ્ઢા બકરેકું રોશન કરના ચાહીએ કે કીસી ભેખકું ગાલી મત

ભાંડના અગર જુતી મત લગાના ! તુમારી પાસ હોવે સો દેદો નહિ તો માફ કરો ! ? ખુદાએ દીયા હય સો હમ માગનેકુ આતે હય ! પયસેવાલા દીનકું નહિ દીલવાયંગે તો ફીર ઉનકું બી કોન દીલવાયંગે ! બાવા એ હાથસેં કર લો ઓર એ હાથસેં ભરલો ! ખુદા તુમારા ભલા કરો !"

"સાંઈ આ પ્રમાણે રાયજીને ટાઢા ડામ દઈ રસ્તે પડયા; રાયજી પણ ઝંખવાણા પડી ઘરમાં ગરી ગયા; અને ધીમે ધીમે આડોશી પાડોશી રકઝક કરતા રસ્તે પડી ગયા ! કેસર બનીઠની સુધરેલા પોશાકમાં સજ્જ થઇ હાથમાં ફેન્સી છત્રી ઝાલી ઉપરથી નીચે આવી બહાર જવાની તૈયારી કરવા લાગી."

"બેટા અત્યારે કયાં જાય છે ?"

"દાદાજી જરા વોક લઈ આવું; અને આ તપેલા મગજને શાંત બનાવી આવું !"

"બેટા જતી હોય તો ભલે જા, પણ જરા વહેલી આવજે જાણેછેને હવે મને ઘરમાં ગમતું નથી. બધાં મરી પરવાર્યાં, ફક્ત હું ને તું બે જણાંજ જીવતાં રહ્યાં ! બેન વ્હેલી આવજે !"

"વેરી ગુડ બાપાજી હું જલ્દી આવીશ !" આ પ્રમાણે કહી લટક મટક કરતી સુધારામાં તણાઈ જતી કેસર ઘરમાંથી બહાર નીકળી પોતાની સહીપણી મીસીસ એલીન ડૅાગ સ્વેલીંગને ત્યાં ગઇ. મીસીસ એલીન એક દેશી ખ્રીસ્તી સુધારક બાળા હતી. એનું અસલ નામ અમથી હતું. તે કુંભાર હરખા હકાની દીકરી હતી. કેસરની પાડોશમાં આવેલા કુંભારવાડામાં તે રહેતી હતી. કેસર અને અમથી કૅાલેજમાં સાથે ભણતાં હતાં. સુધારાની

હવા અને ફેશનની હવા અમથીને લાગતાં કીટરૂપ બદલાઇને ભ્રમરરૂપ થયું હતું; અર્થાત કુંભાર ન્યાતનો સંબંધ છોડી એલીન ડૉગ–સ્વેલીંગ નામના એક દેશી ખ્રીસ્તી જે સુધારા સમાજનો એક મેમ્બર હતો અને ટેનીસની રમતનો એક ચુનંદો પ્લેઅર હતો તેની સાથે અમથીઆને સ્નેહની ગાંઠ બંધાઇ હતી અને એ ગાંઠ જતે દિવસે પલટાતી પલટાતી સ્નેહ સાંકળના રૂપમાં આવી હતી; આ પ્રમાણે વાત વિસામા એલીનને ત્યાં કેસર આવી પહોંચી. આ વખતે એલીન પોતાની રૂમમાં એકલી હતી. ડૉગ–સ્વેલીંગ કાંઈ ઘર કામની ચીજોની ખરીદી સારૂ બજારમાં ગએલ હતો. બંને બહેનપણીઓ સામસામી ઈઝીચેરમાં અડીંગા નાખી વિનોદ કરવા લાગી.

"કેમ અમથી બ્હેન, અરે ભૂલી ભૂલી માઇ ડીઅર સીસ્ટર એલીન કહો ખુશીમાં તો છોને !"

"કેસર બ્હેન, તમને જોઇને હું ખરેખર આનંદ પામું છું. તમે પણ જૉન ઑફ આર્કના જેવાં એક બહાદુર લેડી છો. ધારો તે કરી શકો છો; તમારા હૃદયમાં કલ્પેલા સુધારાની પબ્લીકમાં સારી છાપ બેસાડી શકો છો; ઇન શોર્ટ તમે તે તમેજ છો, આટલી બધી ડીફીકલ્ટીઝ આવે છે પણ તમે લાત લગાવીનેજ સુધારાની વાત કરી શકો છો !"

"એલીન એમ જો ડરીને દુનિયામાં ચાલીએ તો આપણો કાંઈ પત્તો ન ખાય. આજ કાલ પબલીકમાં જે મારા નામની અને મારા કામની સુધારાની ચર્ચા ચાલે છે તે ન ચાલે. અરે મને કોઈ ઓળખે પણ નહિ ! આજ કાલ સમાજના તખતા

ઉપર મારા નામનો નંબર ફર્સ્ટ આવે છે; તે સૌ મારા સુધારાનો પ્રતાપ છે. ભલે મારી પાછળ લાખો કુતરાં ભસી મરે તેની મને કેર નથી; જેનામાં મોરલ કરેજ હોય તે મારા સામે આવી સુધારાની ચર્ચા કરી મને હરાવે તો તેને હું થેન્કસ આપું; બાકી પડદા પાછળ ઘરખુણે અને પીઠ પાછળ લૂલી હલાવનારા જખ મારે છે; અરે મારા પાપને ધુએ છે!"

"થેન્કસ કેસર બ્હેન તમે પણ કોઇ દૈવી બાળા છો. આ પૃથ્વી ઉપર કેસરના અવતારમાં અમારા જેવી દુ:ખી બાળાનો ઉદ્ધાર કરવા સારૂંજ આવેલાં જણાઓ છો. હું ઇસુ ગૉડની પ્રાર્થના કરૂં છું કે તમને તમારા સુધારામાં દિનપ્રતિદિન અધિકા અધિક ફતેહ આપે; તમારો નિરંતર ઉદય કરે! બ્હેન જરા ડ્રીન્ક કરશો!"

"ઓહ યસ ઘણી ખુશીથી મારૂં મગજ જરા બગડયું છે. ઘેર પણ જરા તકરાર થઈ છે; એટલે લાવો ટ્રૅાનીક અને સ્ટીમ્યુલન્ટની બ્રેઇન પર સારી અસર થશે. સ્ટીમ્યુલન્ટ એક દુ:ખ વિસરવાનું સ્વર્ગીય અમૃત ઔષધ છે."

"ડીઅર કેસર મારો તો તમારી સોબતથી ઉદય થયો છે, તમને જેટલો ધન્યવાદ હું આપું તેટલો થોડો છે; તમારો ઉપકાર જેટલો માનુ તેટલો થોડો છે. અરે કયાં હું હાંડલાની ઘડનારી, ટપટપ ટપલા મારનારી, અરે હરીયા હરીયા કરી ગધેડાને ડફણાં મારનારી કુંભારડી અને ક્યાં હું ફૅશનેબલ સુધરેલી એલીન! ક્યાં મારો ઘુવડ જેવો કાળીઓ ત્રીકમો માંટી અને ક્યાં મારો ડીઅર સુધરેલો ડૅાગ—સ્વેલીંગ હસબન્ડ

ક્યાં ખાણોમાં માટી ખોદવી, નદીના કિનારેથી ધગધગતી રેતીનો ગુણો ભરવો અને લોકોને ત્યાં ગધેડાનું ટોળું લઈ રખડવું, અને ક્યાં સુધારા સમાજની મીટીંગો; કલબો અને બંગલાની મોજ મઝા! રીઅલી બ્હેન તેં મને તો સ્વર્ગની છેલ્લી સ્થિતિમાં મૂકી દીધી!"

'એલીન જેઓ મને ચહાય છે તેને હું અંતઃકરણથી ચહાઉ છું. હું જેમાં સારૂં માનું છું; તેને હું સતત પ્રયત્ન કરીને પણ પબ્લીકને સારૂં મનાવું છું, મારી ખાસ આ ટેવ છે. તેને લીધે કેટલીક વાર મારી જાહેરમાં ખૂબ તીખી મીઠી ચર્ચા ચાલે છે; હું સમજું છું કે કેટલીકવાર મારી ટેવ મને નુકશાન કરે છે; પણ મોરલ કરેજ અરે પબલીક સ્પીરીટની ખાતર પણ મારે બોલ્યા સિવાય રહેવાતું નથી. મારા મનને સારી લાગેલી બાબત હું ગમે તેટલા આત્મભોગના બળીદાને પણ કરી શકવાને પાછું ડગ ભરતી નથી; મને જે સારૂં લાગ્યું તે તો હું કરવાની કરવાની અરે બસ કરવાનીજ! સ્વતંત્રતાની સાચી મઝા અને સુધારાની વિજય ધ્વજા રાત દિવસ હું હાથમાં ધરવાની ધરવાની તે ધરવાનીજ!"

"વેલ સેઈડ ડીઅર કેસર વેલ સેઇડ! તારી ખુબી તો તારીજ પાસે છે. કેસર આપણી સમાજનું તું નાક છે. મારા હસબન્ડ ડૅાગ-સ્વેલીંગ પણ તારાં હદ બહાર વખાણ કરેછે. તારા સુધારાની તે સારી તારીફ કરેછે; એકંદર એ તારા ઉપર ફીદાછે."

"એલીન એને વાસ્તે તમારા બંનેનો હું ઉપકાર માનું છું; તેમાં ડૅાગ-સ્વેલીંગને મારા અંતઃકરણથી મુબારકબાદી આપું

છું. તારી સાથે હસ્તમેળાપ કરી એમણે પણ સુધારાને ઉંચો ચડાવ્યો છે. હવે હું શું કરીશ તે દુનિયા જોશે. હાલમાં હું કાંઇ બોલવા માગતી નથી. .મારા સાંભળવામાં આવ્યું છે કે મારા વર જયન્તિલાલને પેલા પારસી કંટ્રાકટર શેઠ ખૂબ ચઢાવે છે!"

"અરે મારા કાન સુધી તો એટલી વાત આવી છે કે ડાઇવોર્સનો કેસ આખો કોઇ મુંબાઇનો બારીષ્ટર તૈયાર કરે છે; અને તને તાબે લેવાની ફરીયાદ પણ કોર્ટમાં ફાઇલઅપ થઇ ગઈ છે."

"અરે નોનસન્સ! દુનિયા જખ મારે છે. હું કાંઈ પોમલી ડરકણ સ્ત્રી નથી કે દમમાં લેવાઈ જાઉં અને વગર બોલાવે સામી જઈ પગે પડી માફી માગું! હું તો લાત લગાવીને વાત કરવાની! કોરટના બાપની કોને દરકાર પડી છે, ક્યાં એક કોરટથી પતે તેમ છે; અંગ્રેજી રાજ્યમાં એકને માથે અનેક છે અને અનેકને માથે એક છે!"

"હયો ચાલો હવે બ્હેન જરા સ્ટીમ્યુલન્ટની લ્હેજત ચાખીએ!"

"ઓહ યસ, જુવાનીની લ્હેરમાં સ્ટીમ્યુલન્ટની લ્હેજત કાંઈ ઓરજ રંગ જમાવે છે!" કેસર અને એલીન હવે રંગ પાણીના રંગમાં રંગાવા લાગી; એલીન કબાટ ઉઘાડી પોર્ટની એક સુંદર બાટલી લાવી; કેસરે પણ સોડાની બાટલી ખોલી. સોડા બે સુંદર પ્યાલામાં નાખ્યો; એલીને વાઇન ગ્લાસ ભરી પોર્ટ વાઈન સોડાવાળા પ્યાલામાં રેડયો; અને એક બીજાની સલામતી લેવરાવતી પોર્ટના રંગમાં બંને બહેનપણીઓ ડુબવા લાગી! વખત જતાં મીસ્ટર ડૅાગ-સ્વેર્લીંગ પણ આવી પહોંચ્યા;

કેસરને જોઈને તેઓ ખૂબ આનંદ પામ્યા; અમથી સાથે લવ બંધાવનાર કેસર હતી; ડૉગ–સ્વેલીંગનું મન પણ કેસર ઉપર ગુપ્ત રીતે લલચાયું હતું; પણ એકદમ સાહસ કરી મોઢેથી વરાળ કઢાય તેમ નહોતું; કેમકે કેસર એક ખાનદાન કુટુંબની બાળા હતી. અમથી કુંભારણ હતી ત્યારે ડૉગ–સ્વેલીંગ કે જેમનું નામ દામોદર હતું તે પણ એક મોચી હતા. સંસ્કાર બળે કરીને તે પણ થોડું ઘણું ઇંગ્રેજી ભણ્યા હતા, અને બાકીકી જે કાંઈ પુંજી હતી તે એક નાટકવાળાના છોકરાના ફંદમાં પડી પાયમાલ કરી હતી. બુદ્ધિ અને પૈસા બંને નાટકમાં ગુમાવી બેઠા હતા; છેવટે પાયમાલ થયા ત્યારે તેમના એક દેશી ખ્રીસ્તી મિત્ર મરઘાજી ઉર્ફે મેકેન્ઝીની સોબતમાં ચઢી નાત જાત મૂકી ડૉગ–સ્વેલીંગ તરીકે ઓળખાતા હતા. ખાવા પીવાનો અને રહેવાનો તથા કાંક કાંક આવકનો પ્રસંગ મેકેન્ઝીએ ડૉગ–સ્વેલીંગને કરી આપ્યો હતો; અને તેમને સુધારા સમાજમાં ભેળવી કેસર સાથે મેળવી અમથી સાથે અદ્દરાવી દીધા હતા. આ પ્રમાણે હાફકાસ્ટ સ્થિતિમાં ડૉગ–સ્વેલીંગ હોવાથી કેસર સાથે એકદમ છૂટ લેતાં તેમને શરીરમાં આંચકા આવતા હતા. અત્યારે કેસરને રંગના પ્રસંગમાં રંગાએલી જોઇ કાંક જુદીજ પ્રકારનો ડૉગ–સ્વેલીંગ વિચાર ચલાવતા હતા. કેસર ડૉગ–સ્વેલીંગને જોઇ એકદમ માન આપી ઉભી થઈ; અને પ્રેમથી શેકહેન્ડ કરી પોતાના નાજુક સુંદર હાથથી વાઇનનો પ્યાલો આપી મુબારકબાદી આપવા લાગી!

"ડીઅરડૉગ–સ્વેલીંગ આઇટેન્ડર માઈ બેસ્ટ થેન્કસ ટુયુ!"

"ઓહ્ થેન્ક યુ!"

"મારી સીસ્ટર એલીનને તમારા સહવાસથી સુખી જોઇને હું ઘણીજ આનંદ પામું છું. સ્ત્રી જાતિનું માન જાળવવામાં જે તમે હદ બહાર કાળજી ધરાવો છો તેને વાસ્તે સમાજ તરફથી હું તમને આવકાર આપું છું!"

"કેસર હું પણ તમારી મોરલ કરેજને ધન્યવાદ આપું છું. મારા લાયક એલીનને મારી સાથે જોડવામાં તમારો હું ઘણો ઉપકાર માનું છું."

"થેન્ક યુ. કહો એલીનથી તમને સંતોષ છેને!"

"ઓહ શી ઈઝ માય હેડ એન્ડ હાર્ટ. મારા જીગરના પ્રેમનું તે એક આબરૂદાર મોતી છે."

"અરે હાં હાં હદ બહાર વખાણ ન કરી નાંખો સાહેબ! નહિ તો અમારા હિંદુ સંસાર પ્રમાણે ઘડીમાં પસંદગી અને ઘડીમાં અણગમો ઉત્પન્ન થશે; કહે એલીન તારે કાંઇ કહેવાનું છે?"

"મને તો તે દરેક રીતે સુખી રાખે છે. મને ફૂલની માફક ગણે છે. દરેક બાબતમાં મારૂં ઘણુંજ સારૂં માન જાળવે છે."

"લ્યો ત્યારે ખુશાલીમાં આ એક બીજો પ્યાલો ઈનામનો! મુબારકબાદીનો અરે મારા જીગરના પ્રેમનો!"

"ઓહ થેન્ક યુ માય લવ કેસર થેન્ક યુ!" રંગમાં કેસરને રંગાતી જોઇને ડૉગ–સ્વેલીંગે તકનો લાભ લીધો; અર્થાત જીગરના છુપા પ્રેમને ઉશ્કેરી કેસર પર વરસાવી દીધો; કેસરને તરતજ બાથમાં લઈ પોતાના ખોળામાં બેસારી બંને જણાં સાથે મદીરા પ્રાશન કરવા લાગ્યાં. એલીનને કાંઈક ઈર્ષા ઉત્પન્ન થઈ; પણ રંગની રંગતને લીધે ઈર્ષા ઝાઝીવાર ટકી નહિ. ડૉગ-સ્વેલીંગે

કેસરને પુષ્કળ પ્રેમથી દબાવી ચુંબન પર ચુંબન કરી અકળાવી નાંખી; કેસર બળાત્કારે બાથમાંથી છુટી પડી; તેને કાંક એલીનની મર્યાદાનો વિચાર આવ્યો; એલીન પણુ મામલો રંગ પર ચઢતો જોઇ ડૅાગ–સ્વેલીંગને બહાર ફરવા આવવાની વિનંતી કરવા લાગી. ડૅાગ–સ્વેલીંગ પણુ થોડામાં મઝા માની; આગળ ઉપર વાત છેડવી ધારી એલીનની ઇચ્છાને આધીન થયો; અને તરતજ નોકરને ગાડી જોડવા ઓરડર કરી પોતે કેસર સાથે ગપ્પાં મારવામાં મશગુલ થયો!"

"ચાલો કેસર આજે મારા ફ્રેન્ડ મેકેન્ઝીને ત્યાં થઇ કાંપમાં ફરવા જઇએ, આજ જરા ગમ્મત સારી થઈ. મારો લવ તો તમને જોઇને મારા જીગરમાં ઉભરાઇ જાય છે. આઇ કેન નોટ કન્ટ્રોલ ઇટ, એસ્કયુઝ મી પ્લીઝ!"

"નેવર માઇન્ડ; મારી સીસ્ટર એલીનને સુખી કરો; એટલે હું આનંદ માનીશ."

"લ્યો ચાલો હવે ગાડી તૈયાર છે!"

"ઓહ ગો ઓન માઈ ડીઅર ગો ઓન! કમ ઓન માઈ ડારલીંગ કેસર કમ ઓન!" ડૅાગ–સ્વેલીંગ પણુ રંગમાં ચકચુર થઈ બેબીલ્લાના ગળામાં હાથ નાખી ચાલવા લાગ્યો; અને વારાફરતી દરેકને લાડમાં લડાવતો નીચે ઉતરી ગાડીમાં બેસી પોતાના મિત્ર મેકેન્ઝીને ત્યાં ગયો. મેકેન્ઝી પણુ ડૅાગ–સ્વેલીંગને એલીન અને કેસર સાથે આવેલો જોઈ ખુબ આનંદ પામ્યો; અને તેનાથી બનતી તમામ સરભરા ત્રણે મેમાનની કરી; અર્થાત ગળા સુધી રંગપાણી ઢીંચી ચાર જણાં ગાડીમાં બેસી કાંપમાં

ફરવા ગયાં. સુધારાની હવામાં ઉડતી કેસર મેકેન્ઝી અને ડૅાગ-સ્વેલીંગની બાથમબાથામાં વિહાર કરવા લાગી. એલીનની પણ ખુબ મઝા થવા લાગી, અર્થાત ચાર જણાં રંગમાં પોતાનાં ભાન ભૂલી ગયાં; અને પોતે કોણ છે અને કયાં જાય છે તેનું તલમાત્ર પિછાન રહ્યું નહિ. કોચમેન પણ સાહેબ લોકોને ખૂબ ગમ્મતમાં ગુલતાન બનેલા જોઇ કાંક ગભરાવા લાગ્યો અને પુર સપાટે બગીને કેમ્પના મેદાન ભણી દોડાવવા લાગ્યો! કેસર અને એલીન બંને સાહેબોને ખૂબ દારૂમાં છાકટા બનેલા જોઈ કાંક વિચારમાં પડી ગઇ, ડૅાગ-સ્વેલીંગ તો કેસરને જેમ ખીલાવાય તેમ ખીલાવવા લાગ્યો; અને મેકેન્ઝી એલીનને ખૂબ બનાવવા લાગ્યો; બંને જોડાને પ્રેમનું સ્વર્ગ ફક્ત એક આંગળજ બાકી જણાવા લાગ્યું! વિકટોરીઆ મેદાન આગળ આવી ખડી રહી; અને ચાર જણાં એક બીજાના ગળામાં હાથ નાંખી આમ તેમ હવા ખાવા લાગ્યાં. સુધારા સંબંધી ખુબ રસ ભરી વાતો કરતાં કરતાં મેદાનમાં ઘણે દૂર નીકળી ગયાં. ડૅાગ-સ્વેલીંગ અને કેસર એક વાડ નજીક વાતો કરતાં કરતાં આવી પહોંચ્યાં. મેકેન્ઝી અને એલીન પણ વાડથી બીજી બાજુએ વાતો કરતાં ફરવા લાગ્યાં. અચાનક ત્યાં આગળ થઇને ચાર ઠાકરડા અને બે ત્રણ ઠાકરડાનાં બૈરાં નજીકના ગામમાં જવા સારૂં નીકળ્યાં. દારૂમાં ગુલતાન બનેલા ડૅાગ-સ્વેલીંગ અને મેકેન્ઝી બંને જણા ઠાકરડાની અડફટમાં લથડીઆ ખાતા ખાતા આવી ગયા. ઠાકરડા સાહેબલોક ધારી બીને દૂર ગયા; એટલામાં મેકેન્ઝી ઠાકરડાના બૈરાને એલીન ધારી બાઝવા ગયો; દારૂના નિશામાં એલીન કેસરને ભૂલી ગયો

માત્ર બૈરાં ભણી વૃત્તિ ગઇ; ઠાકરડા પણ ન થાય ભુંડા કે સાહેબને નિશાખોર માની ડાંગવતી સારી પેઠે ખોખરા કર્યા; ત્યાં કેસર અને એલીને ખૂબ બૂમો પાડી કોચમેનને વેગળેથી હાથની ઈશારત કરી બોલાવવા લાગી; ત્યાં બે ડાંગ એક જણાએ કેસરના ઢીંચણમાં દીધી; અને એલીનના બરડામાં મારી; અને કેસર ચીસ પાડી રામ પોકારતી જમીનદોસ્ત થઇને પડી. ઠાકરડા અને ઠાકરડીઓ બધાંને દારૂમાં ભાન વિનાનાં જોઈ જે કાંઇ હાથમાં આવ્યું તે તમામ લઇ રસ્તો માપી ગયાં. કોચમેન છેવટે અકળાતો અકળાતો આવ્યો, અને ઘોડાને પરાણે પરાણે કમાર્ગે લાવી; ચાર જણાંને બગીમાં બાવડે ઝાલી ઝાલીને નાખી જ્યાં ત્યાં બેસાર્યા; અને પરાણે પરાણે ઘર ભેગાં કરી દીધાં; ડૅાગ–સ્વેલીંગનો પણ મારના પ્રતાપથી નિશો ઉતરવા લાગ્યો. કેસર, એલીન તો બીકનાં માર્યાં ફફડી ઉઠયાં; મેકેન્ઝીને ડૅાગ–સ્વેલીંગે પોતાને ત્યાં રાખ્યો; અને વિક્ટોરીઆમાં કેસરને મોડી રાતે ઘેર મોકલાવી; કેસર પણ રસ્તામાં ખૂબ બળાપો અને પસ્તાવો કરતી કરતી ઘર ભણી જવા લાગી. દાદા શું કહેશે તેને વાસ્તે વિચિત્ર અનુમાનો કરવા લાગી; જ્યા ત્યાં કરી પોતાની પોળ આવી એટલે ગાડીમાંથી ઉતરી પડી અને છાનીમાની જીવ લઇ ઘર આગળ જઈ ઉભી; સાંકળ ઠોકી કમાડ ખખડાવ્યું; રાયજી પણ કેસરને મોડી આવેલી જોઈ ખૂબ ગુસ્સામાં આવી ગયા; અને તેને ખૂબ ધમકાવતાં ધમકાવતાં બારણું ઉઘાડયું; કેસર પણ સમો વરતી બહેરી થઈ બધું સાંભળવા લાગી!

"આ બેવકુફ છોકરી આટલી રાત સુધી રખડવાનું હોય?"

"દાદાજી આજ તો જરા કલબમાં પારટી હતી!"

"તારી પારટીએ આ બધી પાટી વાળી, કાંક તો ભાન રાખ?"

"ચાલો હવે વહેલી આવીશ, કકળાટ મૂકો!"

"અરે તું તો પત્થરની પત્થર રહી, કુતરાની પૂંછડી સદા વાંકી તે વાંકીજ રહી!"

"એટલે હવે તમે કહેવા શું માગો છો? હું તે આજ કાંઇ પહેલવહેલી જાઉં છું કે તમે મને ધમકાવ ધમકાવ કરો છો?"

"એ બબુચક હવે તારી લાયરી જવા દે! લાયરીમાં હવે તારો અને મારો બંનેનો ખોડો નીકળી જશે; હવે વેળા વંઠી; દિનમાન ઉતરવા બેઠા!"

"એ બધા તમારા વહેમ છે, થવાનું હોય છે તે થયે જાય છે, અને જવાનું હોય તે જયે જાય છે; એની હીમાયત કરનારા અધવચ પસ્તાઈ મરે છે; જે વસ્તુ આપણા હાથમાં નથી; તેની પંચાત શી! જે આપણી નજરે પડતું નથી તેનું વિવેચન વૃથા છે!"

"અરે પણ તારે દુનિયાના કાંઇ નિયમમાં તો રહેવું જોઇએને; આખો દિવસ ભટકવું, અને રાતે પણ રઝળવું; એ બેવકુફ઼ ઇશ્વરે ઉદ્યોગને સારૂં દિવસ સરજ્યો છે અને વિશ્રાન્તિને વાસ્તે રાત નિરમાણ કરી છે; રાતે રઝળનારા બધા મૂરખ કહેવાય!"

"હવે લખારા મૂકી બોલતા બંધ થશો! મારો તો તમે જીવ લીધો; હું તો તમારાથી હારી પ્રભુ તોબા! ઘરડા થયા

એટલે ગત ગઈ! "

"તને ભણાવી ગણાવી ઉછેરી મોટી કરી એટલે મારી ગત ગઈ ને જોડે પત પણ ગઈ!"

"હવે પ્રભુને ખાતર શાંત થાઓ! મોંમાં લગામ રાખો!"

"લે આ તારી લગામ! શાંતિની મોકાણ! મૂરખી પેલો ડાઇવોર્સનો કેસ ઉભો થયો! જયન્તિલાલે તને તાબે લેવાની ફરીયાદ કોરટમાં નોંધાવી; લે આ વધારામાં બારીષ્ટર સાહેબની નોટીસ!"

"ઢમ ધેટ નોટીસ! પપા લીમીટમાં રહીને બોલતાં શીખો, નહિ તો પછી ઇનસલ્ટ કરવું પડશે!"

"અરે તારા ઇનસલ્ટમાં ધૂળ પડે; ઓ બેવકુફ હવે તું લીમીટ રાખ એટલે તારો અવતાર સુખી થાય! મૂરખી મારા તો દામ ગયા ને હામ પણ ગઇ! હવે કયાંથી પૈસા લાવી લડીશું!"

"અરે હું એકલી કોરટના પાંજરામાં ઉભી રહી મારો બચાવ કરીશ. મારે વકીલ બારીષ્ટરની કાંઇ જરૂર નથી; હું એકલી અનેકને ભારે છું!"

"હવેજ તને ખબર પડશે, છતના ચાળા જુદા હતા અને અછતમાં તો ચાળા કાઢી નાખવા જોઇએ; નહિ તો ઉચાળા ભરી ચાળા ખાતર ગામ મૂકવું પડે સમજી! છતનોએ રંગ જુદો અને અછતનોએ રંગ જુદો!"

"નાઉ બી કવાએટ પ્લીઝ! ડોન્ટ બોધર માઈ હેડ ફોર નથીંગ. કોરટની ધમાલ મારે જોવાની છે; ઇટ ઈઝ માઈ લુક આઉટ, તમે મારી ચિન્તા હવે ન રાખશો!"

"એ આ રાયજી ન હોત તો બધાંને ખબર પડત! સાળાં

બધાં મારૂં ફોલીને ખાઇ ગયાં; ને હવે મને તુચ્છકારી કાઢ છે!"

"માફ કરો દાદાજી કોઇએ તમારૂં ખાધું નથી; બધાંને તમે સૂતાં વેચ્યાં છે તો હવે તમારે વેચાવાનો વખત આવ્યો છે! મારા ઉપર મિજાશ ન કરશો; આ મને ખવરાવતા હો તો કાલથી તમારે ઘેર હું નહિ ખાઉં; મને ખવરાવનારા પીવરાવનારા અનેક છે; મને કહી બતાવશો નહિ; તમારાં કરેલાં કામ તમને નડે છે, એમાં કોઈના ઉપર દાંતીઆં ન કરશો; હવેલી બળી ગઈ, ને જોડે મારાં માબાપ ને બધાં ભાન્ડુ બળીને ખાખ થઇ ગયાં; આ ધરાણીઆ ભાડાના ઘરમાં તમારે રહેવાનો વખત આવ્યો; તેમાં કોઇનો દોષ નથી; દોષ આપો તો તમારા કામને આપો કે કાંતો ભગવાનને આપો કે જેણે તમારૂં ઘડપણ અને જીવતર બગાડયું; સમજ્યા!"

"ચૂપ રહે ઓ કમ અક્કલ છોકરી, તું મને મારી આખર અવસ્થાએ મેણાં મારે છે; મને જીવતો સળગાવે છે; ન કહેવાનાં વચન કહી મને ડામ દે છે, દાઝયા ઉપર લૂણ બાંધે છે; ચૂપ!"

"ત્યારે દાદાજી તમારો ને મારો રસ્તો હવે જુદો થશે સમજ્યા; હું સ્વતંત્ર છું તે સ્વતંત્રજ રહીશ. આપણાથી કોઇનો તાબીઓ નહિ વેઠાયરે બાપા સમજ્યા?" કહેતાની સાથેજ એક જબરી ઉલ્ટી કેસરને થઈ, અને રાયજી ઉલ્ટીથી છંટાઈ ગયા; અને આખા મેડામાં ચોગરદમ દારૂની દુર્ગંધ આવવા લાગી!

"હત તારૂં સત્યાનાશ જાયરે કેસર! તું તો સુધારામાં તણાઇ છેક હદ પાર જતી રહી! ફેશન અને સુધારાના નામમાં જ્યાં ત્યાં જાહેર અને ખાનગીમાં અરે પબલીક અને પ્રાઇવેટમાં

ચોગરદમ મહુડીજ લેવાય છે; ડાહ્યા અને ગાંડા નવા અને જુના, કહેનારા અને કહેવરાવનારા બધા મારા બાપ બાટલીમાંજ રમ્યાં કરે છે! વિદ્યાના વિહારીઓ અને અહારીઓ રંગમાંજ રંગાયાં કરે છે! હાય હાય દારૂ દારૂ તેં આખા દેશમાં અંધારૂં કર્યું! છોકરી આટલી રાત સુધી તું રખડી આ ધંધા કરે છે ? !"

"ચૂપ રહો! જરા જુવાનીની લ્હેરમાં આવી ફરવા ગઇ હતી. અરે આજે એક જાતનો બૉલ હતો તે જોવા ગઈ હતી! સુધારા અને ફૅશન બંનેને ટકાવી રાખનાર અરે મજબુતીથી બાંધનાર સાંધનાર જે ટોનીક, સ્ટીમ્યુલન્ટ કહેવાય તેની તમે આંખ મીંચી નીંદા કરો છો! શેઈમ, તમે તમારે બોલ્યાજ કરો! જમાનામાં સુધારો અને ફૅશન ઇલેકટ્રીક પાવરની ઝડપે આગળ વધે જાય છે, તે તમારી ગાળોથી અટકશે નહિ!"

"હત તને ગરદન મારે! મેં હાથે કરી મારા ભાણામાં ધૂળ નાખી છે! મારી આબરૂનો મેં જાતે રહી નાશ કરાવ્યો છે; સુધારાનો દવ મેં બે હાથે કરી મારા ઘરમાં ઘાલ્યો છે, અરે ભગવાન હવે મારૂં સાચવ્યું શું રહેવાનું છે; હરિ હરિ હવે તું કરે તે ખરી! આ બધાં મરી ગયાં ત્યારે હું ક્યાં જીવતો રહ્યો! ભલા ભગવાન જે મારાથી ન્યારાં થયાં છે તેને સુખી કરો! કુંદન, કુસુમ અને મારી દેવી મણીલક્ષ્મી તમારૂં કલ્યાણ થાઓ; પાપીઓ તમારો નાશ થાઓ! ઓ કમભાગ્ય છોકરી આતે "જુવાનીની લ્હેર કે ફૅશનનો કેર!" કહી રાયજી કપાળ કુટતા કુટતા બળાપામાં બળી જતા પથારીમાં પડ્યા; અને કેસર પણ છાનીમાની દાંતીયાં કરતી તેને ઠેકાણે ગઈ!

પ્રકરણ ૭ મું.

અગ્નિમાં પડેલું ચંદન કે કસોટીમાં ચઢેલું કુંદન?

દોહરો.

જરૂર જ્યાં જ્યાં જે તણી ત્યાં ત્યાં તેજ જણાય;
હરિ મમત મિથ્યા બધો હુંજ કરૂં તે થાય.

કાળના વહેવાની સાથે મનુષ્ય જીવનમાં ઘણા ફેરફારો થાય છે. ફેરફાર થવો એ એક કુદરત ક્રમજ છે. નદીના વહન સમોવડ જીવનના વહ્યા જતા સતત પ્રવાહમાં જો કશોજ ફેરફાર થતો ન હોય તો જીવનમાં જન્મથી ઉતરી આવેલી ઇશ્વરદત્ત શક્તિનો વિકાસ થાય નહિ. હૃદય અનુભવથી ઘડાય નહિ, બુદ્ધિનું સામર્થ વધે નહિ, અને જીવન અલ્પાયુષિ અથવા અચેતનજ નિવડે, ત્યારે આમ વિચારતાં ફેરફાર એ જીવનને વાસ્તે એક આવશ્યક વસ્તુ સમજાય છે. ચાણાક્ય.

સૂર્ય ઉગે અને આથમે તે થકી થાય છે ક્ષીણ આયુષ્ય તારૂં,
તું નથી જાણતો કાળની રમત એ તારે મન માત્ર છે મારૂં મારૂં;
મરણ ને સંકટો અવરનાં તું જુએ તોય પણ ના ધરે લેશ ભીતિ,
મોહ મધુપાનથી છેક ઉન્મત્ત બન્યો રાખીને સ્વાર્થની સાથ પ્રીતિ.

દુનિયા બહુ જાદુ ભરેલી છે, તમે તેને માટે જેવું અને જેટલું વજન બાંધો તેવી અને તેટલી તે નહિ પણ હોય, માટે એકદમ તમારૂં હૃદય સોંપશો ના; અર્થાત્ વિશ્વાસ ન કરવા યોગ્યનો વિશ્વાસ તો ન કરો પણ જે વિશ્વાસ પાત્ર લાગ્યો હોય તેનો ભરૂસો પણ બહુ કસોટી પછીજ કરવો, કેમકે વિશ્વાસથી પેદા થએલો ડર જડને પણ કાપીને ફેંકી દે છે!!!

* * * *

" તું મુજમાં હું તુજ વિષે એમજ માનું વાત,
કાળ ચક્ર છોને ફરે હોય નહિ ઉત્પાત;
હરી પ્રીતિ પૂરી તારી ફીકર છોડી હવે ફરીએ,
ભરૂંસો છે મને ભારી બની તારા તો શું ડરીએ.
અખીલ જગ આપ આભારી અમે પણ એ વિષે ભળીએ,
નહિ પહોંચે મતિ મારી ગુણોનાં ગાન શાં કરીએ;
લીધે લેનાર સંભાળી નહિ સંતાપ એ ધરીએ,
દીધે સૌ કષ્ટના હારી ગૃહી તે હસ્ત સંચરીએ,
વડી એ વાત વિચારી સદા સન્માર્ગમાં વળીએ,
રીતિ સૌ સ્થાન એ ધારી સદા ન્યાળી હૃદય ઠરીએ;
ત્રિભુવનને કૃતિ પ્યારી અહરનિશ એજ આચરીએ,
કરોડો જીવ લ્યો પાળી સહુ ભેગા અમે પળીએ. "
શું ખાવું ખવરાવવુ વહવાં વ્યર્થ વચન;
દંત દીધા દામોદરે શું નવ દેશે અન્ન ?!

* * * *

" ધિક્ જેણે પરનિંદા કીધી દીધી મદદ દુર્જન ધિક્!
ધિક્ જેણે કો દાન ન દીધું લીધું ધન પરનું તે ધિક્!

ધિઃક જેણે નવ હરિગુણ ગાયા માયા લુબ્ધજનોને ધિઃક !
ધિઃક જેણે નીચ સ્વાર્થ સાધ્યો વાધ્યો દ્વેષ કુટુંબે ધિઃક !
ધિઃક જેણે ઉદ્યમ નવ કીધો લીધો યશ અવનિ નહિ ધિઃક !
ધિઃક જેણે પતિવ્રત તોડયું છોડયું નવ દીન દુઃખને ધિઃક !
ધિઃક જેણે ઇન્દ્રી નવ જીતી પ્રીતિ ઇશ ન રાખી ધિઃક !
ધિઃક જેણે ષડ શત્રુ સેવ્યા ટેવ્યા દુષ્ટ જનોને ધિઃક !
ધિઃક જેણે સ્વકુળ લજાવ્યું ગજાવ્યું નામ કપુતે ધિઃક !
ધિઃક જેણે પિતુમાતા ન પોષ્યાં શોષ્યાં સુખનાં સાધન ત્રિઃક !
ધિઃક જેણે વેચી છે કન્યા અન્યાય કરનારાને ધિઃક !
ધિઃક જેણે બહુ લાંચો લીધી પીધી કેફ તે નરને ધિઃક ! ”

“દોસ્ત નવલકીશોર, હવે જમાનો તેની પૂર ઝડપે આગળ વધે છે. દુનિયા દિવસે દિવસે બદલાતી જાય છે. મનુષ્યોનાં મન અધીરાં અવિશ્વાસુ અને મેલાં થતાં જાય છે. વાત કરતાં મિનીટે મિનીટે બદલાઇ જાય છે. જ્યાં ત્યાં આંખો મીંચી પૈસો પેદા કરવો એનીજ ધૂન ચોગરદમ અવલોકાય છે. પૈસા સારૂં ગમે તેવાં પાપકર્મો કરવાને પુરૂષો પછાત પડતા નથી; બસ હવે તો.

* * * *

કર્યા વિણ કાળાં ને ધોળાં નથી પૈસો જગે મળતો,
કર્યા વિણ ઉંધાં ને આડાં નથી પૈસો જગે મળતો;
કર્યા વિણ દગા ને ફટકા નથી પૈસો જગે મળતો,
માર્યા વિણ સ્નેહીને ઝટકા નથી પૈસો જગે મળતો.

“ આજ રસમ આજકાલ વ્યવહારમાં વિલોકાય છે. ”

“ ચંદ્રકીશોર તેં પણ અચ્છી કહી કેમકે, ”

*   *   *   *

નથી કાંઇ બુરૂં કે સારૂં પોતાના સ્વાર્થની ખાતર,
નથી કાંઈ મારૂં કે તારૂં પોતાના સ્વાર્થની ખાતર;
નથી કાંઈ મીઠું કે ખારૂં પોતાના સ્વાર્થની ખાતર,
નથી કાંઈ વેરી કે પ્યારૂં પોતાના સ્વાર્થની ખાતર.

બસ આંખ મીંચી મારી ઝુડી દમડા પેદા કરવા એજ આજકાલ પુરૂષાર્થ મનાય છે. જમાનામાં દિવસે દિવસે પેદાશ ઓછી થતી ગઈ, ખર્ચ વધી ગયાં અને જરૂરીઆતો એની એ કાયમ રહી. ફૅશનના વાયરે ચઢી કાંઇક લહેરીઓ વંઠી ગયા, અને કંઈ જણા સુધારામાં સુધરી ગયા. હવે નાંખ્યા નંખાતા નથી એટલે આજકાલ લોકોની આંખે ચઢવાનો વખત આવ્યો. ફાંફાં તો ઘણાંએ મારીએ છીએ પણ કીસ્મત યારી આપતું નથી. હાથમાં લીધેલી કોડી ધાર્યો દાવ પાડતી નથી."

"નવલકીશોર, હું પણ સવાર થતાંની સાથેજ દમભેર સવાર થઇને બહાર નીકળું છું પણ કયાંઇ કીસ્મતનાં પગલાં પડેલાં જણાતાં નથી. શિકાર તો ઘણાએ શોધું છું પણ મારો બેટો કોઈ હરીનો લાલ હાથમાં આવતો નથી. રાત ને દિવસ સીંગલ પર સીંગલ ઠોકી ડંડો ઝાલી ડાંડીઓ બની મારા કીસ્મતની દાંડી પીટું છું, પણ નગારખાનામાં તતુડીનો અવાજ સંભળાતોજ નથી. જ્યાં જઇએ ત્યાં જેન્ટલમેન ગેંગ! લૂખા પાર્ટીમાં સીંગલીઆજ અથડાતા માલમ પડે છે. સાલ્લું જ્યાં જોઇએ ત્યાં સ્વાર્થ અને સીંગલ! બસ એહા વિના કાંઇ બીજી વાતજ નહિ."

* * * *

" ચાહ તારી ચાહના જ્યાં ત્યાં વિશેષ વધી પડી,
મ્હોં ફાટતાં મ્હોં ફાટવું તુજ માટ તલસે જીભડી;
દાતણુ કર્યું કે ના કર્યું પણુ રાંડ તું તો ત્યાં ખડી,
તારા વિનાની જગા એકે ખોળી જોતાં ના જડી.
અટકી નહિ તું એટલે જ્યાં શાક લેવા જન જતા,
બાજારમાં સુખશાંતિ ગૃહમાં દેખી તુજને પેસતા;
બે ચાર મિત્રો ત્યાં મળી સત્કાર તારો બહુ કરે,
ખોરાકનું નહિ ભાન રહેતું પેટ તુંથી ત્યાં ભરે.
મધ્યાન્હથી સંધ્યા થતાં તો કેર કરતી ડાકિણી,
જમવા ન દે બે ચાર વેળા જીવ લેતી શાકિણી;
સંધ્યા તણા વાળુ વિષે પણુ ભાખરી સાથે ખરી,
વળી રાતમાં પણુ વળગતી જાણેજ બીજી વ્યંતરી.
સૂતાં સૂતાં પણુ સ્મરણુ તારૂં સ્વપ્નમાં પણુ આવતી,
વિશ્રાંતિ ગૃહને વીશીઓમાં ભક્તને ભટકાવતી;
બબડાટ પણુ તારો થતો વળી જાગવુંજ તુજ જાપથી,
નાસી ગયાં દહીં દુધ આદિ પાપણી તુજ પાપથી.
મહેમાન આવ્યા બે ઘરે સત્કાર તારાથી થતો,
ઉત્સવ અને મિજલસ વિષે વૈભવ ન તુજ વિણુ છાજતો;
નાટક વિષે ચેટક વિષેજ મુસાફરીમાં તું ખરી,
અતિ ગરમ ફડફડતું કલેજું બાળતી તેમાં ઠરી.
આચાર ભ્રષ્ટ કર્યાં વળી આરોગ્યતા ઝડપી લીધી,
કરી મંદ જઠરાગ્નિજ દુર્બળ ધાતુઓ બાળી દીધી;
ચુડેલ ચૂસે રક્ત નીશદિન રોજના રોગી કર્યા,
આશ્ચર્ય વૈદ્ય હકીમ ડૉકટર સર્વ કો તુજને વર્યા.

ફરિયાદ તારી ક્યાં કરૂં આધીન કરી સહુને કળ્યા,
જે ન્યાયના દેનાર ન્યાયાધીશ પણ તુજથી હળ્યા;
ઇન્સાફ જે મૂકી અધુરે વખતસર તે સંચરે !
આવીને ચેમ્બર માંહે પેસી થાય તાબે તાહરે.
ભૂલ્યો હું તુજને દોષ દેતાં તું બિચારી શું કરે;
આંખ્યો છતાં જન અંધ બનીને દીપ લઈ કુવે પડે. ”

દુર્વ્યસન–દોષદર્પણ

“ચંદ્રકીશોર તું પણ એક રમકડું છે. આજકાલમાં છતવાળા અને અછતવાળામાં પગથી માથા સુધી સ્વાર્થ રહેલો છે. બધાંને ઉભેગળે ખાવાની ટેવ પડેલી છે. મફતના મલીદા મારવાનો હરામચસ્કો લાગેલો તે કેમે કરીને ટળતો નથી. નથી ઢાંકયા જણાતા અને નથી નાગા જણાતા, નથી ડાહ્યા જણાતા અને નથી ઘેલા જણાતા; જ્યાં પેંદા કરવાનો પપ્પો હોઠમાંથી બહાર પડયો કે તરતજ સ્વાર્થની માંખ્યો આસપાસ ગણગણ કરી અકળાવી દેવાની. પૈસાનું નામ સાંભળતાંજ સ્વાર્થના હૈસા મચાવી મૂકવાના ! યાર હવે તો દોઢીયાં વગર અકળાયા, માથે વાળ છે એટલું દેવું જોતજોતામાં થઈ ગયું. બજારના રસ્તા પણ આડા અવળા વટાવી ગલી કુંચીઓ શોધવી પડે છે. સાહેબ હવે કાંઈ સાહ્યબી ટકી રહે તેવો અખતરો બતાવો !”

“ભાઇ જે આવે તે હોઇઆં કરવાની આદત પડી હોય તે કેવી રીતે એકલા એકલા હોઈઆં કરી શકાય ? બધાને પેટ લાગેલું હોય છે. સ્વાર્થ સર્વને સરખોજ હોય છે કેમકે,

“ બધી વાત છે બુરી સ્વાર્થ વિણ બધી વાત છે બુરી;
છોટા મોટા કરે લબારા લૂલી હલાવી શૂરી:—૦

છતવાળા પણ છાનીમાની મૂકે ગળા પર છુરી;
ડાહ્યા તે પણ બની દીવાના જાય સ્વાર્થમાં સરીઃ—૦
હોય બચ્યું જે પચ્યું પેટમાં સ્વરૂપ સ્વાર્થ ઉર ધરી;
હરીજન લોચન અંધ બને છે સરે સ્વાર્થ જ્યાં જરીઃ—૦
મધપૂડા પર ભૂખી માંખીઓ ભમે મધુમાં મરી;
સ્નેહી ક્ષણમાં વેરી બનતા સ્વાર્થ વાત જ્યાં ફરીઃ—૦ "

"દોસ્ત હવે કાંઇ યુક્તિ પ્રયુક્તિ કરી સોનાની ચક્લી હાથ કરવાનો ઉદ્યોગ આદરો તો સારૂ !"

"મારો પણ હવે એજ વિચાર છે. હાલમાં ખીસ્સાં પાકીટ ખાલી છે. કોઇ માલદારનો માલ મળે તોજ ખીસ્સાં તર થાય એમ છે."

"ચંદ્ર તું પેલા જુગલકીશોરને ઓળખે છે ?"

"હા તેનું નામ બે ચાર વખત મારા કાનપર અથડાયું છે."

"તેને મીલાવાનો પ્રયત્ન કરો તો કાંઈ નસીબ ફળે ! કારણ કે તે મોભાગ્રબુદ્ધિનો છે અને તમે કુશાગ્રબુદ્ધિના છો એટલે રંગ બરાબર જામશે !"

"હા તેં પણ ઠીક યાદ દેવરાવ્યું. આજકાલ તેના પણ પોબાર છે. બધો કાકાનો વારસો તેના હાથમાં આવ્યો છે. માણુસ જાતે સીધી લાઇનનો છે. ધોળા કાચનો શીશો છે; ભોળો છે અને કાંક સુધારાને વાયરે ચઢેલો છે, એટલે આપણે જો પગપેસારો કરીશું તો કાંઇ ખાલી હાથે આવીશું નહિ; એ શીશામાં જેવો રંગ રેડીશું તેવો રંગ રેડાશે."

"ત્યારે તમે એને કોઇ પણ પ્રકારે લલચાવી ફોસલાવી ચંબેલીજાનને ત્યાં લ્યો, એટલે કોઠ સારી રીતે ચીરાશે. એને

વેર ઘણા ઘણા સુંદરતાના નૌતમ નમુના આવે છે; એકાદ લપ વળગાડીશું એટલે આપણા ત્યાં પોબાર થશે. ”

“ સાંભળવામાં આવ્યું છે કે તેને ત્યાં પેલા પુરસોત્તમનો પગપેસારો છે. આજકાલ તે પુરસોત્તમની આંખે જુએ છે; જો એનો કાંક પ્રસંગોપાત કાંટો નીકળી જાય તો મામલો બધો સુધરી જાય. ”

“ પુરસોત્તમ ન હોય ત્યારે આપણે બંને એને બંગલે જઇએ અને વાતમાં પલળે તો એને લઇ બારોબાર હવા ખાવા ઉપડીએ. ”

“ અરે સહેજ મારા પ્રસંગમાં આવ્યો તો હું એને સારી રીતે મેળવી લઇશ અને આપણા દાવપેચમાં કેળવી લઇશ, ”

“ ઠીક ત્યારે ચાલો અત્યારે એના બંગલે ! જેટલી બને તેટલી પેરવી કરી તેને વિકટોરીઆમાં લઇ ચંબેલીજાનને ત્યાં જઇએ. મેં તેને ઘણા વખતથી વાત તો કરી રાખી છે, કે કોઇ નાજુક પરસ્તાનની પરી આવે તો ખબર આપજે ! વખત આવે આપણા બધાનો હાથ સારી રીતે ભરી લઇશું ! ”

“ દોસ્ત ચંબેલીજાન તે તો કોઇ ચંબેલીજાનજ છે ! ! એનાં નયનનાં નખરાંનો ઇજારો તો એની પાસેજ છે. એના ઘડી ઘડીના રંગ કાંઇ ઓરજ છે. રાજવળાના ઠાઠમાં દેશ દેશાવર મુસાફરી કરી કંઇ કંઇ બુલબુલનાં બચ્ચાં પકડી લાવે છે. જોતજોતામાં બારોબાર અધરીઆં સાટાપાટાં કરી ક્યાંનાં ક્યાં પંખીડાં ઉડાડી મૂકે છે તેની કાંઇ ખબરજ પડતી નથી. ”

“ ત્યારે ચાલો હવે જુગલશેઠને બંગલે ! ! વખત આવે

પ્રભુએ જોઇ લેવાશે ! ! " આ પ્રમાણે મસલત કરી ચંદ્રકીશોર અને નવલકીશોર બંને જણા વાતો કરતા કરતા જુગલકીશોર શેઠના બંગલા ભણી વળ્યા. જુગલકીશોર શેઠ પરનારીની યારીનો રાગી હતો. તેની આસપાસ હાજી હા કરનારા અને મીઠું મીઠું બોલી ફોસલાવી ખાનારા કંઇ અદ્ધર લાલાઓ વીંટળાઇ વળ્યા હતા. આખો દિવસ જુગલકીશોર તેના ગોઠીઆના પ્રસંગમાં (રંગમાં) ચકચુર રહેતો હતો. જે કોઈ આવે તેને આવવાની છૂટ હતી. શહેરમાં જેટલી નાટક કંપનીઓ આવે તે તમામની તે અઠવાડીઆમાં એકાદ બે વખત ઓછામાં ઓછી મુલાકાત લેતો હતો. જો તે કંપનીમાં એકાદે સ્ત્રી એકટર જોવામાં આવતી તો કંપનીના પૂરા ભાગ્ય મળતા. જ્યારે તે એકટ્રેસ જુગલકીશોરના પંજામાં આવતી હતી; ત્યારેજ તે કંપનીનો કેડો મૂકાતો હતો. સીનેમેટોગ્રાફ બૉલપારટીઓ અને સારામાં સારી રામશગીરોના નાચ તેની હાજરી વિના ભાગ્યે કોરા રહેતા હતા. જ્યાં જુગલ સાહેબની સવારી હોય ત્યાં કંપનીવાળાને પેદાશ પણ સારી હોય. પાંચ પચીશ મિત્રોના સાથ વિના કોઈ દીવસ પણ એકલા જુગલકીશોરશેઠ નાટકશાળામાં પગ મૂકતા નહિ. સાંજ પડે દરરોજ સો બસો રૂપીઆનું શેઠનું પાણી થતું હતું. સવાર થતાં મોરનીંગ ટી પારટીમાં ગમે તે મિત્ર શહેરની ગમે તેવી નવા જુનીનો ગપાટો લઇને શેઠ પાસે આવ્યા વિના રહેતો નહિ; શેઠ પણ કાચા કાનના અને સ્વભાવે ભોળા હોવાથી જે કાંઇ કહે તે તમામ સાચું માની લઇ જેમ સાથી હાથમાં નચાવે તેમ નાચતા હતા. અત્યારે શેઠ એકલા પડયા હતા. તેમની તહેનાતમાં હાલમાં કોઇ

નહોતું. શેઠાણી સેજલદે પણ સવારથી પિયર પધાર્યાં હતાં. શેઠ પણ આજની રાત ક્યાં ગાળવી તેનો ઉંડો વિચાર કરતા હતા. આ અરસામાં ડોળીઓ અને માધીઓ અર્થાત્ ખાપરો અને ઝવેરી ચંદ્રકીશોર અને નવલકીશોર બંને જણા શેઠની પાસે આવ્યા. શેઠ પણ તેમને આવેલા જોઇ સત્કાર કરતા વખત ગાળવા લાગ્યા.

"ચંદ્રકીશોર તમે તો આજે ઘણા દિવસે જોવામાં આવ્યા. આ નવલભાઈ વખતો વખત રસ્તામાં ભેગા થતા હતા; પણ તેતો બિચારા સલામ ભરી રસ્તોજ માપતા હતા!!"

"સાહેબ મોટા માણસો રસ્તામાં મળે ને શિર ન ઝુકાવીએ તો શિર વખત આવે ધડથી જુદું થાય."

"બરાબર બરાબર દોસ્ત અચ્છી કહી!"

"કેમ વારૂ એમ બોલ્યા?"

"સાહેબ શેઠીઆ લોકોને સલામ ભરવામાંજ સ્વાર્થ રહેલો છે. અમારા જેવા ગરીબ માણસોનું કલ્યાણ શેઠીઆઓની સલામોમાંજ સમાએલું છે."

"ખરી વાત છે સાહેબ. સલામીમાંજ સલામતી રહેલી છે."

"કહો કાંઇ કામકાજ!!"

"સાહેબ આપ એક વખત ગૌહરજાનના જલસામાં મને ભેગા થયા હતા તે વખતે આપ બોલ્યા હતા; કે કોઇ સારા ખાનદાન બુલબુલના બચ્ચાં જેવી પ્રેમની પૂતળી નજર કરતાં મળી આવે તો મને ખબર આપજો. મારે તેને ભારે પગાર આપી શહેર બહાર બંગલામાં રાખવી છે અને તેની સાથે મહોબત બાંધી અલાયદા રહેવું છે!!"

" હા યાર, તમે પણ ઠીક યાદ દેવરાવી!! હું તો તે વાત કેવળ ભૂલીજ ગયો હતો. આપણું મન હવે શેઠાણી પરથી ઉતરી ગયું છે. રોજ સાળી વાતે વાતે અને રાતે રાતે તકરાર થાય, ઘડી ઘડીના વાંધા પડે તે કાંઇ આપણા જેવા સ્વતંત્ર માણસથી સાંખી ન શકાય! શેઠાણી ભલે સુંદરતામાં ગુલાબ રહ્યાં, પણ આપણે તો બંદા નવાબજ છીએ, અરે ભોગી ભ્રમરજ છીએ. મીઠા મીઠા કુસુમોની મીઠી મીઠી સુગંધી લેનારા મીઠા મધુકર છીએ. આપણાથી કોઇનો તાબાંઓ ઉઠાવી શકાય નહિ. અહીં તો મન માને ત્યાં સુધી મજા લેવી; મન કંટાળ્યું કે ચાલ જીવ બેસ બીજા ફુલ ઉપર!! જે સુમનોમાં સુગંધી હોય ત્યાંજ જઇને વસવું!!"

" તો સાહેબ હવે ખરો વખત આવ્યો છે. એક પંખીડું જાળમાં મહા મહા પ્રયત્ને પકડાયું છે!!"

" ત્યારે બંદા તૈયાર છે!! જે કાંઈ જોઇએ તે લઇ જાઓ અને તેને મારા હવાલામાં સોંપી દો!!"

" સાહેબ ત્યારે આજ રાતના નવ વાગતાં તૈયાર થાઓ. પેલી ચંબેલીજાનને ત્યાં એક નૌતમ નમુનો આવ્યો છે. તમે નવલકીશોર સાથે વિકટોરીઆમાં બેસી ચંબેલીજાનના મુકામે આવો; હું અત્યારે ત્યાં બારોબાર જઈ મારી જાળ બિછાવું છું અને ચંબેલી તથા તેના પંખીને જેમ બને તેમ હાજી હા ભણાવી તમારા સત્કારને સારૂં તત્પર કરૂં છું. સમજ્યા કે મારા જુગલકીશોર સરકાર!!"

" વાહ વાહ ઘણીજ સારી તદબીર!! દોસ્ત તમારા વિના

આ કાર્ય બીજો કોણ કરે ? હું પણ આજરોજ ભાગ્યશાળી થયો કે આપનાં અત્યારે દર્શન થયાં. કહો કાંઈ જોઇએ છીએ ?"

"હા વખતે કાંઈ જરૂર પડે ખરી ! ! ચંબેલીના કામમાં દામ જોઇએ ખરા ! !"

"કહો ત્યારે શું આપું ?"

"ફક્ત ત્રણ હજારનાં નોટ હોય તો આપો; પછી જરૂર પડે બીજાં લેવાશે ! ! જો બનશે તો એટલામાં એને રમાડી દઈશું ! !"

"અરે ત્રણનાં ચાર લ્યોને ! અહીં શો હિસાબ છે ! માલ માથા વિના મળે નહિ ! જાણોછોને :માથા સાટે માલ મળે ! ! આ જમાનામાં માથું શું ? તો માથામાં મની દામ અને માલમાં મધુરી મધુરી મોહીની ! બુલબુલનું બચ્ચું, વસંત કોકીલા મીઠી મેનાં સમજ્યા કે મારા જીનાબે આલી ! !"

"અરે વાહરે મારા ઉમરાવ શેઠીઆ ! ખાનદાની વગર ખાનદાનીની કીંમત ન થાય !"

"લ્યો દોસ્ત આ નોટનો થોકડો; પેલી ચેર પર બેસી ગણી લ્યો ! !"

"અરે સાહેબ તમારા આપ્યામાં ગણવું શું ? મોરનાં ઈંડાંને ચીતરવાં પડે ?"

"ઠીક ત્યારે તમારી મરજી ! !"

"તો સાહેબ હું હવે રજા લઉછું; આ નવલ જોડે આપ વહેલા પધારજો."

"હાજી પધારો ! લ્યો ચાલો નવલકીશોર પેલા હૉલમાં પધારો; ચાલો આપણે નાઇટ ડ્રેસ તૈયાર કરીએ. જરા બારબરને

બોલાવી શેવીંગ કરાવી જરા ફેશનેબલ બનીએ !!"

"હાજી જેવી આપની મરજી !!"

"જુગલકીશોર અને નવલકીશોર બંને જણા ટાપટીપ કરવામાં ગુંથાયા; અને ચંદ્રકીશોર ત્રણ હજારનાં નોટ લઇને ઘરભણી વળ્યો. તેને આજે સારા શુકન થયા. ઘણા દિવસનું દળદર ગયું; તે તો બિચારો તાબડતોબ જીવ લઈને ઘર ભેગો થઈ ગયો, અને પોતાનો પટારો ઉઘાડી ત્રણ હજારમાંથી તેરસો તો પહેલ વહેલા બોલ્યા ચાલ્યા સિવાય કોરે મૂકી દીધા; સાતસોનાં નોટ નવલકીશોરને સારૂ ઈલાયદા કબાટમાં કોરે મૂક્યાં; અને ત્રણસોનાં નોટ બજારનું દેવું ચુકવવા ખીસ્સામાં ઘાલ્યાં; અને બાકીનાં સાતસોમાં ચંબેલીને રમાડવાનું ધાર્યું! અત્યારે તે ઘણાજ ઉમંગમાં આવી ગયો; અને એકદમ ખાધું ન ખાધું કરી ડ્રેસ પહેરી બણીઠણી બહાર નીકળી પડયો; જે કાંઈ બજારનું દેવું હતું તે તમામ ચુકવવા મંડી પડયો. એક બાજુ જુગલકીશોર શેઠ પરનારીના મોહના તરંગમાં ઝુલવા લાગ્યો, અને બીજી બાજુ ચંદ્રકીશોર લક્ષ્મીના સ્વાર્થના તરંગમાં ઘુમવા લાગ્યો; લોભીયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે એ સૂત્રાનુંસાર બંને કીશોર મિત્રો જુદા જુદા સ્વાર્થમાં રમવા લાગ્યા !

રાજવંશી ઠાઠમાઠવાળી ચંબેલીજાન અને ગુલાબજાનના રથમાં બેભાન અવસ્થામાં ઉચકી લીધેલી કુંદન અત્યારે ચંબેલીજાનના દેદીપ્યમાન બંગલામાં ભવિષ્યનો કાંઇ ઓરજ વિચાર કરતી બેઠી છે. ચંબેલીજાન જાતની ગુણકા એટલે અષ્ટાંગે કુડ કપટવાળી મહા ચતુર અને પ્રવીણ નાયકા હતી. તે એકદમ

કુંદનને પોતાની સ્થિતિની ખબર પડવા દે એવી ઉદ્ધત અને સાહસિક વૃત્તિવાળી સ્ત્રી નહોતી. તેણે કુંદનને પોતાના બંગલામાં ઘણીજ સારી રીતે રાજસિક ઠાઠમાઠમાં રાખી હતી. તેની માવજત ઘણીજ ઉંચા પ્રકારની કરી હતી. એકંદર રીતે કુંદનને સારી રીતે બાલાશ રાખી ઉછેરી હતી. કુંદન પણ આ છુપી ડાક્યણીની કપટજાળમાં ભોળવાઇ ગઈ હતી. તેના મગજમાં સ્વપ્ને પણ ચંબેલીજાનની જાત વિષે વિચાર આવતો નહોતો. ચંબેલીજાન પણ એક બીજો બંગલો ભાડે રાખી તેના ધંધાના મોહબતીઆ યુવકોને મળતી હતી; અને ઘણાને કુપ્પામાં હાથ મુકાવી ખંખેરતી હતી.

ચંબેલી આખો દિવસ કુંદનની તબીયત ઉઠાવતી હતી; અને તેને જે કાંઇ વાંચવા લખવાનાં સાધનો જોઇએ તે પૂરાં પાડતી હતી. વખતો વખત તેની સાથે તે વાદ વિવાદમાં ઉતરી હાજી હા ભણુતી હતી. તે સારી રીતે સમજતી હતી કે જ્યારે ત્યારે કુંદનને સપડાવતાં પોતાનો નીચ ધંધો પ્રગટ થઇ જશે, અને આ સુજાણ બાળા દરેક પ્રયત્ને સામી થઈ નામોશી આપી છટકી જશે. તે રાત દિવસ કુંદનને સૂતી વેચી નાંખવાનો વિચાર ચલાવતી હતી. જો કોઈ ખીસ્સાનો તર અને હૈયાનો ફુટચો લાલ શેઠીઓ મળે તો સારી રીતે હાથ ભરાય તેટલો માલ લઇ કુંદનની બારોબાર દરબારી ઠાઠમાંજ વેઠ કાઢવી; અને પોતે સારી રીતે ધનમાલ હાથ કરી થોડાક વખત સારૂ દેશ પરદેશ અગીઆરા ગણી જવા; આ પ્રમાણે સ્વાર્થ તરંગમાં ચંબેલીજાન ઘુમતી હતી.

ભાગ્યહીન કુંદન જ્યાં ક્યાંઇ વિશામ મળતો કે તરતજ

રાત દિવસ હીરાલાલના વિચાર તરંગમાંજ ઝુલતી હતી. તેને હીરાલાલના નામ સિવાય કાંઇ બીજો ધંધોજ નહોતો આઠે પહોર અહરનીશ હીરાલાલના ધ્યાન ગાનમાં ગુલતાન રહેતી હતી, વખતો વખત તે મૂર્છા અને ઘેલછામાં આવી જતી હતી. ચંબેલીજાનના સહવાસમાં આવ્યા પછી તેને કાંક વધારે શાંતિ મળી હતી. તેણે પોતાનું તમામ દીલ ખોલીને વાત કહી હતી. ચંબેલીનો રાજવંશી ઠાઠ જોઇને તેને કોઈ ભાયાતની રાજવંશી રાણી તરીકે ધારતી હતી. તેના સહવાસ અને પ્રયત્નથી તેને કાંઇ વધારે શાંતિ મળશે અને હીરાલાલ સંબંધી શોધ ખોળ કરાવી તેનો કાંઈ પત્તો લાગશે એવી આશાની ઉમેદમાં નાચતી હતી. અત્યારે તે પોતાના અવાસમાં એકલી હતી. ચંબેલીજાન પણ કાંઇ પ્રસંગોપાત કાર્ય સારૂ બહાર ગએલી હતી; ફક્ત બંગલા નીચેના હૉલમાં પરિજન વર્ગ સિવાય અન્ય કોઇ દૃષ્ટિગોચર થતું નહોતું. એક આરામચેરમાં નિરાંતે વિશ્રાન્તિ લેતી કાદંબરીની નવલકથા તે વાંચતી હતી અને ચંદ્રાપીડની સ્થિતિ સંબંધી વિચાર ચલાવતી મગજમાં તર્કવિતર્ક કરતી હતી.

* * * *

" મનડાની વાતો મારી મનમાં સમાતી,
દાંત છેદે જ્યાં રસના કાંઇ ન કહેવાતી;
થતાં પ્રીત લાગી વ્હાલી હવે જીવ જાયે,
દીલડાની દાઝી દીલમાં દુઃખે દબાતી.
લટકાળા લાલે લટકે આવી લોભાવી,
મીઠી મીઠી મોહનીએ હું તો મુંઝાતી,

રસિક હૃદયની વાતડી કોઇને કહી ન જાય,
લોક લાજથી જગતમાં કહેતાં હાંસી થાય. ”

“ વિભુ વિભુ મારૂં હવે શું થશે ? તું પણ કેડ બાંધીને મારો કેડો લેવા તૈયાર થયો છે. મને નથી ઉગારતો કે નથી મારતો ! નથી ઠારતો કે નથી પ્રજાળતો; ઘડીમાં દુ:ખના દાવાનળમાં ધકેલી દે છે; અને ઘડીમાં કોરે કરી ઉગારી લે છે; તારી શી ધારણા છે તે મારા કળ્યામાં નથી આવતી. દીનબન્ધુ બીરદ ધારણ કરી દીનને દમતાં તું પાછો પડતો નથી; મારે તે તને કહેવું શું ? હવે હું તને ક્યાં સુધી ભજુ ! મન અને તન બંને પરવશ થઈ ગયાં, અરે પ્રાણરહીત થઈ ગયાં, અરે તને અને દુનિયાને પણ વિસરી ગયાં. અરે હવે હદ આવી ગઈ ! દુ:ખના ડુંગર શીરપર ડોલી રહ્યા ! માધવ માધવ હવે કરૂણા કરો ! આ કીંકરીનાં કષ્ટ કાંઇક તો હરો! અરે હાય હું આ શું બોલું છું? કોને કહું છું ? દોષ કોને આપું છું ! હું જાતે દોષીતજ છું. કર્મે દુ:ખ લખાવીનેજ આવી છું તો પછી ભોગવ્યા વિના છુટકોજ નથી. ગયા ભવનાં કે આ ભવનાં કરેલાં કર્મનાં ફળ ભોગવવાં ત્યાં સુખ દુ:ખ શાને માનવાં ! સારા કર્મનાં ફળ ભોગવતી વખતે પરમાત્માનો આભાર માનતો નથી, તો પછી નઠારાં કર્મનાં ફળ ભોગવતી વખતે શા વાસ્તે પરમાત્માને દોષ દેવો ? ? પકવાન આરોગતી વખતે હરિને યાદ ન કરી શકાય તો પછી સૂકી ભાખરી ખાતી વખતે હરિને શું કામ ઠપકો આપવા અથવા વૃથા તેની દયા શા વાસ્તે માગવી? શું પરમાત્મા તે કાંઈ ફ્રુશવતનો ધંધો આદરી બેઠો છે ! નીચ સ્વાર્થ સારૂં અનાથનાં ગળાં રેંશી

પાછળથી પુન્યમાર્ગમાં પૈસો વાપરવો; અને પોતીકાં ગળાં રેંસાતી વખતે આકરી બાધાઓ રાખવી અગર અંતકાળીઆં દાન કરી પ્રભુને સમજાવવો તે શું પાપ નથી, પરમાત્માની હાંસી નથી, અરે તેને ક્રોધાયમાન કરવાનો કીમીયો નથી ? ! જ્યારે આવો અનર્થ આદરતાં મન પાછું પગલું ભરતું નથી તો પછી કુદરતી આવતાં દુઃખને વાસ્તે મન શા સારૂં વલોપાત કરે છે ! અરે અણધાર્યું આવતું દુઃખ એ દુઃખ નથી પણ ભવિષ્યનું અચળ સુખ છે. અધીરા મન અરે શ્રમીત થએલા તન હવે તારો અકળાયે કાંઈ છુટકો નથી; બસ હવે તો દુઃખની સામા થવામાંજ શોધ્યું સુખ મળશે; કેમકે,

* * * *

" દુઃખ દુઃખ શું વદો જગતમાં દુઃખ દોહ્યલું મળે,
કાયા માયા ક્યાં છે જુદી જીવ જીવનમાં ભળે;
દુઃખ છે મીઠી સુખ છાયા શાંતિ માને તેમાં ડાહ્યા;
પાણીના પરપોટા સમ સુખ સુંદર જોતાં ભાસે,
ઝાકળ બિન્દુ મોતી જેવું જુઓ ચળકતું ધાસે;
પલકમાં જોતાં થાય વિનાશ સમજી કરો સુખનો કયાસ.
ચઢતી પડતી ધરી અનાદિ ધડી ધડીમાં ફરતી,
માનવ જીવન રથનાં પૈડાં તાપ છાંય લ્યો વરતી.
પડે જે માથે કારમું દુઃખ માનવું તેને સાચું સુખ;
માયા મમતા ધરીને મનમાં કરે સુખ અભિમાન.
છકીને છતમાં ધન મદ ધરતાં એ નર નહિ નાદાન;
ખરે જેમ પીપળપરથી પાન ભટકતા ભૂમિપર જેમ શ્વાન. "

મન વાળી હૃદયનો ઉભરો શાન્ત કરી કુંદન આરામચેર

પર મોં ઉપર રૂમાલ ઢાંકી સ્વસ્થ પડી રહી. આ અરસામાં ચંબેલીજાન બહારથી એકાએક કુંદનવાળા ખંડમાં આવી અને કુંદનને ચેરમાં જંપેલી જોઇને મન સાથે વિચાર કરવા લાગી!!

"અહા હજી આ અલબેલી પ્રવીણ પોપટડી મારા કપટ પિંજરમાં શી રીતે પૂરાશે? જેટલી ચતુરાઈ અને ચાલાકી ચલાવાય તેટલી તેની સાથે ચલાવી પણ ચતુર ચતુરા મારી જાળમાં આવતી નથી. તેને વૈભવની અનેક લાલચોમાં લલચાવી પણ લલિતાંગી લલના કશાથીએ લલચાતી નથી. તેને વાતો વાતોમાં અનેક રાતે ઉડાવી પણ એકની બે થતી નથી. જેમ જેમ તેની સાથે અધિકાધિક પ્રસંગ પાડતી જાઉં છું; તેમ તેમ તે વધારે શંકાશીલ બનતી જાય છે. હવે તો આજે છેલ્લી વાર તેને ખૂબ સમજાવવી ધારી છે; જો તે માનશે તો ઠીક, નહિ તો પછી જાત ઉપર જઇ તેને સૂતી વેચવી પડશે. આ પાપ વળી ભણેલું અને પૂરતી રીતે પાવરધું થએલું છે; એટલે તેની સાથે હજાર ગરણે પાણી ગાળવાનું કામ છે. જે કોઇ પ્રસંગોપાત વાત કાઢવી તે સારી રીતે વિચાર કરી પ્રસંગને અનુકુળ આવે તેવી રીતે છેડીને મનના ધારેલા નિશાન ભણી જવાનું છે; આહા અત્યારે તે શાંતિમાં તરતી જણાય છે. વાહવાહ છે પણ રૂપનો અવતાર! કુસુમની કાચી ખીલતી કળી! જો તે મારા વિચારમાં મળી જાય તો જરૂર મારો અને એનો એક પલકમાં ભાગ્યોદય થઈ જાય; પણ માને શી રીતે ? જો વાત કરતાં કરતાં જાત ભાત જણાઇ ગઈ; અગર મુદ્દાની બહાર બોલાઈ જવાયું તો તરતજ તે બાળા લાત લગાવી વાત બગાડી નાંખવાની અરે જોતજોતામાં અજબ

ગજબ કરી છટકી જવાની, અરે હાય મારી સઘળી આશા ધૂળમાં મેળવી ભાગી જવાની ! હશે હવે જેમ થાય તેમ ખરૂં પણ આજતો સાહસનું પગલું ભરૂં તે ભરૂંજ ! અત્યારે મારી તમામ કુશળતા, પ્રવીણતા, ચાલાકી, સ્ત્રી ચરિત્ર અને મોહની-મંત્ર જે કાંઇ જાણું છું તે તમામ અત્યારે અજમાવી જોવાનું છે. જો ભાગ્યોદય થવાનો હશે તો તરતજ તે બાળા મારા મતમાં ભળી મળી જશે, નહિ તો પછી વિપરીત વાત થતાં ઘર છોડી બલા દૂર ટળી જશે ! ? લાવ હવે તેને જાગ્રત કરી જરા જુવાનીને હીલોળે ચઢાવું ! ! કુંદન ! અરે કુંદન ! કુંદન ! ! ”

“ ઓહ કોણ તમે ! બહાર ફરી આવ્યાં ! કહો કેમ ! બોલો શો હુકમ છે ? ! ”

“ હવે આ તારા ચોપડા ઓપડા દૂર કોરે કરી જરા દીલને ખીલાવ; મનને મલકાવ ! ! ”

“ દીલને ખીલાવ્યું ખીલાવાતું નથી અને મનને મલકાવ્યું મલકાવાતું નથી ! અવસરનાં કાર્ય અવસરે થાય છે. કુદરતના રંગ કુદરતથીજ બદલાય છે ! ! ”

“ કુંદન જુવાની ચાર દિવસની છે. આજ છે ને કાલ નથી. રંગતનો રંગ સંગત વગર ઉડી જશે તો પછી રંગ ચઢવો મુસ્કેલ થશે ! ! જોગનીચું એ તો મહા મોંઘી ચીજ છે, તે જો એળે જશે તો પછી બધી જીંદગી ધૂળ થશે ! ! ”

“ જુવાની માનવ જીવનની કીંમત અંકાવાની એક મોંઘી પરમ સુખદાયક અવસ્થા છે. વૈભવ અને વાસના તૃપ્ત કરવાથી જુવાનીની કીંમત થતી નથી. મનના વેગને જ્ઞાન બળે કુદરતની

કક્ષામાં સચવાઇ રખાય તો જુવાની સદાકાળ સુખરૂપ નીવડે છે અરે આખી જીંદગી શાંતિમાં પસાર થાય છે. ”

“ કુંદન અવસર વીત્યા મેહુલા નકામા છે. અવસ્થા વીત્યું જોબન પણ એળે ગયુંજ સમજવું. જોબનીઆની બહારમાં જ્ઞાનગોષ્ટી અને વિદ્યાના ગુટકા વિષ સમાન છે. જુવાનીના ચણુતરમાં ભણુતરનો ભવાડો છે; માટે આવ્યું સુખ માણવું તેમાંજ મઝા છે. ”

“ મનને વિહ્વળ બનાવી ધર્મની મર્યાદા બહાર પગ મૂકી જોબનીઆને ઝોલે ચઢાવી જુવાની માણવી તેના કરતાં મન પર અંકુશ રાખી એકાંતમાં બેસી ઇશ્વર ભજન કરવું તે ઘણું સુખદાયક અને ઉત્તમ છે. જુવાની એતો એક દીવાની અવસ્થા છે; નદીનું પૂર છે, મેઘ ધનુષ્યનો રંગ છે; ખીલેલું કુસુમ છે; સંધ્યાના તરગ છે; પલક પલકમાં પલટાતી એક કુદરતના રંગ બતાવનારી અજબ અવસ્થામાં જોબનીયાની અજાયબી માનવી એ જીવનમાં પગલે પગલે ગજબ ગુજારનાર જોબન વ્યાધી છે. વાસનાનો વ્યાલ છે. મૃગજળ સમાન મિથ્યા આશાઓની એક ઉંડી ભયંકર ખાઈ છે; તેમાં જે પડ્યા તેનો પત્તોજ લાગતો નથી.”

“ ત્યારે કુંદન તું આમ સદાકાળ આવીને આવીજ રહીશ. હીરાલાલને વાસ્તે મિથ્યા આશાના અજંપામાં ઝુલ્યાજ કરીશ. તને સાંપડવાનું સુખ તારા ભાગ્ય બળે દૂર થયું તો પછી તું બીજો કાંઈ પ્રયત્નજ નહિ કરે ? ”

“ હું જેને એકવાર મનથી મારો કહી ચુકી તો પછી તે આશામાંજ મારૂં મન રમાડ્યા કરીશ. તે જો મળશે તો દીલનાં

દુખડાં ટળશે નહિ તો તેનામાંજ આ તનમન સમાઇ જશે. મારા મનનું સમાધાન તેનાથીજ થશે. અન્ય પ્રકારના દીલાસાઓ અને વચનામૃત વગેરે તમામ વૃથા છે. તમને હું જો ભારરૂપ થતી હોઉં તો હવે મને રજા આપો. મારી પ્રકૃતી હવે સારી છે. અત્યાર સુધી તમે જે મારી સેવા ચાકરી કરી તે સારૂ આપની અત્યંત આભારી છું. જગત પિતા આપનું કલ્યાણ કરશે! મારા મનની માલીક હું છું. તેના ઉપર કોઇનો અધિકાર નથી. મન સ્વતંત્ર છે. તેને જીતનારા કોક વિરલાજ હોય છે. વૈભવની લાલચો અને સુખની વાસનાઓથી મન કાબુમાં આવી શકતું નથી. મનને વશ કરવાને મન જોઇએ છીએ. મન મનથી જીતાય છે."

"ત્યારે હું પણ તને એજ સલાહ આપું છું, તારૂં મન ઠરે ત્યાં મનને મેળવી સુખી થા. નાહક જુવાનીને વલોપાત કરી વગોવી ન નાંખ! દીલને દીલમાં સમાવ. તને જે સારૂં લાગે તે કર! એકવાર ફરી નસીબ અજમાવ."

"એટલે તમે કહેવા શું માગો છો? મને તમારાં વચન સાંભળી તમારી જાત ભાત ઉપર શક આવે છે. તમે કોઈ રાજ-વંશી નથી!! તમારા આચાર વિચાર મને હવે નિરાળાજ લાગે છે. ભલે તમે ગમે તે હો તેની મને દરકાર નથી. મહેરબાની કરી મારા મન ઉપર મુખ્તીઆરી કરવી માંડી વાળજો. હું વિભળ મનની સાહસિક અને અવિચારી અબળા નથી. ઠેર ઠેર વિષ્ટા ખાનારી કાગડી નથી. ચાટે ચાટે ચાટનારી કુતરી નથી. સ્વતં-ત્રતાની હવામાં ઉડનારી મક્ષિકા નથી; પણ એક નીતિ અને

ધર્મની મર્યાદામાં રહી શીયળરૂપી મોતીનો ચારો ચરનારી રાજ હંસણી છું. મનથી જેને મારો કહ્યો તે મારા સારૂ સર્વાર્પણ કરનારી એક આર્ય બાળા છું. તમારો ઉપદેશ તમારા જેવાંને કરજો, મને તેની તલમાત્ર પણ અસર નહિ થાય. અરે ભગવાન હું તો ઠેરની ઠેર રહી. એક ઉપાધીથી છુટતાં બીજી ઉપાધીમાં ફસાણી ! બ્હેન તમે કોણ છો તે મને પ્રથમ કહો ! ! ”

“ કુંદન કુંદન આમ છેક ગાંડી થાય છે. હું તને શું ખોટી સલાહ આપું છું. તને વગડામાંથી લાવી મહેલમાં રાખી માવજત કરી સારી કરી તેનો શું આ બદલો ? મારી જાત ભાત જાણવાની તારે શી જરૂર પડી. હું એક ભાયાત વર્ગની રજપૂતાણી છું. ”

“ તમારા સ્વામી ક્યાં ? આ બંગલામાં કેમ કોઇ પ્રતિષ્ઠીત રાજવંશી પુરૂષ દૃષ્ટીગોચર થતો નથી. મને હવે તમારાં વચન સાંભળી ઘણોજ શક ઉત્પન્ન થાય છે. તમે રજપૂતાણી હો એમ હું હવે માનતીજ નથી. રજપૂતાણીના મુખમાંથી આવાં મલીન વચન કદી નીકળેજ નહિ. જુવાનીની હિમાયત કરનારી કોઈ રજપૂતાણી ન હોય પણ કોઇ વંઠી ગએલી વામા અગર વેશ્યા કુલટા હોય ! ! રજપૂતાણી તો શીયળની હીમાયત કરે; તેના મુખમાંથી નીતિ અને ધર્મનાં ભરેલાંજ વચનો પુલની માફક બહાર ખરે ! દીલ જોડાવનારા અને મનને મેળાવનારા કુડા વજ્રપ્રહાર જેવાં કુવાક્યો સ્વપ્ને પણ ન નીકળે. કહો તમે કોણ છો ? ! ”

“ કુંદન કુંદન હું તે હુંજ છું. હું પણ તારી સમાન એક

ટેકી પુરૂષ પાછળ પ્રાણ અર્પણ કરનારી હઠીલી સ્ત્રી છું. મને પણ જો મારા મનનો માન્યો મળશે તોજ હું તેની સાથે લગ્ન કરીશ; નહિ તો તારી માફક આમ કુંવારી અવસ્થા ગાળીશ. અહીંઆં મારા માબાપના પૈસા ઉપર આ સાહ્યબી ભોગવું છું."

"અરે વાહરે તમારાં વચન! ગાડાનું પૈડું ફરે તેમ તમે પણ ફરવા માંડયું. જોતજોતામાં બદલાઈ જવા માંડયું. હું તમારા જેવી વિભળ મનવાળી સ્ત્રીઓના તેજમાં અંજાઉ તેવી નથી હોં! મારા મન ઉપર અસર કરવાને ઘણા ઘણા પાણીમાં મુઠીઓ ભરે છે. જો મારા મન ઉપર તેમની અસર થઈ હોત તો હુ આ દુઃખ ભોગવત નહિ; અરે જો હું વૈભવની લાલચોમાં લપટાઇ હોત તો રાજા જેવા મામાના દરબાર જેવા ઘરબારનો ત્યાગ કરી વગડો વેઠતી ન હોત સમજ્યા ? ! જાઓ. મારા જેવી મૂર્ખ સ્ત્રી સાથે માથાં ન ફોડો; એક ખૂણે બેસી આ બધા ચાળા ચસ્કા મૂકી જગદીશ્વરમાં જીવ જોડો કે તમારી કાયાનું કલ્યાણ થાય; અરે માનવદેહ ધર્યાનું સાર્થક થાય!"

"તને જેમ જેમ સમજાવીએ છીએ તેમ તેમ તું વધારે સામી થાય છે. મારે તારી શી પરવા છે; માનવું હોય તો માન નહિ તો ધરામાં પડ! તારે અહીં રહેવું હોય તો રહે, નહિ તો આ બધો મુલક ઉઘાડો પડયો છે. સુખની વાત કહેતાં તું આટલી બધી તપી જાય છે, તને સારી શીખામણ આપીએ છીએ ત્યારે તું મારી ગુરૂ થવા આવે છે. આ વગડામાં રઝળતી મૂકી હોત તો તને ક્યારનીએ કાગડા અને ગીધે ફોચી ખાધી હોત. દયા ડાકણને ખાય છે. તને ઉગારી તેનો આ સરપાવ! આ બધી

સેવા ચાકરી કરી તેનો આ બદલો. મારી બાઈ જરા પ્રભુનો તો ડર રાખ!"

"હું પ્રભુનો ડર રાખીનેજ તમને કહું છું કે તમે હવે પાપકર્મની હિમાયત કરવી મૂકી દ્યો. મને ઉગારી તો પ્રભુ તમને અનેક આફતમાંથી ઉગારશે, હું તમારી જન્મભર રુણી છું. કહો તો મારી ચામડીના તમને જોડા શીવડાવી પહેરાવું; કહો તો તમારા ચરણ ચાંપી તમારી તાબેદારી ઉઠાવું, પણ અનાચારના માર્ગમાં પ્રવેશ કરી મારા મનને કદી પણ ભ્રષ્ટ નહિ કરૂં તે નહિજ કરૂં. તમે માર્મિક ભાવમાં જે મલીન ઉપદેશ મને કર્યો છે તે હું સારી રીતે સમજી ગઇ છું; ચંબેલીબા, આખરે ખરાબ તે ખરાબ અને સારૂં તે સારૂં છે. નીતિનાં ફળ મીઠાં છે અને અનીતિનાં ફળ કડવાં છે. સદાચાર સુખમય છે અને દુરાચાર દુઃખમય છે. પાપ કરી કોઈ સુખી થયું નથી અને ધર્મ આચરી કોઇ દુઃખી થઈ નથી. જુવાની એ તો જળના પરપોટો છે. જોબનીયું એ ચાર દિવસની ચાંદરણી છે. જેની જુવાની સુધરી તેનો આખો ભવ સુધર્યો. જેણે જુવાની જાળવી તેણે જરા જાળવી! અરે આખું જીવતર જાળવ્યું. બહેન તમે ઘણાં પ્રવીણ છો, ચતુર છો; સમજવું હોય તો આટલેથીજ સમજી જજો, તમે મને જેમ ગોળે વીંટી ગોળ ગોળ જેવી વાત કરી છે તેવી હું પણ તમને ગોળે વીંટી ગોળ જેવી મીઠી શિખામણ આપું છું. જાઓ શીતળ જળે સ્નાન કરી કાયાને પાવન કરો, અને પ્રભુના નામની માળા કરી મનને પવિત્ર કરો, માણસ જોઇને વાત કરતાં શીખો; જેના વાસ્તે આખી દુનિયાં મૂકી અને જેની ખાતર

આખું જીવતર બગાડવા તૈયાર થઇ તે શું તમારી આવી પાપ-મય કુડી લાલચોથી લલચાઈ જીવન ઝેર કરશે! સ્વપ્ને પણ નહિ, માટે બહેન આ બધી પંચાત મૂકી પરમાત્માનું ભજન કરો!"

"ચંબેલીજાનને કુંદનનાં વચન સાંભળી હાડોહાડ ક્રોધ વ્યાપી ગયો. પગથી માથા સુધી જ્વાળા લાગી; આખરે જાત તે જાત અને કજાત તે કજાત, કુંદન તે કુંદન અને કથીર તે કથીર હંસણી તે હંસણી અને કાગડી તે કાગડી. ચુનો શ્વેત-પણું તજે નહિ અને કાજલ શ્યામતા તજે નહિ. દુર્જન દુર્જનતા મૂકે નહિ અને સજ્જન સજ્જનતા તજે નહિ; તેમ જાતની વેશ્યા તેને પ્રીતિનું કામ હોયજ નહિ. ભગવદ્ગીતા ગુણકા લાખવાર વાંચે પણ વ્યભિચારને વર્જેજ નહિ. જ્ઞાનામૃત રૂપી ઉપદેશ સાંભળતાં જેને ક્રોધ પ્રકટ થયો તે કદી જાતવાન હોયજ નહિ. ભુજંગને પયપાન કરાવવું તે કેવળ વિષવૃદ્ધિને વાસ્તેજ છે; તેમ મૂરખને ઉપદેશ આપવો તે કેવળ મૂરખાઇની વૃદ્ધિને અર્થેજ છે. નિચને શિખામણ દેવાથી નીચ ઉલટો સામો થઈ નીચતાને વધારે છે. આ પ્રમાણે ઘાટ કુંદન અને ચંબેલીજાન વચ્ચે ઘડાયો, કુંદનની શિખામણથી ચંબેલી ગુણકા વધારે ગુસ્સે થઇ અને છેવટે કુંદનને સૂતી રાતોરાત વેચી દેવાના ઠરાવ ઉપર આવી. કુંદન ભવિષ્યના વિચાર કરવા લાગી; અને ચંબેલી કુંદનના ખંડમાંથી બહાર નીકળી કુંદનનો વિક્રય કરવાના વિચારમાં તલ્લીન થવા લાગી. વૈરની વસુલાતની ધૂળમાં ચંબેલી પોતાનો હોઠ કરડવા લાગી, અને ભ્રકુટી વિભ્રમ કરી ચોગરદમ દૃષ્ટિપાત ફેંકવા લાગી. છેવટે પાનનો ડબ્બો લઇ પાન બનાવા

હિંચકા ઉપર બેસી ધીમે ધીમે ઝુલતી ઝુલતી મન સાથે કુંદનનું શું કરવું તેનો વિચાર કરતી કરતી પાન તૈયાર કરવા લાગી. આ અરસામાં ચંદ્રકીશોર જુગલકીશોર શેઠના કાર્ય સારૂ અત્રે આવી પહોંચ્યો. ચંબેલી એકાએક ચંદ્રકીશોરને આવેલો જોઇ હરખાણી અને એકદમ ઉમંગથી હીંચકા પરથી ઉતરી તેને દાદર સુધી સારા સત્કારથી લેવા સારૂ દોડી; ચંદ્રકીશોર પણ એકાએક ચંબેલીજાનનો આવો અણચિન્તવ્યો પ્રેમસત્કાર જોઈ ખુશી થયો અને પોતાનું કાર્ય આ ઘડીએ સારી રીતે પાર પડશે એમ ધારી મનમાં ખૂબ મલકાવા લાગ્યો !"

"ઓહો આવો આવો અલબેલા આજ તો ઘણા દહાડે પગલાં કર્યાં. આજ મારે સોનાનો સૂર્ય ઉગ્યો; મોતીના મેહુલા વરસ્યા! પધારો પાતળીઆ પ્રાણ આવો! હું તો મારા વ્હાલાની વાટલડી જોઈ જોઇનેય થાકી; મારા મોહન આ આંખલડી રોજ તમારી રાહ જોવા સારૂ ગઈ પાકી! જીવનહાર આ જાતલડી પણ આપના વિરહ પાખે ઝુરવા લાગી!"

"અરે હાં હાં ચંબેલી વધુ ન બોલી નાંખો; કંઈક તો બાકી રાખો! આખા બજારની સાકર વચનથી શું કામ વાપરી નાંખો છો. રહેવા દો જોબનવંતી જરા રહેવા દો! જોબન રસ વખતે ખાટો થઇ જાય તો સાકર ગળ્યો કરવાના કામમાં આવશે! સલુણી શ્યામા નયનનાં બાણ મારી મારા જેવાને ઘાયલ કરતાં જરા દયા રાખો!"

"જાઓ જાઓ શામળીઆ તમે તો હજુએ પણ એવા ને એવાજ રહ્યા! પાતળીઆના અંતરના આંબળીઆ હજુએ નજ

ગયા! વ્હાલાને બોલતાં તો સારૂં આવડે છે. મારા જેવી બાળી-ભોળીને વચનના ડામ ન દેશો સમજ્યા! હઠીલા હું તો બળી બળી થાઉં છું; તમે નર ભ્રમર રહ્યા તે ફાવે ત્યાં ભમતા ફરો; પણ હું તો કુસુમની કાચી કળી વાલમજીના વિરહ તાપે કરમાઈ જાઉં. સમજ્યા કે મારા શ્યામસુંદર ચંદ્રકીશોર!"

ખરેખર સંસારના તાપથી તપેલાને વાસ્તે વ્હાલી ચંબેલી-જાનનો અવાસ એક વિશ્રામ ઠામ છે. મારી મધુરી મોહનીના મુખકમળનાં દર્શન મારા જેવા અકળાએલા અમુઝાએલાને શાંતિદાયક અમોઘ સુખદાયક ઔષધરૂપ છે. લલિતા તારે લટકે તો આ ચિત્ત ચોરી લીધું!"

"મારા ચતુર તમારા પ્રેમ ચટકે તો આ કાળજુ કોરી લીધું! છબીલા તમારા છંદ તો કાંઈ ઓરજ પ્રકારના છે. લાલા લ્યો આ પાનની બીડી! જેનાં ભાગ્ય હોય તેનાજ મુખમાં જાય! ભલેને મારા જેવી લાખો તૈયાર કરી મરી જાય; પણ જે ભોગી હોય તેનાજ ભોગ સારૂ ધરાવાય!"

"શું મારી પ્રિયાના પાનની બીડી? વ્હાલીના વ્હાલની પાનની બીડી! જોબનવંતીના જોબન પાનની બીડી; મધુરી મોહનીના મોહ પાનની બીડી! આહાહાહા! ત્યારે તો હું પૂરો ભાગ્યશાળી! અરે અહો ભાગ્ય મારાં કે ચંબેલી અત્યારે થયાં દર્શન તારાં! મારી મીઠી મેંનાં તારા પાનની બીડી હું પ્રેમથી સ્વિકારી આરોગું છું. રસીલી તું પણ તેની લ્હેજત ચાખતી જા! અલબેલી તું પણ રસની મીઠાશ મુખમાં મૂકતી જા."

"વાહરે વ્હાલા આજ મને કૃતાર્થ કરી! વારી જાઉં રે

મારા વરણાગીઆ આજે આ વ્હાલીને વ્હાલાના મુખકમળમાંના ચાવેલા તંબોળની મીઠી પાનની બીડી મળી!"

"કહો મારા ચિત્તડાની ચોર ચંબેલી છો તો ખુશીમાંને?"

"મારા મનડાના મોર, મારા કાળજાની કોર આપના દર્શનથી હું સદા ખુશીમાંજ છું."

"ચંબેલી તું કહે ના કહે પણ તારાં નખરાં તો બસ જાલીમ જાદુ ભર્યાંજ છે! તને જે એકવાર જુએ તે તારોજ થઈ જાય! તારાથી કોઇ કાળે પણ ન્યારો તો સ્વપ્ને નજ થાય!"

"ત્યારે અલબેલા તમે કેમ ન્યારા ને ન્યારા રહો છો? મારા મોહન તમે કાં મારા નથી થતા?!"

"ચંબેલી તું રહી પૈસાની પ્યાસી અને હું રહ્યો પ્રેમનો પ્યાસી! તું રહી તવંગર અને હું રહ્યો રંક! તું રહી સ્વતંત્ર અને હું રહ્યો પરતંત્ર! કાંઇ ભક્ષ હાથમાં આવે તો અહીં લાવી તારાં ખીસ્સાં તર કરાવી બે ઘડી બજારની મીઠાઈ જમી મોં ગળ્યું કરી રસ્તે પડીએ! કાંઇ ખાલી હાથે હમેશાં અવાય નહિ!"

"શું બોલ્યા મારા લટકાળા તમે શું બોલ્યા? ફરી બોલો ફરી બોલો ફરી! તમે પ્રેમના પ્યાસી અને હું પૈસાની ઉપાસી! વાહરે વ્હાલા તમારો ન્યાય! પ્રેમના કીડા તમે અમે તો ડોબા ગમારજ એમને! લક્ષ્મીનાં કૂદાં એમજને! જાઓ જાઓ છબીલા જોજો હવે ફરીથી એવું બોલતા; હું તો લક્ષ્મીને લાત લગાવું એવી છું. હું તો મનની ઉપાસી છું; પ્રીતની પ્યાસી છું સમજ્યા કે મારા સુંદર વર સલુણા!"

"ચંબેલી તારૂં કહેવું પણ ખરૂં છે અને મારૂં કહેવું પણ

ખરૂં છે! માળાના મણુકા બધા એકના એક! તમે લોકો ધનના ઉપાસી તે સદા ધનમાંજ મરવાના અને અમે પ્રેમના પતંગીયા તે તેમાંજ પ્રજળી ખાખ થઇ જવાના! જો કે બધા સરખા નથી હોતા; પાંચ આંગળીઓ સમાન હોય; ગુણકા ગુણકામાં પણ ફેર હોય છે. તું વધારે ઘડાએલી અનુભવી અને કાંક પ્રીતિના સંસ્કારવાળી જાતવાન બાળા છું. કાંઇક જાતવાન છું તો મારા જેવા બે ઘડી અહીં આવી પરબનું પાણી પી ચાલ્યા જાય છે!"

"અરે આતે શું કહેવાય મારા ચંદ્રકીશોર! આ બધી ચતુરાઈ ક્યારે શીખ્યા. આ ચાલાકી અને બોલવાની છટા કોની પાસેથી પ્રાપ્ત કરી? વાત વાતમાં કાળજુ કાપવાના કીમીયા તો સારા આવડે છે હો; મારા જેવી અલેતીને ફોસલાવતાં સારૂં શીખ્યા જણાઓ છો; મને બનાવી પટાવી અને છેતરી જઇને છળ કરી તીણો મારતાં આચ્છો આવડે છે હોકે! બજારની મીઠાઈ ખાનારા અને પરબનું પાણી પીનારા તમારા જેવા વરણાગીઆ તો મેં કોઇ ન દીઠા હોંકે!"

"ત્યારે ચતુર ચંબેલી તારા જેવી લટકાળી લલિતા પણ મેં બીજી કોઈ ન જોઇ! શું વાત વાતમાં સામાને મીલાવતાં આવડે છે! નયનનાં નખરાંથી થનક થનક શું નચાવતાં આવડે છે, મંદમંદ હસતાં હસતાં સામાનાં હૈયાં શું ઉથલપાથલ કરતાં આવડે છે! મારી મધુરી આ બધી વિદ્યા હું તારી પાસેથી શિખ્યો! દુનિયામાં જે કાંઇ મોહની ચતુરાઇ મીઠાશ કામણુ-ટુમણુ વશીકરણુ મંત્ર કે જાદુ કે જે કાંઈ પ્રેમચતુરાઇ કહેવાય

તે બધાંની તું એક શાળા છું; અરે મારા નયનની કીકી પ્રીતિની તો તું એક દેવી છું. હું તો તારા જોબન મંદિરને એક પ્રેમ પૂજારી છું. પ્રીતિની દેવીને એક ભક્ત છું. ચંબેલીના ચિત્તમાં રમણ કરતો એક પ્રેમી પોપટ છું સમજી કે મારી મધુરી મેનાં!"

"ઓહો અલબેલા આજ તો કાંઈ ખૂબ ખુશાલી અને રંગમાં લાગો છે હાંકે! કોઈ દિવસ આવા પ્રસન્ન ચિત્તના જણાયા નથી; કહો આ લુંડીને શો હુકમ છે?"

"બોલ મારી ચિત્તહર ચંબેલીજાન! હાલમાં કાંઇ તારી પાસે નવીન મુદ્દો છે?"

"મુદ્દામાં શું જોઇએ છે મારા મીઠા મહેરામણ!"

"વગર વીંધેલું મોતી, વણ ચાખ્યું મધ અને સુંઘ્યા વગરનું કુસુમ!"

"શું કહો છો મારા કામણગારા? આજ તો કાંઇ કુસુમની કળી શોધવા નીકળ્યા જણાઓ છોને?"

"મેં તને કહ્યુંજ હતું! કેમ તું એટલી વારમાં ભૂલી ગઇ! જો કાંઇ બુલબુલનું બચ્ચું હાથ લાગે તો મને ખબર આપજે કે જેથી તારો અને મારો બેડો પાર થાય!"

"ઓહો અલબેલા શું કાંઈ શિકાર બિકાર હાથમાં આવેલો જણાય છે?"

"તારે તેનું શું કામ છે? મને માલ બતાવ એટલે ઝટ કામ પાર થઇ જાય!"

"પ્યારા મને કહો તો ખરા કે એવો માલનો સોદાગર કોણ છે?"

" અરે તારી પાસે આવી જે કોઈ સો દાવ ભણે તે તારો સોદાગર, સમજી કે મારી દીલોજાન ! "

" બળ્યું આમ બનાવતા શું હશો ! પૂરેપૂરી વાત કહોને એટલે ઝટ કાળજે ટાઢક થાય. "

" શું કહો છો મારી ચંબેલીજાન, જોજો જોબનવંતી મને પણ જોગનીઆની જાળમાં ફસાવી ન દેતાં ! "

" અરરરર ઑાય ઑાય વ્હાલા હું તો તમારાથી વાજ આવી ! તમને પણ ભગવાને મારા જેવી સો ચંબેલી મારીને એક ચંદ્રકીશોર ચંપકલાલા બનાવ્યા જણાય છે ! "

" ચંબેલી, દોસ્ત ચંબેલી, આ વખતનો શિકાર ઘણો ભારે છે ! જો મારા મતમાં મળી ગઈ તો લાલ તારો અને મારો બેડો પાર ! અને જો કાંઈ ચતુરાઈ ચલાવી તો યાદ રાખજે કે સદાને વાસ્તે દૂધમાં પડેલી માખીની માફક દુનિયા બહાર નીકળી ગઇ સમજજે ! "

" ઓ મારા વ્હાલા આટલા બધા ડામ મને શું કામ દો છો ? હું ક્યાં તમારાથી પડદે રહું છું. તમારી સાથે પ્રપંચ જાળ મેં ક્યારે વીંટાળી છે ? તમને તો હું મારા મનના માલીક ગણું છું ! "

" આ ત્યારેજ હરઘડીએ ચંબેલીને આંગણે ચઢીએ છીએ એમ સમજજે ! જમણો હાથ ક્યાં વળે તો મુખ ભણી ! મારી સાથે સીધી રીતથી ચાલે છે ત્યારેજ તારે ત્યાં ઘણાં કૅાઠાં આ ચંદ્રકીશોરથી ચીરાય છે સમજી કે મારી મીઠડી ! "

" આપણે તો વ્હાલા જેમ કહો તેમ કરવાને તૈયાર છીએ

અરધી રાતે કુવામાં ઉતરવાનું આવે તો પણ હું તમારી ખાતર કુવામાં ઉતરી જાન ગુમાવું સમજ્યા કે! બહુ દિવસ તમારા સાથે ખાધું પીધું લ્હેર ઉડાવી છે, સમજ્યા કે મારા વ્હાલાજી!"

"જો ત્યારે સાંભળ; હમણાં એકાદ કલાકમાં એક સારો શિકાર અહીં આવવાનો છે. એક નવો લાલ, હૈયાનો ફૂટયો અને ખીસ્સાનો તર જુગલકીશોર નામનો એક શ્રીમંત યુવક અહીં આવવાનો છે. હમણાંજ તેના હાથમાં તેના કાકાનો દશ બાર લાખનો તાજો વારસો હાથમાં આવેલો છે. તેની સાથે મેં રાત દિવસ જીવતોડ મહેનત લઈ; અરે ગાંઠનું ગોપીચંદન કરી મિત્રાઈ કરેલી છે. તેને હાલમાં એક બુલબુલનું બચ્ચું બતાવવાનું છે; અને તેની પ્રેમજાળમાં તેને લપટાવી બધું કામ તારે અને મારે ચાલાકીથી કાઢી લેવાનું છે. જો મારા મતમાં તું ભળીશ તો તારો અને મારો બંનેનો બેડો પાર થશે સમજી!"

"ત્યારે મારા વ્હાલા હું પણ કાંઇ તમારાથી જુદાઈ જરા પણ રાખતી નથી. હમણાં થોડાક દિવસથી મારી પ્રેમજાળમાં એક બુલબુલનું બચ્ચું પકડાયું છે. તમે જેવું માગો છો તેવું તે છે. વગર સુંઘેલું કુસુમ, અણુવીંધેલું મોતી અને તાજું તાજું વગર ચાખ્યું મધ જે કહો તેવું તે છે; પણ કામ ઘણી સંભાળથી લેવાનું છે!"

"વાહ વાહ શું કહે છે મારી દીલોજાન હમણાંજ તારે ત્યાં તે બુલબુલનું બચ્ચું હાથમાં આવેલું છે. આહા ત્યારે તો તારાં અને મારાં ખીસ્સાં ચિકાર ચિકાર બસ ચિકારજ થશે."

"લે મારી મનહરણી ચંબેલી બુલબુલના બચ્ચાની વધા-

મણીમાં આ એક પાંચસોનું નોટ ઇનામ, ચાલ દોસ્ત ચમન ઉડાવ!"

"અરે મરી જાઉંરે મારા વરણાગીઆ! વાહરે વાલા તમારી ઉદારતા! મારા પાતળીઆ તમે પણ ઠીક આ લુંડીની ખબર અંતર લેવા માંડી! મારા વ્હાલા હું પણ ઘણા દિવસથી પૈસા વિના હાડમારી ભોગવતી હતી! ભલા ભગવાન તેં મારી આજે ભીડ ભાગી છે!"

"અરે ચંબેલી આ એક પાંચસોથી પ્રસન્ન થવાનું નથી; આવી તો કેટલીએ નોટો તારા હાથ પર પડશે સમજી કે મારી શાણી સલુણી?"

"એ બધો મારા વ્હાલાનો પ્રતાપ! મારા મોહન જ્યાં તમારી મારા ઉપર મીઠી નજર છે ત્યાં મારે શી કમી છે? હવે ચાલો ચતુર હું તમને પ્રેમની પૂતળી બતાવું. જો જો હમણાં તેની હાડ છેડ કરશો નહિ, કામ બહુ સફાઇથી લેવાનું છે. હાલમાં તો તેનાં દર્શન કરી આંખને ઠંડી કરો!"

"ચાલો મારી મનહરણી ચંબેલીજાન ચાલો, તે ક્યાં છે તે બતાવો!"

"જુઓ આમ આ બાજુ આવો; બહુ ધીમેથી પગલાં ભરી આવજો. જરા પણ ખખડાટ ન થાય; સંભાળજો મોહન જરા પણ ધબકારો ન થાય; તે હમણાંજ જંપી છે, અત્યાર સુધી તેની સાથે મેં માંથું ફોડયું છે. જાણો છોને નવીન અવસ્થામાં આવેલી નવલ મુગ્ધા કાંઈ એમ ને એમ ઝટ લઇને વશ ન થાય; એ તો અંતરમાં હા હા અને આનનમાં ના ના, ઉંહુ ઉંહુ અને

છણુકા રીસકામાં રમ્યાંજ કરે! ઘડી ઘડીમાં તેના રંગ નવા ને નવાજ બતલાવ્યા કરે, માટે બહુ ફોસલાવી લડાવી લડાવીને કામ લેવાનું છે સમજ્યા કે? જુઓ આ કાચની બારીમાંથી નજર કરો! પેલી આરામચેરમાં જ પેલી જણાય! જોઈ કે? કહો, છેને બુલબુલનું બચ્ચું!"

"અરે ચંબેલીના કામમાં તે કાંઇ મણા હોય! તું ક્યાં બુલબુલથી ઉતરે એવી છે કે તે પણ બુલબુલથી ઉતરે એવી હોય?! હ્યો ચાલો વ્હાલી તમામ કામ પસાર થશે. હું જેવી માગતો હતો તેવીજ તે બાળા જણાય છે. તું જરા તેને ધીમે ધીમે પ્રીતિના ચાળા શિખવતી રહેજે એટલે ઝટ જાળમાં પંખી પકડાઈ જશે."

"હ્યો ત્યારે ચાલો અહીંથી પેલા ખંડમાં; આપણી વાતચીતથી તે જાગ્રત થશે તો વળી કાંક વધારે વહેમાઈ જશે."

"હા ચાલો હવે. હમણાંજ વિક્ટોરીયામાં બેસી મારો નવલકીશોર જુગલકીશોર શેઠને લઈ અહીં આવશે; જોજે જાન જુગલકીશોર શેઠને અચ્છી તરેહથી નવીન પ્રકારનાં નખરાંથી મિલાવી લેજે."

"અરે વળી તેમાં તે મને કાંઈ કહેવું પડે. નખરાં કરવાં એ તો મારો રાત દિવસનો ધંધો છે."

"ઓહો હ્યો ચંબેલીજાન શેઠ તો આવી પહોંચતા જણાય છે; જુઓ પેલી વિકટોરીઆ પૂર ઝડપે આપણા ભણી આવતી જણાય છે."

"ઓહો ચાલો ત્યારે આપણે તેમના સત્કારની તૈયારી કરીએ."

"હા ચાલો તેમના સત્કારમાં આપણું કલ્યાણુ સમાએલું છે."

" આ પ્રમાણે પ્રપંચજાળ બિછાવી સર્વ પ્રકારના સાહિત્યની તૈયારી કરી ચંબેલીજાન અને ચંદ્રકીશોર જુગલકીશોરની રાહ જોવા લાગ્યાં. જોતજોતામાં વિકટોરીઆ ચંબેલીના મકાન આગળ આવી ઉભી રહી. નવલકીશોર જુગલશેઠને લઈ ચંબેલીજાનના મકાનના માળ પર ચઢયો. દાદર પર પગ મૂકતાંજ ચંબેલી અને ચંદ્રકીશોરે શેઠનો સારી રીતે માનપાન અને પુષ્પહારથી સત્કાર કર્યો. જુગલકીશોર પણ ચંબેલીના સત્કારથી સારી રીતે પ્રસન્ન થઈ ગયો. ચંબેલીએ શેઠનો હાથ ઝાલી શેઠને પ્રેમથી દોરી ઝુલાપર બેસાર્યા અને પોતે પણ તેમની સોડમાંજ બેઠી; સામસામા આરામચેરમાં નવલકીશોર અને ચંદ્રકીશોર બેઠા; અને એક બીજાની ખબર અંતર પૂછવા લાગ્યા. ચંદ્રકીશોર શેઠની સારી રીતે ચંબેલીને ઓળખાણ આપવા લાગ્યો; તથા તેમની શ્રીમંતાઇ અને ગૃહસ્થાઈનાં હદબહાર વખાણ કરી શેઠને તથા ચંબેલીને ખુશ કરવા લાગ્યો. શેઠ પણ પોતે સ્વર્ગના ભુવનમાં બિરાજ્યા હોય તેમ સારી રીતે મનમાં મગન થઇ મલકાવા લાગ્યા; અને ચંદ્રકીશોરને ધન્યવાદ આપવા લાગ્યા!

" કહો શેઠ સાહેબ છો તો આનંદમાં ને!?"

" આ આનંદના ધામમાં આનંદ સિવાય બીજું કાંઇ હોયજ નહિ! આ પરમ શાન્તિના સ્થાનમાં સર્વત્ર શાન્તિજ વિલોકાય!"

" ચંબેલી જેવી તું પણ કેવળ પ્રીતિની પ્યાસી છું એવા અમારા જુગલકીશોર શેઠ પણ ફક્ત પ્રેમના ઉપાસી છે; શું

શેઠનો સ્વભાવ, શી તેમની ખાનદાની, શી તેમની ઉદારતા, અને શું તેમનું ગંગાજળ જેવું નિર્મળ હૃદય! એમને તો જે ઓળખે તેજ ઓળખી શકે! એકદમ તેમની કાંઇ કીંમત થાય તેમ નથી. એતો ઢાંકયું રતન છે, માણુ જેવડું મોતી છે.”

“ હું પણ તેમજ માનું છું; શેઠના મુખ ઉપર એવી મોહીની છે કે જે એકવાર તેમને જુએ તે તરતજ શેઠનું થઈ જાય. મારા હૃદયમાં પણ તેમની મનહર મૂર્ત્તિ સજ્જડ જડાઈ ગઇ છે. હવે ઉખેડી શકાય તેમ રહ્યું નથી.”

“ ચંદ્રકીશોર હું તમારો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. ચંબેલી તો એક અજબ પ્રેમની પુતળી છે. તેનાં સાકર જેવાં મીઠાં વેણ જેમ જેમ હું સાંભળતો જાઉં છું તેમ તેમ મારા મનમાં કાંઇ ઓરજ પ્રકારની ઉર્મિ ઉત્પન્ન થાય છે. અમારા જેવા શ્રીમંતોને વાસ્તે એક આવું સ્વર્ગનું પ્રેમમંદિર જોઇએ ખરૂં! સંસારની આધિ વ્યાધિ અને ઉપાધિથી કંટાળેલા મનુષ્યોને વાસ્તે ચંબેલીનો સમાગમ એક પરમ શાંતિસદન જેવો થઈ પડે છે! આપણે તો હવે બબે ઘડી આ સ્નેહમંદિરમાં ચંબેલી દેવી પાસે પ્રેમભજન ગાવાને સારૂં આવવાના!”

“ ઓહો અહો ભાગ્ય મારાં! તમારાં પગલાં મારા જેવી પામરને ત્યાં ક્યાંથી થાય? એવાં તે મારાં ક્યાંથી પૂન્ય હોય કે અહીં રોજ તમારા જેવા નર રત્નો પધારે! શેઠ હું હવે તમારીજ છું. આ ભાગ્યશાળી ચરણુકમળની સેવા કરનારી એક પામર લુંડી છું!”

“ ચંબેલી, હવે જે મેં તને વાત કહી હતી તે ખુલખુલના

બચ્ચાને પ્રેમપીંજરમાંથી બહાર કાઢો. લાવો શેઠની સમક્ષ રજુ કરો. શેઠ તેના વાસ્તે ઘણુા આતુર છે. તે મુખથી કંઈ કહી શકતા નથી; પણ તેમનું હૃદય તે બાળાને નિરખવાને ઉછાળા મારી રહ્યું છે!"

"શાબાશ ચંદ્રકીશોર તું પણ હૃદયનો જાણ છે. મનની વાતને એક પળમાં કળી શકે તેવો પ્રવીણ પ્રેમી છે."

"જેવા શેઠ સાહેબનો હુકમ! તમે અહીં બિરાજો. હું તેને સમજાવી ફોસલાવી આ ખંડમાં લાવું છું."

"ચંબેલી જરા વાર ઉભાં રહો. લ્યો પહેલાં આ પાંચ હજારની નોટો એકવાર પેટીમાં મૂકી ઘો. પછી નિરાંતે કાર્ય કરો!"

"અરે હાં હાં શેઠ કાંઇ નાસી જાય છે. મને આપનો પાકો ભરૂંસો છે. તમારી કદરદાનીની વાત આ વિશ્વમાં થાય તેમ નથી!"

"અરે પહેલાંએ આપવું અને પાછળથીએ આપવું; માટે લઇ લ્યો પહેલાં!! તમારા જીવને શાંતિ વળે અને મારા જીવનેય નીરાંત થાય!! પૈસા સંબંધી વાતની પ્રથમ ચોખવટ કરી હોય તો કાર્યની સમાપ્તિ વેળાસર અને સારી થાય!!"

"અરે વારી જાઉં રે મારા ઉમરાવદીલના સરકાર!! આપ તો કોઇ અજબ પ્રીતિના સરદાર છો!! તમારી તુલનામાં તો કોઇ ચમરબંધી પણ ન આવી શકે!! લાવો તમારૂં કાંઇ મારાથી અપમાન ન થાય!!"

"લ્યો ગણી લ્યો! પ્રીતિની વાતનો કાંઇ ઉધાર હોય?"

"કેમ શેઠ સાહેબ દુનિયા જોઇ ? કેવી કેવી પ્રેમની મૂર્તિઓ નજરે પડી આવે છે ? શેઠ પ્રેમ આગળ પૈસો તો એક લુંડી છે. અરે પૈસાને તો કુતરાં પણ સૂંઘતાં નથી !!"

"સત્ય છે ચંદ્રકીશોર તમારૂં કહેવું સત્ય છે. હું તો રાત દિવસ મારી શેઠાણીનાં રીસામણાં મનામણાંથી કંટાળી ગયો હતો. એક કુળવાનનું બાણું અને વળી રૂપમાં રવૈયું !! સાળુ એનો તે તાણીઓ શી રીતે ઉઠાવાય !! કાં રૂપના ગુલામ કે કાં ગુણના ગુલામ ! જ્યાં રૂપ અને ગુણ બંનેની કમી હોય ત્યાં તે અહોરાત પ્રેમના નામનો શંખ વગાડવો અને જીવતર બગાડવું એ કેવી રીતે બને !! કાંક મારાં પણ પૂર્વનાં પૂન્ય ઉદય થયાં કે મને તમારો સમાગમ થયો !! આવું સુખ અને શાંતિનું સ્થાન તમારા જેવા મિત્ર વગર બીજો કોણ શોધી આપે ! વિશ્વમાં મિત્ર તો એક વાતનો વિસામો છે."

આ પ્રમાણે હાજી હા અને સુખની મીઠાશની વાતોમાં ચંદ્રકીશોર નવલકીશોર અને જુગલકીશોર શેઠ એ ત્રણે જણાં ગુંથાયાં. ચંબેલીજાન પણ પાંચહજારની નોટો પેટીમાં મૂકી ઉમંગભેર કુંદનના ખંડમાં ગઇ અને તેને જાગ્રત કરી સમજાવવાના નિશ્ચય પર આવી.

"કુંદન હવે જરા જાગ ! બ્હેન ડાહી બની મારી બે શિખામણની વાત સાંભળ. હાથે કરી જીંદગાની ધૂળ ના મેળવ!! ઘેર બેઠાં ગંગા આવી છે તો તેમાં સ્નાન કરી પવિત્ર થા. લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મુખ ધોવા જનાર જગતમાં મૂરખ કહેવાય સમજી !!"

"અરે ઇશ્વરની ખાતર મારો કેડો મુકો !! મને આજની રાત અહીં પડી રહેવા દ્યો, પ્રભાત થયે હું મારો રસ્તો કરી લઇશ. ચંબેલી ચંબેલી તમે પરમાત્માથી ડરો. અરે પાપનાં ડગ ભરતાં બહુજ વિચાર કરો. સ્વર્ગ અને નર્ક અહીંઆંજ છે. પાપની અદાલત પણ અહીંઆંજ છે. સારાં બુરાં કાર્યનાં ફળ પણ અહીંજ મળે છે. ઉપર કશું નથી, જે છે તે અહીંઆં નીચેજ છે. જોબનના મદમાં છકી મદાંધ ન થાઓ. જોબન એતો એક નદીનું પૂર છે. જોત જોતામાં ઉતરી જશે. હાથે કરી માનવ જીવનની કાયાને નરકમાં ન ખરડો. જાઓ જેવાં આવ્યાં તેવાં ચાલ્યાં જાઓ, મારી પાસે તમારૂં કંઈ પણ નહિજ વળે. હું અધમ કાર્ય આદરનારી લાલચુ સાહસિક, મલીન મનવાળી અબળા નથી. જાઓ ચાલ્યાં જાઓ !!"

"કુંદન તું મારૂં સખત અપમાન કરે છે. તું મને ઓળખે છે કે હું કોણ છું ? હું એક કાળી નાગણ છું જેના ઉપર ક્રોધાયમાન થઈ તેનું તો આવીજ બન્યું સમજવું. જેની પાછળ પડી તેનો જીવ લીધેજ છુટકો થવાનો ! માટે સમજી જા. તારા લાયક એક ખાનદાન કુલીન શ્રીમંત રત્ન વર હાથ આવ્યો છે. ચાલ મારી સાથે આગળ થા. તેની સાથે તારૂં દીલ જોડી સુખી થા. આ બધું અવિચારીપણું જવાદે, છોકરવાદી તજી દે, સમજી જા. જગતમાં કોઇએ કુંવારી જીંદગી ગાળી છે કે તું ગાળવા તૈયાર થઇ છું. કોઈ કોઇની પાછળ ગયું છે કે તું જવા તૈયાર થઈ છું !! બ્હેન જરા ધીરી થા. સમજ, ગઈ ગુજરી વિસરી જા, અને હું કહું તેમ તું કર !!"

"મેં જેને મારો કહ્યો છે તેજ મારો થશે!! તે જો મને મળશે તો હું તેને મળીશ. નહિ મળે તો તેની પાછળ મારી જીંદગી અર્પણ કરીશ. મને હવે જગતમાં બીજું કાંઇ જોઇતું નથી. જો પરમાત્માની મારા ઉપર દયાદૃષ્ટિ અને કૃપા કટાક્ષ હશે તો તે મારા હીરાને મેળવશે; અને નહિ મેળવે તો જ્યાં સુધી આ શરીરમાં જીવ રહેશે ત્યાં સુધી તેના નામનું ગાન કરી જાપ જપી મારૂં આયુષ્ય પૂર્ણ કરીશ. હું બીજું કાંઈ માગતી નથી. મારે બીજું કાંઈ જોઈતું નથી અને જગતના કોઈ પણ વૈભવમાં મારી વાસના હવે રહી નથી. દુ:ખની મને નવાઇ નથી; સુખનો મને સંતોષ નથી; માટે હવે ઉપકારનો બદલો અપકારથી ન લેશો. મારા સુખની તમે હિમાયત ન કરશો."

"કુંદન તારે મારી ઈચ્છાને આધીન થવુંજ પડશે. જો તું સમજીને માનીશ તો સૌ સારા વાનાં થશે, અને હઠ કરીશ તો તારા ઉપર જબરજસ્તી ગુજારવામાં આવશે. મેં જે ધાર્યું છે તે હું કર્યા વગર નહિજ રહું; માટે સમજીને મારી આગળ થા. ચાલ પેલા ખંડમાં!! સારા સારા વસ્ત્રાલંકાર જે હું તને પહેરવા આપું તે પહેરી લે; અને જરા બણીઠણીને મોં મલકાવી મારી સાથે ચાલ!! જરા દુનિયાને જોતાં શીખ!! જોબનની મીઠી મઝા માણી લે!! પ્રીતિના પરમ સ્વાદને ચાખી લે!!"

"મેં તમને એકવાર કહ્યું કે હું એકની બે નહિ થાઉં, તમારે જોઇએ તો મારો જીવ લ્યો; અને મારો છુટકારો કરો. તમારી લાલચમાં દેવતા મૂકો, અને તમે જેને સારૂં માનો છો તે તમારી જાતે ભોગવી લ્યો!! મારા આગળ હવે પછી જો કાંઈ અયોગ્ય

ઉચ્ચાર કરશો તો હું જીભ કરડીને તમારી સમક્ષ મારો પ્રાણ આપીશ; પણ નહિ કરવાનું તે નહિજ કરૂં !!"

"એમ! એટલી બધી મગજમાં તું ખુમારી રાખે છે?"

"હા એમ એમ!! હું ધર્મ અને નીતિને વાસ્તે જેટલી રાખી શકાય તેનાથી પણ અધિક ખુમારી મગજમાં રાખું છું; તમારાથી થાય તેટલી જબરજસ્તી તમે ગુજારી લ્યો, અરે મારો પ્રાણ લેવાની જો તમારામાં શક્તિ હોય તો તે પણ લઇ લ્યો!! હું તમારી તલમાત્ર પણ પરવા ધરતી નથી; સમજ્યા!!"

"ઠીક ઠીક તેનો પણ હું તને ચમત્કાર બતાવું છું. રાંડ તારા જેવી તો મેં કંઇ કંઈ ચકલીઓ પકડી પકડીને પાંજરામાં પૂરી દીધી; અને બારોબાર કંઈ કંઇ શૉખીનોને વેચાતી આપી દીધી તો તું તે કોણ મારી વિશાતમાં!! ચાલ રાંડને આજ રાતોરાત બેશુદ્ધિની દવા કલોરોફોર્મ રૂમાલમાં છાંટી સુંઘાડી બેશુદ્ધ બનાવી બારોબાર શેઠને ઘેર મોકલી દઉં અને જેટલા ખેરવી લેવાય તેટલા દામ શેઠ પાસેથી ખંખેરી લઉં" રીસમાંને રીસમાં ક્રોધ ભરી ચંબેલી કુંદનને ખંડમાં પૂરી બારણાને તાળુ મારી દમામમાં જુગલશેઠવાળા ખંડમાં ગઇ; અને કુંદન સંબંધી ત્રણે જણા સાથે મસલત ચલાવા બેઠી. આમ કુંદન પણ ચંબેલીથી ચેતી ગઈ અને મનમાં વિચાર કરવા લાગી કે જરૂર ચંબેલી રાતોરાત મારા ઉપર ગજબ ગુજારશે અને જુલમ કરી મારા શીયળ ઉપર ત્રાપ મરાવશે; માટે જેમ મુઠીઓ વાળી નસાય તેમ દુર્જનથી દોઢ ગાઉ દૂર ભાગવું; પાપીઓથી વેગળા સારા. કુસંગતમાં ક્ષણવાર રહેવાથી પણ ધર્મ અને નીતિનો નાશ

થાય અને વખતે જાન પણ જાય; માટે ભુંડાથી દૂર રહેવામાંજ કલ્યાણ સમાએલું છે; એ પ્રમાણે મન સાથે વિચાર કરી નાસી જવાનો ઉપાય શોધવા લાગી. તેણે ખંડની તમામ બારીઓ આગળ આવી ચોગરદમ દૃષ્ટિ ફેંકી નાસવાની યુક્તિ શોધવા માંડી; ઘણીકવાર સુધી નાસવાનાં ફાંફાં માર્યાં; પણ કાંઈ પત્તો ન લાગ્યો; છેવટે ખંડની ડાબી બાજુની નાની બારીમાંથી વાડમાં પડતું મૂકવું; અને વાડમાંથી રેલ્વે યાર્ડમાં કુદી રેલ્વે સડક ઓળંગી જ્યાં નસાય ત્યાં નાસવું અને જે કાંઇ નજીકનું સ્ટેશન હાથ આવે ત્યાં ટીકીટ લઇ દૂરદેશાવર ભાગી જવું; એવો અંતિમ વિચાર કરી ખંડમાંથી જે કાંઈ રોકડ પૈસાનું સાધન હાથ આવ્યું તે તમામ કબજાના ખીસ્સામાં ઘાલી દીધું; અને કઠણ મન કરી કાછડો વાળી બારીમાંથી ‘ શ્રીહરી તારે શરણે ’ એવો પોકાર કરી વાડમાં પડતું મૂક્યું. કુંદનના પડવાનો જબરો ધબકારો થયો; ધબકારાથી તરતજ ચંબેલીજાન અને તેના મસલતીઓ ચમક્યા; અને એકદમ બધાં બારીએ આવ્યાં; ચંબેલીએ તરતજ કુંદનને નાસતી જોઇ. જોતાંની સાથે ‘ કુંદન ભાગી, ભાગી, પકડો, પકડો ’ એવી બૂમો પાડતી ધબડ ધબડ કરતી બંગલા નીચે ઉતરી. આગળ કુંદન અને પાછળ ચંબેલી ચંદ્રકીશોર નવલકીશોર અને જુગલકીશોર એ પ્રમાણે બધાંએ જેમ નસાય તેમ નાસવા માંડયું. કુંદને પાછું વાળી જોયું તો બધાં તેને પકડવા પાછળ આવતાં માલમ પડયાં; આથી તે ગભરાણી અને જીવ ઉપર આવી ખૂબ દોડવા લાગી. ચંબેલી અને તેના સાથીઓ પણ મુઠીઓ વાળી જેમ દોડાય તેમ પૂર ઝડપે દોડવા લાગ્યાં, છેવટે બધાં

કુંદનની નજીકમાં આવી ગયાં; કુંદને ઠોકર ખાધી; પડતાની સાથે પણ જીવ લઇને રેલ્વે સડક ઓળંગવા માંડી; એટલામાં 'રામ રાખે તેને કોઇ પણ ન ચાખે' એ સૂત્રાનુસાર એક્ષપ્રેસ ટ્રેન પૂર ઝડપે દોડતી આવી; ટ્રેનને આવતી જોઇ કુંદન ચમકી; ચમકતાની સાથે ચકીત થઈ ઉભી રહી; એટલામાં બધાં આવી પહોંચ્યાં. છેવટે મરવાના ઝનુન પર ચઢી લાઇન ઓળંગવા ગઈ; ચંબેલી પણ લાંબો હાથ કરી કુંદનને પકડવા ગઈ; એન્જીનનાં બફરના એક આંચકે કુંદન બાજુપર પડી; અને ચંબેલી તથા તેના મસલતીઆઓ પર થઈને ટ્રેન ચાલી ગઈ. ચંબેલી કપાઇ ગઈ અને બધાં ચગદાઈ ગયાં!! વાંચકો આતે "અગ્નિમાં પડેલું ચંદન કે કસોટીમાં ચઢેલું કુંદન?"

છઠ્ઠો ભાગ સમાપ્ત.